# ૩ ઠાણં

## અંગસૂત્ર-૩-ગુર્જરછાયા

### સ્થાન - ૧

૧) આયુષ્યમાન્ શિષ્ય ! મેં સાંભળ્યું છે ભગવાને આ પ્રમાણે કહ્યું છે.

૨) આત્મા એક છે.

૩) દંડ એક છે (આત્મા જે ક્રિયાથી દંડિત થાય તે દંડ છે.)

૪) તે ક્રિયા એક છે.

(૫-૬) લોક છે આ લોક ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આદિ સકળ દ્રવ્યોના આધારભૂત આકાશ વિશેષ છે. લોકથી વિપરીત અલોક છે. તે અલોક એક છે.

(૭-૮) પ્રદેશ અપેક્ષાએ, અસંખ્યાત પ્રદેશાત્મક હોવા છતાં પણ દ્રવ્યરૂપે એકત્વ હોવાતી ધર્માસ્તિકાય એક છે. ધર્મથી વિપરીત અધર્મદ્રવ્ય તે અધર્મસ્તિકાય એક છે.

(૯-૧૦) કષાયપૂર્વક કર્મપુદ્ગલનો ગ્રહણ કરવા રૂપ બંધ એક છે. આત્માનું કર્મ પુદ્ગલોથી સર્વથા મુક્ત થવું તે મોક્ષ એક છે.

(૧૧-૧૨) શુભ કર્મ રૂપ પ્રકૃતિઓ પુણ્યરૂપ છે, તે પુણ્ય એક છે. અશુભ કર્મપ્રકૃતિઓ પાપરૂપ છે, તે પાપ એક છે.

(૧૩-૧૪) કર્મબંધના હેતુઓ આશ્રવ કહેવાય છે. તે આશ્રવ એક છે. આશ્રવનો નિરો સંવર, તે સંવર એક છે.

(૧૫-૧૬) વેદન (અનુભવ) કરવું તેનું નામ વેદના તે એક છે. આત્માથી કર્મપુદ્ગલો દૂર થાય તે નિર્જરા, તે એક છે.

(૧૭) પ્રત્યેક નામકર્મના ઉદયથી પ્રાપ્ત પ્રત્યેકશરીરની અપેક્ષાએ જીવ એક છે.

(૧૮) જીવોને બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના થતી વિકુર્વણા એક છે.

(૧૯-૨૧) મનન કરવું તેનું નામ મન. તે મનનો વ્યાપાર એક છે. બોલવામાં આવે તે વચન, તેનો વ્યાપાર એક છે. વૃદ્ધિ પામે તે કાય, તેનો વ્યાપાર એક છે.

(૨૨-૨૩) એક સમયમાં એક પર્યાયની અપેક્ષાએ એકત્વ છે. તેથી ઉત્પાત એક છે. ઉત્પાતની જેમ ઉત્પન્ન થયેલ પર્યાયનો વિનાશ થવોને વિનાશ તે એક છે.

(૨૪) વિગતાર્ચા એટલે મૃત જીવનું શરીર સામાન્યની અપેક્ષાએ એક છે.

(૨૫-૨૬) મનુષ્યભવમાંથી નીકળી નરકાદિમાં જીવનું જે ગમન તેનું નામ ગતિ, તે ગતિ એક છે. નરક આદિ ગતિઓમાંથી આવવું, આગતિ આગતિ એક છે.

(૨૭-૨૮) વૈમાનિક અને જ્યોતિષ દેવતાઓનું મરણ તે ચ્યવન. તે ચ્યવન એક છે. દેવ અને નરક ગતિમાં જીવન્ત જે ઉત્પત્તિ તેનું નામ ઉપપાત તે ઉપપાત એક છે.

(૨૯-૩૨) વિમર્શને તર્ક કહે છે. તે તર્ક એક છે. વ્યજનાવગ્રહના ઉત્તર કાલમાં થનાર મતિવિશેષ તે સંજ્ઞા, તે સંજ્ઞા એક છે. અર્થના નિર્ણય પછી સૂક્ષ્મ ધર્મના પર્યાલોચનરૂપ બુદ્ધિ તે મતિ, તે મતિ એક છે. વિશેષ જ્ઞાનસંપન્ન વ્યક્તિને વિજ્ઞ કહેછે સામાન્યની અપેક્ષાએ વિજ્ઞ એક છે.

(૩૩-૩૫) પીડા રૂપ પરિણતિને વેદના કહેવાય છે તે સામાન્યની અપેક્ષાએ વેદના એક છે. શરીરનું અથવા બીજાનું કુહાડા વગેરેથી છેદન કરવા રૂપ, તે છેદન એક છે. ભાલાદિ વડે શરીરને ભેદવું (વિદારવું-વીંધવું) તેનું નામ ભેદન. તે ભેદન એક છે.

(૩૬) અન્તિમ શરીરધારી જીવતે ચરમ શરીરી. તેનું મરણ એક જ હોય છે.

(૩૭) પૂર્ણ શુદ્ધ તત્ત્વજ્ઞ પાત્ર-કેવલી અથવા તીર્થંકર એક છે.

(૩૮) સ્વકૃત કર્મફલનો ભોગી હોવાથી જીવોનું દુઃખ એક જ છે.

(૩૯-૪૦) જેના સેવનથી આત્માને કલેશ પ્રાપ્ત થાય છે, તે અધર્મ એક છે. જેના આચરણથી આત્મા વિશિષ્ટ જ્ઞાનાદિ પર્યાયથી યુક્ત થાય છે. તે ધર્મ એક છે.

(૪૧-૪૨) દેવ, અસુર અને મનુષ્યોનો એક સમયમાં મનોયોગ એક હોય છે. વચનયોગ અને કાયયોગ પણ એક જ હોય છે. દેવ, અસુર અને મનુષ્યોને એક સમયમાં એક જ ઉત્થાન, કર્મ બળ, વીર્ય અને પરાક્રમ હોય છે.

(૪૩-૪૪) જ્ઞાન એક છે, દર્શન એક છે, દર્શન એક છે. ચારિત્ર એક છે. જેનો વિભાગ ન થઈ શકે એવા કાળના સૌથી સૂક્ષ્મ અંશને સમય કહે છે. તે સમય એક છે.

(૪૫) પ્રકૃષ્ટ (નાનામાં નાના) દેશનું નામ પ્રદેશ છે, તે પ્રદેશ એક

છે. પરમ જે અણુ, તે પરમાણું તે પરમાણું એક છે.

(૪૬) લોકાગ્રનું નામ સિદ્ધિ તે સિદ્ધિ એક છે. જે જીવ કૃત કૃત્ય થઈ ગયા સિદ્ધ એક છે, કર્મજનિત સંતાપનો અભાવ તેનું નામ પરિનિર્વાણ છે. તે એક છે. અને શારીરિક માનસિક દુઃખોથી સર્વથારહિત જીવતે પરિનિવૃત્તી. તે પરિનિવૃત્તિ એક છે.

(૪૭) શબ્દ એક છે, રૂપ એક છે; ગંધ એક છે, રસ એક છે, સ્પર્શ એક છે. શુભ શબ્દ એક છે, અશુભ શબ્દ એક છે. સુરૂપ એક છે, કુરૂપ એક છે, દીર્ઘ એકછે, હ્રસ્વ એક છે વર્તુલાકાર એક છે, ત્રિકોણ એક છે, ચતુષ્કોણ એક છે. પૃથુલ-એક છે, ગોળ એક છે, કૃષ્ણ વર્ણ એક છે, નીલવર્ણ એક છે, લાલ વર્ણ એક છે, પીળોવર્ણ એક છે, સફેદવર્ણ એક છે, સુગન્ધ એક છે, તિક્તરસ એક છે, કટુક રસ એક છે, કષાય રસ એક છે, ખાટો રસ એક છે, મધુર રસ એક છે. કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ, આ બધા સામાન્ય અપેક્ષાએ એક છે.

(૪૮) પ્રાણાતિપાત-યાવત્ પરિગ્રહ એક છે. ક્રોધ યાવત્ લોભ એક છે. પરપરિવાદ-નિન્દા એક છે, રતિ-અરતિ એક છે, માયામૃષા-કપટયુક્ત જૂઠું કરવું તે એક છે. મિથ્યાદર્શન શલ્ય એક છે.

(૪૯) પ્રાણાતિપાતવિરમણ એક છે, યાવત્, પરિગ્રહવિરમણ એક છે, ક્રોધ - ત્યાગ એક છે. યાવત્ મિથ્યાદર્શનશલ્ય-ત્યાગ એક છે.

(૫૦) અવસર્પિણી એક છે, સુષમસુષમા એક છે. યાવત્ દુષમદુષમા એક છે. ઉત્સર્પિણી એક છે. દુષમદુષમા એક છે, યાવત્ સુષમસુષમા એક છે.

(૫૧) નારકી જીવોની વર્ગણા-સમૂહ એક છે. અસુર કુમારોની વર્ગણા એક છે. યાવત્ વૈમાનિક દેવોની વર્ગણા એક છે.

'ભવ્ય' એટલે જે જીવમોક્ષ જવા યોગ્ય છે. તે ભવ્ય જીવોની વર્ગણા એક છે. 'અભવ્ય' એટલે જે જીવમોક્ષ જવા યોગ્ય નથી તે અભવ્ય જીવોની વર્ગણા એક છે. ભવ્ય નારકજીવોની વર્ગણા એક છે. અભવ્ય નારક જીવોની વર્ગણા એક છે. એ પ્રમાણે-યાવત્ ભવ્ય વૈમાનિક દેવોની વર્ગણા એક છે. અભવ્ય વૈમાનિક દેવોની વર્ગણા એક છે.

સમ્યગદષ્ટિઓની વર્ગણા એકછે. મિથ્યિદષ્ટિઓની વર્ગણા એકછે. મિશ્ર દષ્ટિવાળીઓની વર્ગણા એકછે. સમ્યગદષ્ટિ નારક જીવોની વર્ગણા એક છે. મિથ્યાદષ્ટિ પૃથ્વી-કાયના જીવોની વર્ગણા એક છે. યાવત્-વનસ્પતિ-કાયના જીવની વર્ગણા એક છે. સમ્યગદષ્ટિ બેઈન્દ્રિય જીવોની વર્ગણા એક છે. મિથ્યાદષ્ટિ બેઈન્દ્રિય જીવોની વર્ગણા એક છે. આ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોની વર્ગણા એક છે. શેષ નારદ જીવની સમાન-યાવત્-મિશ્રદષ્ટિવાળા વૈમાનિકોની વર્ગણા એક છે.

કૃષ્ણપાક્ષિક જીવોની વર્ગણા એક છે. નીલ લેશ્યાવાળા જીવોની વર્ગણા એક છે. આ પ્રમાણે યાવત્ શુક્લલેશ્યાવાળા જીવોની વર્ગણા એક છે. કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોની વર્ગણા યાવત્ કાપોત્ લેશ્યાવાળા નૈરયિકોની વર્ગણા એક છે. આ પ્રમાણે જેની જેટલી લેશ્યાઓ છે તેની તેટલી વર્ગણા સમજી લેવી જોઈએ. ભવનપતિ વાણવ્યંતર પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાયમાં ચાર લેશ્યાઓ છે. તેજસ્કાય, વાયુકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં ત્રણ લેશ્યાઓ છે, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં છ લેશ્યાઓ છે. જ્યોતિષ્કદેવોમાં એક તેજોલેશ્યાછે. વૈમાનિક દેવોમાં અન્તની ત્રણ લેશ્યાઓ છે. તેની તેટલીજ વર્ગણાઓ જાણવી જોઈએ. કૃષ્ણ લેશ્યાવાળા ભવ્ય જીવોની વર્ગણા એકછે. કૃષ્ણા લેશ્યાવાળા અભવ્ય જીવોની વર્ગણા એકછે. એ પ્રમાણે છ એ લેશ્યાઓમાં બે બે પદ કહેવા જોઈએ. કૃષ્ણ લેશ્યાવાળા ભવ્ય નૈરયિકોની વર્ગણા એક છે. કૃષ્ણ લેશ્યાવાળા અભવ્ય નૈરયિકોની વર્ગણા એક છે. એ પ્રમાણે વિમાનવાસી દેવ સુધી જેની જેટલી લેશ્યાઓ છે તેના તેટલા જ પદ સમજી લેવા જોઈએ.

કૃષ્ણલેશ્યાવાળા સમ્યગ્દષ્ટિ જીવોની વર્ગણા એકછે. કૃષ્ણલેશ્યાવાળા મિથ્યાદષ્ટિ જીવોની વર્ગણા એકછે. કૃષ્ણ લેશ્યાવાળા મિશ્રદષ્ટિ જીવોની વર્ગણા એક છે. એ પ્રમાણે છએ લેશ્યાઓમાં જેની જેટલી દષ્ટિઓ છે તેના તેટલા પદ જાણવા જોઈએ. કૃષ્ણ લેશ્યાવાળા કૃષ્ણપાક્ષિક જીવોની વર્ગણા એકછે. કૃષ્ણ લેશ્યાવાળા શુક્લપાક્ષિક જીવોની વર્ગણા એક છે. આ પ્રમાણે વિમાનવાસી દેવ સુધી જેની જેટલી લેશ્યાઓ તેના તેટલા પદ સમજી લેવા જોઈએ.

એ આઠ પદવડે ચાવીસ દંડકમાં એક એક વર્ગણા જાણવી જોઈએ. તીર્થસિદ્ધ જીવોની વર્ગણા એકછે. અતીર્થસિદ્ધ જીવોની વર્ગણા એક છે. એક સિદ્ધ જીવોની વર્ગણા એક છે. અનેક સિદ્ધ જીવોની વર્ગણા એક છે. પ્રથમસમયસિદ્ધ જીવોની વર્ગણા એક છે. યાવત્ અનન્તસમયસિદ્ધ જીવોની વર્ગણા એક છે. પઅમાણુ પુદ્ગલોની વર્ગણા એક છે. એ પ્રમાણે અનન્તપ્રદેશી સ્કંધોની વર્ગણા-યાવત્ એક છે. એક પ્રદેશાવગાઢ પુદ્ગલોની વર્ગણા એક છે. એક સમયની સ્થિતિવાળા પુદ્ગલોની વર્ગણા એક છે. - યાવત્ - અસંખ્યા સમયની સ્થિતિવાળા પુદ્ગલોની વર્ગણા એક છે. એક

સમયની સ્થિતિવાળા પુદ્ગલોની વર્ગણા એક છે.- યાવત્ અસંક્ય ગુણ કાળા પુદ્ગલોની વર્ગણા એક છે અનંત ગુણ કાળા પુદ્ગલોની વર્ગણા એક છે. એ પ્રમાણે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનું કથન કરવું જોઈએ. યાવત્ - અનન્ત ગુણ રૂક્ષ પુદ્ગલોની વર્ગણા એક છે. જઘન્ય પ્રદેશી સ્કંધોની વર્ગણા એક છે ઉત્કૃષ્ટ પ્રદેશી સ્કંધોની વર્ગણા એક છે. અજઘન્ય અનુત્કૃષ્ટ પ્રદેશી સ્કંધોની વર્ગણા એક છે. એ પ્રમાણે જઘન્યાવગાઢ ઉત્કૃષ્ટાવગાઢ. અજઘન્યોત્કૃષ્ટાવગાઢ જઘન્યસ્થિતિવાળા, ઉત્કૃષ્ટતિવાળા અજઘન્યોત્કૃષ્ટિ - સ્થિતિવાળા જઘન્યગુણ કાળા ઉત્કૃષ્ટગુણ કાળા અજઘન્યોત્ત્કૃષ્ટ ગુણ કાળા જાણવા. એ પ્રકારે વર્ણ, ગંધ, રસ સ્પર્શવાળા પુદ્ગલોની વર્ગણા એક છે. યાવત્ અજઘન્ય ઉત્કૃષ્ટ ગુણરુક્ષ પુદ્ગલોની વર્ગણા એક છે.

(૫૨) બધા દ્વીપ સમુદ્રોની મધ્યમાં રહેલો-યાવત્ જંબુદ્વિપ એક છે.

(૫૩) આ અવસર્પિણી કાળમાં ચોવીસ તીર્થંકરોમાંથી અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર એકલા સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, નિર્વાણને પ્રાપ્ત થયા અને બધા દુઃખોથી રહિત થયા.

(૫૪) અનુત્તરોપપાતિક દેવોની ઉંચાઈ એક હાથની છે.

(૫૫) આદ્રા નક્ષત્રનો એક તારો કહેલો છે, ચિત્રા નક્ષત્રનો એક તારો કહેલો છે. સ્વાતિ નક્ષત્રનો એક તારો કહેલો છે.

(૫૬) એક પ્રદેશમાં રહેલાં પુદ્ગલો અનન્ત કહેલા છે. એ પ્રમાણે એક સમયની સ્થિતિવાળા પુદ્ગલો અનન્ત છે. એક ગુણ કાળા પુદ્ગલો અનન્ત કહેલા છે - યાવત્ - એક ગુણ રૂક્ષ પુદ્ગલો અનન્ત છે.

***સ્થાન -૧ - ની મુની દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ***

## સ્થાન : ૨

### ઉદ્દેસો ૧

(૫૭) લોકમાં જે જીવાદિ વસ્તુઓ છે તે બધી દ્વિપદાવતાર છે. અર્થાત્ બે ભાગમાં વહેંચાયેલ છે. જેમ કે જીવ અને અજીવ, ત્રસ અને સ્થાવર. જે જીવો હલનચલન કરી શકે તે ત્રસ જીવો. જે જીવો હલનચલન ન કરી શકે તે સ્થાવર, સયોનિક અને અયોનિક, ઉત્પત્તિસ્થાનરૂપ યોનિથી યુક્ત સયોનિક તે સંસારીજીવો, ઉત્પત્તિસ્થાનરૂપ યોનિથી રહિત અયોનિક તે સિદ્ધ જીવો, સેન્દ્રિય અને અનિન્દ્રિય, સંસારી જીવો. ઈન્દ્રિયોથી યુક્ત હોય છે અને સિદ્ધો અનેન્દ્રિય હોય છે, સવેદક અને અવેદક. જેમાં વેદનો ઉદય હોય તે સવેદક અને તેનાથી વિપરીત અવેદક, રૂપી અને અરૂપી. રૂપ એટલે આકાર. શરીરયુક્ત જીવો બધાં રૂપી છે. શરીર રહિત જીવો અરૂપી છે. સંસારસમાપન્નક અને અસંસારસમાપન્નક. ભવ રૂપ સંસારને જે જીવો પ્રાપ્ત કરતાં રહે છે તે સંસારસમાપન્નક. ભવગ્રહણથી રહિત થઈ ગયા છે તે અસંસરસમાપન્નક કહેવાય છે. શાશ્વત અને અશાશ્વત. સિદ્ધ જીવો શાશ્વત છે. સંસારી જીવ અશાશ્વત છે.

(૫૮) અજીવ બે પ્રકારે કહેલા છે તે આ પ્રમાણે આકાશાસ્તિકાય અને નો-આકાશસ્તિકાય. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય.

(૫૯) બંધ અને મોક્ષ. પુણ્ટ અને પાપ. આશ્રવ અને સંવર. વેદના અને નિર્જરા.

(૬૦) ક્રિયા બે પ્રકારે કહેલી છે. તે આ પ્રમાણે - જીવક્રિયા અને અજીવક્રિયા. જીવક્રિયા બે પ્રકારે કહેલી છે. જેમકે-સમ્યક્ત્ત્વક્રિયા અને મિથ્યાત્વક્રિયા. અજીવક્રિયા બે પ્રકારે કહેલી છે. જેમકે-ઈયાપથિકી ક્રિયા અને સાંપરાયિકી ક્રિયા. ઈર્યા એટલે ગમન આગમનનો જે પથ હોય તેને ઈર્યાપથ કહે છે. તે ઈર્યાપથમાં જે ક્રિયા થાય તે ઈર્યાપથિકી ક્રિયા કહેવાય છે. સાંપરાય એટલે કષાય. કષાયથી જે ક્રિયા થાય છે તેને સાંપરાયિકી ક્રિયા કહે છે. બીજી રીત ક્રિયા બે પ્રકારની કહેલી છે, - કાયિકી અને આધિકરણિકી ક્રિયા. કાયિકી ક્રિયા બે પ્રકારની કહેલી છે - અનુપરત - કાયક્રિયા ને દુષ્પ્રયુક્ત કાયક્રિયા, આધિકરણિકીક્રિયા બે પ્રકારની છે - સંયોજનાધિકરણિકી અને નિર્વર્તનાધિકરણિકી. પ્રાદ્વેષિકી અને પારિતાપનિકીના ભેદથી ક્રિયા બે પ્રકારે છે. પ્રાદ્વેષિકી ક્રિયા બે પ્રકારની કહેલી છે. જેમકે - સ્વહસ્ત - પ્રાણાતિપાત ક્રિયા. અને પરહસ્ત - પ્રાણાતિપાત ક્રિયા. અપ્રત્યાખ્યાન ક્રિયા બે પ્રકારની છે. જેમકે - જીવપ્રત્યાખ્યાન ક્રિયા. અજીવ અપ્રત્યાખ્યાન ક્રિયા. આરંભિકી અને પરિગ્રહિકીના ભેદથી ક્રિયા બે પ્રકારની છે. આરંભિકી ક્રિયા બે પ્રકારની છે. જેમકે જીવઆરંભિકી અને અજીવઆરંભિકી, એ પ્રમાણે પરિગ્રહિકી ક્રિયા બે પ્રકારની છે. જેમકે-માયાપ્રત્યયિકી અને મિથ્યાદર્શનપ્રત્યયિકી. માયાપ્રત્યયિકી ક્રિયા બે પ્રકારની છે. - આત્મભાવવંકનતા અને પરભાવવંકનતા મિથ્યાદર્શન - પ્રત્યયિકી ક્રિયા બે પ્રકારની છે. જેમકે-જીવદષ્ટિજા અને અજીવદષ્ટિજા. એ પ્રમાણે પૃષ્ટિજા પણ જાણવી. બે ક્રિયા કહેલી છે. જેમકે સ્વહસ્તિકી અને નૈસૃષ્ટિકી. સ્વહસ્તિકી ક્રિયા બે પ્રકારની છે. - જીવ સ્વહસ્તિકી અને અજીવ સ્વહસ્તિકી. નૈસૃષ્ટિકી ક્રિયા પણ આ પ્રકારે સમજવી. ક્રિયા બે પ્રકારની કહેલી છે. જેમકે - આજ્ઞાપનિકા અને વૈદારણિકા. નૈસૃષ્ટિ ક્રિયાની જેમ તેમાં પણ બે ભેદ જાણવા. બે ક્રિયાઓ કહેલી છે જેમકે - અનાભોગપ્રત્યયા અને અવકાંક્ષાપ્રત્યયા. અનાભોગપ્રત્યયા ક્રિયા બે પ્રકારે છે. - અનાયયુક્ત

આદાનતા અને અનાયયુક્ત પ્રમાર્જનતા. અનવકાંક્ષાપ્રત્યયા ક્રિયા બે પ્રકારની છે. જેમકે-આત્મશરીર અનવકાંક્ષાપ્રત્યયા અને પરશરીરકાંક્ષાપ્રત્યયા. બે ક્રિયાઓ છે. - રાગપ્રત્યયા અને દ્વેષપ્રત્યયા. રાગપ્રત્યયા ક્રિયા બે પ્રકારની છે. જેમકે-માયાપ્રત્યયા અને લોભપ્રત્યયા, દ્વેષપ્રત્યયા ક્રિયા બે પ્રકારની છે. જેમકે ક્રોધપ્રત્યયા અને માનપ્રત્યયા.

(૬૧) ગર્હા-પાપનું પ્રકાશન બે પ્રકારે કહેલું છે. જેમકે-કોઈ જીવ કેવળ મનથી જ પાપની નિન્દા કરે છે. કોઈ કેવળ વચનથી જ પાપની નિન્દા કરે છે. અથવા - ગર્હાના બે ભેદ કહેલા છે, જેમકે-કોઈ પ્રાણી દીર્ઘકાલ પર્યંત 'આજન્મ' ગર્હા કરે છે કોઈ પ્રાણી થોડા કાલ પર્યન્ત ગર્હા કરે છે.

(૬૨) પ્રત્યાખ્યાન બે પ્રકારનો છે. - કોઈપ્રાણી કેવળ મનથી પ્રત્યાખ્યાન કરે છે, કોઈ કેવળ વચનથી જ પ્રત્યાખ્યાન કરે છે. અથવા પ્રત્યાખ્યાનના બે ભેદ છે. - કોઈ દીર્ઘ કાલ પર્યન્ત પ્રત્યાખ્યાન કરે છે, કોઈ અલ્પકાલીન પ્રત્યાખ્યાન કરે છે.

(૬૩) બે ગુણોથી યુક્ત અણગાર અનાદિ અનન્ત દીર્ઘકાલની ચાર ગતિવાળા સંસાર કાંતારનો તરી શકે છે - વિદ્યા (જ્ઞાન) વડે અને ચરણ (ચારિત્ર) વડે.

(૬૪) બે સ્થાનોને આત્મા જ્યાં સુધી જ્ઞપરિજ્ઞાથી જાણી લેતો નથી અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી પરિત્યાગ કરતો નથી ત્યાં સુધી તેને કેવલીપ્રરૂપીત ધર્મ સાંભળવા મળતો નથી. તે બે સ્થાનો આ પ્રમાણે છે. આરંભ અને પરિગ્રહ બે સ્થાનોને જાણ્યા વિના અને ત્યાગ કર્યા વિના આત્મા શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા સમર્થ થઈ શકતો નથી. જેમકે-આરંભ અને પરિગ્રહ એવી જ રીતે-શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરી શકતો નથી. શુદ્ધ સંયમથી પોતે પોતાને સંયત કરી શકતો નથી. શુદ્ધ સંવરથી સંવૃત્ત થઈ શકતો નથી. સમ્પૂર્ણ આભિનિબોધિક (મતિ) જ્ઞાનને પ્રાપ્ત કરી શકે નહિ. સંપૂર્ણ શ્રૃતજ્ઞાનને પ્રાપ્ત કરી શકે નહિ. સંપૂર્ણ અવધિજ્ઞાનને પ્રાપ્ત કરી શકે નહિ, સંપૂર્ણ મન:પર્યવજ્ઞાનને પ્રાપ્ત કરી શકે નહિ, સંપૂર્ણ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકે નહિ.

(૬૫) બે સ્થાનોને જાણીને અને ત્યાગીને આત્મા કેવળી પ્રજ્ઞપ્ત ધર્મને શ્રવણાદિ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે - યાવત્ - કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે તે છે આરંભ અને પરિગ્રહ.

(૬૬) આત્મા બે સ્થાનોથી કેવલીપ્રજ્ઞપ્ત ધર્મને સાંભળી શકે છે. યાવત્-કેવળ-જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જેમકે-શ્રદ્ધાપૂર્વક ધર્મની ઉપાદેયતા સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને.

(૬૭) બે પ્રકારનો સમય કહેલો છે. અસવર્પિણીકાળ અને ઉત્સર્પિણી કાળ.

(૬૮) બે પ્રકારે ઉન્માદ કહેલો છે. જેમ કે - યક્ષના પ્રવેશથી થયેલો ઉન્માદ અને દર્શન માહનીય કર્મના ઉદયથી થયેલો ઉન્માદ તેમાં યક્ષાવેશ ઉન્માદ છે તેનું સરળતાથી વેદન થઈ શકેછે. અને તે સરલતાથી દૂર કરી શકાય છે. મોહનીય કર્મના ઉદયથી જે ઉન્માદ ઉત્પન્ન થાય છે તેનું વેદન કઠિન હોય છે અને તે મુશ્કેલીથી દૂર કરાય છે.

(૬૯) દંડ બે પ્રકારના કહેલા છે. જેમકે-અર્થદંડ (પ્રયોજન માટે હિંસાદિ કરવી.) અને અનર્થદંડ, નૈરયિકજીવોને બેદંડ કહેલા છે. જેમકે-અર્થદંડ અને અનર્થ દંડ. એ પ્રમાણે વિમાનવાસી દેવ સુધી ચોવીશ દંડકમાં સમજી લેવા.

(૭૦) દર્શન બે પ્રકારે છે - સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સમ્યગ્દર્શનના બે ભેદ કહેલ છે, - નિસર્ગ સમ્યગ્દર્શન અને અભિગમ સમ્યગ્દર્શન - નિસર્ગમ્યગ્દર્શનના બે ભેદ છે, - પ્રતિપાતિ (નષ્ટ થઈ જનાર) અને અપ્રતિપાતિ. અભિગમ સમ્યગ્દર્શનના બે ભેદ છે, - પ્રાતિપાતિ અને અપ્રતિપાતિ. મિથ્યાદર્શન. આભિગ્રહિક મિથ્યાદર્શન બે પ્રકારે છે, - સપર્યવસિત (સાન્ત) અને અપર્યવસિત (અનન્ત) એ પ્રકારે અનભિગ્રહિક મિથ્યાદર્શનના પણ બે ભદ જાણવા.

(૭૧) જ્ઞાન બે પ્રકારના કહેલ છે. જેમકે-પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રત્યક્ષ જ્ઞાન બે પ્રકારે કહેલ છે. જેમકે-કેવલજ્ઞાન અને નોકેવલજ્ઞાન. કેવલજ્ઞાન બે પ્રકારે કહેલ છે. જેમકે-ભવસ્થ કેવલજ્ઞાન અને સિદ્ધકેવલજ્ઞાન. ભવસ્થ કેવલજ્ઞાન બે પ્રકારે કહેલ છે. જેમકે-સયોગીભવસ્થ કેવલજ્ઞાન અને અયોગીભવસ્થ કેવલજ્ઞાન. સયોગી ભવસ્થ કેવલજ્ઞાન બે પ્રકારે છે પ્રથમ સમય સયોગી-ભવસ્થ-કેવલજ્ઞાન અને અપ્રથમ-સમય-સયોગી-ભવસ્થ-કેવલજ્ઞાન. અથવા - ચરમ-સયોગી-ભવસ્થ-કેવલજ્ઞાન અને અચરમ સમય સયોગી ભવસ્થ કેવલજ્ઞાન - એ પ્રકારે અયોગી-ભવસ્થ-કેવલજ્ઞાનના પણ ભેદો જાણવા. સિદ્ધ-કેવલજ્ઞાનના બે ભેદો કહેલ છે. જેમકે-અનન્તરસિદ્ધ કેવલજ્ઞાન, પરસ્પરસિદ્ધ કેવલજ્ઞાન. પરંપર સિદ્ધ કેવળજ્ઞાન બે પ્રકારે છે જેમકે-એકાન્તર સિદ્ધ કેવલજ્ઞાન અનેકાન્તર સિદ્ધ કેવલજ્ઞાન-પરમ્પર સિદ્ધ કેવલજ્ઞાન બે પ્રકારે કહેલ છે જેમકે-એક પરમ્પર સિદ્ધ કેવલજ્ઞાન અને અનેક પરમ્પર સિદ્ધ કેવલજ્ઞાન, નોકેવલજ્ઞાન બે પ્રકારે છે, જેમકે અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાન. મનઃ પર્યવજ્ઞાન બે પ્રકારનું છે. જેમકે ઋજુમતિ અને

વિપુલમતિ. પરોક્ષ જ્ઞાન બે પ્રકારે છે. - આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાન. આભિનિબોધિક જ્ઞાન બે પ્રકારે છે. શ્રુતનિશ્રિત અને અશ્રુતાનિશ્રિત. શ્રુતનિશ્રિત બે પ્રકારે છે. જેમકે અર્થાવગ્રહ અને વ્યજનાવગ્રહ. અશ્રુતાનિશ્રિતના પણ પૂર્વોક્ત બે ભેદ સમજવા. શ્રુતજ્ઞાન બે પ્રકો છે. જેમકે અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય અંગબાહ્ય - બા બે ભેદ છે - આવશ્યક અને આવશ્ય કવ્યતિરિક્ત. આવશ્યક વ્યતિરિક્ત બે પ્રકારે છે કાલિક અને ઉત્કાલિક. ધર્મ બે પ્રકારે કહેલ છે જેમકે-શ્રુતધર્મ અને ચારિત્રધર્મ, શ્રુતધર્મ બે પ્રકારે છે. જેમકે-સૂત્ર શ્રુતધર્મ અને અર્થશ્રુતધર્મ. ચારિત્ર ધર્મ બે પ્રકારે કહેલ છે. જેમકે-આગારચારિત્રધર્મ અને અનગારચારિત્રધર્મ.

(૭ર) સંયમ બે પ્રકારે કહેલા છે જેમકે-સરાગસંયમ અને વીતરાગસંયમ સરાગસંયમ બે પ્રકારે છે. - સૂક્ષ્મ સંપરાય સરાગસંયમ (દશમા ગુણસ્થાન વર્ત્તીમુનિનો) બાદર સમ્પરાય સરાગસંયમ. (છઠ્ઠા આદિ ગુણસ્થાનવર્ત્તીમુનિઓનો) સૂક્ષ્મ-સમ્મરાય સરાગ-સંયમ બે પ્રકારે કહેલ છે. - પ્રથમ-સમય-સૂક્ષ્મ સમ્પરાય સરાગ-સંયમ. અપ્રથમ-સમય-સૂક્ષ્મ સમ્પરાયસરાગ-સંયમ. અથવા ચરમ - સમય - સૂક્ષ્મ સમ્પરાયસરાગ સંયમ. અચરમ સમયસુક્ષ્મ-સમ્પરાયસરાગ સંયમ. અથવા સૂક્ષ્મ સમ્પરાયસરાગ સંયમ બે પ્રકારે કહેલ છે. જેમકે - 'સંખિલશ્યમાન' (ઉપશમ-શ્રેણીથી પડતા જીવને હોય). 'વિશુધ્યમાન' (ઉપશમ-શ્રેણી પર ચઢતા જીવનો.) બાદર-સમ્પરાયસ-સરાગ સંયમ બે પ્રકારે છે. પ્રથમ સમય-બાદર-સમ્પરાય-સરાગ-સંયમ. અપ્રથમ-સમય-બાદર-સમ્પરાય સરાગસંયમ. અથવા ચરમ-સમય-બાદર-સમ્પરાય-સરાગસંયમ. અચરમ-સમય-બાદર સમ્પરાય-સરાગ સંયમ અથવા બાદસમ્પરાય-સરાગ-સંયમ બે પ્રકારે પ્રતિપાતિ અને અપ્રતિપાતિ. વીતરાગ-સંયમ બે પ્રકારનો કહેલો છે. ઉપશાન્તકષાય વીતરાગ સંયમ (૧૧ મા ગુણસ્થાનમાં) ક્ષીણ - કષાય - વીતરાગ - સંયમ (બારમા આદિ ગુણસ્થાનોમાં) ઉપશાન્તકષાય વીતરાગ સંયમ બે પ્રકારે કહેલ છે. જેમકે-પ્રથમસમયઉપશાન્ત-કષાય-વીતરાગ-સંયમઅપ્રથમ-સમય-ઉપશાન્ત-કષાય વીતરાગ-સંયમ. અથવા ચરમ - સમય-ઉપશાન્ત-કષાય-વીતરાગ-સંયમ. અચરમ-વીતરાગ-સંયમ. ક્ષીણ-કષાય-વીતરાગ-સંયમ બે પ્રકારનો -છદ્મસ્થ-ક્ષીણ-કષાય-વીતરાગ સંયમ, કેવલી-ક્ષીણ-કષાય-વીતરાગ સંયમ. છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ સંયમ બે પ્રકારે કહેલો છે. જેમકે-સ્વયં-બુદ્ધ-છદ્મસ્થ- ક્ષીણ કષાય-વીતરાગસંયમ બુદ્ધ-બોધિત-છદ્મસ્થ- ક્ષક્ષણ-કષાય-વીતરાગ-સંયમ સ્વયંબુદ્ધ-છદ્મસ્થ-ક્ષીણ-કષાય વીતરાગ સંયમ બે પ્રકારનો છે. -પ્રથમ-સમય-સ્વયંબુદ્ધ,છદ્મસ્થ ક્ષીણ-કષાય-વીતરાગ-સંયમ. અપ્રથમ-સમય-સ્વયં બુદ્ધ-છદ્મસ્થ-ક્ષીણ-કષાય-વીત-રાગ-સંયમ અથવા ચરમ-સમય-સ્વયંબુદ્ધ-છદ્મસ્થ-ક્ષીણ કષાય વીતરાગ-સંયમ અચરમ-સમસય-સ્વયંબુદ્ધ-છદ્મસ્થ ક્ષીણકષાય વિત - રાગ સંયમ.

બુદ્ધ - બોધિત - છદ્મસ્થ - ક્ષીણ - કષાય વીતરાગ સંયમ બે પ્રકારે છે. જેમકે-પ્રથમ - સમય-બુદ્ધ-બોધિત-છદ્મસ્થ-ક્ષીણ-કષાય વીતરાગ-સંયમ, અપ્રથમ-સમય-બુદ્ધ - બોધિત છદ્મસ્થ-ક્ષીણ-કષાય વીતરાગ સંયમ, અથવા ચરમ-સમય અને અચરમ સમયબુદ્ધ બોધિત-છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ સંયમ. કેવલી ક્ષીણકષાય-વીતરાગ-સંયમ. અયોગી-કેવળી-ક્ષીણ-કષાય-વીતરાગસંયમ. અથવાચરમ-સમય-સયોગીકેવળી-ક્ષીણ - કષાય વીતરાગસંયમ, અચરમ-સમયસયોગી કેવળીક્ષીણ-કષાય-વીતરાગ-સંયમ. અયોગી કેવળી-ક્ષીણ-કષાય-વીતરાગસંયમ બ્ર પ્રકારે છે. - પ્રથમ સમય સયોગી - કેવલી - ક્ષીણકષાય - વીતરાગસંયમ. અપ્રથમ-સંયમ અયોગી-કેવળી-ક્ષીણ-કષાય-વીતરાગસંયમ. અથવા ચરમ-સમય-અયોગી કેવળી-ક્ષીણ-કષાય-વીતરાગ સંયમ. અચરમ-સમયઅયોગી કેવળી ક્ષીણ-કષાય-વીતરાગ-સંયમ.

(૭૩) પૃથ્વીકાયિક જીવો બે પ્રકારના છે, જેમકે સૂક્ષ્મ અને બાદર આ પ્રકારે યાવત્ - બે પ્રકારના વનસ્પતિકાયિક જીવ કહેલાછે, જેમકે-સૂક્ષ્મ અને બાદર. પૃથ્વીકાયિક જીવિ બે પ્રકારના છે. - પર્યાપ્ત અને અપર્યાપ્ત અને અપર્યાપ્ત. આ પ્રકારે - યાવત્ - વનસ્પતિ કાયિક જીવ સુધી કહેવું. આ બધાના બે બે ભેદો છે. છ કાયિક જીવો બે પરિણત અને અપરિણિત. યાવત્ વનસ્પતિ કાય સુધી બધાના બે બે ભેદ કહેવા.

દ્રવ્ય બે પ્રકારના કહેલા છે. જેમકે-પરિણત અને અપરિણિત. પૃથ્વીકાયિક જીવ બે પ્રકારના છે. - ગતિ સમાપન્નક અને અગતિસમાપન્નક આ પ્રકારે-યાવત્- વનસ્પતિકાયિક સુધીના જીવોના બે-બે ભેદો કહેવા. દ્રવ્ય બે પ્રકારના કહેલાં છે. જેમકે ગતિ-સમાપન્નક અને અગતિ-સમાપન્નક પૃથ્વીકાયિક જીવ બે પ્રકારના કહેલ છે. જેમકે-અનન્તરાવ - ગાઢ પરમ્પરાવગાઢ. આ પ્રકારે-યાવત્-દ્રવ્ય બે પ્રકારના કહેલ છે. જેમકે અનન્ત-રાવગાઢ અને પરમ્પરાગાઢ.

(૭૪) કાલ બે પ્રકારનો કહેલ છે. જેમકે-અવસર્પિણી અને ઉત્સર્પિણી. આકાશ બે પ્રકારનું કહેલ છે. જેમકે - લોકાકાશા અને

અલોકાકાશ.

(૭૫) નૈરયિક જીવોને બે શરીરો કહેલા છે. જેમકે-અવસર્પિણી અને ઉત્સર્પિણી. આકાશ બે પ્રકારનું કહેલ છે. જેમકે-લોકાકાશ અને અલોકાકાશ.

(૭૫) નૈરયિક જીવોને બે શરીરો કહેલા છે. જેમકે-આભ્યંતર અને બાહ્ય. કાર્મણ આભ્યંતર છે અને વૈક્રિય બાહ્ય શરીર છે. દેવતાઓના શરીર પણ આ જ પ્રમાણે કહેવા જોઈએ. પૃથ્વીકાયિક જીવોના બે શરીરો હોય છે. જેમકે-આભ્યંતર અને બાહ્ય. કાર્મણ આભ્યંતર છે અને ઔદારિક બાહ્ય છે. વનસ્પતિકાયિક જીવો સુધી એમ જ સમજવું જોઈએ. બેઈન્દ્રિય જીવોને બે શરીરો છે. જેમકે-આભ્યંતર અને બાહ્ય. કાર્મણ આભ્યંતર છે અને હાડ-માંસ, રક્તથી બનેલ ઔદારિક શરીર બાહ્ય છે. ચઉરિન્દ્રિય જીવ સુધી એમ જાણવું. પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવોને બે શરીર છે. જેમકે-આભ્યંતર અને બાહ્ય. કાર્મણ આભ્યંતર છે અને હાડ માંસ રક્ત સ્નાયુ અને શિરાઓથી બનેલ ઔદારિક શરીર બાહ્ય છે. એ જ પ્રમાણે મનુષ્યોના પણ બે શરીરો સમજવાં જોઈએ. વિગ્રહ ગતિ-પ્રાપ્ત નૈરયિકોના બે શરીરો હોય છે, જેમકે-તૈજસ અને કાર્મણ. આ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી જાણવું જોઈએ. નૈરયિક જીવોના શરીરની ઉત્પત્તિ બે સ્થાનો (કારણો) થી થાય છે, જેમકે રાગથી એટલે 'રાગજન્ય કર્મ'થી અને દ્વેષથી એટલે 'દ્વેષજન્ય કર્મ'થી વૈમાનિકો સુધી બધા જીવોના શરીરોના ઉત્પત્તિ આ જ બે કારણોથી જાણવી. નૈરયિક જીવોના શરીર બે કારણોથી પૂર્ણ અવયવવાળા હોય છે જેમકે-રાગથી અર્થાત્ રાગજન્ય કર્મથી શરીર પૂર્ણ બને છે. દ્વેષ અર્થાત્ દ્વેષજન્ય કર્મથી શરીર પૂર્ણ બને છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું જોઈએ. બે કાય-જીવસમુદાય કહેલ ચે. જેમકે ત્રસકાય અને સ્થાવરકાય. ત્રસકાય બે પ્રકારના કહેલ છે. જેમકે ભવસિદ્ધિક અભવસિદ્ધિક,. એ પ્રમાણે સ્થાવરકાયના જીવો પણ સમજવા.

(૭૬) બે દિશાઓની અભિમુખ થઈને નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થિઓની દીક્ષા દેવી કલ્પે છે. જેમકે પૂર્વમાં અને ઉત્તરમાં એ પ્રમાણે પ્રવ્રજિત કરવું. સૂત્રાર્થ શિખવું, મહાવ્રતોનું આરોપણ કરવું. સહભોજન કરવું. સહનિવાસ કરવો, સ્વાધ્યાય કરવા માટે કહેવું, અભ્યસ્ત શાસ્ત્રને સ્થિર કરવાને માટે કહેવું, અભ્યસ્ત શાસ્ત્ર અન્યને ભણાવવાને માટે કહેવું. આલોચના કરવી, પ્રતિક્રમણ કરવું, ગુરુ સમક્ષ અતિચારોની ગર્હા કરવી, લાગેલા દોષનું છેદન કરવું, દોષની શુદ્ધિ કરવી, પુનઃદોષ ન કરવાને માટે તત્પર થવું. યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત અને તપગ્રહણ કરવું કલ્પે છે. બે દિશાઓની સન્મુખ થઈને નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને મારણાન્તિક-સંલેખના તપ વિશેષથી કર્મ-શરીરને ક્ષીણ કરવું. ભોજન પાણીનો ત્યાગ કરી પાદોપગમન સંથારો સ્વીકારી મૃત્યુની કામના નહીં કરતા થકા સ્થિત રહેવું કલ્પે છે. જેમકે પૂર્વ દિશામાં અને ઉત્તર દિશામાં.

સ્થાન : ૨ ઉદ્દેસો : ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૨ - ઉદ્દેસો :૨

(૭૭) જે દેવ ઉર્ધ્વલોકમાં ઉત્પન્ન થયેલ છે. તે કલ્પોપપન્ન (બાર દેવલોકમાં ઉત્પન્ન) હોય, અથવા વિમાનોપપન્ન (ગ્રૈવેયક અને અનુત્તર ઉત્પન્ન થયા) હોય, અને જે જ્યોતિષક દેવો ચારોપપન્નક અથવા ચાર સ્થિતિક હોય એટલે અઢી દ્વિપથી બહાર ગતિ રહિત હોય અથવા અઢી દ્વિપમાં સતત ગમનશીલ હોય તે સદા પાપ કર્મ-નો બંધ કરે છે. તેનું ફલ કેટલાક દેવ તો તે ભવમાંજ અનુભવ કરે છે. અને કેટલાક દેવ અન્ય ભવમાં અનુભવ કરે છે. નૈરયિક જીવ જે સદા સતત પાપકર્મનો બંધ કરે છે. તેનું ફલ કેટલાક નારકી તો તે ભવમાં અનુભવ કરે છે. અને કેટલાક અન્ય ભવમાં પણ અનુભવ કરે છે. આ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિકજીવ પર્યન્ત જાણવું જોઈએ. મનુષ્યો વડે જે સદા સતત પાપકર્મોનો બંધ કરાય છે તેનું ફલ કેટલાક મનુષ્ય તો આ મનુષ્ય ભવમાં અનુભવ કરે છે. અને કેટલાક અન્ય ભવમાં અનુભવ કરે છે, મનુષ્યને છોડીને શેષ બધા જીવો માટે 'તે ભવમાં' એવો અભિલાપ સમાન સમજવો જોઈએ.

(૭૮) નૈરયિક જીવોની બે ગતિ અને બે આગતિ કહેલી છે. જેમકે-નારદ જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. તો મનુષ્યગતિમાંથી અથવા તિર્યંચ પંચેન્દ્રિયમાંથી ઉત્પન્ન થાય છે. અને જાય છે તે પણ બે જ ગતિમાં તિર્યંચ-પંચેન્દ્રિય અને મનુષ્યમાં.

એ પ્રમાણે અસુરકુમાર અસુરકુમારત્વને છોડતો થકો મનુષ્ય અથવા તીર્યંચના રૂપમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે બધા દેવોને માટે સમજવું જોઈએ. પૃથ્વીકાયના જીવ બે ગતિ અને બે આગતિવાળા કહેલ છે. જેમકે-પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. તો પૃથ્વીકાયમાંથી અથવા નો-પૃથ્વીકાયમાંથી (પૃથ્વીકાય સિવાય બીજા કાયોમાંથી) ઉત્પન્ન થાય છે. તે પૃથ્વીકાયિકજીવ તે પૃથ્વીકાયિકપર્યાય ને છોડતો થકો પૃથ્વીકાયમાં અથવા નો-પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે મનુષ્ય સુધી સમજવું.

(૭૯) નૈરયિક જીવો બે પ્રકારના છે, - ભવસિદ્ધિક (ભવ્ય) અને અભવસિદ્ધિક (અભવ્ય) આ પ્રકારે વૈમાનિક પર્યન્ત સમજવું. નૈરયિક જીવ

બે પ્રકારે છે, - અનન્તરોપ-પન્નક અને પરમ્પરોપપન્નક એ પ્રમાણે વૈમાનિક સુધી સમજવું. નૈરયિક જીવ બે પ્રકારે છે. જેમકે-ગતિ સમાપન્નક (નરકગતિમાં જતાં) અગતિ સમાપન્નક (નરકમાં ગયેલા) નૈરયિક જીવ બે પ્રકારના છે. જેમકે-પ્રથમ સમયોત્પન્ન અને અપ્રથમસમયોત્પન્ન, એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. નૈરયિક બે પ્રકારના છે. - આહારક (આહારપર્યાપ્તિ પૂર્ણ કરનાર) અને અનાહારક (વિગ્રહ ગતિમાં વર્તમાન) એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. નૈરયિક બે પ્રકારે છે. જેમકે-સેન્દ્રિય અને અનિન્દ્રિય. એમ વૈમાનિક સુધી જાણવું. નૈરયિક બે પ્રકારે છે. - પર્યાપ્ત અને અપર્યાપ્ત વૈમાનિક સુધી એમજ જાણવું. નૈરયિક બે પ્રકારે કહેલા છે જેમકે સંજ્ઞી અને અસંજ્ઞી. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય છોડી પંચેન્દ્રિય યાવત્ વ્યંતર સુધી એમજ જાણવું જોઈએ. નૈરયિક બે પ્રકારે કહેલા છે. જેમકે ભાષક (ભાષાપર્યાપ્તિની પૂર્ણતાવાળા) અભાષક (જેમની ભાષા પર્યાપ્તિ પૂર્ણ થઈ હોય) એ પ્રમાણે એકેન્દ્રિયને છોડી બધા દંડકોમાં સમજવું. નૈરયિક બે પ્રકારે છે. સમ્યગદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એ પ્રમાણે એકેન્દ્રિયને છોડી બાકી બધા દંડકોમાં સમજવું.

નૈરયિક બે પ્રકારે કહેલ છે. પરિત્ત સંસારિક અને અનન્તસંસારિક. આ પ્રમાણે વૈમાનિક સુધી સમજવું. નૈરયિક બે પ્રકારના છે સંખ્યેયકાલની સ્થિતિવાળા અને અસંખ્યેયકાલની સ્થિતિવાળા. આ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિ - યને છોડીને વાણવ્યંતર સુધી પંચેન્દ્રિય સમજવા. નેરયિક બે પ્રકારે છે. સુલભબોધિક અને દુર્લભ બોધિક, એ પ્રમાણે વૈમાનિક દેવ સુધી જાણવું. નેરયિક બે પ્રકારે છે. જેમકે-કૃષ્ણપક્ષિક (જેમનો સંસારભ્રમણ અર્ધપુદ્ગલ પરાવર્તનથી વધારે હોય) અને શુક્લ પાક્ષિક (જેમનો સંસાર અધ

પુદ્ગલ પરાવર્તનથી ઓછો હોય) વૈમાનિક દેવ સુધી એમ જ જાણવું. નૈરયિક બે પ્રકારે છે. જેમકે-ચરમ (તે યોનિમાં અન્તિમ જન્મવાળા) અચરમ (તે યોનિમાં પુનઃ જન્મ લેનાર) એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

(૮) બે સ્થાનોથી આત્મા અધોલોકને જાણે છે અને દેખેછે. જેમકે-સમુદ્ઘાતરૂપ આત્મ સ્વભાવથી અવધીજ્ઞાની આત્મા અધોલોકને જાણે અને દેખે છે અને વૈક્રિય સુમદ્ઘાત કર્યા વિના આત્મા અધોલોકને જાણે છે અને દેખે છે તાત્પર્ય છે કે અવધિજ્ઞાની સમુદ્ઘાત કરીને અથવા સમુદ્ઘાત કર્યા વિના જ અધોલોકને જાણે છે અને દેખે છે. એ પ્રમાણે તીર્યકલોકને જાણે છે અને દેખે છે. એ પ્રકારથી આત્મા અધોલોકને જાણે છે અને દેખે છે. જેમકે વૈક્રિય શરીર બનાવીને આત્મા અધોલોકને જાણે છે, દેખે છે વૈક્રિય શરીર બનાવ્યા વિના આત્મા અધોલોકને જાણે અને દેખે છે. (તાત્પર્ય એ છે કે) અવધિજ્ઞાની વૈક્રિય શરીર બનાવીને અથવા વૈક્રિય શરીર બનાવ્યા વિના પર અધોલોકને જાણે છે અને દેખે છે. એ પ્રમાણે તીર્યક લોક આદિ આલાપક સમજવા જોઈએ. બે પ્રકારે આત્મા શબ્દ સાંભળે છે. એ પ્રમાણે રૂપ દેખે છે, ગંધ સુંઘે છે, રસનું આસ્વાદન કરે છે. સ્પર્શનો અનુભવ કરે છે.

બે પ્રકારે આત્મા પ્રકાશ કરે છે - (અવધિ આદિજ્ઞાનો વડે) દેશ રૂપથી આત્મા પ્રકાશ કરે છે. (કેવલજ્ઞાન વડે) સર્વ રૂપથી પણ આત્મા પ્રકાશ કરે છે. એ પ્રમાણે વિશેષ રૂપથી પ્રકાશ કરે છે એ પ્રમાણે દેશથી અને સર્વથી વૈક્રિય કરે છે. એ પ્રમાણે દેશથી એક યોગથી અને સર્વથી એટલે ત્રણેય યોગથી પરિચાર-મૈથુન કરે છે. એ પ્રમાણે ભાષા યોગથી અને સર્વથી એટલે ત્રણેય યોગથી પરિચાર-મૈથુન કરે છે. એ પ્રમાણે ભાષા બોલે છે, આહાર કરે છે. પરિણમન કરે છે. વેદન કરે છે. નિર્જરા કરે છે તે નવ સૂત્ર દેશ અને સર્વ બે પ્રકારથી જાણવા. બે પ્રકારે દેવ શબ્દ સાંભળે છે. જેમકે-દેવ દેશથી પણ શબ્દ સાંભળે છે. અને સર્વથી પણ શબ્દ સાંભળે છે - યાવત્ નિર્જરા કરે છે. બે પ્રકારે મરુત દેવ કહેલ છે જેમકે - એક શરીરવાળાં અને બે શરીરવાળા, વિગ્રહગતિની અપેક્ષાએ દેવ કહેલ છે જેમકે - એક શરીરવાળાં અને બે શરીરવાળા, અથવા ભવધારણીય શરીરની અપેક્ષા એ એક શરીરવાળા અને ઉત્તર વૈક્રિયની અપેક્ષા એ બે શરીરવાળા છે. અહીં તૈજસશરીર કાર્મણમાં અન્તર્ગત સમજવું. એ પ્રમાણે કિન્નર, કિંપુરુષ, ગંધર્વ, નાગકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર તે પણ એક શરીર અને બે શરીરવાળા સમજવા. બે પ્રકારે દેવ છે - એક શરીરવાળા અને બે શરીરવાળા.

સ્થાન : ૨ - ઉદ્દેસો : : ૨ -ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

## સ્થાન : ૨ - ઉદ્દેસો : ૩

(૮૧) શબ્દ બે પ્રકારના કહેલ છે. જેમકે-ભાષાશબ્દ નો-ભાષાશબ્દ. ભાષાશબ્દ બે પ્રકારના છે. જેમકે-અક્ષર સંબંધ ને નો-અક્ષર સંબંધ. નો-ભાષા શબ્દ ભે પ્રકારનાં છે. જેમકે-આતોદ્ય (ઢોલ આદિનાં શબ્દ) નો-આતોદ્ય (વાંસ આદિના ફાટવાતી થવાવાળા શબ્દ) આતોદ્યશબ્દ બે પ્રકારના છે. જેમકે-તત (તારબધ વીણા આદિથી થવાવાળા શબ્દ) વિતત-નગારા આદિના શબ્દ. તતશબ્દ બે પ્રકારનાં છે જેમકે-ધન તાલ આદિ વાદ્યોના શબ્દ. શુષિર-બંસુરી, શંખ આદિ મોંઢાથી વગાડવાવાળા વાદ્યના શબ્દ. આ પ્રમાણે વિતત શબ્દ પણ બે પ્રકારના જાણવા. નો-આતોદ્ય શબ્દ બે પ્રકારનાં છે. જેમકે ભૂષણ શબ્દ અને નો-ભૂષણ શબ્દ. નો-ભૂષણ શબ્દ બે પ્રકારના છે.

-તાલ શબ્દ અને લાત-પ્રહારનો શબ્દ. શબ્દની ઉત્પત્તિ બે પ્રકારથી હોય છે. જેમકે-પુદ્‌ગલોના પરસ્પર મિલનથી અને પુદ્‌ગલોનાં ભેદથી.

(૮૨) બે પ્રકારના પુદ્‌ગલ પરસ્પર સંબંધ હોયછે. જેમકે-સ્વયં (સ્વભાવથી) જ પુદ્‌ગલ એકઠા થઈ જાય છે. અથવા અન્ય દ્વારા પુદ્‌ગલ એકઠાં કરાય છે બે પ્રકારથી પુદ્‌ગલ અલગ અલગ હોય છે. જેમકે-સ્વયં જ પુદ્‌ગલ અલગ હોય છે. અથવા અન્ય દ્વારા પુદ્‌ગલ ભિન્ન કરાય ચે. બે પ્રકારથી પુદ્‌ગલમાં પરિશાટન થાય છે. જેમકે સ્વયં જ પુદ્‌ગલ સડે છે. અથવા અન્ય દ્વારા સડાવાય છે. આ જ પ્રમાણે બે પ્રકારથી પુદ્‌ગલ પડે છે અને આ પ્રમાણે પુદ્‌ગલ નષ્ટ થાય છે. પુદ્‌ગલ બે પ્રકારના કહેલ છે. જેમકે-ભિન્ન અભિન્ન પુદ્‌ગલ બે પ્રકારના કહેલ છે. જેમકે-ભેદુરધર્મા (સ્વભાવથી ક્ષણે ક્ષણે નષ્ટ થવાવાળા) અને અભેદુરધર્મા (નહીં નષ્ટ થવાવાળા) પુદ્‌ગુલ બે પ્રકારનાં છે. જેમકે પરમાણું પુદ્‌ગલ અને પરમાણુંથી ભિન્ન સ્કંધ, પુદ્‌ગલ બે પ્રકારના છે. જેમકે સૂક્ષ્મ અને બાદર. પુદ્‌ગલ બે પ્રકારનાં છે. જેમકે-બદ્ધપ્રાર્શ્વ સ્પૃષ્ટ અને સંબદ્ધ. જેમ ઘ્રાણેન્દ્રિય આદી સાથે ગંધ રસ અને સ્પર્શના પુદ્‌ગલો અને નો-બદ્ધપ્રાર્શ્વ સ્પૃષ્ટ-જે ત્વચાચામડીથી સ્પૃષ્ટા જ હોય પરંતુ બદ્ધ ન હોય, જેમ શ્રોત્રેન્દ્રિય દ્વારા ગ્રાહ્ય શબ્દ પુદ્‌ગલ.

૮૩) શબ્દ બે પ્રકારનાં છે. જેમકે-પર્યાપ્ત (કર્મપુદ્‌ગલોની જેમ પૂર્ણ રૂપેણ ગૃહીત) અને અપર્યાપ્ત એવી જ રીતે આત્ત (શરીરાદિરૂપે ગૃહીત) અને અનાત્ત (અગૃહીત)ના ભેદથી પણ પુદ્‌ગલ બે પ્રકારના છે. શબ્દ બે પ્રકારના છે. ગૃહીત અને અગૃહીત. એવી જ રીતે ઈષ્ટ અનિષ્ટ, કાન્ત-અકાન્ત, પ્રિય-અપ્રિય મનોજ્ઞ અમનોજ્ઞ, મણામ-અમણામના ભેદથી પણ બે-બે ભેદો જાણવા જોઈએ. આ પ્રમાણે રૂપ, ગંધ, રસ અને સ્પર્શ પ્રત્યેકમાં પૂર્વોક્ત છ-છ આલાપક જાણવા જોઈએ.

(૮૪) આચાર બે પ્રકારનો છે: જેમ કે-જ્ઞાનાચાર અને નોજ્ઞાનાચાર, નોજ્ઞાનાચાર બે પ્રકારનો કહેલ છે: જેમ કે-દર્શનાચાર અને નોદર્શનાચાર. નોદર્શનાચાર બે પ્રકારનો કહેલ છે: જેમ કે ચારિત્રાકાર અને નોચારિત્રાચાર. નોચારિત્રાચાર બે પ્રકારના કહેલ છે. જેમકે-તપાચાર અને વીર્યાચાર. પ્રતિમાઓ બે કહેલ છે :- સમાધિપ્રતિમા અને ઉપધાનપ્રતિમા પ્રતિમા બે પ્રકારની છે :- વિવેક પ્રતિમા અને વ્યુત્સર્ગપ્રતિમા પ્રતિમાઓ બે પ્રકારની છે: જેમ કે - ભદ્રા અને સુભદ્રા પ્રતિમાઓ બે પ્રકારની છે. જેમકે - ભહાભદ્રપ્રતિમા અને સર્વતોભદ્રપ્રતિમા. પ્રતિમાઓ બે છે. જેમ કે-લઘુમોક પ્રતિમા અને મહતી મોક પ્રતિમા, પ્રતિમાઓ બે છે : જેમ કે યવમધ્યચંદ્ર પ્રતિમા અને વજ્રમધ્યચન્દ્ર પ્રતિમા, સામાયિક બે પ્રકારની છે: જેમ કે-અગાર (દેશવિરતિ) સામાયિક્ અને અનગાર (સર્વ વિરતિ) સામાયિક.

(૮૫) બે પ્રકારનો જીવોના જન્મને ઉપપાત કહેલ છે. જેમ કે-દેવોના અને નૈરયિકના. બે પ્રકારનું જીવોનું મરવું ઉપવર્તના કહેવાય છે. જેમકે-નૈરયિકોનું અને ભવનવાસીદેવોનું. બે પ્રકારનાં જીવોનું મરવું ચ્યવન કહેવાય છે: જેમ કે-જ્યોતિષ્કોનું અને વૈમાનિકોનું. બે પ્રકારનાં જીવોની ગર્ભથી ઉત્પત્તિ હોય છે. જેમકે-મનુષ્યોની અને તિર્યંચ પંચેન્દ્રિયની. બે પ્રકારના જીવ ગર્ભમાં રહેતા આહાર કરે છે. જેમ કે-મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય. બે પ્રકારના જીવ ગર્ભમાં બુદ્ધિ પ્રાપ્ત કરે છે. જેમ કે-મનુષ્ય અને તીર્યંચ પંચેન્દ્રિય. એ જ પ્રમાણે બે પ્રકારના જીવો ગર્ભમાં અપચય પામે છે. બે પ્રકારના જીવો ગર્ભમાં વિકુવર્ણા કરે છે. બે પ્રકારના જીવો ગર્ભમાં ગતિ-પર્યાય પામે છે. બે પ્રકારના જીવો ગર્ભમાં સમુદ્ઘાત કરે છે. બે પ્રકારના જીવો ગર્ભમાં કાળસંયોગ (કાળજનિત અવસ્થાઓનો અનુભવ) કરે છે. બે પ્રકારનાં જીવો આયાતિ (ગર્ભથી બહાર આવવું) પામે છે. બે પ્રકારનાં જીવો ગર્ભમાં મરણ પામે છે. બે પ્રકારના જીવોનાં શરીર ચામડી અને સંધિબંધનવાળા કહેલ છે, જેમ કે-મનુષ્યોના અને તિર્યંચ પંચેન્દ્રિયના બે પ્રકારના જીવો શુક્ર અને શોણિત થી ઉત્પન્ન થાય. જેમ કે મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયના. સ્થિતિ બે પ્રકારની છે. - કાયસ્થિતી અને ભવસ્થિતિ બે પ્રકારના જીવોની કાયસ્થિતિ છે. - મનુષ્યોની અને તિર્યંચ પંચેન્દ્રિયની બે પ્રકારના જીવોની ભવસ્થિતિ છે. જેમ કે-દેવોની અને નૈરયિકોની (કેમકે દેવ મરીને દેવ અને નારક મરીને નારક હોતા નથી. માટે એમની કાયસ્થિતિ હોતી નથી.) આયુ બે પ્રકારના કહેલ છે : જેમ કે-અલ્પાયુ અને ભવાયુ બે પ્રકારનાં જીવોનું ભવાયુ કહેલ છે. જેમકે-દેવોનું અને નૈરયિકોનું. કર્મ બે પ્રકારના ચે. જેમ કે-પ્રદેશ કર્મ અને અનુભવા કર્મ. બે પ્રકારનાં જીવ યથાબદ્ધ આયુષ્ય પૂર્ણ કરે છે. જેમ કે દેવ અને નૈરયિક. બે પ્રકારનાં જીવોનું આયુષ્ય વિષશસ્રાદિ ઉપક્રમવાળું કહેલ છે. જેમ કે-મનુષ્યોનું અને પંચેન્દ્રિય તિર્યંચયોનિઓનું.

(૮૬) જમ્બૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં અત્યન્ત તુલ્ય, વિશેષતા રહિત. વિવિધતા રહિત લંબાઈ. ચૌડાઈ, આકાર અને પરિધિમાં એક બીજાનો અતિક્રમ નહીં કરવાવાળા બે વર્ષ (ક્ષેત્ર) કહેલ છે: જેમ કે-ભરત અને ઐરવત, એ પ્રમાણે હેમવત અને હિરણ્યવત, હરિવર્ષ અને રમ્યકવર્ષ, જાણવા. આ જમ્બૂદ્વીપમાં મેરુ પર્વતથી પૂર્વ અને પશ્ચિમ દિશામાં બે ક્ષેત્રો કહેલ છે : જે અત્યન્ત સમાન વિશેષતા રહિત છે. તે છે પૂર્વ વિદેહ અને

અપરવિદેહ, જંબૂદ્વીપવર્તી મેરુ પર્વતથી ઉત્તર અને દક્ષિણમાં બે કુરુ (ક્ષેત્ર) કહેલ છે : જે પરસ્પર અત્યન્ત સમાન છે, તે દેવકુરુ અને ઉત્તરકુરુ. ત્યાં બે વિશાલ મહાવૃક્ષો છે, જે પરસ્પર સર્વથા તુલ્ય, વિશેષતા રહિત વિવિધતા રહિત લંબાઈ, ચૌડાઈ, પહોળાઈ, ઊંચાઈ, ઊંડાઈ, આકૃતિ અને પરિધિમાં એક બીજાનો અતિક્રમ નથી કરતા. તે છે કૂટશાલ્મલી અને જંબૂસુદર્શના ત્યાં મહાઋદ્ધિવાળા યાવત્ મહાન્ સુખવાળા અને પલ્યોપમન સ્થિતિવાળા બે દેવ રહે છે. જેમ કે-વેણુદેવ, ગુરૂડ અને અનાઢિયદેવ બંને જમ્બૂદ્વીપના અધિપતિ છે.

(૮૭) જમ્બૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં બે વર્ષધર પર્વત છે. તે પરસ્પર સર્વથા સમાન, વિશેષતા રહિત, વિવિધતા રહિત, લંબાઈ પહોળાઈ, ઉંચાઈ, ઊંડાઈ સંસ્થાન અને પરિધિમાં એક બીજાનો અતિક્રમ નથી કરતા. જેમ કે લઘુ હિમવાન પર્વત અને શિખરી પર્વત આ પ્રમાણે મહાહિમવાન અને રૂકિમ, નિષધ અને નીલવાન પર્વતોના સંબંધમાં પણ જાણવું જોઈએ. જમ્બૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં હૈમવત અને એરણ્યવત ક્ષેત્રમાં બે ગોળ વૈતાઢ્ય પર્વત છે, જે અતિસમાન વિશેષતા અને વિવિધતા રહિત-યાવત્-સર્વથા સમાન છે. તે છે-શબ્દાપાતી અને વિકટાપાતી ત્યાં મહાઋદ્ધિવાળા-યાવત્-પલ્યોપમની સ્થિતિવાળા બે દેવો રહે છે. તેમના નામ છે-સ્વાતિ અને પ્રભાસ. જમ્બૂદ્વીપવર્તી મેરુ પર્વતના ઉત્તર અને દક્ષિણમાં હરિવર્ષ અને રમ્યકવર્ષમાં બે ગોળ વૈતાઢ્ય પર્વતો છે જે સર્વથા સમાન છે. યાવત્-તેમના નામ છે ગન્ધાપાતી અને માલ્યવંતપર્યાય. ત્યાં મહાઋદ્ધિવાળા યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા બે દેવો રહે છે જેમકે-અરૂણ અને પદ્મ. જમ્બૂદ્વીપવર્તી મેરુ પર્વતનાં દક્ષિણમાં અને દેવકુરુની પૂર્વ અને પશ્ચિમમાં અશ્વસ્કન્ધની સમાન અર્ધચંદ્રની આકુતિવાળા બે વક્ષસ્કાર પર્વતો છે, જે પરસ્પર અતિસમાન છે-યાવત્ તેના નામ છે. સૌમનસ અને વિદ્યુત્પ્રભ જમ્બૂદ્રીપવર્તી મેરુ પર્વતનાં ઉત્તરમાં તથા ઉત્તરકુરુની પૂર્વ અને પશ્ચિમ ભાગમાં અશ્વ સ્કન્ધની સમાન અર્ધચંદ્રની આકૃતિવાળા બે વક્ષસ્કાર પર્વતો છે. જે પરસ્પર અતિસમાન છે-યાવત્ -એક બીજાથી જરાય વિસર્દશ નથી તે છે - ગંધમાદન અને માલ્યવાન. જમ્બૂદ્વીપવર્તી મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં બે બે દીર્ઘ (લાંબા) વૈતાઢ્ય પર્વત કહેલ છે જે સર્વ પ્રકારે સમાન છે. ભરત દીર્ઘવૈતાઢ્ય અને ઐરાવત વિવિધતારહિત અને એક બીજાની લંબાઈ પહોળાઈ ઉંચાઈ સંસ્થાન અને પરિઘમાં અતિક્રમ ન કરવાવાળી છે. તમિસ્રા ગુફા અને ખંડપ્રપાત ગુફા. તે ગુફાઓમાં મહર્ધિક - યાવત્ - પલ્યોપમની સ્થિતિવાળા બે દેવો રહે છે. તેના નામ કૃતમાલક અને નૃત્યમાલક. ઐરવત-દીર્ઘ વૈતાઢ્ય પર્વતમાં પણ બે ગુફાઓ છે. જે અતિ સમાન છે. મહાહિમસંતકૂડ અને વૈડૂર્યકૂટ. આ પ્રમાણે નિષધ વર્ષધર પર્વત પર બે કૂટ કહેલ છે. જે અતિ સમાન છે-યાવત્ - તેના નામ છે. - નિષધકૂટ અને રુચકપ્રભૂકૂટ. જમ્બૂદ્રીપવર્તી મેરૂ પર્વતથી ઉત્તરમાં નીલવાન પર્વત પર બે કૂટ છે. જે અતિ સમાન છે- યાવત્-તેના નામ છે - નીલવંત કૂટ અને ઉપદર્શન કૂટ આ પ્રમાણે રુકિમ વર્ષધર વર્ષધર પર્વત પર બે કૂટ છે. જે અતિસમાન છે. યાવત્-તેના નામ છે- રુકિમકૂટ અને મહિકાંચનકૂટ. આ પ્રમાણે શિખરી વર્ષધર પર બે કૂટ છે, જે અતિ સમાન છે યાવત તેના નામ શિખરીકૂટ અને તિમિચ્છકૂટ.

(૮૮) જમ્બૂદ્વીપવર્તી મેરૂ પર્વતથી ઉત્તર અને દક્ષિણમાં લઘુહિમવાન અને શીખરી વર્ષધર પર્વતોમાં બે મહાન 'દ્રહ' (જલાશય) છે. જે અતિ સમતુલ્ય અવિશેષ વિચિત્રતારહિત અને લંબાઈ-પહોળાઈ ઉંડાઈ-સંસ્થાન અને પરિધિમાં એક બીજાને ઓળંગતા નથી, પદ્મદ્રહ અને પુન્ડરીકદ્રહ ત્યાં મહાઋદ્ધિવાળી યાવત્-પલ્યોપમની સ્થિતિવાળી બે દેવિઓ રહે છે, તેના નામ-શ્રીદિવી અને લક્ષ્મીદિવી. આ પ્રમાણે મહાહિમવાન અને રુકિમ વર્ષધર પર્વતો પર બે મહાદ્રહ છે. જે અતિ સમાન છે. - યાવત્ - તેનાં નામ મહાપદ્મહ અને મહાપુન્ડીરકદ્રહ દેવીઓનાં નામ હીરીદિવી અને બુદ્ધિદેવી આ પ્રમાણે નિષધ - નીલવાન પર્વતોમાં તિગિચ્છદ્રહ અને કેસરીદ્રહ છે. ત્યાંની દેવીઓના નામ ધૃતિ અને કીર્તિ જંબૂદ્રીપવર્તી મેરૂ પર્વતથી દક્ષિણમાં મહાહિમવાન વર્ષધર પર્વતના મહાપદ્મ દ્રહમાંથી બે મહાનદીઓ પ્રવાહિત હોય છે, તેનાં નામ રોહિત અને હરિકાન્તા. એ પ્રમાણે નિષધ વર્ષધર પર્વતનાં તિગિચ્છદ્રહમાંથી બે મહાનદીઓ પ્રવાહિત હોય છે, તેનાં નામ-હરિતા અને શીતોદા. જમ્બૂદીપવર્તી મેરૂ પર્વતથી ઉત્તરમાં નીલવાન વર્ષધર પર્વતનાં કેસરીદ્રહમાંથી બે મહાનદિઓ પ્રવાહિત થાય છે. તેના નામ શીતા અને નારીકાંતા. એ પ્રમાણે રુકિમ વર્ષધર પર્વતનાં મહાપુન્ડરીક દ્રહમાંથી બે મહાનદીઓ પ્રવાહિત હોય છે. તેના નામ-નરકાન્તા અને રુપ્યકુલા જમ્બૂદ્રીપવર્તી મેરૂ પર્વતથી દક્ષિણ ભરતક્ષેત્રમાં બે પ્રપાતદ્રહ છે. જે અતિ સમાન છે યાવત્ તેના નામ ગંગાપ્રપાતદ્રહ અને સિન્ધુપ્રપાતદ્રહ એ પ્રમાણે હૈમવત વર્ષમાં બે પ્રપાતદ્રહ છે. જે બહુસમાન છે યાવત્ તેના નામ રોહિતપ્રપાત દ્રહ અને રોહિનાંશાપ્રપાતદ્રહ જમ્બૂદ્રીપવર્તી મેરૂ પર્વતથી દક્ષિણમાં મહાવિદેહ વર્ષમાં બે પ્રપાતદ્રહ છે જે અતિસમાન છે-યાવત્ તેનાં નામ

શીતાપ્રપાત દ્રહ અને શીતોપદાપ્રપાત દ્રહ. જમ્બૂદ્વીપવર્તી મેરૂ પર્વતથી ઉત્તરમાં રમ્યક્ વર્ષમાં બે પ્રપાતદ્રહ છે તે અતિ સમાન છે. યાવત્ તેનાં નામ નરકાંતાપ્રપાત અને નારીકાન્તાપ્રપાતદ્રહ. આ પ્રમાણે હેરણ્યવતમાં બે પ્રપાત દ્રહ છે. તેના નામ-સુવર્ણફ્લ પ્રપાત દ્રહ છે. તે અતિસમાન છે યાવત્ તેના નામ-રક્તપ્રપાત દ્રહ અને રક્તાવતી પ્રપાત દ્રહ. જમ્બૂદ્વીપવર્તી મેરૂ પર્વતથી દક્ષિણમાં ભરત વર્ષમાં બે મહાનદીઓ છે. જે અતિસમાન છે. યાવત્ તેના નામ-ગંગા અને સિન્ધુ. આ પ્રમાણે જેના પ્રપાત દ્રહ કહેલ તેની નદીઓ પણ સમજી લેવી જોઈએ ઐરવત વર્ષમાં બે મહાનદીઓ છે જે અતિસમાન તુલ્ય છે. રક્તા અને રક્તવતી.

(૮૯) જમ્બૂદ્વીપવર્તી ભરત અને ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણી કાળમાં દુષમ નામક આરાનો કાળ બે ક્રોડા-કોડી સાગરોપમ પ્રમાણ હતો. આ પ્રમાણે આ અવસર્પિણીના માટે પણ સમજવું જોઈએ. એ પ્રમાણે આગામી ઉત્સર્પિણીના યાવત્ સુષમદુષમ આરાનો કાળ બે ક્રોડાકોડી સાગરોપમનો હશે. જમ્બૂદ્વીપવર્તી ભરત ઐરવત ક્ષેત્રમાં ગત ઉત્સર્પિણીના સુષમ નામક આરામાં મનુષ્ય બે કોસ ઊંચાઈવાળા હતા તથા બે પલ્યોપમની આયુષ્યવાળા હતા. આ પ્રમાણે આ અવસર્પિણીમાં - યાવત્ - બે પુલ્યોપમનું આયુષ્ય હશે. જમ્બૂદ્વિપવર્તી ભરત અને ઐરવત ક્ષેત્રમાં એક યુગમાં બે અર્હંત વંશ ઉત્પન્ન થયા. ઉત્પન્ન થશે. એ પ્રમાણે ચક્રવર્તી વંશ અને બે દશાહવંશ પણ ઉત્પન્ન થયા થાય છે અને થશે. જમ્બૂદ્વીપવર્તી ભરત ઐરવત ક્ષેત્રમાં એક સમયમાં બેઅર્હન્ત ઉત્પન્ન થયા ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. આ જ પ્રમાણે ચક્રવર્તી પણ સમજવા. એ જ પ્રમાણે બલદેવ અને વાસુદેવ પણ ઉત્પન્ન થયા, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. જમ્બૂદ્વીવર્તી કુરુક્ષેત્રમાં મનુષ્ય સદા સુષમ સુષમ કાળની ઉત્તમ ઋદ્ધિને પ્રાપ્ત કરી તેના અનુભવ કરતા રહે છે. તે છે દેવકુરૂ અને ઉત્તરકુરૂ. જમ્બૂદ્વીપવર્તી બે ક્ષેત્રોમાં મનુષ્ય સદા સુષમ સુષમકાળની ઉત્તમ ઋદ્ધિને પ્રાપ્ત કરી તેનો અનુભ કરતાં રહે છે તે છે. દેવકુરૂ અને ઉત્તરકુરૂ. જમ્બૂદ્વીપવર્તી બે ક્ષેત્રોમાં મનુષ્ય સદા સુષમકાળની ઉત્તમ ઋદ્ધિને પ્રાપ્ત કરી તેનો અનુભ કરતા થકા રહે છે જેમ કે હરિવર્ષ અને રમ્યક્ વર્ષ. જમ્બૂદ્વીપવર્તી બે ક્ષેત્રોમાં મનુષ્ય સદા સુષમ દુષમની ઉત્તમ ઋદ્ધિને પ્રાપ્ત કરી તેનો અનુભવ કરતા વિચરે છે જેમ કે-હેમવત અને હિરણ્યવત જમ્બૂદ્વીપવર્તી બે ક્ષેત્રોમાં મનુષ્ય સદા સુષમની ઉત્તમ ઋદ્ધિને પ્રાપ્ત કરી તેનો અનુભવ કરતા રહે છે જેમકે પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહ. જમ્બૂદ્વીપવર્તી બે ક્ષેત્રોમાં મનુષ્ય છ પ્રકારનાં કાળના અનુભવ કરતાં રહે છે.

(૯૦-૯૩) જમ્બૂદ્વીપમાં બે ચંદ્રમાં અતીતકાળમાં પ્રકાશિત થતા હતા. વર્તમમનામાં થાય છે. અને ભવિષ્યમાં પ્રકાશિત થશે. એવી જ રીતે બે સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે. જમ્બૂદ્વીપમાં બે કૃતિકા નક્ષત્ર છે. એ જ પ્રમાણે બે રોહિણી, બે મૃગશિર બે આર્દ્ર છે. આ પ્રમાણે નિમ્ન લિખિત અનુસાર બધા બે. બે જાણવા જોઈએ. બે કૃતિકા, બે રોહિણી, બે મૃગશિર બે આર્દ્રા, બે પુનર્વસુ, બે પુષ્ય, બે આશ્લેષા, બે મઘા, બે પૂર્વાફાલ્ગુની બે ઉત્તરાફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે સ્વાતિ, બે આશ્લેષા, બે મઘા, બે પૂર્વાફાલ્ગુની બે ઉત્તરાફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે સ્વાતિ, બે વિશાખા, બે અનુરાધા, બે જ્યેષ્ઠા બે મૂલ, બે પૂર્વાષાઢા, બે ઉતરાષાઢા, બે અભિજિત, બે શ્રવણ, બે ધનિષ્ઠા, બે શતભિષા, બે પૂર્વાબાદ્રપદ, બે ઉત્તરાભાદ્રપદા, બે રેવતી, બે અશ્વિની, બે ભરણી.

(૯૪) અઠ્ઠાવીસ નક્ષત્રોમાં દેવતા બે અગ્નિ, બે પ્રજાપતિ, બે સોમ, બે રુદ્ર, બે અદિતિ, બે બૃહસ્પતિ, બે સર્પ, બે પિતૃ, બે ભગ, બે અર્યમન, બે સવિતા, બે ત્વષ્ટા, બે વાયુ, બે ઈન્દ્રાગ્નિ, બે મિત્ર, બે ઈન્દ્ર, બેનિત્તર્કૃતિ, બે આપ, બે વિશ્વ, બે બ્રહ્મા, બે વિષ્ણુ, બે વસુ, બે વરૂણ, બે અજ, બે વિવૃદ્ધિ, બે પૂષન, બે અશ્વિષન, બે યમ.

અઠ્ઠાવીસ ગ્રહ બે અંગારક, બે વિકાલક, બે લોહિતાક્ષ, બે શનૈશ્વર, બે આધુનિક, બે પ્રાધુનિક બે કણ. બે કનક, બે કનકનક, બે કનક વિતાનક, બે કનકસંતાનક, બે સોમ, બે સહિત, બે આશ્વાસન, બે કાર્યોપણ, બે કર્વટક, બે અજકરક, બે દુંદુભક, બે શંખ, બે શંખવર્ણ, બે સંખવર્ણાભ, બે કાંસ્ય, બે કાંસ્યવર્ણ, બે કાંસ્યવર્ણાભ, બે રુક્મી બે રુક્તમાભાસ, બે નીલ, બે નીલાભાસ, બે ભસ્મન, બે ભસ્મરાશિ, બે તિલ, બે તિલપુષ્યવર્ણ, બે ઉદક, બે ઉદક પંચવર્ણ, બે કાક, બે કર્કન્ધુ, બે ઈન્દ્રગીવ બે ધૂમકેતૂ, બે હરિત. બે પિંગલ, બે બુધ, બે શુક્ર, બે બૃહસ્પતી. બે રાહુ, બે અગસ્તિ, બે માણવક, બે કાસ, બે સ્પર્શ, બે ધુરા, બે પ્રમુખ, બે વિકટ, બે વિસંધિ, બે નિયલ્લ, બે પાદિકા, બે જટિકાદિલ, બે અરૂણ, બે અગ્નિક, બે કાળક, બે મહાકાળ, બે સ્વસ્તિક બે સૌવસ્તિક, બે વર્ધમાનક, બે પૂષમાનક, બે અંકુશ, બે પ્રલંબ, બે નિત્યાલક, બે નિત્યાદ્યોત, બે સ્વયંપ્રભ બે અવભાષ, બે શ્રેયંકર, બે ક્ષેમંકર, બે આભંકર, બે પ્રભંકર, બે અપરાજિત, બે અરજરત, બે અશોક, બે વિગત શોક, બે વિમલ, બે નિતલ, બે વિત્થ, બે વિશાલ, બે શાલ, બે સુવ્રત, બે અનિવર્તી બે એકજટી, બે દ્વીજટી, બે

કરકરિક, બે રામર્ગલ, બે પુષ્પકેતુ અને બે ભાવકેતુ.

(૯૫) જમ્બૂદ્રીપની વેદિકા બે કોસ-ચાર માઈલ ઊંચી કહેલ છે. લવણ સમુદ્ર ચક્રવાળ વિષ્કંભથી બે લાખ યોજનની કહેલ છે. લવણ સમુદ્રની વેદિકા બે કોસ-ચાર માઈલની ઊંચી કહેલ છે.

(૯૬) પૂર્વાર્ધ ધાતકીખંડવર્તી મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં બે ક્ષેત્ર કહેલ છે. જે સર્વ પ્રકારે સમાન છે - યાવત્ તેના નામ ભરત અને ઐરવત પહેલાં જમ્બૂદ્રીપનાં પ્રકરણમાં કહ્યું છે તેવું અહીંપણ કહેવું જોઈએ. યાવત્ બે ક્ષેત્રમાં મનુષ્ય છે પ્રકારનાં કાળનો અનુભવ કરતાં રહે છે. તેનાં નામ ભરત અને ઐરવત. વિશેષતા તે છે. ધાતકી ખંડમાં કૂટ શાલ્મલી અને ધાતકી નામક વૃક્ષ છે. દેવતા ગરૂડ અને સુદર્શન છે. ધાતકી ખંડનાં પશ્ચિમાર્ધમાં અને મેરૂ પર્વતનાં ઉત્તર દક્ષિણમાં બે ક્ષેત્ર કહેલ છે. જે પરસ્પર અતિ સમાન છે. યાવત્ તેનાં નામ છે. ભરત અને ઐરવત. યાવત્-આ બે બે ક્ષેત્રોમાં મનુષ્ય છ પ્રકારનાં કાળનો અનુભવ કરતા રહે છે તે છે. ભરત ઐરવત વિશેષતા એ છે કે અહીં કૂટશાલ્મલી અને મહાધાતકી વૃક્ષ છે અને દેવ ગરૂડ વેણુદેવ તથા પ્રિયદર્શન છે. ધાતકી ખંડ દ્રીપની વેદિકા બે કોસ-ચાર માઈલની ઊંચાઈવાળી છે.

ધાતકીખંડ દ્રીપમાં ક્ષેત્રાદિ બે ભરત, બે ઐરવત, બે હિમવંત, બે હિરણ્યવંત, બે હરિવર્ષ, બે રમ્યક વર્ષ, બે પૂર્વ વિદેહ, બે અપર વિદેહ, બે દેવકુરુ. બે દેવકુરુમહાવૃક્ષ બે દેવકુરુ મહાવૃક્ષવાસી દેવ, બે ઉત્તરકુરુ બે ઉત્તરકુરુ મહાવૃક્ષ, બે ઉત્તરકુરુ મહાવૃક્ષવાસી દેવ, બે લઘુ હિમવંત, બે મહા હિમવંત, બે નિષધ, બે નીલવંત, બે રૂક્મિ, બે શિખરી. બે શબ્દાપાતી બે શબ્દાપાતી વાસી ''સ્વાતી દેવ'' બે વિકટાપાતી, બે વિકટાપાતીવાસી 'પ્રભાસદેવ' બે ગંધાપાતી, બે ગંધાપાતીવાસી 'અરૂણ દેવ' બે માલ્યવાન પર્વત બે માલ્યવાન વાસી ''પદ્મદેવ''

બે માલ્યવાન, બે ચિત્રકૂટ, બે પદ્મકૂટ, બે નલિનીકૂટ, બે એકશૈલ, બે ત્રિકૂટ, બે વૈશ્રમણ કૂટ, બે અંજન કૂટ, બે માતંજન કૂટ, બે સૌમનસ, બે વિદ્યુત્પ્રભ, બે અંકાપાતી કૂટ, બે પક્ષ્માપાતી કૂટ, બે આશીવિષ કૂટ, બે સુખાવહ કૂટ, બે ચંદ્ર પર્વત, બે સૂર્ય પર્વત, બે નાગ પર્વત, બે દેવ પર્વત, બે ગંધમાદન, બે ઈષુકાર પર્વત.

વર્ષધર પર્વત કૂટ-બે લઘુ હિમવાન કૂટ, બે વૈશ્રમણ કૂટ, બે મહાહિમવાન, બે વૈડૂર્ય કૂટ, બે નિષધ કૂટ, બે રુચક કૂટ, બે નીલવંત કૂટ, બે ઉપદર્શન કૂટ, બે રુકમી કૂટ, બે મણિકંચન કૂટ, બે શિખરી કૂટ, બે તિગિચ્છ કૂટ, બે પદ્મદ્રહ, બે પદ્મ દ્રહવાસી ''શ્રી દેવીઓ'', બે મહાપદ્મ દ્રહ, બે મહાપદ્મ દ્રહવાસી 'હ્રી દેવીઓ', બે પુંડરીક દ્રહ, બે પુંડરીક દ્રહવાસી 'લક્ષ્મી દેવી', બે મહાપુંડરીક દ્રહ, બે મહાપુંડરીક દ્રહવાસી ''બુદ્ધિ દેવી'', બે તિગિચ્છ દ્રહ, બે તિગિચ્છ દ્રહવાસી ''ધૃતિદેવી'', બે કેસરી દ્રહ, બે કેસરી દ્રહવાસી ''કીર્તિ દેવી''

બે ગંગા પ્રપાત દ્રહ, બે સિંધુ પ્રપાત દ્રહ, બે રોહિતા પ્રપાત દ્રહ, બે રોહિતાંશ પ્રપાત દ્રહ, બે રોહિતાંશ પ્રપાત દ્રહ, બે હરિ પ્રપાત દ્રહ, બે હરિકાંતા પ્રપાત દ્રહ, બે શીતા પ્રપાત દ્રહ, બે શીતોદા પ્રપાત દ્રહ, બે નરકાંતા પ્રપાત દ્રહ, બે નારીકાંતા પ્રપાત દ્રહ, બે સુવર્ણ કૂલા પ્રપાત, બે રૂપકલા પ્રપાત દ્રહ, નદીઓ-ગંગા, સિંધુ, રોહિતાસા, સુવર્ણકલા, રક્તા અને રક્તવતી આ મહાનદીઓ પણ ધાતકી ખંડમાં બે બે છે. બે રોહિતા મહાનદી, બે હરિકાંત મહાનદી, બે હરિ સલિલા મહાનદી, બે શીતાદા મહાનદી, બે શીતા મહાનદી, બે દ્રહવતી, બે પંકવતી, બે તપ્તજલા, બે મત્તજલા, બે ઉન્મત્તજલા, બે ક્ષારોદા, બે સિંહ સ્રોત, બે અન્તોવાહિની, બે ઉર્મિમાલિની, બે ફેનમાલિની, બે ગંભીર માલિની.

ચક્રવર્તી - વિજય બે કચ્છ, બે સુકચ્છ, બે મહાકચ્છ, બે કચ્છકાવતી, બે આવર્ત બે મંગલાવર્ત, બે પુષ્કલાવર્ત, બે પુષ્કલાવતી, બે વત્સ, બે સુવત્સ, બે મહાવત્સ, બે વત્સાવંતી, બે રમ્ય, બે રમ્યક, બે રમણિક, બે મંગલાવતી, બે પદ્મ, જે સુપદ્મ, બે મહાપદ્મ, બે પદ્માવતી, બે શંખ, બે કુમુદ, બે નલિન, બે નલિનાવતી, બે વપ્ર, બે સુવપ્ર, બે મહાવપ્ર, બે વપ્રાવતી, બે વલ્ગુ, બે સુવલ્ગુ, બે ગંધિલ, બે ગંધિલાવતી, ચક્રવર્તી વિજં-રાજધાનીઓ બે ક્ષેમા. બે ક્ષેમપુરી, બે રિષ્ટા, બે રિષ્ટાપુરી, બે ખડ્ગી, બે મંજુષા, બે ઔષધિ, બે પૌંજરિકિણી, બે સુસીમા, બે કુંડલા, બે અપરાજિતા, બે પ્રભંકરા, બે અંકાવતી, બે પદ્માવતી, બે શુભો, બે રત્ન, સંચયા, બે અશ્વપુરા, બે સિંહપુરા, બે મહાપુરા, બે વિજયપુરા, બે અપરાજિતા, બે અપરા, બે અશોકા, બે વીત શોકા, બે વિજ્યા, બે વૈજયંતી, બે જયંતી, બે અપરાજિતા, બે ચક્રપુરા, બે ખડ્ગપુરા, બે અવધ્યા, બે અયોધ્યા, મેરૂ પર્વત પર વન ખંડ બે ભદ્રશાલ વન, બે નંદનવન, બે સૌમનસ વન, બે પંડક્વન, મેરૂ પર્વત પર શિલા, બે પાંડુ કંબલ શિલા, બે અતિશિલા બે રક્તકંબલ શિલા, બે અતિરિક્તકંબલ શિલા. બે મેરૂપર્વત, બે મેરૂપર્વતની ચુલિકા.

(૯૭) કાલોદધિ સમુદ્રની વેદિકા બે કોસ ઉંચાઈવાળી છે.

પુષ્કરવરદ્વીપાર્ધની પૂર્વાર્ધમાં મેરૂ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં બે ક્ષેત્રો કહેલ છે, જે અતિતુલ્ય છે. તેના નામ ભરત અને ઐરવત. એ પ્રમાણે બે કુરુ સુધી બધુ પૂર્વોક્ત કહેવું. યાવત્-દેવકુરુ અને ઉત્તરકુરૂ. ત્યાં અતિ વિશાલ બે મહાદ્રુમ કહેલ છે તેનાં નામ કૂટશાલ્મલી અને પદ્મ વૃક્ષ. ત્યાં બે દેવો છે. ગરૂડ વેણુદેવ અને પદ્મ-યાવત્-ત્યાં મનુષ્ય છ પ્રકારના કાળનો અનુભવ કરતા રહે છે. અહીંયા સુધી પૂર્વવત્ કહેવું. પુષ્કરવર દ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં અને મેરુ પર્વતની ઉત્તર દક્ષિણમાં બે ક્ષેત્રો છે. ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. વિશેષતા તે છે કે ત્યાં કૂટશાલ્મલી અને મહાપદ્મ વૃક્ષ છે અને દેવ ગરૂડ (વેણુદેવ) અને પુંડરિક છે. પુષ્કરવરદ્વીપાર્ધમાં બે ભરત અને બે ઐરવત ઈત્યાદિ, યાવત-બે મેરુ અને બે મેરુચૂલિકાઓ છે. પુષ્કરવરદ્વીપની વેદિકા બે કોસની-ઊંચી છે. બધા દ્વીપ સમુદ્રોની વેદિકાઓ બે કોસ-ઉંચાઈવાળી કહેલ છે.

(૯૮) દશ ભવપતિનાં વીસ ઈન્દ્ર - અસુરકુમાર જાતિમાં બે છે - ચમર અને બલી. નાગકુમારોમાં બે છે - ધરણેન્દ્ર અને ભૂતાનન્દ. સુવર્ણકુમારેન્દ્ર બે છે - વેણુદેવ અને વેણુદાલી. વિદ્યુતકુમારોમાં બે ઈન્દ્ર છે - હરિ અને હરિસહ. અગ્નિકુમારોમાં બે છે - અગ્નિશિખ અને અગ્નિમાણવ. દ્વીપકુમારેન્દ્ર બે છે - પૂર્ણ અને વિશિષ્ટ. ઉદધીકુમારોમાં બે ઈન્દ્ર છે - જલકાન્ત અને જલપ્રભ. દિક્કુમારેન્દ્ર બે છે - અમિતગતિ અને અમિતવાહન. વાયુકુમારેન્દ્ર બે છે - વેલમ્બ અને પ્રભંજન સ્તનિતકુમારેન્દ્ર બે છે - ઘોષ અને મહાઘોષ. સોળ વ્યન્તરોના બત્રીસ ઈન્દ્ર. પિશાચેન્દ્ર બે છે - કાલ અને મહાકાલ ભૂતોમાં બે ઈન્દ્ર છે. સુરૂપ ને પ્રતિરૂપ. યક્ષેન્દ્ર બે છે - પૂર્ણભદ્ર અને મણિભદ્ર. રાક્ષસોમાં બે ઈન્દ્ર છે - ભીમ અને મહાભીમ. કિન્નરેન્દ્ર બે છે - કિન્નર અને કિંપુરુષ. કિંપુરુષોમાં બે ઈન્દ્ર છે- સત્પુરુષ અને મહાપુરુષ. મહોરગેન્દ્ર બે છે - અતિકાય અને મહાકાય. ગંધર્વોમાં બે ઈન્દ્ર છે - ગીત રતિ અને ગીતયશ. અણપન્નિકેન્દ્ર બે છે - સન્નિહિત અને સામાન્ય. પણપન્નિકેન્દ્ર બે છે. - ધાત અને વિહાત. ઋષિવાદિન્દ્ર બે છે. - ઋષિ અને ઋષિપાલક. ભૂતાવાદિન્દ્ર બે છે. - ઈશ્વર અને મહેશ્વર. કન્દ્રિતેન્દ્ર બે છે. - સુવત્સ અને વિશાલ. મહાક્રન્દિતેન્દ્ર બે છે - શ્વેત અને મહાશ્વેત પતંગેન્દ્ર બે છે - પતંગ અને પતંગપતિ. જ્યોતિષ્ક દેવોનાં બે ઈંદ્ર છે - ચંદ્ર અને સૂર્ય. બાર દેવલોકના દશ ઈન્દ્ર-સૌધર્મ અને ઈશાન કલ્પમાં બે ઈન્દ્ર કહેલ છે - શક્ર અને ઈશાન. સનત્કુમાર અને મહેન્દ્રમાં બે ઈન્દ્ર કહેલ છે - સાનત્કુમાર અને માહેન્દ્ર. બ્રહ્મલોક અને લાન્તક કલ્પમાં બે ઈન્દ્ર છે - બ્રહ્મ અને લાન્તક, મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં બે ઈન્દ્ર છે. - મહાશુક્રેન્દ્ર અને સહસ્રારેન્દ્ર આનત પ્રાણત આરણ અને અચ્યુત કલ્પોમાં બે ઈન્દ્ર છે - પ્રાણત અને અચ્યુત. આ પ્રકારે બધા મળી ચૌસઠ ઈન્દ્ર હોય છે - મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં વિમાન બે વર્ણના હોય છે. પીતવર્ણના અને શ્વેતવર્ણના ગ્રૈવેયક દેવોની ઉંચાઈ બે હાથની હોય છે.

***સ્થાન : ૨ - ઉદ્દેસો : : ૩ -ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ***

## ***સ્થાન : ૨ - ઉદ્દેસો : ૪***

(૯૯) સમય (કાળનો સૌથી સૂક્ષ્મ ભાગ) અને આવલિકા (અસંખ્યાત સમયોનો સમૂહ) જીવનો પર્યાય હોવાથી જીવ પણ કહેવાય છે અને અજીવનો પર્યાય હોવાથી અજીવ પણ કહેવાય ચે. જીવ અને અજીવની સ્થિતિ સમયાદિરૂપ હોવાથી તે સમયાદિ જીવ અને અજીવના જ ધર્મ છે. ધર્મ અને ધર્મીમાં અત્યંત ભેદ નથી. તેથી ધર્મ અને ધર્મી ના અભેદને લક્ષ્યમાં રાખી સમયાદિને જીવ અને અજીવ રૂપ કહેલછે. શ્વાસોચ્છવાસ અને સ્તોક પણ પૂર્વોક્ત વિવક્ષાથી જીવ અને અજીવ કહેલ છે. એ પ્રમાણે ક્ષણ અને લવ પણ જીવ અને અજીવરૂપ છે એ જ રીતે મુહૂર્ત અને અહોરાત્ર, પક્ષ અને માસ, ઋતુ અને અયન, સંવત્સર અને યુગ, સોવર્ષ અને હજાર વર્ષ, લાખ વર્ષ અને ક્રોડવર્ષ ત્રુટિતાંગ અને ત્રુટિત, પૂર્વાંગ-અને પૂર્વ, અડડાંગ અને અડડ, અવવાંગ અને અવવ, હૂહૂતાંગ અને હૂહૂત, ઉત્પલાંગ અને ઉત્પલ, પદ્માંગ અને પદ્મ, નલિનાંગ અને નલિન, અક્ષનિકુરાંગ અક્ષનિકુર, અયુતાંગ અને અયુત, નિયુતાંગ અને નિયુત, પ્રપુતાંગ અને પ્રપુત, ચુલિકાંગઅને ચુલિકા, શીર્ષપહેલિકાંઅનેશીર્ષપહેલિકા પલ્યોપમ અને સાગરોપમ, ઉત્સર્પિણી અને અવસર્પિણી. આ બધા કાળ વિભાગો પણ જીવ અને અજીવરૂપ કહેલ છે.

ગ્રામ, નગર, નિગમ રાજધાની ખેડા (ગ્રામથી મોટું, અને નગરથી નાનું ધૂળનાં કોટ યુક્ત) કર્બટ (કુત્સિત નગર) મડમ્બ (જેની ચારે બાજુ એક યોજન સુધી કોઈ ગામ ન હોય તેવી વસ્તી) દ્રોણમુખ (જ્યાં જળ અને સ્થળ બન્ને માર્ગોથી જઈ શકાય) પટ્ટન (શ્રેષ્ઠ નગર) આકર (ખાણ) આશ્રમ (તાપસોનું નિવાસસ્થાન) સંવાહ (જ્યાં ખેડૂત લોકો રક્ષા માટે ધાન્યને લઈ જઈને રાખે છે એવો દુર્ગ પ્રદેશ) ઘોષ (ગોપાલોનું નિવાસ) આરામ (એક જાતીય વૃક્ષ યુક્ત વન) વનખંડ (અનેક જાતીય વૃક્ષોથી યુક્ત વન) વાવડી (ચતુષ્કોણ જલાશય) પુષ્કારિણી (ગોળવાવડી) સરોવર, સરોવરની પંક્તિ, કૂવા, તળાવ દ્રહ, નદી, રત્નપ્રભાદિક પૃથ્વી, ઘનોદધિ, વાત સ્કન્ધ, અવકાશાન્તર, એટલે વાતસ્કન્ધની નીચેનો આકાશ જ્યાં સૂક્ષ્મ પૃથ્વીના જીવો

ભરેલા છે, વલય (વેષ્ટનરૂપ ધનોદધિ, ધનવાત, તનુવાતરૂપ) વિગ્રહ (લોકનાડી) દ્વીપ, સમુદ્ર, વેળા, વેદિકા, દ્વાર, તોરણ નૈરયિક (કર્મ પુદ્ગલની અપેક્ષાથી અજીવતત્ત્વ સમજવું જોઈએ) નરકવાસ પૃથ્વીકાયિકરૂપ હોવાથી જીવત્ત્વ સમજવું. વૈમાનિક-વૈમાનિકોના આવાસ દેવલોક (કલ્પવિમાનવાસ) વર્ષ - (ભરત આદિ ક્ષેત્ર) વર્ષધર પર્વત, કૂટ, કૂટાગાર, વિજય અને વિજયોની રાજધાની આ બધા જીવ અને અજીવ કહેવાય છે.

છાયા, આતપ, જ્યોત્સના, અંધકાર, અવમાન, ઉન્માન અતિયાન ગૃહ (નગરમાં ધૂમ-ધામથી પ્રવેશ કરવાનું ઘર) ઉદ્યાનગૃહ, અવિલમ્બ (સ્થાન વિશેષ) શનૈઃ પ્રપાત (વસ્તુ વિશેષ) એ બધા જીવ અને અજીવ રૂપ કહેવાય છે. (જીવ અને અજીવથી વ્યાપ્ત હોવાના કારણે અભેદ નયની અપેક્ષાથી જીવ યા અજીવ કહેલા છે.

(૧૦૦) બે રાશિઓ કહેલ છે - જીવ રાશિ અને અજીવ રાશિ. બંધ બે પ્રકારનાં કહેલ છે. - રાગ અને દ્વેષ. જીવ બે પ્રકારથી પાપ કર્મ બાંધે છે. રાગથી અને દ્વેષથી. જીવ બે પ્રકારથી પાપ કર્મોની ઉદીરણા કરે છે - આભ્યુપગમિક વેદનાથી (સ્વેચ્છાથી સ્વીકૃત વેદનાથી) અને ઔપક્રમિકી વેદનાથી (કર્મોદયના કારણ થી હોવાવાળી વેદનાથી) એ જ પ્રમાણે બે પ્રકારોથી જીવૂ કર્મોનું વેદન કરે છે અને બે પ્રકારથી નિર્જરા પણ કરે છે એટલે આભ્યુપગમિક વેદનાથી અને ઔપક્રમિક વેદનાથી.

(૧૦૧) બે પ્રકારથી આત્મા શરીરનો સ્પર્શ કરી બહાર નીકળે છે - જ્યારે ઈલિકા ગતિથી આત્મા બહાર નીકળે છે, ત્યારે એક દેશથી શરીરનો સ્પર્શ કરીને નીકળે છે અને જ્યારે કન્દુકગતિથી નીકળે છે, ત્યારે સર્વદેશથી સ્પર્શ કરીને નીકળે છે. એ પ્રમાણે બે પ્રકારથી સ્ફૂરણ કરી સ્ફોટનત કરી અને સંકોચન કરીને, આત્મા શરીરથી બહાર નીકળે છે.

(૧૦૨) બે પ્રકારથી આત્માને કેવલી પ્રરૂપ્ત ધર્મ સાંભળવા મળે છે. કર્મોના ક્ષયથી અને ઉપશમથી. આ પ્રમાણે યાવત્ - બે કારણોથી જીવન મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થાય છે (ઉદય પ્રાપ્ત કર્મોનો ક્ષય અને અનુદિત કર્મનો ઉપશમ.)

(૧૦૩-૧૦૬) ઔપમિક કાળ બે પ્રકારનો કહેલ છે - પલ્યોપમ અને સાગરોપમ પલ્યોપમનું સ્વરૂપ શું છે ? એક યોજન વિસ્તારવાળા પલ્ય એક દિવસના અથવા ઉત્કૃષ્ટ સાત દિવસના ઉગેલાવાળોના અગ્રભાગ નિરંતર અને નિવિડ રૂપથી ઠસોઠસ ભરવામાં આવે અને સો-સો વર્ષમાં એક એક વાળ કાઢવાથી જેટલા વર્ષમાં તે પલ્ય ખાલી થઈ જાય તેટલા કાળને એક પલ્યોપમ સમજવું જોઈએ. એવા ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમનું એક સાગરોપમ કાળ હોય છે.

(૧૦૭) ક્રોધ બે પ્રકારનો કહેલ છે. આત્મપ્રતિષ્ઠિત અને પરપ્રતિષ્ઠિત. પોતે પોતાની ઉપર હોવાવાળો અથવા પોતાના વડે ઉત્પન્ન કરેલ ક્રોધ આત્મપ્રતિષ્ઠિત ક્રોધ કહેવાય છે. બીજાપર થવાવાળો યા બીજાવડે ઉત્પન્ન કરેલ ક્રોધ પરપ્રતિષ્ઠિત કહેવાય છે. એ પ્રમાણે નારક-યાવત્ વૈમાનિકો સંબંધી ઉક્ત માન, માયા, યાવત્ મિથ્યાદર્શન શલ્ય સુધીના બધા પાપસ્થાનકોના બે-બે ભેદો જાણવા તથા નારકોથી લઈ વૈમાનિક દેવો સુધીના ચોવીસ દંડકોના જીવોના ક્રોધાદિ પણ સમજવા જોઈએ.

(૧૦૮-૧૦૯) સંસારસમાપન્નક (સંસારી) જીવ બે પ્રકારના કહેલ છે - ત્રસ અને સ્થાવર, સર્વ જીવ બે પ્રકારનાં કહેલ છે - સેન્દ્રિય અને અનેન્દ્રિય. આ પ્રમાણે સશરીરી અશરીરી પર્યન્ત નિમ્ન ગાથાથી સમજવું જોઈએ. જેમ કે-જીવ બે પ્રકારના છે :- સિદ્ધ અસિદ્ધ, સેન્દ્રિય અનિન્દ્રિય, સકાય અકાય, સયોગી અયોગી, સવેદી અવેદી, સકષાય અકષાય, સલેશ્ય, અલેશ્ય, જ્ઞાની અજ્ઞાની, સાકરોપયુક્ત અનાકારોપયુક્ત, આહારક અનાહારક, ભાષક અભાષક, ચરમ અચરમ અને સશરીરી અશરીરી.

(૧૧૦) શ્રમણ ભગવંત મહાવીરે શ્રમણ નિગ્રંથો માટે બે પ્રકારના મરણોને ઉપાદેય કહ્યા નથી તે મરણોને નિરૂપિત કર્યા નથી. વ્યક્ત વચનો દ્વારા પ્રરૂપિત કર્યા નથી. તેમની પ્રશંસા કરી નથી, તેમની અનુમોદના પણ કરી નથી. તે બે મરણો નીચે પ્રમાણે સમજવાઃ વલનમરણ (સંયમમાં ખેદ પામતા મરવું તે) અને વશાર્ત મરણ (ઈન્દ્રિય વિષયોનેવશ થઈ પતંગની જેમ મરવું તે) તથા એ પ્રમાણે નિદાન મરણ (ઋષિ ભોગ આદિની કામના કરી મરવું) અને તદ્ભવ મરણ (જે ગતિમાં છે તે જ ગતિનું આયુષ્ય બાંધી મરવું) તથા પર્વતથી પડીને મરવું અને વૃક્ષથી પડીને મરવું તથા પાણીમાં ડૂબીને મરવું અને અગ્નિમાં બળીને મરવું તથા વિષનું ભક્ષણ કરીને મરવું અને શસ્ત્રનો પ્રહાર કરી મરવું. બે પ્રકારનાં મરણ-યાવત્ નિત્ય અનુજ્ઞાન ન હોય પરંતુ કારણ વિશેષથી નિષિદ્ધ પણ નથી, તે આ માણે - વૈહાયસમરણ (વૃક્ષની શાખા વગેરે પર લટકી ગળામાં ફાંસો લગાડીને મરવું) અને ગૃધ્રપૃષ્ઠમરણ (કોઈ મોટા પ્રાણીના મૃત ક્લેવરમાં પ્રવેશ કરી ગીધ આદિ પક્ષીઓથી શરીર ચૂસાવીને મરવું.) શ્રમણ ભગવાન મહાવીરે બે મરણ નિર્ગ્રંથોને માટે સદા ઉપાદેય રૂપે વર્ણિત કરેલ છે યાવત્ તેને માટે અનુમતિ દીધેલ છે તે આ છે પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન. પાદપોપગમન બે

પ્રકારનું કહેલ છે - નિર્હારિમ અને અનિર્હારિમ (ગિરિ કન્દરાદિમાં મરવું જ્યાં અગ્નિ સંસ્કાર ન થાય.ૐ ભક્ત પ્રત્યાખ્યાન પણ બે પ્રકારનું કહેલ છે - નિર્હારિમઅનિર્હારિમએમની વ્યાખ્યાપૂર્વવત્ સમજવી.

(૧૧૧) આ લોક શું છે ? જીવ અને અજીવ વજ લોક છે અર્થાત્ લોક જીવા-જીવાત્મક છે. લોકમાં અનન્ત શું છે ? લોકમાં જીવ અનન્ત છે અને અજીવ પણ અનન્ત છે. લોકમાં શાશ્વત શું છે ? જીવ અને અજીવ.

(૧૧૨) બોધિ બે પ્રકારની છે. જ્ઞાનબોધિ અને દર્શનબોધિ. બુદ્ધ બે પ્રકારના છે - જ્ઞાનબુદ્ધ અને દર્શનબુદ્ધ. મોહ બે પ્રકારનો છે - જ્ઞાનમોહ અને દર્શનમોહ તથા મૂઢ પણ જ્ઞાનમૂઢ અને દર્શનમૂઢના ભેદથી બે પ્રકારના છે.

(૧૧૩) જ્ઞાનાવરણીય કર્મ બે પ્રકારનાં છે. દેશજ્ઞાનાવરણીય (મતિજ્ઞાનાદિને આંશિકરૂપે આચ્છાદિત કરનાર) અને સર્વજ્ઞાનાવરણીય (કેવળજ્ઞાનને રોકનાર.) દર્શનાવરણીય કર્મપણ આ પ્રમાણે બે પ્રકારનાં છે. વેદનીય કર્મ બે પ્રકારનું છે - સાતાવેદનીય અને અસાતાવેદનીય. મોહનીય કર્મ બે પ્રકારનું છે, - દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય અને અસાતાવેદનીય. મોહનીય કર્મ બે પ્રકારનું છે, - દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. આયુષ્ય કર્મ બે પ્કારનું છે, બદ્ધાયુ (કાય સ્થિતિ) અને ભવાયુ (ભવસ્થિતિ). નમ કર્મ બે પ્રકારનું છે, - શુભાનામકર્મ અને અશુભનામકર્મ. ગોત્ર કર્મ બે પ્રકારનું છે, ઉચ્ચગોત્ર અને નીચગોત્ર. અંતરાય કર્મ બે પ્રકારનું છે, પ્રત્યુત્પન્નર્વિનાશી. (વર્તમાનમાં હોવાવાળા લાભને નષ્ટ કરનાર) અને વિહિત-આગામીપથ (ભવિષ્યમાં થનાર લાભના માર્ગને રોકનાર.)

(૧૧૪) મૂર્ચ્છા બે પ્રકારની છે - પ્રેમપ્રત્યયા-રાગથી થનાર દ્વેષ પ્રત્યયા-દ્વેષથી થનાર. પ્રેમ પ્રત્યયા મૂર્ચ્છા બે પ્રકારની કહેલ છે - માયા અને લોભ. દ્વેષ પ્રત્યયા મૂર્ચ્છા બે પ્રકારની કહેલ છે - ક્રોધ અને માન.

(૧૧૫) આરાધના બે પ્રકારની કહેલ છે - ધાર્મિક આરાધના ધાર્મિકો એટલે સાધુઓની આરાધના અને કેવલી-આરાધના એટલે વિશિષ્ટશ્રુત, અવધિ, મન:પર્યવ અને કેવલજ્ઞાનીઓની આરાધના. ધાર્મિક આરાધના બે પ્રકારની કહેલ છે. શ્રુતધર્મ આરાધના અને ચારિત્રધર્મારાધના. કેવલિ આરાધના બે પ્રકારની કહેલ છે. અન્તક્રિયા (મોક્ષગમન) અને કલ્પવિમાનોપપત્તિ.

(૧૧૬) બે તીર્થંકર પ્રિયંગુ (વૃક્ષ-વિશેષ)ની સમાન વર્ણવાળા હતા- મલ્લિનાથ અને પાર્શ્વનાથ. બે તીર્થંકર પદ્મની સમાન પદ્મગૌર (લાલ) વર્ણવાળા હતા-પદ્મપ્રભ અને વાસુપૂજ્ય. બે તીર્થંકર ચંદ્ર સમાન વર્ણવાળા (શુક્લ) હતા-ચંદ્રપ્રભ અને પુષ્પદન્ત.

(૧૧૭) સત્યપ્રવાદ પૂર્વ (છઠ્ઠા પૂર્વ)ની બે વસ્તુઓ (વિભાગ) કહેલ છે.

(૧૧૮) પૂર્વભાદ્રપદ નક્ષત્રના બે તારા છે. ઉત્તરાભાદ્રપદના બે તારા છે એ પ્રમાણે પૂર્વફાલ્ગુની અને ઉત્તરફાલ્ગુનીના પણ બે બે તારા કહેલ છે.

(૧૧૯) મનુષ્ય ક્ષેત્રની અંદર બે સમુદ્ર છે લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્ર.

(૧૨૦) કામભોગોનો ત્યાગ નહિ કરવાવાળા બે ચક્રવર્તી મૃત્યુકાળમાં મૃત્યુ પામી નીચે સાતમી નરકપૃથ્વીના અપ્રતિષ્ઠાન નામક નરકવાસમાં નારકરૂપથી ઉત્પન્ન થયા. તેના નામ છે-સુભૂમચક્રવર્તી અને બ્રહ્મદત્તચક્રવર્તી.

(૧૨૧) અસુરેન્દ્રોને છોડી ભવનવાસી દેવોની કિંચિત્ ન્યૂન બે પલ્યોપમની સ્થિતિ કહેલ છે. સૌધર્મ કલ્પમાં દેવતાઓની ઉત્કૃષ્ટ કિંચિત્ અધિક બે સાગરાંપમની સ્થિતિ કહેલ છે. ઈશાન કલ્પમાં દેવતાઓની ઉત્કૃષ્ટ કિંચિત અધિક બે સાગરાપમની સ્થિતિ કહેલ છે. સનત્કુમાર કલ્પમાં દેવોની જઘન્ય બે સાગરોપમની સ્થિત કહેલ છે. માહેન્દ્રકલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ કિંચિત્ અધિક બે સાગરોપમની કહેલ છે.

(૧૨૨) બે દેવલોકમાં દેવીઓ કહેલ છે. સૌધર્મમાં અને ઈશાનમાં.

(૧૨૩) બે દેવલોકોમાં તેજોલેશ્યાવાળા દેવ કહેલ છે. સૌધર્મમાં અને ઈશાનમાં.

(૧૨૪) બે દેવલોકોમાં દેવ કાયપરિચારક (મનુષ્યની જેમ કાયાથી વિષય સેવન કરવાવાળા) કહેલ છે, સૌધર્મમાં અને ઈશાનમાં બે દેવલોકના દેવો સ્પર્શપરિચારક (દેવીઓના સ્પર્શમાથત્રી કામ સેવનાર કહેલ છે. - સનત્કુમાર કલ્પના અને માહેન્દ્ર કલ્પના. બે કલ્પમાં દેવ રૂપપરિચારક (દેવીઓનું રૂપ જોઈને તૃપ્તિ પામનાર) કહેલ બ્રહ્મલોક અને લાન્તકમાં. બે કલ્પમાં દેવ શબ્દ પરિચારક (દેવીઓના ગાન આદિના શબ્દો સાંભળી તૃપ્તિ પામનાર કહેલ છે. - મહાશુક્રમાં અને સહસ્રામાં. બે ઈન્દ્રો મન:પરિચારક કહેલ છે. એટલે આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પનાદેવો દેવીઓના ચિન્તન માત્રથી વેદની તૃપ્તિ પામે છે. પરંતુ અહીં દ્વિસ્થાનનો અધિકાર હોવાથી બે ઈન્દ્રો એવું છે.

(૧૨૫) ત્રસકાય અને સ્થાવરકાય રૂપ બે સ્થાનોમાં ઉપાર્જિત કરેલ પુદ્ગલોકાર્મણ વર્ગણના દલિકો) જીવોએ પાપકર્મ રૂપે સંચિત કરેલ છે,

વર્તમાનમાં સંચિત કરે છે અને ભવિષ્યમાં સંચિત કરશે. એવી જ રીતે ઉપચિત કર્યા છે, ઉપચિત કરે છે,ચ અને ઉપચિત કરશે. બાંધ્યા છે. બાંધે છે, બાંધશે, પૂર્વોક્ત બે સ્થાનોમાં ઉદીરણા કરી છે. ઉદીરણા કરે છે, ઉદીરણા કરશે, એવી જ રીતે વેદન કર્યા છે, વેદન કરે છે, વેદન કરશે, નિર્જરા કરી છે, નિર્જરા કરે છે, નિર્જરા કરશે.

(૧૨૬) બે પ્રદેશવાળા સ્કંધો અનંત કહેલ છે. આકાશના બે પ્રદેશોમાં અવગાઢ (રહેવાવાળા) પુદ્ગલો અનંત છે. આ પ્રમાણે યાવત્-દ્વિગુણ રુક્ષ પુદ્ગલો અનંત છે.

### *સ્થાન : ૨ - ઉદ્દેસો :૪ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ*

### *સ્થાન : ૨ - ગુર્જરછાયા પૂર્ણ*

## *સ્થાન -૩*

(૧૨૭) ઈન્દ્ર ત્રણ પ્રકારના છે, જેમકે-નામ ઈન્દ્ર, સ્થાપના ઈન્દ્ર અને દ્રવ્ય ઈન્દ્ર, ઈન્દ્ર ત્રણ પ્રકારના છે, જેમ કે-જ્ઞાનેન્દ્ર (કેવલજ્ઞાની અથવા સંપૂર્ણશ્રુત, અવધિ અને મનઃ-પર્યવજ્ઞાનનાધારક), દર્શનકેન્દ્ર (ક્ષાયિક સમ્યગ્દષ્ટિ) અને ચારિત્રેન્દ્ર (યતાખ્યાત ચારિત્રી). ઈન્દ્ર ત્રણ પ્રકારના છે, જેમકે-દેવન્દ્ર (વૈમાનિકો અનેજ્યોતિષ્કોના ઈન્દ્ર)અસુરેન્દ્ર (ભવનપતિ-વ્યન્તરનિકાયનાઈન્દ્ર અને મનુષ્યેન્દ્ર (ચક્રી).

(૧૨૮) વિકુર્વણા ત્રણ પ્રકારની કહેલ છે, જેમકે-એકબાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને કરાતી વિકુર્વણા, એક બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના કરાતી વિકુર્વણા, એક બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને અને ગ્રહણ કર્યા વિના પણ કરાતી વિકુર્વણા. વિકુર્વણા ત્રણ પ્રકારની કહેલ છે. જેમકે-એક આભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને કરાતી વિકુર્વણા, એક આભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના કરાતી વિકુર્વણા અને ગ્રહણ કરીને તથા ગ્રહણ કર્યા વિના પણ કરાતી વિકુર્વણા. વિકુર્વણા ત્રણ પ્રકારની કહેલી છે, જેમકે-એક બાહ્ય આભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને કરાતી વિકુર્વણા, એક બાહ્ય અને આભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના કરાતી વિકુર્વણા, એક બાહ્ય અને આભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને અને ગ્રહણ કર્યા વિના કરાતી વિકુર્વણા.

(૧૨૯) નારક ત્રણ પ્રકારનાં છે. - કતિસંચિત એક સમયમાં બેથી લઈને સંખ્યાત સુધી ઉત્પન્ન થવાવાળા, અકચિતસંચિત-એક સમયમાં અસંખ્યાત ઉત્પન્નથવાવાળા, અવ્યક્તવ્યસંચિત-એક સમયમાં એક જ ઉત્પન્ન થવાવાળા. એ પ્રકારે એકેન્દ્રિયને છોડીને શેષ વૈમાનિકદંડક સુધીના જીવો અકતિસંચિત જ છે. એકેન્દ્રિય તો એક સમયમાં અસંખ્યાત અથવા અનન્તઉત્પન્ન થવાને લીધેઅકતિસંચિત જ છે. કતિસંચિત કે અવ્યક્ત સંચિત નથી એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય વૈમાનિક સુધી ત્રણ ભેદ જાણવા જોઈએ.

(૧૩૦) પરિચારણા (દેવોને વિષય-સેવન) ત્રણ પ્રકારની કહેલ છે જેમ કે-કોઈ દેવ અન્ય દેવોને અથવા અન્ય દેવોની દેવીઓને વશમાં કરીને અથવા આલિંગનાદિ કરીને વિષય સેવન કરે છે. પોતાની દેવીઓને આલિંગન કરી વિષય-સેવન કરે છે અને પોતાના શરીરની વિકુર્વણા કરી પોતે પોતાનાથી જ વિષય-સેવન કરે છે. કોઈ દેવ અન્ય દેવો અને અન્ય દેવોની દેવીઓને વશમાં કરીને વિષય સેવન નથી કરતા પરન્તુ પોતાની દેવીઓને આલિંગન કરી વિષય-સેવન કરે છે. અથવા પોતે પોતાને દેવ યા દેવીરૂપે વિકુર્વિત કરી તેની સાથે પરિચારણા કરે છે. કોઈ દેવ અન્ય દેવો અથવા અન્ય દેવોની દેવીઓને વશમાં કરીને વિષય-સેવન નથી કરતો અને પોતાની દેવીઓને પણ આલિંગનાદિ કરીને પણ વિષય-સેવન નથી કરતો, પણ પોતે પોતાની જ દેવીરૂપે વિક્રિયા કરી પરિચારણા કરે છે.

(૧૩૧) મૈથુન ત્રણ પ્રકારના છે. દેવતાસંબંધી, મનુષ્યસંબંધી, તિર્યંચયોનિક સંબંધી. ત્રણ પ્રકારના જીવો મૈથુન કરે છે. જેમ કે-દેવો, મનુષ્યો અને તિર્યંચયોનિકજીવો. ત્રણ વેદવાળા જીવ મૈથુન સેવન કરે છે. જેમ કે સ્ત્રી, પુરુષ અને નપુંસક.

(૧૩૨) યોગ ત્રણ પ્રકારના કહેલ છે. જેમ કે-મનોયોગ વચનયોગ અને કાયયોગ. નારક જીવોને આ ત્રણ યોગ હોય છે. આ પ્રમાણે વિકલેન્દ્રિયોને છોડી વૈમાનિક સુધી બધા દંડકોમાં ત્રણ યોગ સમજવા જોઈએ. ત્રણ પ્રકારના પ્રયોગ છે. જેમ કે-મનઃપ્રયોગ, વચનપ્રયોગ અને કાયપ્રયોગ વિકલેન્દ્રિયોને છોડી યોગનું કથન કર્યું છે તે પ્રમાણે પ્રયોગના વિષયમાં પણ બધા દંડકો જાણવા જોઈએ. કરણ ત્રણ પ્રકારના છે. (પોતાન વિષ્યને સૂત્ર આપનાર), (૨) ફૂલવાલા વૃક્ષની સમાન (ફલ સ્થાનીય સૂત્રનો અર્થ આપનાર) (૩) ફલવાળા વૃક્ષની સમાન (સૂત્રાર્થ બન્ને આપનાર)

ત્રણ પ્રકારના પુરૂષ કહેલ છે, જેમકે-નામપુરૂષ, સ્થાપના પુરૂષ અને દ્રવ્યપુરૂષ. ત્રણ પ્રકારના પુરૂષ કહેલ છે. જેમ કે-જ્ઞાનપુરૂષ, દર્શનપુરૂષ અને ચરિત્રપુરૂષ. ત્રણ પ્રકારના પુરૂષ કહેલ છે. જેમકે-વેદપુરૂષ, ચિન્હ પુરૂષ શબ્દામાત્રથી પુરૂષ, ત્રણ પ્રકારના પુરૂષ કહેલ છે, જેમ કે- ઉત્તમ પુરૂષ મધ્યમપુરૂષ અને જઘન્યપુરૂષ. ઉત્તમ પુરૂષ ત્રણ પ્રકારના કહેલ છે, જેમકે-

ધર્મપુરૂષ, ભોગપુરૂષ અને કર્મપુરૂષ અર્હન્ત દેવ છે. ભોગપુરૂષ ચક્રવર્તી છે અને કર્મપુરૂષ વાસુદેવ છે. મધ્યમ પુરૂષ ત્રણ પ્રકારના છે,- ઉગ્રવંશી, ભોગવંશી અને રાજન્યવંશી. જઘન્ય પુરૂષ ત્રણ પ્રકારે છે. - દાસ, ભૃત્ય અને કૃષિઆદિમાં ભાગ લઈને કામનાર.

(૧૩૭) મત્સ્ય ત્રણ પ્રકારે કહેલ છે, જેમ કે-અંડજ, પોતજ અને સમુચ્છિંમ, અંડજ મત્સ્ય ત્રણ પ્રકારે કહેલ છે. જેમ કે-સ્ત્રીમત્સ્ય, પુરૂષમત્સ્ય અને નપુંસકમત્સ્ય. પોતજ મત્સ્ય ત્રણ પ્રકારે કહેલ છે, જેમ કે-સ્ત્રી, પુરૂષ અને નપુંસક. પક્ષી ત્રણ પ્રકારના છે, અંડજ, પોતજ અને સમુચ્છિંમ. અંડજ પક્ષી ત્રણ પ્રકારના છે, જેમ કે-સ્ત્રી, પુરુષ અને નપુસંક. પોતજ પક્ષી ત્રણ પ્રકારના કહેલ છે. જેમ, કે-સ્ત્રી પુરુષ, નપુંસક. એવાજ શબ્દોમાં ઉરપરિસર્પ અને ભુજપરિસર્પનું પણ કથન સમજવું.

(૧૩૮) ત્રણ પ્રકારની સ્ત્રીઓ કહેલ છે: જેમ, કે-તિર્યંચયોનિકસ્ત્રીઓ, મનુષ્યોનિકસ્ત્રીઓ, દેવસ્ત્રીઓ. તિર્યંચસ્ત્રીઓ ત્રણ પ્રકારે છે.- જલચર સ્ત્રીઓ, સ્થલચરસ્ત્રીઓ, ખેચરસ્ત્રીઓ, મનુષ્યસ્ત્રીઓ ત્રણ પ્રકારે છે. - કર્મભૂમિમાં ઉત્પન્નથવાવાળી, અકર્મભૂમિમાં ઉત્પન્ન થવાવાળી, અને અન્તર્દ્વીપોમાં ઉત્પન્ન થવાવાળી. પુરૂષ ત્રણ પ્રકારે છે.- તિર્યંચયોનિકપુરુષો, મનુષ્યયોનિકપુરુષો, દેવપુરૂષો. તિર્યંચયોનિક પુરુષો ત્રણ પ્રકારના છે. જેમ કે જલચર, સ્થલચર અને ખેચર. મનુષ્યયોનિક પુરુષ ત્રણ પ્રકારે કહેલ છે, જેમ કે-કર્મભૂમિમાં ઉત્પન્ન થવાવાળા, અકર્મભૂમિમાં ઉત્પન્ન થવાવાળા અને અન્તર્દ્વીપોમાં ઉત્પન્ન થવાવાળા. નપુંસક ત્રણ પ્રકારે છે. જેમ, કે જલચર, સ્થલચર અને ખેચર. મનુષ્ય નપુંસક ત્રણ પ્રકારે છે, જેમ કે કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અને અન્તર્દ્વીપજ.

(૧૩૯) તિર્યંચયોનિક ત્રણ પ્રકારે કહેલ છે. જેમ, કે સ્ત્રી, પુરુષ અને નપુંસક

(૧૪૦) નારકજીવોને ત્રણ લેશ્યાઓ હોયછે, જેમ, કે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા. અસુરકુમારોને ત્રણ અશુભલેશ્યાઓ છે. - કૃષ્ણ લેશ્ય, નીલલેશ્યા અને કાપોતલેશ્યા. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી સમજવું. પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવોમાં પણ એ જ લેશ્યાઓ સમજવી. તેજસ્કાય અને વાયુકાયની લેશ્યા પણ એમ જ જાણવી જોઈએ. બેઈન્દ્રિય તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિઓને પણ લેશ્યાઓ નારક જીવોની સમાન જ છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને ત્રણ અશુભ લેશ્યાઓ છે, - કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને ત્રણ શુભ લેશ્યાઓ છે,- તેજાલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લ લેશ્યા. એટલે છ લેશ્યાઓ હોય છે. એ પ્રમાણે મનુષ્યોને પણ શુભ અને અશુભબધી લેશ્યાઓ સમજવી જોઈએ. વાણવ્યંતરોને અસુર કુમાર સમાન ત્રણ અશુભ લેશ્યાઓ સમજવી. વૈમાનિક દેવોને ત્રણ લેશ્યા છે, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા.

(૧૪૧) ત્રણ કારણોથી તારા પોતાનાં સ્થાનથી ચલિત થાય છે, જેમ કે-વિક્રિય કરતા, વિષયસેવન કરતા, એક સ્થાનથી બીજા સ્થાન પર સંક્રમણ કરતા.

ત્રણ કારણોથી દેવ વિદ્યુત્કાર કરે છે. જેમ, કે-વૈક્રિય કરતા, વિષય-સેવન કરતા, તથારૂપ શ્રમણ માહણને પોતાની ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય અથવા પુરુષકાર પરાક્રમ બતાવતા. ત્રણ કારણોથી મેઘ-ગર્જના કરે છે. જેમ કે- વૈક્રિય કરતો થકો ઈત્યાદિ જે કારણો વિદ્યુત્કાર માટે કહ્યાં તે અહીં સમજવા.

(૧૪૨) ત્રણ કારણોથી લોકમાં અંધકાર થાય છે-અર્હંત ભગવાનને નિર્વાણ પ્રાપ્ત થવા પર. અર્હંતપ્રરૂપિત ધર્મ નો વિચ્છેદ થવા પર. પૂર્વગતશ્રુત (ચૌદ પૂર્વ) વિનષ્ટ થવા પર. ત્રણ કારણો એ લોકમાં ઉદ્યોત થાય છે, જેમ કે-જ્યારે તીર્થંકર ભગવાન જન્મ ધારણ કરે છે ત્યારે. તીર્થંકર ભગવાન જ્યારે દીક્ષા અંગીકાર કરે છે ત્યારે. તીર્થંકર ભગવાનનો જ્યારે કેવલ જ્ઞાન મહોત્સવ થાય છે ત્યારે. ત્રણ કારણોથી દેવભવનોમાં અંધકાર થઈ જાય છે-અર્હંત ભગવાન નિર્વૉર પામે છે ત્યારે, જ્યારે અર્હંત પ્રરૂપિત ધર્મ વિચ્છેદ પામે ત્યારે, જ્યારે પૂર્વગત શ્રુત વ્યુચ્છિન્ન થાય છે ત્યારે, ત્રણ કારણોને લીધે દેવભવનોમાં ઉદ્યોત વ્યાપી જાય છે-જ્યારે અર્હંત ભગવંતનો જન્મ મહોત્સવ થવા પર. ''અર્હંત'' ભગવંતનો દીક્ષા મહોત્સવ થવા પર. અર્હંત ભગવાનનો કેવળજ્ઞાન-મહોત્સવ થવા પર. ત્રણ પ્રસંગ પર દેવ આ પૃથ્વી પર આવે છે, જેમકે-અર્હંતના જન્મમહોત્સવ થવા પર, અર્હંતના દીક્ષા-મહોત્સવ પર, અર્હંતના કેવલ-જ્ઞાન-મહોત્સવ પર, આ ત્રણ કારણોને લીધે દેવોનું એક જગ્યાએ એકત્ર થવાનું થાય છે, એ જ ત્રણ કારણોને લીધે દેવતાઓમાં હર્ષનાદ થાય છે. ત્રણ પ્રસંગ પર દેવ મનુષ્યલોકમાં શીઘ્ર આવે છે, જેમકે અર્હંત પ્રભુના જન્મ-મહોત્સવ પર, એ પ્રમાણે સામાનિક દેવો, ત્રાયંસ્ત્રિશક દેવો, લોકપાલ દેવો. અગ્રમહિષી દેવીઓ પારિષદ્ય દેવો, સેનાધિપતિ દેવો, આત્મરક્ષક દેવો પણ મનુષ્ય લોકમાં શીઘ્ર આવે છે. ત્રણ પ્રસંગ ઉપસ્થિત થવા પર દેવો પોતાના સિંહાસનથી ઊઠે છે, જેમ, કે અર્હન્તનો જન્મ-મહોત્સવ પર, અર્હન્તોના દીક્ષામહોત્સવ પર, અર્હન્તોનો કેવલજ્ઞાન-મહોત્સવ

પર. એ પ્રમાણે પૂર્વોક્ત ત્રણ પ્રસંગો ઉપરદેવોનું આસન ચલાયમાન થાય છેઃ દેવો સિંહનાદ કરે છે અને વસ્ત્ર-વૃષ્ટિ કરે છે ત્રણ પ્રસંગો પર દેવતાઓના ચૈત્ય વૃક્ષ ચલાયમાન થાય છે, જેમ, કે-અર્હન્તોના જન્મ-મહોત્સવ પર ઈત્યાદિ પૂર્વક કહેવું. ત્રણ પ્રસંગો પર લોકાંતિક દેવ મનુષ્ય-લોકમાં શીઘ્ર આવે ચે, જેમ, કે-અર્હન્તોના જન્મ-મહોત્સવ પર, તેના દીક્ષા-મહોત્સવ પર, તેના કેવલજ્ઞાન-મહોત્સવ પર.

(૧૪૩) હે આયુષ્યામાનશ્રમણો ? ત્રણનો પ્રત્યુપકાર એટલે ત્રણના ઉપકારનો બદલો વાળવો કઠિન છે, જેમ કે માતાપિતાનો, ભર્તાનો અને ધર્માચાર્યનો કોઈ પુરુષ (પ્રતિદિન) પ્રાતઃકાલ માતા-પિતાને શતપાક સહસ્ત્રપાક તેલથી મર્દન કરીને સુગન્ધિત ગંધચૂર્ણ વડે તેમના શરીરનું ઉબટન કરે. ત્રણ પ્રકારના પાણી (ગન્ધોદક, ઉષ્ણોદક, શિતોદક) થી સ્નાન કરાવે. સર્વ અલંકારોથી વિભૂષિત કરીને મનોજ્ઞ હંડીમાં પકાવેલ શુદ્ધ અઢાર પ્રકારના વ્યંજનો થી યુક્ત ભોજન જમાડી યાવત્ જીવન કાવડમાં બેસાડી કાંધ પર લઈ ફરતો રહે તો પણ માતા પિતાના ઉપકારનો બદલો વાળી શકાતો નથી. પરંતુ તો માતાપિતાને કેવલિપ્રરૂપિત ધર્મ બતાવીને, સમજાવીને અને પ્રરૂપણા કરીને તે ધર્મની પ્રાપ્તિ કરાવે તો તે માત-પિતાના ઉપકારનો બદલો વાળી શકે છે.

કોઈ મહાઋદ્ધિવાળો પુરુષશેઠ કોઈ દરિદ્રને ધન આદિ આપી ઉન્નત વૈભવશાળી બનાવે. તે દરિદ્ર ધનાદિથી સમૃદ્ધ બની જાય અને તે શેઠની સામે અથવા પરોક્ષમાં વિપુલ ભોગસામગ્રી ભોગવતો વિચરતો હોય ત્યાર પછી પેલો ઋદ્ધિમાન શેઠ કદાચિત (દૈવયોગથી) દરિદ્ર બની જાય અને શ્રીમંત બનેલા પેલા દરિદ્રની પાસે આવે તે સમયે તે દરિદ્ર (વર્તમાનનો શ્રીમન્ત) પોતાના સ્વામીના ચરણોમાં સર્વ બિછાવી દે અને સેવા શુશ્રુષા કરતો રહે તો પણ તે, તે ઉપકારનો બદલો વાળી શકતો નથી. પરંતુ તે પોતાના સ્વામીનો કેવલિપ્રરૂપિત ધર્મ બતાવીને, સમજાવીને અને પ્રરૂપણા કરીને તેમાં સ્થાપિત કરે તો ઉપકારનો બદલો વાળી શકે છે. કોઈ વ્યક્તિ તથારૂપ શ્રમણ-માહણની પાસેથી એક પણ આર્ય ધાર્મિક સુવચન સાંભળી અને સમજીને મૃત્યુના સમયે મરી કોઈ દેવલોકમાં દેવરૂપે થાય ત્યારે પછી તે દેવ ને ધર્માચાર્યને દુર્ભિક્ષવાળા દેશથી સુભિક્ષવાળા દેશમાં લઈ જાય. જંગલમાં ભટકતા હોય તો જંગલ બહાર લઈ જઈ મૂકે, લાંબા કાળથી વ્યાધિ-ગ્રસ્તને રોગમુક્ત કરી દે તો પણ તે ધર્મોપદેશકના ઉપકારનો બદલોવાળી શકતો નથી પરંતુ તે ધર્મોપદેશક કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થઈ ગયા હોય તો તેને પુનઃ કેવલિ પ્રરૂપિત ધર્મ બતાવીને યાવત્ તેમાં સ્થાપિત કરી દે તો તે ધર્મોપદેશકના ઉપકારનો બદલા વાળી શકે છે.

(૧૪૪) ત્રણ સ્થાનો થી યુક્ત અણગાર અનાદિ ચાર ગતિરૂપ દીર્ઘ માર્ગવાળા સંસાર-કાન્તારને પાર કરેછે. નિદાન નહિ કરવાથી, સમ્યગ્દર્શન યુક્ત હોવાથી. સમાધિમાં રહેવાથી, ઉપધાન-પૂર્વક શ્રુતનો અભ્યાસ કરવાથી.

(૧૪૫) ત્રણ પ્રકારની અવસર્પિણી કહેલ છે. જેમ કે- ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય, એ જ પ્રકારે સુષમા-સુષમાથી લઈ દુષમાદુષમા સુધીના છ આરાઓના પણ ત્રણ પ્રકારો કહેવા જોઈએ. ત્રણ પ્રકારની ઉત્સર્પિણી કહેલ છે. જેમ કે-ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એ પ્રકારે સુષમાસુષમ સુધીના છએ આરાનું કથન કરવું જોઈએ.

(૧૪૬) ત્રણ કારણોથી ખડ્ગ આદિથી છિન્ન ન થયેલું પુદ્ગલ ચલાયમાન થાય છે, યથાઆહારના રૂપમાં જીવવડે ગ્રાહ્યમાણ થવા પર પુદ્ગલ પોતાના સ્થાનથી ચલિત થાયછે. વિક્રિયાને આધીન થઈને પુદ્ગલ પોતાના સ્થાનથી ચલિત થાય છે. ઉપધિ ત્રણ પ્રકારની કહેલી છે જેમકે-કર્મોપધિ, શરીરોપધિ ને બાહ્ય ભાંડોપકરણરોપધિ. અસુરકુમારોને ત્રણેય પ્રકારની ઉપાધિ કહેવી જોઈ. એકેન્દ્રિય અને નારકને છોડીને વૈમાનિક સુધી ત્રણેય પ્રકારની ઉપાધિ હોય છે, એમ સમજવું. બીજી રીતે પણ ઉપધિ ત્રણ પ્રકારની હોય છે. જેમ કે-અચિત, સચિત અને મિશ્ર. નિરન્તર નૈરયિક જીવોને યાવત્ વૈમાનિકોને આ ત્રણે પ્રકારની ઉપાધિ હોય છે.

(૧૪૭) ત્રણ પ્રકારના પ્રણિઘાન (એકાગ્રતા) કહેલ છે જેમકે-મનપ્રાણિધાન, વચનપ્રાણિધાન અને કાયપ્રણિધાન. આ ત્રણ પ્રકારના પ્રણિધાન પંચેન્દ્રિયોથી લઈ વૈમાનિક સુધી બધા દંડકોમાં કહેવા જોઈએ. ત્રણ પ્રકારના સુપ્રણિધાન કહેલ છે, જેમકે મનનું સુપ્રણિધાન, વચનનું સુપ્રણિધાન, અને કાયાનું સુપ્રણિધાન. સંયમી મનુષ્યોના ત્રણ પ્રકારના સુપ્રણિધાન કહેલ છે. જેમકે-મનનું સુપ્રણિધાન, વચનનું સુપ્રણિધાન, કાયાનું સુપ્રણિધાન. ત્રણ પ્રકારનું અશુભ પ્રણિધાન કહેલ છે-મનનું અશુભપ્રણિધાન, વચનનું અશુભ પ્રણિધાન, કાયાનું અશુભપ્રણિધાન તે પંચેન્દ્રિથી લઈ વૈમાનિક સુધી બધા દંડકોમાં કહેવું જોઈએ.

(૧૪૮) યોનિ ત્રણ પ્રકારની કહેલી છે, જેમ કે-શીત, ઉષ્ણ અને શીતોષ્ણ તે તેજસ્કાયને છોડીને શેષ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સમુચ્છિંમ તિર્યંચયોનિક પંચેન્દ્રિય અને સમુચ્છિંમ મનુષ્યોને હોય છે. યોનિ ત્રણ પ્રકારની કહેલી છે. જેમકે-સચિત્ત, અચિત્ત અને મિશ્ર. તે એકેન્દ્રિયો, વિગલેન્દ્રિયો, સમુચ્છિંમ, તિર્યંચયોનિક, પંચેન્દ્રિયો અને સમુચ્છિંમ, મનુષ્યોને હોય છે.

કૂર્મોન્નતા, શંખાવર્તા, વંશપત્રિકા ઉત્તમપુરુષોની માતાઓની યોનિ કૂર્મોન્નતા હોય છે. કૂર્મોન્નતા યોનિમાં ત્રણ પ્રકારના ઉત્તમ પુરુષ ઉત્પન્ન થાય છે. અર્હન્ત, ચક્રવર્તી અને બલદેવ-વાસુદેવ, ચક્રવર્તીના સ્ત્રીરત્નની યોનિ શંખાવર્ત હોય છે. શંખાવર્તા યોનિમાં ઘણા જીવો અને પુદ્ગલો આવે છે, થાય છે. અને નષ્ટ થાય છે. તે યોનિથી બીજી યોનિમાં જાય છે. બીજી યોનિમાં ઉત્પન્ન થાય છે; પરન્તુ ત્યાં નિષ્પન્ન થતા નથી. પૂર્ણતા પામતા નથી. વંશીપીત્રિકાયોનિ સામાન્ય મનુષ્યોની ત્યાં નિષ્પન્ન થતા નથી. પૂર્ણતા પામતા નથી. વંશીપત્રિકાયોનિ સામાન્ય મનુષ્યોની યોનિ છે. વંશીકાપત્રિકા યોનિમાં ઘણા સામાન્ય મનુષ્યો ગર્ભરૂપમાં ઉત્પન્ન થાય છે.

(૧૪૯) તૃણ (બાદર) વનસ્પતિકાય ત્રણ પ્રકારની કહેલ છે. જેમ કે-સંખ્યાત જીવવાળી, અસંખ્યાત જીવવાળી, અનન્ત જીવવાળી.

(૧૫૦) જમ્બૂદ્વીપવર્તી ભરતક્ષેત્રમાં નદીઓના અવતરણ રૂપ ત્રણ તીર્થ કહેલ છે, જેમ કે-માગધ, વરદામ, અને પ્રભાસ. એ પ્રમાણે ઐરવત ક્ષેત્રમાં પણ સમજવું. જમ્બૂદ્વીપવર્તી મહાવિદેહ ક્ષેત્રમાં એક એક ચક્રવર્તીવિજયમાં ત્રણ ત્રણ તીર્થ કહેલ છે. જેમ કે-માગધ, વરદામ, પ્રભાસ. એ પ્રમાણે ઘાતકીખંડદ્વીપના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં તથા અર્ધપુષ્કરવરદ્વીપના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં પણ આ પ્રમાણે સમજવું. ત્રણ-ત્રણ તીર્થો કહેવા.

(૧૫૧) જમ્બૂદ્વીપવર્તી ભરત અને ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણી કાલના સુષમનામના આરાનો કાલ ત્રણક્રોડાક્રોડી સાગરોપમ હતો. એ પ્રમાણે આ અવસર્પિણી કાલના સુષમઆરાનો કાલ પણ એટલો કહેલ છે. આગામી ઉત્સર્પિણીના સુષમ આરાનો કાલ એટલો જ હશે. એ પ્રમાણે ઘાતકીખંડના પૂર્વાધમાં અને પશ્ચિમાર્ધમાં પણ એ પ્રમાણે અર્ધ પુષ્કરવરદ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ કાલનું કથન કરવું જોઈએ. જમ્બૂદ્વીપવર્તી ભરત ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણી કાલના સુષમસુષમા આરામાં મનુષ્ય ત્રણ કોષની ઊંચાઈવાળા અને ત્રણ પલ્યોપમના પરમાયુષ્યવાળા હતા. એ પ્રમાણે તે અવસર્પિણી કાલ અને આગમી ઉત્સર્પિણી કાલમાં પણ જાણવું. જમ્બુદ્રીપવર્તી દેવકુરુ અને ઉત્તરકુરુમાં મનુષ્ય ત્રણ કોસની ઊંચાઈવાળા કહેલ છે તથા તે ત્રણ પલ્યોપમના પરમાયુવાળા છે. એ પ્રમાણે અર્ધપુષ્કરવરદ્વીપના પશ્ચિમાર્ધ સુધીનું કથન સમજવું. જમ્બુદ્રીપવર્તી ભરત-ઐરવત ક્ષેત્રમાં પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ત્રણ વંશ (ઉત્તમપુરુષોની પરમ્પરા) ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. જેમ કે અર્હન્તવંશ, ચક્રવર્તી-વંશ અને દશાર્હવંશ. એ પ્રમાણે અર્ધ પુષ્કરવર દ્વીપના પશ્ચિમાર્ધ સુધી કથન સમજવું. જમ્બુ-દ્વીપના ભરત, ઐરવત ક્ષેત્રમાં પ્રત્યેક ઉત્સર્પિણી. અને અસર્પિણી કાળમાં ત્રણ પ્રકારના ઉત્તમ પુરુષો ઉત્પન્ન થયા, ઉત્પન્ન થાય છે, અને ઉત્પન્ન થશે. જેમ કે-અર્હન્ત, ચક્રવર્તી, અને બલદેવ-વાસુદેવ. એ પ્રકારે અર્ધપુષ્કરદ્વીપના પશ્ચિમાર્ધ સુધી જાણવું, ત્રણ પ્રકારના પુરુષો યથાયુષનું પાલન કરે છે. અર્હન્ત, ચક્રવર્તી અને વાસુદેવ. ત્રણ પ્રકારના મહાપુરુષો મધ્યમાયુનું પાલન કરે છે. જેમ કે-અર્હન્ત, ચક્રવર્તી અને બલદેવ-વાસુદેવ.

(૧૫૨) બાદર તેજસ્કાયના જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ અહોરાત્રની કહેલી છે. બાદર વાયુકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ હજાર વર્ષની કહેલી છે.

(૧૫૩) હે ભદન્ત ? શાલિ. (ઉત્તમ ચાવલ) વ્રીહિ (સામાન્ય ચાવલ) ઘઉં, જવ, યવયવ, (વિશેષ પ્રકારના જવ) આ ધાન્યોના કોઠામાં સુરક્ષિત રાખવા. પર, પલ્ય માં. સુરક્ષિત રાખવા પર, મંચપર સુરક્ષિત રાખવા પર ઢાંકણું લગાવીને લીંપીને દરેક તરફ લીંપીને રેખાદિવડે લાંછિત કરવા પર, માટીને મુદ્રા લગાડીને રાખવા પર, સારી રીતે બન્ધ રાખવા પર કેટલા કાલ સુધી યોનિ રહે છે. એટલે સંભાળીને રાખવા પર, સારી રીતે બન્ધ રાખવા પર કેટલા કાલ સુધી યોનિ રહે છે. એટલે સંભાળીને રાખવા પર કેટલા કાલ સુધી આ ધાન્યો યોનિભૂત રહી શકે છે. જઘન્ય અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ વર્ષ સુધી યોનિભૂત રહે છે. ત્યાર પછી યોનિ મ્લાન થઈ જાય છે, પછી ધ્વંસાભિમુખ થઈ જાય છે. નષ્ટ થઈ જાય છે અને યોનિ વિચ્છેદ થઈ જાય છે.

(૧૫૪) બીજા શર્કરાપ્રભા નરક-પૃથ્વીના નારકોની ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીમાં નારકોની ત્રણ સાગરોપમ જઘન્ય સ્થિતિ છે.

(૧૫૫) પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ત્રણ લાખ નરકાવાસ કહેલ છે. ત્રણ નરક-પૃથ્વીઓમાં નારકોને ઉષ્ણવેદના કહેલ છે. જેમ કે-પહેલા, બીજા અને ત્રીજા નરકમાં. ત્રણ પૃથ્વીઓમાં નારકજીવો ઉષ્ણવેદનાનો અનુભવ કરે છે. જેમ કે-પ્રથમ, બીજી અને ત્રીજી નરકમાં.

(૧૫૬) લોકમાં ત્રણમાં સમાન પ્રમાણ વાળા સમાન પાર્શ્વવાળા અને બદી વિદિશાઓમાં પણ સમાન કહેલ છે. જેમકે-અપ્રતિ-ષ્ઠાન નરક, જંબૂદ્વીપ અને સર્વાર્થસિદ્ધ મહાવિમાન. લોકમાં ત્રણ સમાન પ્રમાણવાળા સમાનપાર્શ્વવાળા અને દરેક વિદિશાઓમાં સમાન કહેલ છે. જેમ કે-સીમાન્તક નરક, સમયક્ષેત્ર અને ઈષત્ પ્રાગ્ભાર પૃથ્વી.

(૧૫૭) ત્રણ સમુદ્ર પ્રકૃતિથી ઉદકરસવાળા કહેલ છે. જેમ કે-

કાલોદધિ, પુષ્કરોદધિ અને સ્વયંભૂરમણ. ત્રણ સમુદ્ર ઘણા મત્સ્યાદિવાળા કહ્યા છે. તે આ પ્રમાણે - લવણ - કાલોદધિ અને સ્વયંભૂરમણ.

(૧૫૮) શીલરહિત, વ્રતરહિત, ગુણરહિત મર્યાદારહિત પ્રત્યાખ્યાન, પૌષધઉપવાસ આદિ નહિ કરવાવાળા ત્રણ પ્રકારની વ્યક્તિ મૃત્યુને સમયે મરી નીચે સપ્તમી નરકના અપ્રતિષ્ઠાન નામના નારકવાસમાં નારક રૂપથી ઉત્પન્ન થાય છે. રાજાચક્રવર્તી, વાસુદેવ આદિ, માન્ડલિક રાજા (સામાન્ય રાજા) તથા મહારંભ કરવાવાળા કુટુમ્બી સુશીલ, સુવ્રતી, સદગુણી મર્યાદાશીલ, પ્રત્યાખ્યાન, પૌષધ ઉપવાસ કરવાવાળી ત્રણ પ્રકારની વ્યક્તિ મૃત્યુના સમયે મરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે. જેમ કે-કામભોગોનો ત્યાગ કરવાવાળા, કામભોગોના ત્યાગી, સેનાપતિ પ્રશસ્તાર એટલે શિક્ષાદાતા ધર્મશાસ્ત્રપાઠક.

(૧૫૯) બ્રહ્મલોક અને લાંતક દેવલોકમાં વિમાન ત્રણ વર્ણવાળા કહેલ છે. જેમ કે-કાળા, લીલા, અને લાલ. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પોમાં દેવોનાં ભવધારણીય શરીરોની ઊંચાઈ ત્રણ હાથની કહેલ છે.

(૧૬) ત્રણ પ્રજ્ઞપ્તિઓ નિયત સમય પર (પ્રથમ અને પશ્ચિમ પૌરસીમાં) ભણાય છે. જેમ કે ચન્દ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને દ્વીપસારગપ્રજ્ઞપ્તિ.

સ્થાન : ૩ - ઉદ્દેસો :૧ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૩ - ઉદ્દેસો :૨

(૧૬૧) લોક ત્રણ પ્રકારના કહેલ છે જેમ કે-નામલોક, સ્થાપનાલોક અને દ્રવ્યલોક ભાવ લોક ત્રણ પ્રકારનો છે જેમ કે-જ્ઞાનલોક, દર્શનલોક ને ચારિત્રલોક, ક્ષેત્રલોક ત્રણ પ્રકારનો છે. જેમ કે-ઉર્ધ્વલોક, અધોલોક, અને તિર્યક્‌લોક.

(૧૬૨) અસુરકુમારોના રાજા અસુરેન્દ્ર ચમરની ત્રણ પ્રકારની પરિષદ્ કહેલ છે. જેમ કે-સમિતા ચંડા અને જાયા, સમિતા આભ્યંતર પરિષદ્ છે. ચંડા મધ્યમ પરિષદ્ છે, જાયા બાહ્ય પરિષદ્ છે. અસુરકુમારરાજ અસુરેન્દ્ર ચમરના સામાનિક દેવોની ત્રણ પરિષદ છે. સમિતા, ચંડા અને જાયા. એ પ્રમાણે ત્રાયસ્ત્રિંશકોની પણ ત્રણ પરિષદો જાણવી લોકપાલોની તુંબા, ત્રુટિતા, અને પર્વા નામની ત્રણ પરિષદો છે. એ પ્રમાણે અગ્રમહિષિઓની પણ પરિષદ્ સમજવી. અગ્રમહિષીઓ સુધીની પૂર્વોક્ત પ્રમાણે ત્રણ ત્રણ પરિષદ્ સમજવી. ધરણેન્દ્રની તેના સામાનિક દેવોની અને ત્રાયસ્ત્રિંશક દેવોની ત્રણ પરિષદ્ સમજવી. ધરણેન્દ્રની તેના સામાનિક દેવોની અને ત્રાયસ્ત્રિંશક દેવોની ત્રણ પ્રકારની પરિષદ છે જેમકે-સમિતા, ચંડા અને જાયા. તેના લોકપાલથી લઈ અગ્રમહિષિઓ સુધીની ત્રણ પરિષદ કહેલી છે જેમ કે-ઈષા ત્રુટિતા અને દઢરતા. એ પ્રમાણે સામાનિક દેવો અને અગ્રમહિષીઓ સુધીની પણ પરિષદ સમજવી. પિશાચોનો ઈન્દ્ર કાલની ત્રણ પરિષદ્ છે જેમકે ઈષા ત્રુટિતા અને દઢસ્થા. એ પ્રમાણે સામાનિક દેવ અગ્રમહિષિઓ સુધીની પણ પરિષદ્ સમજવી. એ પ્રમાણે-યાવત્ ગીતરતિ અને ગીતયશની પણ પરિષદ્ જાણવી. જ્યોતિષ્કરાજ જ્યોતિષેન્દ્ર ચન્દ્રની ત્રણ પરિષદ કહેલી છે. જેમ કે-તુંબા, ત્રુટિતા અને પર્વા. એ પ્રમાણે સામાનિક દેવો અને અગ્રમહિષિઓ સુધીની પણ પરિષદ્ સમજવી. સૂર્ય ઈન્દ્રની પણ એ જ પ્રમાણે ત્રણ પરિષદ્ જાણવી. દેવરાજ દેવેન્દ્ર શક્રની ત્રણ પરિષદ્ કહેલી છે. જેમ કે-સમિતા, ચંડા અને જાયા. એ પ્રમાણે સૂર્યની અગ્રમહિષિ સુધી ચમરેન્દ્રની જેમ જ બધાની ત્રણ ત્રણ પરિષદ્ સમજવી. એ પ્રમાણે અચ્યુતેન્દ્રની તથા તેના લોકપાલો આદિની ત્રણ ત્રણ પરિષદ્ સમજવી.

(૧૬૩) ત્રણ યામ કહેલ છે. જેમ કે-પ્રથમ યામ, મધ્યમ યામ અને અન્તિમ યામ. ત્રણ યામોમાં આત્મા કેવલીપ્રરૂપીત ધર્મ સાંભળી શકે છે. જેમ કે-પ્રથમ યામમાં, મધ્યમ યામમાં અને અન્તિમ યામમાં. એ પ્રમાણે-યાવત્-આત્મા ત્રણ યામોમાં કેવલ જ્ઞાન પામે છે. જેમ કે-પ્રથમયામમાં, મધ્યમયામમાં અને અન્તિમયામમાં. ત્રણ વય કહેલ છે. જેમ કે-પ્રથમવય, મધ્યમ વય અને અન્તિમવય. આ ત્રણેય વયમાં આત્મા કેવલી પ્રરૂપીત ધર્મ સાંભળી શકે છે. જેમ કે-પ્રથમવય, મધ્યમવય અને અન્તિમવયમાં. કેવલ જ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે ત્યાં સુધીનું કથન પહેલાનીસમાન સમજવું.

(૧૬૪) બોધિ ત્રણ પ્રકારના છે. જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધિ, ત્રણ પ્રકારના બુદ્ધ કહેલ છે. જેમ કે-જ્ઞાનબુદ્ધ, દર્શનબુદ્ધ અને ચારિત્રબુદ્ધ. એ પ્રમાણે ત્રણ પ્રકારના મોહ (અજ્ઞાન) અને ત્રણ પ્રકારના મુઢ સમજવા.

(૧૬૫) ત્રણ નિર્ગ્રંથોનો સંજ્ઞોપયુક્ત કહેલ છે. તે પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતક, ત્રણ નિર્ગ્રંથો સંજ્ઞા-નોસંજ્ઞાપયુક્ત છે. બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ.

(૧૬૭) ત્રણ પ્રકારની શૈક્ષ-ભૂમિ કહેલ છે. જેમ કે-ઉત્કૃષ્ટ છ માસની, મધ્યમ ચાર માસની, જઘન્ય સાત રાત્રિ દિવસની. ત્રણ સ્થવિરભૂમિઓ કહેલ છે. જેમ કે-જાતિસ્થવિર, સૂત્રસ્થવિર અને પર્યાયસ્થવિર. સાઠ વર્ષની ઉંમરવાળા શ્રમણ-નિર્ગ્રન્થ જાતિ સ્થવિર, સ્થાનાંગ-સમવાયાંગને

જાણનાર શ્રમરણ નિર્ગ્રંથ સૂત્રસ્થવિર અને વીસ વર્ષની દીક્ષા પર્યાયવાળા શ્રમણનિર્ગ્રંથ પર્યાયસ્થવિર કહેવાય છે.

(૧૬૮.૧૭૩) ત્રણ પ્રકારના પુરુષ કહેલ છે. - સુમના દુર્મના નો સુમના-નો દુર્મના ત્રણ પ્રકારના પુરુષ કેટલાક કોઈ સ્થાન પર જઈને સુમના હોય છે, કેટલાક કોઈ સ્થાન પર જઈને પર જઈને નોસુમના નોદુર્મના હોય છે-સમભાવમાં રહે છે. ત્રણ પ્રકારના પુરુષ કહેલ છે. - કેટલાક કોઈ સ્થાન પર 'જાઉં છું' એમ માનીને સુમના હોય છે. કેટલાક કોઈ સ્થાન પર 'જાઉં છું' એમ માનીને દુર્મના થાય છે, કેટલાક 'કોઈ સ્થાન પર 'જાઉં છું' એમ માનીને નોસુમના નોદુર્મના થાય છે. એ પ્રમાણે કેટલાક 'જઈશ' એમ માનીને સુમના થાય છે, ઈત્યાદિ પૂર્વવત સમજવું. ત્રણ પ્રકારના પુરુષ કહેલ છે. - કેટલાક 'નહી જઈને' સુમના થાય છે, ઈત્યાદિ ત્રણ વિકલ્પો પૂર્વવત્ સમજવા. ત્રણ પ્રકારના પુરુષ કહેલ છે. - નહીં જાઉં એમ માનીને થાય છે આદિ. ત્રણ પ્રકારના પુરુષ કહેલ છે. 'જઈશ નહીં' એમ માનીને સુમના થાય છે, ઈત્યાદિ. એ પ્રમાણે કેટલાક આવીને સુમના થાય છે, ઈત્યાદિ. 'આવું છું.'

એમ માનીને કેટલાક સુમના થાય છે ઈત્યાદિ. એ પ્રમાણે અભિલાપકથી જઈને, નહીં જઈને, ઊભારહીને, નહીં ઊભારહીને, બેસીને નહીં બેસીને, મારીને, નહીં મારીને. છેદન કરીને, નહીં છેદન કરીને. આવીને, નહીં આવીને. ખાઈને, નહીં ખાઈને. પ્રાપ્ત કરીને, નહીં પ્રાપ્ત કરીને, પીને, નહીં પીને, શયન કરીને, નહીં શયન કરીને, લડીને, નહીં લડીને. જીતીને, નહીં જીતીને. પરાજીત કરીને, નહીં પરાજીત કરીને. તથા શબ્દ રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એક એકના-ત્રણ આલાપક સમજવા જેમ કે-કેટલાક શબ્દ સાંભળીને સુમના થાય છે. કેટલાક 'સાંભળું છું' એમ માનીને સુમના થાતતય છે. કેટલાક 'સાંભળીશ' એમ માનીને સુમના થાય છે. આ પ્રમાણે રૂપ, ગંધ, રસ અને સ્પર્શ દરેકમાં છ છ આલાપક સમજવા.

(૧૭૪) શીલરહિત, વ્રતરહિત, ગુણરહિત, મર્યાદારહિત અને પ્રત્યાખ્યાન પૌષધોપવાસથી રહિતના ત્રણ સ્થાના ગર્હિત થાય છે. જેમ કે તેનો ઈહલોક જન્મ ગર્હિત થાય છે. તેનો ઉપપાત નિન્દિત થાય છે. ત્યાર પચીના જન્મ નિન્દિત થાય છે. સુશીલ, સુવ્રતી, સદગુણી, મર્યાદાવાન અને પૌષધોપવાસ-પ્રત્યાખ્યાન આદિ કરવાવાળાઓના ત્રણ સ્થાન પ્રશંસનીય થાય છે. આ લોકમાં પણ પ્રશંસા થાય છે. તેનો ઉપપાત પણ પ્રશંસનીય થાય છે. પછીના જન્મમાં પણ પ્રશંસા થાય છે.

(૧૭૫) સંસારી જીવ ત્રણ પ્રકારના કહેલ છે. સ્ત્રી, પુરુષ, અને નપુંસક. સર્વ જીવ ત્રણ પ્રકારના છે. સમ્યગ્દષ્ટિ મિથ્યાદષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ અથવા સર્વ જીવ ત્રણ પ્રકારના છે. પર્યાપ્ત, અપર્યાપ્ત, અને નોપર્યાપ્તનોઅપર્યાપ્ત. એ પ્રમાણે સમ્યગ્દષ્ટિ, પરિત્ત, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી અને ભવ્ય, તેમાંથી પણ જે ઉપર નથી તેના પણ ત્રણ ત્રણ પ્રકાર સમજવા, જેમ પરિત્ત, અપરિત્ત, નોપરિત્ત નોઅપરિત્ત.

(૧૭૬) લોક-સ્થિતિ ત્રણ પ્રકારની કહેલી છે. જેમ કે-આકાશના આધારે વાયુ રહેલો છે, વાયુના આધારે ઉદધિ રહેલ છે. ઉદધિના આધારે પૃથ્વી રહેલ છે. દિશાઓ ત્રણ છે. જેમ કે-ઉર્ધ્વદિશા, અધોદિશા. અને તિર્છિદિશા. ત્રણ દિશાઓમાં જીવોની ગતિ થાય છે. - ઉર્ધ્વદિશામાં, અધોદિશામાં અને તિર્છિદિશામાં એ પ્રમાણે આગતિ, ઉત્પત્તિ, આહાર, વૃદ્ધિ, હાનિ, ગતિ, પર્યાય-હલનચલન, સમુદ્ઘાત કાલ સંયોગ, અવધિદર્શનથી જોવું ત્રણ દિશામાં જાણવું અને જીવોનું જાણવું ત્રણ દિશામાં થાય છે. ત્રણ દિશાઓમાં જીવોને અજીવોનું જ્ઞાન થાય છે. જેમ કે-ઉર્ધ્વ-દિશામાં, અધોદિશામાં અને તિર્યગદિશામાં.

(૧૭૭) ત્રસ જીવ ત્રણ પ્રકારના કહેલ છે. જેમ કે-તેજસ્કાયિક, વાયુકાયિક અને ઉદાર ત્રસ પ્રાણી. સ્થાવર જીવ ત્રણ પ્રકારના કહેલ છે. જેમ કે-પૃથ્વીકાયિક, અપકાયિક અને વનસ્પતિકાયિક.

(૧૭૮) ત્રણ પદાર્થો અછેદ્ય છે સમય, પ્રદેશ અને પરમાણું. એ પ્રમાણે આ ત્રણનું ભેદન થઈ શકતું નથી. દહન થઈ શકતું નથી, ગ્રહણ થઈ શકતું નથી, મધ્ય ભાગ નથી, પ્રદેશો નથી ત્રણ પદાર્થો અવિભાજ્ય છે. જેમ કે-સમય, પ્રદેશ અને પરમાણું.

(૧૭૯) 'હે આર્યો ?' એ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને આ પ્રમાણે કહ્યું-હે આયુષ્મન્ શ્રમણો ! પ્રાણીઓને કોનાથી ભય હોય છે ? ત્યારે ગૌતમાદિક શ્રમણ નિર્ગ્રંથો મહાવીર પ્રભુની સમીપ આવે છે અને નમસ્કાર કરે છે, વંદના નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે. દેવાનુપ્રિય ? આ અર્થને અમે જાણતા નથી અને જોતા નથી. માટે આપને કષ્ટ ન થાય તો આપ કહો, અમે આપની પાસેથી જાણવા ઈચ્છીએ છીએ. - આર્યો ? એવું સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને આ પ્રમાણે કહ્યું-હે આયુષ્મન્ત શ્રમણો ! સમસ્ત પ્રાણીઓ દુઃખથી ભય પામે છે. હે પ્રભો ! તે દુઃખ કોણ ઉત્પન્ન કરે છે ? પ્રમાદથી યુક્ત થયેલા જીવ તે દુઃખને ઉત્પન્ન કરે છે. હે ભગવન્ ! તે દુઃખનો નાશ ક્યા ઉપયોગથી કરી શકાય છે ? અપ્રમાદથી દુઃખનો નાશ થાય છે.

(૧૮૦) હે ભગવાન ! અન્ય મતવાદીઓ એવું કહે છે, એવું ભાષણ કરે છે, એવી પ્રજ્ઞાપના કરે છે અને એવી પ્રરૂપણા કરે છે કે શ્રમણ નિર્ગ્રંથોના મતમાં કર્મ જીવન દુઃખ કેવી રીતે દે છે ? આ ચાર ભાંગા છે. આ ચારમાંથી જે પૂર્વકૃત કર્મ દુઃખરૂપ હોય છે તે તેઓ નથી પૂછતા, જે પૂર્વકૃત કર્મ દુઃખરૂપ નથી હોતા, તે પણ તે નથી પૂછતા, પણ જે પૂર્વકર્મ નથી પરંતુ દુઃખરૂપે છે તેના માટે તે પૂછે છે. આશય એ છે કે જેમ અન્ય તીર્થિકો અકૃતકર્મ પ્રાણીઓને દુઃખ આવે છે, એ પ્રમાણે માને છે. તેમ શું નિર્ગ્રંથો પણ એ પ્રમાણે માને છે ? અકૃતકર્મને દુઃખના કારણભૂત માનવાવાળા વાદીઓનું આ કથન છે કે-કર્મ કર્યા વિના દુઃખરૂપ થાય છે. કર્મનો સ્પર્શ કર્યા વિના દુઃખ થાય છે, કરેલા અને કરાતા કર્મો વિના દુઃખ થાય છે. પ્રાણી, ભૂત, જીવ અને સત્વ કર્મ કર્યા વિના વેદનાનો અનુભવ કરે છે એમ સમજવું. જે લોકો એમ કહે છે તે મિથ્યા કહે છે. હું એમ કહું છું, બોલું છું અને પ્રરૂપણા કરું છું, કે કર્મ કરવાથી દુઃખ થાય છે, કર્મોનો સ્પર્શ કરવાથી દુઃખ થાય છે. કરાતા અને કરેલા કર્મોથી દુઃખી થાય છે, પ્રાણી, ભૂત, જીવ અને સત્વ કર્મ કરીને વેદનાનો અનુભવ કરે છે. (કર્યા વિના નહિ) એમ સમજવું.

સ્થાન : ૩ - ઉદ્દેસો :૨ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૩ - ઉદ્દેસો :૩

(૧૮૧) માયાવી માયાનું સેવન કરીને તેની ત્રણ કારણોથી આલોચના કરતો નથી, પ્રતિક્રમણ કરતો નથી. આત્મ સાક્ષી એ નિન્દા કરતો નતી. ગુરુની સમક્ષ ગર્હા કરતો નથી, તે વિચારને દૂર કરતો નથી, તેની શુદ્ધિ કરતો નથી. તેને ફરી નહીં કરવાને માટે તત્પર થતો નથી અને યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત અને તપશ્ચર્યા અંગીકાર કરતો નથી. તે ત્રણ કારણશે આ છે-તે એવો વિચાર કરે છે કે ભૂતકાળમાં મેં અમુક કાર્ય કર્યું છે, વર્તમાનમાં પણ હું આ કાર્ય કરું છું અનેં ભવિષ્ય કાળમાં પણ હું આ કાર્ય કરવાનો છું તો શા માટે તેની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા કરવી જોઈએ. ત્રણ કારણોને લીધે માયાવી જીવ માયા કરીને તેની આલોચના, પ્રતિક્રમણ કરતો નથી-યાવત્ તપશ્ચર્યા અંગીકાર કરતા નથી. જેમ કે-મારી અપકીર્તિ થશે, મારો અવર્ણવા થશે, મારો તિરસ્કાર થશે. ત્રણ કરતા નથી. જેમ કે-મારી કીર્તિ ક્ષીણ થશે, મારો યશ હીન થશે. મારી પૂજા ઓછી થઈ જશે. તા નથી. જેમ કે-મારી કીર્તિ ક્ષીણ થશે, મારો યશ હીન થશે. મારી પૂજા ઓછી થઈ જશે.

ત્રણ કારણોથી માયાવી માયા કરીને તેની આલોચના કરે છે, પ્રતિક્રમણ કરે છે. યાવત્-તપ અંગીકાર કરે છે, કારણ કે (એ સમજે છે કે-) માયાવીની આ લોકમાં નિન્દા થાય છે. પરલોક પણ માયાવી નિન્દનીય થાય છે અને અન્ય આગામી જન્મ પણ ગર્હિત થાય છે. ત્રણ કારણોથી માયાવી માયા કરીને આલોચના કરે છે. - યાવત્-તપઅંગીકાર કરે છે. જેમ કે-અમાયાવીનો આ લોક પ્રશસ્ત હોય છે, પરલોકમાં જન્મ પ્રશસ્ત થાય છે. અન્ય જન્મ પણ પ્રશંસનીય થાય છે. ત્રણ કારણોથી માયાવી માયા કરીને આલોચના કરે છે યાવત્ તપ અંગીકાર કરે છે. જેમ કે-જ્ઞાનને માટે, દર્શનને માટે ચારિત્રને માટે

(૧૮૨) ત્રણ પ્રકારના પુરુષ કહેલ છે. જેમ કે-સૂત્રના ધારક, અર્થના ધારક અને સૂત્રાર્થ-ઉભયના ધારક.

(૧૮૩) સાધુ અને સાધ્વીઓને ત્રણ પ્રકારના વસ્ત્ર ધારણ કરવા અને પહેરવા કલ્પે છે. જેમકે-ઉનનું, શણનું, અને સૂતરનું-બનેલું. સાધુ અને સાધ્વીઓને ત્રણ પ્રકારના પાત્રો ધારણ કરવા અને ઉપયોગમાં લેવા કલ્પે છે. જેમ કે-તુમ્બીનું પાત્ર, લાકડાનું પાત્ર, અને માટીનું પાત્ર.

(૧૮૪) ત્રણ કારણોથી વસ્ત્ર ધારણ કરવા જોઈએ જેમ કે-લજ્જાના કારણે, પ્રવચનની નિંદા ન થાય તે માટે; શીતાદિ પરીષહના નિવારણ માટે.

(૧૮૫) આત્માને રાગદ્વેષથી બચાવવાને ત્રણ ઉપાય કહેલ છે. જેમ કે-ધાર્મિક ઉપદેશનું પાલન કરે, ઉપેક્ષા કરે અથવા મૌન રહે. તે સ્થાનથી ઊઠીને સ્વયં એકાન્ત સ્થાનમાં પાલન કરે, ઉપેક્ષા કરે અથવા મૌન રહે. તે સ્થાનથી ઊઠીને સ્વયં એકાન્ત સ્થાનમાં ચાલ્યા જાય. તૃષાદિથી ગ્લાન નિર્ગ્રંથને પ્રાસુક જલની ત્રણ દત્તિ ગ્રહણ કરવી કલ્પે છે. જેમ કે-ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય.

(૧૮૬) ત્રણ કારણોથી શ્રમણ નિર્ગ્રંથ સ્વધર્મી સાંભોગિકની સાથે ભોજનાદિ વ્યવહારને તોડે તો વીતરાગની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નતી. જેમ કે-વ્રતોમાં 'ગુરુતર' દોષ લગાડતા હોય અને જાતે જ જોઈ લીધો હોય તો તેની સાથે અથવા કોઈ મુનિ પાસેથી દોષો સાંભળ્યા હોય તેની સાથે. અથવા તો મૃષાવાદ આદિની ત્રણ વાર આલોચના કરાવ્યા બાદ ચોથી વાર દોષ સેવન કર્યો હોય તેની સાથે.

(૧૮૭) ત્રણ પ્રકારની અનુજ્ઞા (શાસ્ત્રપઠનની આજ્ઞા) કહેલી છે. જેમ કે-આચાર્યની, ઉપાધ્યાયની, અને ગણનાયકની આજ્ઞા. ત્રણ પ્રકારની સમનુજ્ઞા કહેલી છે. જેમ કે-આચાર્ય ની ઉપાધ્યાય ની અને ગણનાયક ની એ પ્રમાણે ઉપસમ્પદાઅને આચાર્યાદિ પદવીનો ત્યાગ પણ સમજવો.

(૧૮૮) ત્રણ પ્રકારના વચન કહેલ છે. જેમ કે-તદવચન, તદન્યવચન અને નોવચન, ત્રણ પ્રકારના અવચન કહેલ છે. જેમ કે નોતદ્વચન, નોતદન્યવચન અને અવચન. ત્રણ પ્રકારના મન કહેલ છે. જેમ કે-તન્મન, તદન્યમન અને અમન.

(૧૮૯) ત્રણ કારણોથી અલ્પવૃષ્ટિ થાય છે. જેમ કે-તે દેશમાં અથવા પ્રદેશમાં ઘણા ઉદકયોનિના જીવો અથવા પુદ્ગલો ઉદક રૂપથી ઉત્પન્ન ન થયા હોય, નષ્ટ થતા ન હોય, સમાપ્ત થયા ન હોય અથવા ક્ષેત્રસ્વભાવથી ત્યાં ઉત્પન્ન ન થાય. નાગદેવ, યક્ષ અને ભૂતોની સારી રીતે આરાધના નહીં કરવાથી ત્યાં વરસવા પ્રવૃત્ત થયેલ ઉદકપ્રધાન પુદગલ જે વરસવાળા છે તેને તે દેવ આદિ અન્ય દેશમાં લઈને ચાલ્યા જાય છે. ઉત્પન્ન થયેલ પરિપક્વ જે વરસવાળા છે તેને તે દેવ આદિ અન્ય દેશમાં લઈને ચાલ્યા જાય છે. ઉત્પન્ન થયેલ પરિપક્વ અને વરસવાળા મેઘને પવન વિખેરી નાખે છે. આ ત્રણ કારણોથી અલ્પવૃષ્ટિ થાય છે. ત્રણ કારણોથી મહાવૃષ્ટિ થાય છે, જેમ કે-તે દેશ અથવા પ્રદેશમાં ઘણા ઉદક યોનિના જીવો અને પુદ્ગલો ઉદ્ક રૂપથી ઉત્પન્ન થયા છે. સમાપ્ત થાય છે. વરસવા પ્રવૃત્ત થયેલ ઉદકપ્રધાન પુદ્ગલ જે વરસવાવાળા છે તેને પ્રદેશમાં લઈ આવે છે. ઉત્પન્નથયેલ, પરિપક્વ બનેલ અને વરસવાળા મેઘને વાયુ નષ્ટ ન કરે. આ ત્રણ કારણોથી મહાવૃષ્ટિ થાય છે.

(૧૯૦) ત્રણ કારણોથી દેવલોકમાં નવીન ઉત્પન્ન દેવ મનુષ્ય-લોકમાં શીઘ્ર આવવાની ઈચ્છા કરવા છતાં પણ શીઘ્ર આવવા સમર્થ થતા નથી. જેમ કે દેવલોકમાં નવીન ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગોમાં મૂર્છિત હોવાથી, ગૃદ્ધ હોવાથી, સ્નેહપાશમાં બંધાયેલ હોવાથી, તેમાં તન્મય હોવાથી તે મનુષ્ય-સંબંધી કામભોગોનો આદર દેતો નથી, સારા સમજતો નથી,''તેનાથી કઈ પ્રયોજન છે'' એવો નિશ્ચય કરતો નથી, તેની ઈચ્છા કરતો નથી,'તે મને મળે' એવી ભાવના કરતો નથી. દેવલોકમાં નવીન ઉત્પન્ન થયેલ દેવ કામભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, આસક્ત અને તન્મય હોવાથી તેનો મનુષ્ય સંબંધી પ્રેમભાવ નષ્ટ થઈ જાય છે. અને દિવ્ય કામભોગો પ્રત્યે આકર્ષણ થાય છે. દેવલોકમાં નવીન ઉત્પન્ન દિવ્ય કામ ભોગોમાં મૂર્છિત-યાવત્-તન્મય બનેલો એવું વિચારે છે કે ''હમણાં ન જાઉં, એક મુહૂર્ત પછી જ્યારે નાટકાદિ પૂરા થઈ જશે ત્યારે જઈશ'' એટલા કાલમાં તો અલ્પ આયુષ્યવાળા મનુષ્યો મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે. આ ત્રણ કારણોથી નવીન ઉત્પન્ન થયેલ દેવ મનુષ્ય લોકમાં શીઘ્ર આવવાની ઈચ્છા કરવા છતાં પણ શીઘ્ર આવી શક્તો નથી.

ત્રણ કારણોથી દેવલોકમાં નવીન ઉત્પન્ન દેવ મનુષ્ય લોકમાં શીઘ્ર આવવાની ઈચ્છા કરવા છતાં પણ શીઘ્ર આવવાની ઈચ્છા કરવા છતાં પણ શીઘ્ર આવવામાં સમર્થ થાય છે જેમ કે દેવ લોકમાં નવીન ઉત્પન્ન થયેલ દેવ દિવ્ય કામ ભોગોમાં મૂર્છિત નહિ હોવાથી ગૃદ્ધ ન હોવાથી, આસક્ત નહિ હોવાથી તેને વિચાર થાય છે કે ''મનુષ્ય-ભવમાં મારા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર અથવા ગણાવચ્છેદક છે જેના પ્રભાવથી મને આ પ્રકારની દેવતાની દિવ્યઋદ્ધિ, દિવ્યદ્યુતિ, દિવ્યદેવશક્તિ વૈક્રિયાદિની શક્તિ મળી, પ્રાપ્ત થઈ, તેથી જાઉં અને તે ભગવાનને વંદન કરું, નમસ્કાર કરું તેમનો સત્કાર કરું, કલ્યાણકારી મંગલકારી દેવ સ્વરૂપ માનીને તેમની સેવા કરૂં, નમસ્કાર કરું તેમનો સત્કાર કરું, કલ્યાણકારી મંગલકારી દેવ સ્વરૂપ માનીને તેમની સેવા કરૂં. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવ દિવ્ય કામભોગોમાં મૂર્છિત નહીં હોવાથી - યાવત્ - તન્મય નહીં હોવાથી એવો વિચાર કરે છે કે ''આ મનુષ્યભવમાં જ્ઞાની છે, તપસ્વી છે અને અતિદુષ્કર ક્રિયા કરનાર છે. તેથી જાઉં અને તે ભગવંતોને વંદન કરું, નમસ્કાર કરું-યાવત્ તેની સેવા કરું. દેવલોકમાં નવીન ઉત્પન્ન થયેલ દેવ દિવ્ય કામભોગોમાં મૂર્છિત-યાવત્-તન્મય નહીં થતા એવો વિચાર કરે છે કે મનુષ્યભવમાં મારી માતા-યાવત્ મારી પુત્રવધુ છે, તેથી જાઉં અને તેની સમીપ પ્રગટ થાઉં જેથી તે મારી આ પ્રકારની મળેલી, પ્રાપ્ત થયેલી દિવ્ય દેવર્દ્ધિ દિવ્યદ્યુતિ અને દિવ્યશક્તિને જુવે. આ ત્રણ કારણોથી દેવલોકમાં નવીન ઉત્પન્ન થયેલ દેવ મનુષ્યલોકમાં શીઘ્ર આવવાની ઈચ્છા કરે તો શીઘ્ર આવી શકે છે.

(૧૯૧) ત્રણ સ્થાના એવા છે જેઓની દેવતા પણ અભિલાષા કરે છે, જેમકે-મનુષ્યભવ, આર્ય ક્ષેત્રમાં જન્મ, ઉત્તમ કુલમાં ઉત્પત્તિ. ત્રણ કારણોથી દેવ પશ્ચાતાપ કરે છે, જેમ કે-અહો ! શારીરિક બળ, આત્મોલ્લાસ રૂપ વીર્ય પુરૂષકાર પરાક્રમ, ઉપદ્રવના અભાવરૂપક્ષેમ અને સુકાલ હોવા છતાં પણ અને આચાર્ય તથા ઉપાધ્યાયની વિદ્યમાનતા, નીરોગ શરીર આટલી સામગ્રી મળવા છતાં પણ મેં શાસ્ત્રોનું અધ્યયન કર્યું નહીં. અહો ! હું વિષયોનો લોલુપ બની આ લોકમાં ફસાઈ રહ્યો, પરલોકથી વિમુખ બન્યો, તે કારણે દીર્ઘ સમય સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરી શક્યો નહીં. અહો ઋદ્ધિ રસ અને રૂપના ગર્વમાં ફસાઈ અનો ભોગોમાં આસક્ત થઈને મેં વિશુદ્ધ ચારિત્રનો સ્પર્શ પણ કર્યો નહીં. આ ત્રણ કારણોથી દેવો પશ્ચાત્તાપ કરે છે.

(૧૯૨) ત્રણ કારણોથી દેવ 'હું અહીંથી ચ્યુત થઈશ' એમ જાણી લે છે. જેમ કે વિમાન અને આભરણોની કાન્તિહીન જોઈને, કલ્પવૃક્ષને મ્લાન થતા જોઈને અને પોતાની તેજોલેશ્યા ક્ષીણ થતી જોઈને. આ ત્રણ પ્રકારના

ચિન્હોથી દેવ પોતાનું ચ્યવન જાણે છે. ત્રણ કારણોથી દેવ ઉદ્વિગ્ન થાય છે. જેમ કે- અરે ! મને આ પ્રકારની મળેલી, પ્રાપ્ત થયેલી અને સન્મુખ આવેલી દિવ્યદેવર્દ્ધિ, દિવ્યદેવદ્યુતિ, અને દિવ્યશક્તિ છોડવી પડશે. અરે ! મને માતાના આર્તવ (રજ) અને પિતાના વીર્યના સંમિશ્રણનો સર્વ પ્રથમ આહાર કરવો પડશે. અરે ! મારે માતાના જઠ ના મળમય, અશુચિમય, ઉદ્વેગમય અને ભયંકર એવા ગર્ભવાસમાં રહેવું પડશે. આ ત્રણ કારણથી દેવ ઉદ્વેગને પ્રાપ્ત થાય છે.

(૧૯૩) વિમાન ત્રણ પ્રકારના કહેલ છે, જેમ કે-ગોળ, ત્રિકોણ અને ચતુષ્કોણ. તેમાંથી જે ગોળ વિમાન છે તે પુષ્કરકર્ણિકાના આકારે હોય છે. તેની ચારે તરફ પ્રકાર હોય છે અને તેમાં પ્રવેશ માટે એક દ્વાર હોય છે. જે ત્રિકોણ વિમાન છે તે સિંઘાડોના આકારે હોય છે. બન્ને તરફ કિલ્લાવાળા એક તરફ વેદિકાવાળા અને ત્રણ દ્વારવાળા કહેલ છે. જે ચતુષ્કોણ વિમાન છે તે અખાડાના આકારના છે. અને દરેક બાજુ વેદિકાથી ઘેરાયેલ છે તથા ચાર દ્વારાવાળા કહેલ છે. દેવ વિમાન ત્રણના આધાર પર સ્થિત છે. ઘનોદધિપ્રતિષ્ઠિત, ઘનવાતપ્રતિષ્ઠિત, આકાશપ્રતિષ્ઠિત. વિમાન ત્રણ પ્રકારના કહેલ છે. જેમ કે-અવસ્થિત (શાશ્વત) વૈક્રિયવડે નિષ્પાદિત અને પરિયામિક.

(૧૯૪) નારકો ત્રણ પ્રકારના કહેલ છે. જેમ કે-સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ. એ પ્રકારે વિકલેન્દ્રિયને છોડી વૈમાનિક સુધી બધા દંડકોમાં ત્રણ ત્રણ પ્રકાર સમજી લેવા જોઈએ. ત્રણ દુર્ગતિઓ કહેલી છે. જેમ કે-નરકદુર્ગતિ, તિર્યંચયોનિક દુર્ગતિ અને મનુષ્યદુર્ગતિ. ત્રણ સદ્ગતિઓ કહેલ છે. જેમ કે-સિદ્ધ સદ્ગતિ, દેવ સદ્ગતિ અને મનુષ્ય સદ્ગતિ. ત્રણ દુર્ગત-દુર્ગતિપ્રાપ્ત જીવો છે,-નૈરયિકદુર્ગતિ પ્રાપ્ત, તિર્યંચયોનિક દુર્ગતિ પ્રાપ્ત મનુષ્યદુર્ગતિ પ્રાપ્ત. ત્રણ સુગત-સદ્ગતિપ્રાપ્ત છે, સિદ્ધસદ્ગતિ-પ્રાપ્ત, દેવસદ્ગતિપ્રાપ્ત મનુષ્યસદ્ગતિપ્રાપ્ત.

(૧૯૫) ચતુર્થ ભક્ત કરેલા ભિક્ષુને ત્રણ પાનક નો સ્વીકાર કરવાનું કલ્પે છે. ઉત્સેદિમ (લોટનું ધોવણ) સંસેકિમ (અરૂણી વગેરે પત્રનું શાક ઉકાળીને જે શીતલ જલ વડે સીંચાય છે તે) તંદુલ ધોવન (ચોખાનું ધોવણ) છઠ્ઠ ભક્ત કરવાવાળા મુનિને ત્રણ પ્રકારના પાણી લેવા કલ્પે છે, જેમ કે-તિલોદક, તુષોદક, યવોદક, અષ્ટભક્ત ત્રણ ઉપવાસ કરવાવાળા મુનિને ત્રણ પ્રકારનું જળ લેવું કલ્પે છે, જેમ કે આયામક, (મગનું ઓસામણ) સૌવીરક, (કાંજીનું પાણી,) શુદ્ધ વિકટ, (શુદ્ધ ગરમ પાણી.) જમવાને સ્થાને લાવેલું ભોજન ઉપહૃત કહેવાય તે ત્રણ પ્રકારે કહેલું છે. જેમકે-ફલિકોપહૃત, શુદ્ધોપહૃત, સંસૃષ્ટોપહૃત.

ત્રણ પ્રકારના આહાર દાતા વડે પ્રદત્ત કહેવાય છે. દેનાર હાથ વડે આપે તે આહાર જે રસોઈના ભોજનમાંથી ખાવાના ભોજનમાં નાખી પછી આપે તે આહાર અને બચેલા આહારને પુનઃ ભાજનમાં નાખતા આપે તે આહાર. ત્રણ પ્રકારની ઉણોદરી કહેલ છે. જેમ કે-ઉપકરણ ઓછા કરવા, આહારપાણી ઓછા કરવા અને કષાય ત્યાગ રૂપ ભાવ ઉણોદરી. ઉપકરણ ઉણોદરી ત્રણ પ્રકારે કહેલી છે. જેમ કે-એક વસ્ત્ર રાખવું એક પાત્ર રાખવું અને સંયમી યોગ્ય ઉપધી એટલે રજોહરણ મુહપત્તિ રાખવી. ત્રણ સ્થાન નિર્ગ્રંથોને અને નિર્ગ્રંથીને અહિતને માટે, અસુખને માટે અયુક્તપણાને, અનિશ્રેયસને માટે અને અશુભાનુબંધી હોય છે દીનતાપૂર્વક આક્રન્દન કરવું, શય્યાદિનો દોષ બતાવીને કકળાટ કરવો અને આર્ત તથા રૌદ્રધ્યાન ધરવું. ત્રણ સ્થાનકો સાધુ અને સાધ્વીઓને હિતને માટે, સુખને માટે, યુક્તપણાને માટે, મોક્ષને માટે, શુભના અનુબંધ માટે થાય છે. જેમ કે-દુઃખમાં અદીનતા-આક્રન્દન ન કરવું, દોષવાળી ઉપધિમાં અક્કળાટ ન કરવો અને અશુભ ધ્યાન ન ધરવું. ત્રણ પ્રકારના શલ્ય કહેલ છે. જેમ કે-માયાશલ્ય નિદાનશલ્ય, અને મિથ્યાદર્શનશલ્ય. ત્રણ કારણોથી શ્રમણ-નિર્ગ્રન્થ સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાવાળો થાય છે - આતાપના લેવાથી, ક્ષમા રાખવાથી, નિર્જલ તપશ્ચર્યા કરવાથી, ત્રૈમાસિક ભિક્ષુપ્રતિમા અંગિકાર કરનાર અણગારને ત્રણ દત્તિ ભોજનની અને ત્રણ દત્તિ પાણીની લેવી કલ્પે છે. એક રાત્રિની ભિક્ષુપ્રતિમાનું સારી રીતે પાલન નહિ કરનાર સાધુને ત્રણ સ્થાનક અહિતને માટે અસુખને માટે, અક્ષમાને માટે, અનિશ્રેયસને માટે અશુભાનુબંધને માટે થાય છે. જેમ કે-તે ઉન્માદને પામે છે. તેને દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થઈ જાય છે અથવા તે કેવલી પ્રરૂપીત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. એક રાત્રિની ભિક્ષુ પ્રતિમાની સમ્યકરૂપે આરાધના કરનાર અણગારને ત્રણ સ્થાનો, હિતકર, શુભકારી, યુક્ત, કલ્યાણકારી અને શુભાનુબન્ધ કરનાર થાય છે. જેમ કે-તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય, મનઃપર્યાયજ્ઞાન ઉત્પન્ન થાય, અથવા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. મનઃપર્યાયજ્ઞાન ઉત્પન્ન થાય, અથવા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

(૧૯૬) જમ્બૂદ્વીપમાં ત્રણ કર્મભૂમિઓ કહેલ છે. જેમ કે-ભરત, ઐરવત અને મહાવિદેહ. એ પ્રકારે ઘાતકીખંડદ્વીપના પૂર્વાર્ધમાં-યાવત્-અર્ધ પુષ્કરવરદ્વીપના પશ્ચિમાર્ધમાં ત્રણ ત્રણ કર્મભૂમિઓ કહેલી છે.

(૧૯૭) દર્શન ત્રણ પ્રકારના છે. જેમ કે-સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન અને મિશ્રદર્શન. રુચિ ત્રણ પ્રકારના છે. જેમ કે-સમ્યગરૂચિ, મિથ્યારૂચિ અને

મિશ્રરૂચિ. પ્રયોગા ત્રણ પ્રકારનો છે. જેમકે સમ્મકપ્રયોગ, મિથ્યાપ્રયોગ, અને મિશ્રપ્રયોગ.

(૧૯૮) વ્યવસાય ત્રણ પ્રકારનો છે. જેમ કે-ધાર્મિક વ્યવસાય, અધાર્મિક વ્યવસાય અને મિશ્ર વ્યવસાય. અથવા ત્રણ પ્રકારના વ્યવસાય કહેલ છે. જેમ કે-પ્રત્યક્ષ (અવધિ આદિ) પ્રત્યયિક (ઈન્દ્રિય અને મનના નિમિત્તે થનાર) અનુગામિક-અનુમાન, અથવા ત્રણ પ્રકારનો વ્યવસાય (નિશ્ચય અથવા અનુષ્ઠાન) કહેલ છે. જેમ કે-ઈહલોક સંબંધી, પરલોક સંબંધી, ઈહલોક ઉભયલોક સંબંધી વ્યવસાય ત્રણ પ્રકારના કહેલ છે. જેમકે-લૌકિક વ્યવસાય ત્રણ પ્રકારના કહેલ છે. જેમકે-લૌકિક વૈદિક અને સામયિક સંખ્યાદિ શાસ્ત્રોક્ત લૌકિક વ્યવસાય ત્રણ પ્રકારનો કહેલ છે. જેમકે-અર્થ, ધર્મ અને કામ. વૈદિક વ્યવસાય ત્રણ પ્રકારનો કહેલ છે. જેમકે-ઋગ્વેદમાં પ્રરૂપિત, યજુર્વેદમાં પ્રરૂપિત અને સામવેદમાં પ્રરૂપિત, સામાયિક વ્યવસાય ત્રણ પ્રકારનો કહેલ છે. જેમકે-જ્ઞાન, દર્શન, અને ચારિત્ર ત્રણ પ્રકારની અર્થયોનિ (રાજ્યાદિ અર્થની પ્રાપ્તિનો ઉપાય) કહેલ છે જેમકે-સામ, દંડ, અને ભેદ.

(૧૯૯) ત્રણ પ્રકારના પુદ્ગલ કહેલ છે. જેમકે-પ્રયોગ પરિણત, મિશ્રપરિણત અને સ્વત:પરિણત નારકવાસ ત્રણના આધારે રહેલ છે. જેમકે-પૃથ્વીના આધારે, આકાશના આધારે અને પોતાના આધારે નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયથી તે પૃથ્વીના આધારે છે. ઋજુસૂત્ર નય અનુ-સાર આકાશના આધારે, અને ત્રણ શબ્દ આદિ નયોની અપેક્ષાએ આત્મપ્રતિષ્ઠિત છે.

(૨૦૦) મિથ્યાત્વ ત્રણ પ્રકારનું કહેલ છે. જેમકે-અક્રિયા મિથ્યાત્વ, અવિનય મિથ્યાત્વ, અજ્ઞાનમિથ્યાત્વ. અક્રિયા ત્રણ પ્રકારની કહેલી છે. જેમકે-પ્રયોગક્રિયા, સામુદાનિક ક્રિયા અજ્ઞાનક્રિયા.

પ્રયોગક્રિયા ત્રણ પ્રકારની છે. જેમકે-મન:પ્રયોગ ક્રિયા, વચન પ્રયોગ ક્રિયા, કાય પ્રયોગ ક્રિયા. સમુદાન ક્રિયા ત્રણ પ્રકારની કહેલ છે જેમકે-અનન્તર સમુદાન ક્રિયા પરમ્પર સમુદાન ક્રિયા અને તદુભય સમુદાન ક્રિયા. અજ્ઞાન ક્રિયા ત્રણ પ્રકારની કહેલી છે, જેમકે-મતિ-અજ્ઞાન ક્રિયા, શ્રુત અજ્ઞાન ક્રિયા, વિભંગ અજ્ઞાન ક્રિયા. અવિનય ત્રણ પ્રકારનો કહેલ છે જેમકે-દેશ-ત્યાગી, નિરાલમ્બનતા, વિવિધ પ્રેમ-દ્વેષ અવિનય. અજ્ઞાન ણિ પ્રકારનો કહેલ છે. જેમકે-પ્રદેશઅજ્ઞાન, સર્વ અજ્ઞાન, ભાવ અજ્ઞાન.

(૨૦૧) ધર્મ ત્રણ પ્રકારનો કહેલ છે, જેમકે-શ્રુતધર્મ, ચારિત્રધર્મ અને અસ્તિકાયધર્મ. ઉપક્રમ ત્રણ પ્રકારનો કહેલ છે જેમકે-ધાર્મિક ઉપક્રમ, અધાર્મિક ઉપક્રમ અને મિશ્ર ઉપક્રમ. અથવા ત્રણ પ્રકારનો ઉપક્રમ કહેલ છે જેમકે-આત્મોપક્રમ, પરોપક્રમ અને તદુભયોપક્રમ. એ પ્રમાણે વૈયાવૃત્ય, અનુગ્રહ, અનુશાસન અને ઉપાલમ્ભના ત્રણ ત્રણ આલાપક ઉપક્રમની સમાન જ સમજવા.

(૨૦૨) કથા ત્રણ પ્રકારની કહેલી છે, જેમકે-'અર્થકથા' ધર્મકથા અને કામકથા વિનિશ્ચય ત્રણ પ્રકારનો છે. - અર્થવિનિશ્ચય, ધર્મવિનિશ્ચય અને કામ વિનિશ્ચય.

(૨૦૩-૨૦૪) ભગવન્ ! તથારૂપ શ્રમણ માહણની સેવા કરવાવાળાને સેવાનું શું ફળ મળે છે ? ગૌતમ તેને ધર્મશ્રવણ કરવાનું ફળ મળે છે. ભગવન્ ! જ્ઞાનનું ફલ શું છે ? ગૌતમ ! જ્ઞાનનું ફલ વિજ્ઞાન (હેય ઉપાદેયનો વિવેક) છે. આ પ્રકારે આ અભિલાપકથી તે ગાથા જાણી લેવી જોઈએ. શ્રવણનું ફલ જ્ઞાન, જ્ઞાનનું ફલ વિજ્ઞાન, વિજ્ઞાનનું ફલ પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાનું ફલ સંયમ, સંયમનું ફલ અનાશ્રવ, અનાશ્રવનું ફલ તપ, તપનું ફલ વ્યવદાન (પૂર્વકૃત કર્મનો વિનાશ) વ્યવદાનનું ફલ અક્રિયા, અક્રિયાનું ફલ નિર્વાણ. ભગવન્ ! અક્રિયાનું શું ફલ છે ? નિર્વાણ ફલ છે. ભગવન્ ! નિર્વાણનું શું ફલ છે ? સિદ્ધ ગતિમાં જવું તે નિર્વાણ સર્વાન્તિમ પ્રયોજન છે.

સ્થાન : ૩ - ઉદ્દેસો :૩ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૨ - ઉદ્દેસો :૩

(૨૦૫) પ્રતિમાધારી અણગારને ત્રણ ઉપાશ્રયોનું પ્રતિલેખન કરવું કલ્પે છે. જેમકે-અતિથિગૃહમાં, ખુલ્લામકાનમાં, વૃક્ષનીનીચે. એ પ્રમાણે ત્રણ ઉપાશ્રયોની આજ્ઞા લેવી અને તેને ગ્રહણ કરવું કલ્પે છે. પ્રતિમાધારી અણગારને ત્રણ સંસ્તાતરકોની પ્રતિલેખન કરવી કલ્પે છે. પૃથ્વીશિલા કાષ્ઠ શિલા-તૃણાદિના સંસ્તારકની. એ પ્રમાણે આજ ત્રણ સંસ્તારકોની આજ્ઞા લેવી અને ગ્રહણ કરવું કલ્પે છે.

(૨૦૬) કાલ ત્રણ પ્રકારના કહેલ છે, જેમકે- ભૂતકાલ, વર્તમાન કાલ, અને ભવિષ્યકાળ સમય ત્રણ પ્રકારના કહેલ છે, જેમકે-અતીત સમય, વર્તમાન સમય, અને અનાગત સમય. એ પ્રમાણે આવલિકા, શ્વાસોશ્વાસ, સ્તોક, ક્ષણ લવ, મુહૂર્ત. અહોરાત્ર-યાવત્-ક્રોડવર્ષ, પૂર્વાંગ, પૂર્વ-યાવત્-અવસર્પિણી સુધી સમજવું. પુદ્ગલ પરિવર્તન ત્રણ પ્રકારનો કહેલ છે, જેમકે-અતીત, વર્તમાન, અને અનાગત.

(૨૦૭) વચન ત્રણ પ્રકારના છે, : એકવચન, દ્વિચન, અને બહુવચન-અથવા વચન ત્રણ પ્રકારનાં છે, - સ્ત્રીવચન, પુરુષવચન, અને નપુંસકવચન. અથવા ત્રણ પ્રકારના વચન કહેલ છે. જેમકે-અતીત વચન,

વર્તમાનવચન અને ભવિષ્યત્ વચન.

(૨૦૮) ત્રણ પ્રકારની પ્રજ્ઞાપના કહેલ છે જેમકે-જ્ઞાનપ્રજ્ઞાપના, દર્શન પ્રજ્ઞાપના અને ચારિત્ર પ્રજ્ઞાપના. ત્રણ પ્રકારના સમ્યગ્ કહેલ છે, જેમકે-જ્ઞાન સમ્યગ્ દર્શન સમ્યગ, અને ચારિત્રસમ્યગ. ત્રણ પ્રકારના ઉપઘાત કહેલ છે. જેમકે-ઉદ્ગમોપઘાત, ઉત્પાદનોપઘાત અને એષણોપઘાત, એ પ્રમાણે ત્રણ પ્રકારે વિશુદ્ધિ, કહેલ છે જેમકે-ઉદ્ગમ વિશુદ્ધિ, ઉત્પાદન વિશુદ્ધિ. એષણાવિશુદ્ધિ.

(૨૦૯) ત્રણ પ્રકારની આરાધના છે,- જ્ઞાનારાધના, દર્શનારાધના, અને ચારિત્રારાધના, જ્ઞાનારાધના ત્રણ પ્રકારની કહેલ છે. જેમકે-ઉત્કૃષ્ટ, મધ્યમ, ને જઘન્ય. એ પ્રમાણે દર્શન આરાધના અને ચારિત્ર આરાધના પણ કહેવી જોઈએ.

ત્રણ પ્રકારની સંક્લેશ કહેલ છે. જેમ કે-જ્ઞાનસંક્લેશ, દર્શનસંક્લેશ અને ચારિત્ર્યસંક્લેશ. એ પ્રમાણે અસંક્લેશ, અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર પણ જાણવા. ત્રણ નું અતિક્રમણ થવા પર આલોચના કરવી જોઈએ, પ્રતિક્રમણ કરવું જોઈએ, નિંદા કરવી જોઈએ, ગર્હા કરવી જોઈએ, યાવત્, તપ અંગીકાર કરવો જોઈએ. જેમ કે-જ્ઞાનનું અતિક્રમણ, દર્શનનું અતિક્રમણ અને ચારિત્ર્યનું અતિક્રમણ કરવા પર. એ પ્રમાણે વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર કરવા પર આલોચનાદિ કરવી જોઈએ.

(૨૧૦) પ્રાયશ્ચિત્ત ત્રણ પ્રકારના કહેલ છે. જેમ કે-આલોચનાને યોગ્ય, પ્રતિક્રમણને યોગ્ય, ઉભય યોગ્ય.

(૨૧૧) જમ્બૂદ્વીપવર્તી મેરુ પર્વતના દક્ષિણમાં ત્રણ અકર્મભૂમિઓ કહેલી છે, જેમ કે-હૈમવત, હરિવર્ષ અને દેવકુરુ. જમ્બૂદ્વીપવર્તી મેરુ પર્વતના ઉત્તરમાં ત્રણ અકર્મભૂમીઓ કહેલી છે, જેમ કે-ઉત્તરકુરુ, રમ્યકવાસ અને હૈરણ્યવત, જમ્બૂદ્વીપવર્તી. મેરુ પર્વતના દક્ષિણમાં ત્રણ ક્ષેત્રો કહેલ છે, જેમકે-ભરત, હૈમવત, અને હરિવાસ. જમ્બૂદ્વીપવર્તી દક્ષિણમાં ત્રણ વર્ષધર પર્વત છે, જેમકે અને ઐરવત. જમ્બૂદ્વીપવર્તી મેરુપર્વતના દક્ષિણમાં ત્રણ વર્ષધર પર્વત છે, જેમકે-લઘુહિમવાન, મહાહિમવાન અને નિષધ જમ્બૂદ્વીપવર્તી મેરુપર્વતના ઉત્તરમાં ત્રણ વર્ષધર પર્વત છે, જેમકે-નીલવાન, રુકમી અને શિખરી. જમ્બૂદ્વીપવર્તી મેરુપર્વતના દક્ષિણમાં ત્રણ મહાદ્રહ છે, જેમકે-પદ્મદ્રહ, મહાપદ્મદ્રહ અને તિગિચ્છદ્રહ. ત્યાં મહર્દ્ધિકયાવત્-પલ્યોપમની સ્થિતિવાળી ત્રણ દેવીઓ રહે છે-શ્રી, હ્રી, અને ધૃતિ. આ પ્રકાણે ઊત્તરમાં પણ ત્રણ દ્રહ છે, જેમકે-કેશરી દ્રહ, મહાપુંડરીક દ્રહ અને પુંડરીક દ્રહ. તે દ્રહમાં રહેવાવાળી દેવીઓનાં નામ આ પ્રમાણે છે-કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી.

જમ્બૂદ્વીપવર્તી મેરુ પર્વતના દક્ષિણમાં સ્થિત લઘુ હિમવાન વર્ષધર પર્વતના પદ્મદ્રહ નામના મહાદ્રહથી ત્રણ મહાનદીઓ નીકળે છે, જેમકે-ગંગા, સિન્ધુ અને રોહિતાંશા. જમ્બૂદ્વીપવર્તી મેરુપર્વતના ઉત્તરમાં સ્થિત શીખરીવર્ષધર પર્વતના પુંડરીક નામના મહાદ્રહથી ત્રણ મહાનદીઓ નીકળે છે. જેમકે-સુવર્ણકૂલા, રક્તા અને રક્તવતી. જમ્બૂદ્વીપવર્તી મેરુ પર્વતના પૂર્વમાં અને સીતોદા મહાનદીના ઉત્તરમાં ત્રણ અન્તર નદીઓ કહેલી છે, જેમ કે-તપ્તજલા, મત્તજલા અને ઉન્મત્તજલા. જમ્બુદ્વીપવર્તી મેરૂ પર્વતના પશ્ચિમમાં શીતોદા મહાનદીના દક્ષિણમાં ત્રણ અન્તર નદીઓ કહેલી છે, જેમ કે-ક્ષીરોદા, શીતશોસ્રોતા અને અન્તર્વાહિની. જમ્બુદ્વીપવર્તી મેરુ પર્વતના પશ્ચિમમાં અને શીતોદા મહાનદીના ઉત્તરમાં ત્રણ અન્તર નદીઓ કહેલી છે. જેમ કે-ઉર્મિમાલિની, ફેનમાલિની, ગંભીરમાલિની. આ પ્રકારે ઘાતકીખંડદ્વીપના પૂર્વાર્ધમાં, અકર્મભૂમિઓથી લગાવીને અન્તરનદીઓ સુધી બધુ કથન સમાન સમજવું જોઈએ. યાવત્ અર્ધપુષ્કર દ્વીપના પશ્ચિમાર્ધમાં પણ આ પ્રકારે જાણવું.

(૨૧૨) ત્રણ કારણોથી પૃથ્વીનો થોડા ભાગ ચલાયમાન થાય છે, જેમ કે-રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં જ્યારે બાદર પુદ્ગલ વિસ્રસા પરિણામથી પોતાના સ્નાનમાંથી ઉછળે છે. અથવા બીજા સ્થાનથી આવીને પડે છે. ત્યારે તેઓ પૃથ્વીના એક દેશને કંપાવે છે. મહાઋદ્ધિવાળા-યાવત્-મહેશ્વરરૂપે પ્રસિદ્ધ મહોરગ દેવ આ  ત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં આવાગમન કરે તો પૃથ્વીનો એક દેશ ચલાયમાન થાય છે. જ્યારે નાગકુમાર અને સુવર્ણકુમાર વચ્ચે સંગ્રામ થાય છે ત્યારે પણ પૃથ્વીનો એકદેશ ચલાયમાન થઈ જાય છે. આ ત્રણ કારણોને લીધે પૃથ્વીનો એકદેશ ચલાયમાન થાય છે, ત્રણ કારણોથી પૂર્ણ પૃથ્વી ચલાયમાન થાય છે જેમકે-આ રત્થપ્રભા પૃથ્વીના અધોભાગમાં વિશિષ્ટ કારણે ધનવાત ક્ષુબ્ધ થાય ચે, ધનોદધિ કમ્પિત થાય છે. ત્યારે તે ક્ષુબ્ધ ધનવાત ધનોદધિને કમ્પાયમાન કરી નાખે છે અને ધનોદધિ કંપિત થવાથી સમગ્ર પૃથ્વી કંપિત થાય છે. મહાઋદ્ધિવાળા - યાવત્ - મહેશ્વર રૂપે પ્રસિદ્ધ દેવ. તથા રૂપ શ્રમણ માહનને ઋદ્ધિ, યશ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ, બતાવતો થકી સમગ્ર પૃથ્વીને કંપાવી નાખે છે. દેવ તથા અસુરો વચ્ચે સંગ્રામ મચે છે ત્યારે પણ સમગ્ર પૃથ્વી કંપી ઊઠે છે. આ ત્રણ કારણોથી સમગ્ર પૃથ્વી કંપિત થાય છે.

(૨૧૩) કિલ્બિષિક, દેવ ત્રણ પ્રકારના છે - ત્રણ પલ્યોપમની

સ્થિતિવાળા ત્રણ સાગરોપમની સ્થિતિવાળા, તેરસાગરોપમની સ્થિતિવાળા. પ્રશ્ન : ભગવન ? ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્વિ-ષિક દેવ ક્યાં રહે છે ? જ્યોતિષ મંડળની ઉપર અને સૌધર્મ તથા ઈશાન કલ્પોની નીચે રહે છે. ભગવન ! ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવ ક્યા રહે છે ? સૌધર્મ અને ઈશાન કલ્પોની નીચે રહે છે ? ભગવન્ તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવ ક્યાં રહે છે ? બ્રહ્મલોકની ઉપર અને લાન્તક કલ્પની નીચે રહે છે.

(૨૧૪) દેવરાજ શક્રની બાહ્યપરિષદના દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે. દેવેન્દ્ર શક્રની આભ્યન્તરપરિષદની દેવીઓની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે. દેવેન્દ્ર ઈશાનેન્દ્રની બાહ્યપરિષદની દેવીઓની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે.

(૨૧૫) પ્રાયશ્ચિતના ત્રણ પ્રકાર કહેલ છે - જ્ઞાન પ્રાયશ્ચિત દર્શન પ્રાયશ્ચિત. ચારિત્ર પ્રાયશ્ચિત ત્રણને અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત છે - હસ્તકર્મ કરવાવાળાને, મૈથુન સેવનકરનારાને, રાત્રિભોજન કરનારને. ત્રણને પ્રાયશ્ચિત છે - હસ્તકર્મ કરવાવાળાને, મૈથુન સેવનકરનારાને, રાત્રિભોજન કરનારને. ત્રણને પ્રાયશ્ચિત પારાં-ચિક કહેલ છે-કષાય અને વિષયથી અસ્ત્યાનગૃદ્ધિનિદ્રવાળાને અને પરસ્પર મૈથુન કરનારને. ત્રણને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત કહેલ છે- સાધર્મિકોને ચોરી કરનારને, અન્યધાર્મિકોને ત્યાં ચોરી કરનારને અને હાથઆદિથી મર્માન્તક પ્રહાર કરવાવાળાને.

(૨૧૬) ત્રણ પ્રઅકારની વ્યક્તિઓ પ્રવજ્યાને પાત્ર ગણાતી નથી. પંડક, (નપુંસક) વાતિક, વ્યાધિગ્રસ્ત એ પ્રમાણે ઉપરના ત્રણને મુંડીત કરવા શિક્ષા દેવી મહાવ્રવતોનું આરોપણ કરવું, એક સાથે બેસીને ભોજન કરવું તથા રાખવું પણ યોગ્ય ગણાતું નથી.

(૨૧૭) ત્રણ વાચના દેવા યોગ્ય હોતા નથી - અવિનીત, દૂધઆદિવિકૃતિઓનો લોલુપ અને અત્યંત ક્રોધી ત્રણ વાચના દેવા યોગ્ય છે - વિનીત, ઘી આદિ વિકૃતિઓમાં અલોલુપ ક્રોધ ને ઉપશાન્ત કરવાવાળો. ત્રણને સમજાવવા મુશ્કેલ છે - દુષ્ટને, મુઢને અને કુગુરૂ આદિના સંયોગથી જેને બુદ્ધિ વિપરિત થઈ હોય એવા ભરમાવેલને, ત્રણને સરલતાથી સમજાવી શકાય છે. અદુષ્ટને, અમુઢને અને કુગુરૂ વડે નહિ ભરમાવેલને.

(૨૧૮) ત્રણ માંડલિક પર્વત કહે છે. જેમકે-માનુષોત્તર પર્વત, કુંડલવાર પર્વત, રુચકવર પર્વત.

(૨૧૯) ત્રણને સૌથી મોટા કહેલ છે. જેમકે-બધા મેરૂપર્વતોમાં જંબુદ્રીપનો મેરૂપર્વતન, સમુદ્રોમાં સ્વયંભૂમરણ સમુદ્ર, કલ્પોમાં બ્રહ્મલોક કલ્પ.

(૨૨૦) ત્રણ પ્રકારની કલ્પસ્થિતિ કહેહલ છે. જેમકે-સામાયિક કલ્પસ્થિતિ, છદોપ-સ્થાપનીય કલ્પસ્થિતિ અને નિર્વિશમાન કલ્પસ્થિતિ અથવા ત્રણ પ્રકારની કલ્પસ્થિતિ કહેલી છે - નિર્વિષ્ટકલ્પસ્થિતિ, જિનકલ્પસ્થિતિ અને સ્થવિરકલ્પસ્થિતિ.

(૨૨૧) નારક જીવોને ત્રણ શરીર કહેલ છે, જેમકે-વૈક્રિય, તૈજસ અને કાર્મણ. અસુરકુમારોને ત્રણ નૈરયિકોન સમાન છે. એ પ્રમાણે બધા દેવોને સમજવા. પૃથ્વીકાયને ત્રણ શરીર કહેલ છે-ઔદારિક, તૈજસ અને કાર્મણ. એ પ્રમાણે વાયુકાયને છોડીને ચૌરીન્દ્રિય સુધી ત્રણ શરીર જાણવા.

(૨૨૨) ત્રણ ગુરુ સમ્બન્ધી પ્રત્યનીક કહેલ છે - આચાર્યનો પ્રત્યનીક, ઉપાધ્યાયનો પ્રત્યનીક, સ્થવિરનો પ્રત્યનીક. ગતિ સંબંધી ત્રણ પ્રત્યનીક કહેલ છે. જેમકે-ઈહલોક પ્રત્યનીક, પરલોક-પ્રત્યનીક, ઉભયલોક-પ્રત્યનીક. સમુહની અપેક્ષા એ ત્રણ પ્રત્યનીક કહેલ છે, જેમકે-કુલપ્રત્યનીક, ગણપ્રત્યનીક સંઘપ્રત્યનીક. અનુકમ્પાની અપેક્ષાથી ત્રણ પ્રત્યનીક છે. તપસ્વી-પ્રત્યનીક, ગ્લાન-પ્રત્યનીક શૈક્ષ પ્રત્યનીક. ભાવની અપેક્ષાએ ત્રણ પ્રત્યનીક કહેલ છે, જેમકે-જ્ઞાન પ્રત્યનીક, દર્શન-પ્રત્યનીક, ચારિત્રપ્રત્યનીક. શ્રુતની અપેક્ષાએ ત્રણ પ્રત્યનીક કહેલ છે, જેમકે-સૂત્ર-પ્રત્યનીક, અર્થ-પ્રત્યનીક,તદુભય-પ્રત્યનીક.

(૨૨૩) ત્રણ અંગ પિતાના વીર્યથી પ્રાપ્ત થાય છે - અસ્થિ, અસ્થિમજ્જા અને કેશશ્મશ્રુ રોમ, નખ, ત્રણ અંગ માતાના આર્તવથી પ્રાપ્ત થાય છે, જેમકે-માંસ, શોણિત અને મગજ.

(૨૨૪) ત્રણ કારણોના સદ્ભાવમાં શ્રમણ નિર્ગ્રંથ કર્મક્ષપણરૂપ મહાનિર્જરાવાળો તથા મહાપર્યવસના વાળો થાય છે. ક્યારે હું થોડા અથવા અધિક શ્રુતનું અધ્યયન કરનારો બનીશ ! ક્યારે હું એકાકીવિહાર પ્રતિમાને પ્રાપ્ત કરીને વિચરીશ ! ક્યારે હું સર્વાન્તિમ મારણાંતિક સંલેખનાનું સેવન કરીને ભક્તપાનના પ્રત્યખ્યાનપૂર્વક મૃત્યની આકાંક્ષા ર્ક્યા વિના પાદોપગમન સંથારો ધારણ કરીશ ! આ પ્રકારની ત્રણ ભાવનાને મન, વચન અને કાયાથી ભાવતો અથવા ચિંતન કરતો નિર્ગ્રંથ મહાનિર્જરાવાળો અને મહાપર્યવસાન વાળો થાય છે. ત્રણ કારણોથી શ્રમણોપાસક મહાનિર્જરાવાળો અને મહાપર્યવસાન વાળો થાય છે. તે આ પ્રમાણે ક્યારે હું થોડા કે વધારે પરિગ્રહનો ત્યાગ કરનાર બનીશ ! ક્યારે હું મુંડિત થઈ ગૃહ-સ્થાવાસનો ત્યાગ કરી અણગાર અવસ્થા અંગીકાર કરીશ. ક્યારે હું મારણાંતિક સંલેખના ઝુસણાથી ઝુસીત થઈને

આહાર પાણીનો ત્યાગ કરીને પાદપોપગમન સંથારો કરીને મૃત્યુની ઈચ્છા નહિ કરતો વિચરીશ ! આ ત્રણે ભાવનાને શુદ્ધ મન, વચન અને કાયાથી ભાવતો પર્યાલોચન કરતો. શ્રમણોપાસક મહાનિજ;રા અને મહાપર્યવસાનને પામે છે.

(૨૨૫) ત્રણ કારણોથી પુદ્‌ગલથી ગતિમાં પ્રતિઘાત કહેલ છે-પરમાણુ પુદ્‌ગલ પરમાણુ પુદ્‌ગલ સાથે અથડાવાથી પ્રતિઘાત પામે છે. રુક્ષ હોવાથી ગતિમાં પ્રતિઘાતવાળો થાય છે. લોકાન્તમાં ગતિના પ્રતિઘાતવીળો થાય છે.

(૨૨૬) ચક્ષુવાળા ત્રણ પ્રકારના કહેલ છે-એક નેત્રવાળા, બે નેત્રવાળા અને ત્રણ નેત્રવાળા. છદ્મસ્થ મનુષ્ય એક ચક્ષુવાળો, દેવો બે ચક્ષુવાળા, તથારૂપ શ્રમણ માહન ત્રણ ચક્ષુવાળા કહેલ છે.

(૨૨૭) અભિસમાગમ (વિશિષ્ટય જ્ઞાન) ત્રણ પ્રકારના કહેલ છે-ઉર્ધ્વાભિસમાગમ, અધોઅભિસમાગ અને તિર્યગભિસમાગમ. જ્યારે તથારૂપ શ્રમણ માહનને અતિશય જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, ત્યારે તે સર્વપ્રથમ ઉર્ધ્વ લોકના પદાર્થને જાણે છે. ત્યાર પછી તિર્યગ્લોકના પદાર્થનો પરિચ્છેદ કરે છે. ત્યાર પછી અધોલોકના પદાર્થનો પરિચ્છેદ કરે છે. હે આયુષ્યમન્ શ્રમણ ! અધોલોકનું જ્ઞાન મુશ્કેલીથી થાય છે.

(૨૨૮) ઋદ્ધિ ત્રણ પ્રકારની કહેલી છે, જેમ કે-દેવર્દ્ધિ, રાજર્દ્ધિ, અને ગણિઋદ્ધિ, આચાર્યનો ઋદ્ધિ. દેવની ઋદ્ધિ ત્રણ પ્રકારની છે, જેમકે-વિમાનની ઋદ્ધિ, વૈક્રિયની ઋદ્ધિ અને પરિચારણાની ઋદ્ધિ. બીજી રીતે દેવર્દ્ધિ ત્રણ પ્રકારની કહેલી છે, જેમ કે-સચિત્ત, અચિત્ત અને મિશ્ર. રાજર્દ્ધિના ત્રણ ભેદ છે, જેમ કે રાજાની ત્રણ પ્રકારે છે, સચિત્ત, અચિત્ત અને મિશ્રિત. ગણી ની ઋદ્ધિ ત્રણ પ્રકારની છે, જ્ઞાનાર્દ્ધિ, દર્શનનિર્દ્ધિ અને ચારિત્રર્દ્ધિ અથવા ગણર્દ્ધિના ત્રણ પ્રકાર છે, સચિઇ અચિત્ત અને મિશ્રિત. ગણી ની ઋદ્ધિ ત્રણ પ્રકારની છે, જ્ઞાનાર્દ્ધિ, દર્શનર્દ્ધિ અને ચારિત્રર્દ્ધિ અથવા ગણર્દ્ધિના ત્રણ પ્રકાર છે-સચિત્ત, અચિત્ત અને મિશ્રિત.

(૨૩૦) ત્રણ પ્રકારનું ગૌરવ કહેલ છે - ઋદ્ધિગૌરવ, રસગૌરવ અને સતાગૌરવ.

(૨૩૦) ત્રણ પ્રકારનું કરણ ધાર્મિક, અધાર્મિક, અને ધાર્મિકાધાર્મિક

(૨૩૧) ભગવાને ત્રણ પ્રકારનો ધર્મ કહેલ છે - સુઅધીત ધર્મ (સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું) સુધ્યાત ધર્મ, (સમ્યક્ ચિન્તન કરવું) સુતપસ્થિત ધર્મ (તપની આરાધના). જ્યારે સારી રીતે ધ્યાન-ચિંતન થાય છે. ત્યાં શ્રેષ્ઠ તપનું આરાધન થાય છે. એ પ્રમાણે ભગવંતે સુ-અધીત ધર્મ, સુધ્યાત ધર્મ અને સુતપસ્થિત ધર્મ કહેલ ચે.

(૨૩૨) વ્યાવૃત્તિ (હિંસા આદિથી નિવૃત્ત) ત્રણ પ્રકારે છે; જેમકે-જ્ઞાનયુક્ત અજ્ઞાનયુક્ત અને સંશયથી કરાતી વ્યાવૃત્તિ. એ પ્રમાણે પદાર્થોમાં આસક્તિ અને પદાર્થોનું ગ્રહણ પણ ત્રણ પ્રકારે છે.

(૨૩૩) ત્રણ પ્રકારના અંત કહેલ છે, જેમ કે લોકાન્ત, વેદાન્ત અને સમયાન્ત.

(૨૩૪) જિન ત્રણ પ્રકારે કહેલ છે. જેમકે-અવધિજિન, મન:પર્યવજિન, કેવલીજિન. ત્રણ પ્રકારના કેવળી કહેલ છે. જેમકે-અવધિજિન, મન:પર્યવજિન, કેવલીજિન. ત્રણ પ્રકારના અર્હન્ત કહેલ છે. જેમકે અવધિજ્ઞાનીઅર્હંત, મન:પર્યવજ્ઞાનીઅર્હંત, કેવલજ્ઞાની અર્હંત.

(૨૩૫) ત્રણલેશ્યાઓ દુર્ગંધવાળી છે - કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા. ત્રણલેશ્યાઓ સુગંધવાળી છે - તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. એ પ્રમાણે દુર્ગતિમાં લઈ જનારી, સુગતિમાં લઈ જનારી, અશુભ, શુભ, અમનોજ્ઞ, મનોજ્ઞ. અવિશુદ્ધ, વિશુદ્ધ, અપ્રશસ્ત, પ્રશસ્ત, શીતોષ્ણ અને સ્નિગ્ધ-રુક્ષ પણ ત્રણ-ત્રણ છેં.

(૨૩૬) મરણ ત્રણ પ્રકારના કહેલ છે, જેમકે-બાલમરણ, પંડિતમરણ અને બાલ-પંડિમરણ. બાલ મરણ ત્રણ પ્રકારના કહેલ છે, જેમ કે-સ્થિતિલેશ્ય, સંક્લિષ્ટ લેશ્ય, પર્યવજાત લેશ્ય, બાલખંડિત મરણ ત્રણ પ્રકારે કહેલ છે, જેમ કે- સ્થિત લેશ્ય, અસંકિષ્ટ લેશ્ય અને અપર્યવ જાતલેશ્ય.

(૨૩૭) નિશ્ચય નહીં કરવાવાળા ‘શંકાશીલ’ ને માટે ત્રણ સ્થાન અહિતકર, અશુભરૂપ, અયુક્ત, અકલ્યાણકારી અને અશુભાનુબન્ધી હોય છે. કોઈ પુરુષ મુંડિત થઈને અણાગારવસ્થા ધારણ કરે છે. પરંતુ નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે શંક્તિ, કાંક્ષિત, ક્રિયાના ફલ પ્રતિ શંકાશીલ થાય છે. ‘‘આમ હશે કે નહીં’’ એવી બુદ્ધિને પ્રાપ્ત કરે છે અને કલુષિત ભાવવાળો થાય છે. અને એ રીતે તે નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે શ્રદ્ધા રાખતો નથી, વિશ્વાસ રાખતો નથી, રુચિ રાખતો નથી, તેને પરિષહ થાય છે અને પરિષહ તેને પરાજિત કરી દે છે. પરંતુ તે પરિષહો ને પરાજિત કરી શકતો નથી.

કોઈ પુરુષ મુંડિત થઈને અણગાર અવસ્થાને ધારણ કરવા છતાં પણ પાંચ મહાવ્રતોમાં શંકા કરે - યાવત્ કલુષિત ભાવ કરે તથા પંચ મહાવ્રતોમાં શ્રદ્ધા રાખતો નથી તો યાવત્ તે પરિષહોનો પરાજ્ય કરી શકતો નથી. કોઈ મુંડિત થઈ, અણગાર અવસ્થાના પરિત્યાગ પૂર્વક અણગાર અવસ્થા ધારણ કરવા છતાં છ જીવ નિકાયોમાં શ્રદ્ધા કરતો નથી યાવત્ તે પરિષહોને પરાજિત કરી શકતો નથી. સમ્યક નિશ્ચય કરવાવાળાને ત્રણ સ્થાન હિતકર યાવત્

શુભાનુબંધી થાય છે, યથા-કોઈ મુંડિત થઈને ગૃહસ્થાવસ્થાથી અણગારાવસ્થા ધારણ કરે છે તે નિઃશંક્તિ આદિ ભાવૌથી નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરે છે, તેની પ્રતીતિ કરે છે અને તેને પોતાની રુચિનો વિષય બનાવે છે તે અણગારને પરિષહનો સામનો કરવો પડે છે ત્યારે પરિષહ તેને આકુલ-વ્યાકુલ કરી શકતા નથી. પરંતુ તે પરિષહોને પરાજિત કરે છે, કોઈ વ્યક્તિ મુંડિત થઈને પ્રવ્રજિત થઈ પાંચ મહાવ્રતોમાં નિઃશંક્તિ નિઃકાંક્ષિત રહે છે તો યાવત્ તે પરિષહોને પરાજિત કરે છે, પરિષહો તેને પરાજિત કરી શકતા નથી. કોઈ પુરુષ મુંડિત થઈને ગૃહવસ્થાવાસથી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થવા પર ષડ્જીવનિકાયમાં શંકા કરતો નથી તો-યાવત્-તે પરિષહોને પરાજિત કરી દે છે તેને પરિષહો પરાજિત કરતા નથી.

(૨૩૮) રત્નપ્રભાદિ પ્રત્યેક પૃથ્વી ત્રણ વલયોથી ચારે તરફ ઘેરાયેલી જેમકે-ધનોદધિવલયથી, ધનવાત વલયથી, તનુપાત વલયથી.

(૨૩૯) નૈરયિક જીવો ઉત્કષ્ટ ત્રણ સમયવાળી વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી એમ જ જાણવું.

(૨૪૦) ક્ષીણમોહ (બારમા ગુણસ્થાનવાળા) અર્હન્ત ત્રણ કર્મપ્રકૃતિઓનો એક સાથે ક્ષય કરે છે, જેમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અન્તરાય.

(૨૪૧) અભિજિત નક્ષત્રના ત્રણ તારા કહેલ છે. એ પ્રમાણે શ્રવણ, અશ્વિની, ભરણી, મૃગશિર્ષ, પુણ્ય અને જ્યેષ્ઠા નક્ષત્રના પણ ત્રણ-ત્રણ તારા છે.

(૨૪૨) શ્રી ધર્મનાથ તીર્થંકર પછી ત્રિચતુર્થાંશ (પોણો) પલ્યોપમ ન્યૂન સાગરોપમ વ્યતીત થઈ ગયા પછી શાન્તિનાથ ભગવાન ઉત્પન્ન થયા.

(૨૪૩) શ્રમણ ભગવાન મહાવીરથી લઈને ત્રીજા યુગપુરુષ સુધી મોક્ષગમન કહેલ છે. મલ્લીનાથ ભગવાને ત્રણસો પુરુષોની સાથે મુંડિત થઈ પ્રવ્રજ્યા ધારણ કરેલી પ્રાર્શ્વનાથ ભગવાન પણ ત્રણસો પુરુષો સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી.

(૨૪૪) શ્રમણ ભગવાન મહાવીરના જિન નહીં પરંતુ જિનની સમાન સર્વાક્ષર સન્નિપાતી જિનની જેમ યથાતથ્ય કહેવાવાળા ત્રણસો ચૌદપૂર્વધર મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

(૨૪૫) ત્રણ તીર્થંકર ચક્રવર્તી હતા. શાન્તિનાથ, કુન્થુનાથ, અરનાથ.

(૨૪૬) ગ્રૈવેયક વિમાન પ્રસ્તર (સમૂહ) ત્રણ કહેલ છે - અધઃસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, અને ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર. અધઃસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર ત્રણ પ્રકારે કહેલ છે. જેમ કે-અધસ્તનાધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર. અધસ્તનમધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર. અધસ્તનોપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર. મધ્યમ ગ્રૈયેયક વિમાનના પ્રસ્તર ત્રણ કહેલા છે. મધ્યમા-ધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, મધ્યમ મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર. મધ્યગો-પરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર. ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર ત્રણ પ્રકારના કહેલ છે, જેમ કે-ઉપરિતન-અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર. ઉપરિતન-મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર. ઉપરિતનોપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર.

(૨૪૭) જીવોએ ત્રણસ્થાન દ્વારા ઉપાર્જિત પુદ્ગલોને પાપકર્મ રૂપમાં સંગ્રહીત કર્યા છે, કરે છે અને કરશે - સ્ત્રીવેદ નિવર્તિત, પુરુષવેદ, નિવર્તિત અને નપુંસકવેદ નિવર્તિત, એ પ્રમાણે સંગ્રહ, વૃદ્ધિ, બંધ ઉદીરણા, વેદન, અને નિર્જરાનું કથન પણ સમજવું.

(૨૪૮) ત્રણ પ્રદેશી સ્પન્ધો અનન્ત કહેલ છે. એ પ્રકારે યાવત્-ત્રિગુણ રૂક્ષ પુદ્ગલ અનન્ત કહેલ છે.

સ્થાન : ૩ - ઉદ્દેસો :૪ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૩ ગૂર્જરછાયાપૂર્ણ

સ્થાન : ૪

(૨૪૯) ચાર પ્રકારની અન્ત ક્રિયાઓ કહેલી છે. તેમાં પ્રથમ અન્તક્રિયા આ પ્રકારે છે :- કોઈ અલ્પકર્મી આત્મા મનુષ્ય ભવમાં ઉત્પન્ન થાય છે. તે મુંડિત થઈને ગૃહસ્થાવાસથી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થવા પર ઉત્તમ સંયમ, ઉત્તમ સંવર અને ઉત્તમ સમાધિનું પાલન કરનારો રૂક્ષવૃત્તિ રાખનારો, સંસારને પાર કરવાનો અભિલાષી, શાસ્ત્રાધ્યયનને માટે તપ કરનારો દુઃખનો એટલે દુઃખના કારણરૂપ કર્મનો ક્ષય કરનાર તપસ્વી થાય છે. તેને ઘોર તપ કરવું પડતું નથી અને તેને ઘોર વેદના પણ થતી નથી. એવો પુરૂષ દીધાયુ ભોગવી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, નિર્વાણ પ્રાપ્ત કરે છે અને બધા દુઃખોનો અન્ત કરે છે. જેમ ચાતુરન્ત ચક્રવર્તી ભરતરાજા. આ પહેલી અન્ત ક્રિયા છે. બીજી અન્તક્રિયા. આ પ્રકારે છે - કોઈ જીવ મહા-અધિકકર્મ ઉપાર્જન કરીને મનુષ્યભવમાં ઉત્પન્નથાય ત્યાર પછી મુંડિત થઈને ગૃહસ્થાવાસથી અક્ષગાર ધર્મમાં પ્રવ્રતજિત થઈ ઉત્તમ સંયમ, ઉત્તમ, સંવરયુક્ત યાવત્-ઉપધાનવાન બની દુઃખનો ક્ષય કરનાર ઘોર તપસ્વી બને છે. એવા આત્માને અધિક કર્મોનો ક્ષય કરવા માટે ઘોર તપની આરાધના કરવી

પડે છે. તેમ જ દેવાદિકૃત ઉપસર્ગજન્ય દુઃસહ વેદના સહન કરવી પડે છે. એવો આ પુરૂષ અલ્પકાળ પર્યાયનું પાલન કરીને અંતક્રિયા કરીને ગજસુકુમાલ મુનિની જેમ સિદ્ધગતિમાં પહોંચી જાયવ છે. આ બીજી અન્તક્રિયા છે. ત્રીજી અન્તક્રિયા આ પ્રકારે છે. - કોઈ અધિક કર્મ કરવાવાળો જીવ મનુષ્ય ભવમાં ઉત્પન્ન થાય છે. તે મુંડિત યાવત્ પ્રવ્રજિત થાય છે. જેમ બીજી અન્તક્રિયામાં કહ્યું એ પ્રમાણે સર્વ કથન કરવું વિશેષતા એ છે કે તે દીર્ઘાયુ ભોગવી સર્વ દુઃખોનો અન્ત કરે છે. જેમ ચાતુરન્ત ચક્રવર્તી સનત્કુમારરાજા તે ત્રીજી અન્તક્રિયા છે - કોઈ અલ્પકર્મવાળી વ્યક્તિ મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે. તે મુંડિત યાવત્ દીક્ષા લઈને ઉત્તમ સંયમનું પાલન કરે છે નતો તેને ઘોર તપ કરવું પડે કે ન તો તેને ઘોર વેદના સહન કરવી પડે છે. એવો પુરૂષ અલ્પાયુ ભોગવીને સિદ્ધ થાય છે. યાવત સર્વ દુઃખોનો અંત કરે છે. જેમ મરૂદેવી. તે ચોથી અંતક્રિયા.

(૨૫૦) ચાર પ્રકારના વૃક્ષો કહેલ ચે જેમકે :- કેટલાક દ્રવ્યથી પણ ઊંચા અને ભાવથી પણ ઊંચા (જેમ ચન્દન વૃક્ષ) કેટલાક દ્રવ્યથી ઊંચા પરંતુ ભાવથી નીચા (લીંબડાની જેમ) કેટલાંક દ્રવ્યથી નીચા પણ ભાવથી ઊંચા એલચી ની જેમ કેટલાક દ્રવ્યથી નીચા અને ભાવથી નીચા. (જેમ જવાસા) એ જ પ્રકારે ચાર પ્રકારના પુરૂષ કહેલ છે, જેમકે-કેટલાક દ્રવ્યથી (જાતિથી) ઉન્નત અને ગુણથી પણ ઉન્નત. એ પ્રકારે યાવત્-દ્રવ્યથી પણ હીન અને ગુણથી પણ હીન. ચાર પ્રકારે વૃક્ષો કહેલ છે, જેમકે કેટલાક વૃક્ષ ઉંચાઈમાં ઉન્નત હોય છે અને શુભ રસવાળા હોય છે. કેટલાક વૃક્ષ ઉંચાઈમાં ઉન્નત હોય છે પરન્તુ અશુભ રસ વાળા હોય છે. કેટલાક વૃક્ષ ઊંચાઈમાં પણ અવનત અને રસાદિમાં પણ અવનત થાય છે. એ પ્રમાણે ચાર પ્રકારના પુરૂષો કહેલ છે, જેમકે-દ્રવ્યથી પણ ઉન્નત અને ગુણ પરિણમનથી પણ ઉન્નત. ઈત્યાદિ ચાર ભંગ.

ચાર પ્રકારના વૃક્ષ કહેલ છે - કેટલાક ઊંચાઈમાં પણ ઊંચા અને રૂપમાં પણ ઉન્નત ઈત્યાદિ ચાર ભંગ. એ પ્રમાણે ચાર પ્રકારના પુરૂષો કહેલ છે જેમકે - કેટલાક દ્રવ્યાદિથી ઉન્નત હોતા થકા ઉન્નત મનવાળા યાવત ચાર ભંગ એ પ્રકારે સંકલ્પ પ્રજ્ઞા, દષ્ટિ, શીલાચાર, વ્યવહાર, પરાક્રમ. એમ દરેકના ચાર ચાર ભાંગાકરી દરેકની ચૌભંગી ઉતારી લેવી જોઈએ. જોમકે-દ્રવ્યથી અવનત સંકલ્પથી ઉન્નત, દ્રવ્યથી અવનત સંકલ્પથી અવનત ઈત્યાદિ. મન સંબંધી સૂત્રોમાં પુરૂષોજ સમજવા જોઈએ વૃક્ષો નહિ.

ચાર પ્રકારના વૃક્ષ કહેલ છે, જેમકે-કેટલાક વૃક્ષ આકૃતિમાં સરળ અને ફળાદિ દેવામાં પણ સરળ કેટલાક આકૃતિમાં સરળ અને ફળાદિ દેવામાં વક્ર. એ પ્રકારે ચાર ભંગ સમજી લેવા. એમ ચાર પ્રકારના પુરૂષો કહેલ છે. જેમકે-આકૃતિથી સરલ અને હૃદયથી પણ સરળ. એ પ્રકારે ઉન્નત પ્રણતના ચાર ભંગ અને ઋજુવક્રના ચાર ભંગ પણ કહેવા. પરાક્રમ સુધી બધા ભંગ જાણી લેવા.

(૨૫૧) પ્રતિમાધારી અણગારને ચાર ભાષાઓ બોલવી કલ્પે છે યથા યાચની, પ્રચ્છની, અનુજ્ઞાપની અને પ્રશ્ન વ્યાકરણી.

(૨૫૨) ચાર પ્રકારની ભાષાઓ કહેલી છે - સત્યભાષા, મૃષાભાષા, સત્યમૃષા (મિશ્ર) ભાષા અસત્યામૃષા (વ્યવહાર ભાષા)

(૨૫૩) ચાર પ્રકારના વસ્ત્રો કહેલ છે. - શુદ્ધ તન્તુ આદિથી બનાવેલ હોય અને બાહ્ય મેલથી રહિત પણ હોય. અથવા પહેલા પણ શુદ્ધ અને અત્યારે પણ શુદ્ધ. શુદ્ધ બનેલું છે પરંતુ મલિન છે. શુદ્ધ બનેલું નથી પરંતુ સ્વચ્છ છે. શુદ્ધ બનેલું પણ નથી અને સ્વચ્છ પણ નથી. એમ ચાર પ્રકારના પુરૂષ છે. જાતિ આદિથી શુદ્ધ અને જ્ઞાનાદિ ગુણથી પણ શુદ્ધ, ઈત્યાદિ ચાર ભંગ. એ પ્રમાણે પરિણત અને રૂપથી પણ વસ્ત્રની ચૌભંગી અને પુરૂષની પણ ચૌભંગી સમજવી. ચાર પ્રકારના પુરૂષ છે. જાત્યાદિથી શુદ્ધ અને મનથી શુદ્ધ. ઈત્યાદિ એમ સંકલ્પ, યાવત્, પરાક્રમના પણ ચાર ભાંગા સમજવા.

(૨૫૪) ચાર પ્રકારના પુત્ર કહેલ છે. જેમકે - 'અતિજાત' પોતાના પિતાથી પણ વધારે સંપત્તિમાન હોય છે. 'અનુજાત' પિતાની સમાન સંપત્તિમાન 'અવજાત' પિતાથી ઓછા ગુણવાળો 'કુલાંગાર' કલંક લગાડનાર.

(૨૫૫) ચાર પ્રકારના પુરૂષ કહેલ ચે. જેમકે - કેટલાક પ્રથમ પણ સત્ય અને પછી પણ સત્ય હોય છે. કેટલાક પ્રથમ સત્ય અને પછી અસત્ય હોય છે ઈત્યાદિ ચાર ભંગ. પ્રમાણે પરિણ(ત-યાવત્ પરાક્રમના પણ ચાર ભંગ જાણવા જોઈએ. એમ ચાર પ્રકારના વસ્ત્ર કહેલ છે. જેમકે-કેટલાક સ્વભાવથી પણ પવિત્ર અને સંસ્કારથી પણ પવિત્ર. કેટલાક સ્વભાવથી પવિત્ર પરંતુ સંસ્કારથી અપવિત્ર ઈત્યાદિ ચાર ભંગ એમ પુરૂષો પણ ચાર પ્રકારના છે. શુદ્ધ વસ્ત્રના ચાર ભંગ કહેલ છે. તે પ્રમાણે શુચિ વસ્ત્રના પણ ચાર ભંગ જાણવા યાવત પરાક્રમ સુધી કહેવું.

(૨૫૬) ચાર પ્રકારના કોરક કહેલ છે. જેમકે-આમ્રફલનું કોરક (કલિકા) તાડનાફલનું કોરક, વલ્લીફલનું કોરક, મેંઢના વિષાણની સમાન આકારના ફલવાળી એક વનસ્પતિનું કોરક એમ જ ચાર પ્રકારના પુરૂષ કહેલ છે, જેમકે-આમ્રફલના કોરક સમાન, તાડફલના કોરક સમાન, વલ્લીફલના કોરક

સમાન, મેંઢ વિષાણની સમાન વનસ્પતિના કોરક સમાન.

(૨૫૭) ચાર પ્રકારના ગુણ કહેલ છે. જેમકે-કાષ્ઠની ત્વચાને ખાવાવાળા કાષ્ઠની છાલખાવાવાળા, કાષ્ઠખાવાવાળા, કાષ્ઠના સારભાગને ખાવાવાળા. એ પ્રકારે ચાર પ્રકારના ભિક્ષુ કહેલ છે. જેમકે ત્વચા ખાવાવાળા ઘુણની સમાન-યાવત્ સાર ખાવાવાળા ઘુણની સમાન. ત્વચાખાવાવાળા ઘુણની જેવા ભિક્ષુનું તપ સાર ખાવાવાળા ઘુણની જેવું છે એટલે કઠિન કર્મોને ભેદનાર હોય છે. છાલ ખાવાવાળા ઘુણની જેવા ભિક્ષુનું તપ કાષ્ઠખાવાવાળાઘુણની જેવું છે. એટલે મધ્યમ શ્રેણીનું હોય છે. કાષ્ઠ ખાવાવાળા ઘુણની જેવા ભિક્ષુનું તપ છાલ ખાવાવાળા ઘુણની જેવું છે. એટલે કર્મ-ભેદનમાં અસમર્થ હોય છે. સાર ખાવાવાળા ભિક્ષુનું તપ ત્વચા ખાવાવાળા ઘુણની જેવું છે. એટલે કઠોર કર્મોને ભેદનાર હોતું નથી.

(૨૫૮) તૃણ વનસ્પતિ કાયિક ચાર પ્રકાર ના કહેલ છે. જેમકે અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, અને સ્કંધબીજ.

(૨૫૯) ચાર કારણોએ નરકમાં નવીન ઉત્પન્ન નૈરયિક મનુષ્ય લોકમાં શીઘ્ર આવવાની ઈચ્છા કરે છે પરન્તુ આવવામાં સમર્થ થતો નથી. જેમકે નરલોકમાં નવીન ઉત્પન્ન થયેલ નૈરયિક ત્યાં થતી પ્રખલ વેદનાનો અનુભવ કરતો થકો મનુષ્ય લોકમાં શીઘ્ર આવવાની ઈચ્છી કરે છે પરન્તુ શીઘ્ર આવવામાં સમર્થ થતો નથી. નરકભૂમિમાં નવીન ઉત્પન્ન થયેલ નૈરયિક નરકપાલો વડે પુનઃ પુનઃ આક્રાન્ત થવા પર મનુષ્ય લોકમાં જલ્દી આવવાની ઈચ્છા કરે છે પરન્તુ આવવામાં સમર્થ થતો નથી. નરકભૂમિમાં નવીન ઉત્પન્ન થયેલ નૈરયકિ નરકવેદનીય કર્મના ક્ષીણ ન થવાથી વેદના વેદી લીધી ન હોવાથી, અને તે કર્મની નિર્જરા ન હોવાથી ઈચ્છા કરવા પર પણ મનુષ્ય લોકમાં આવવામાં સમર્થ થતો નથી. આ પ્રમાણે નરકાયુ કર્મ ક્ષીણ ન હોવાથી-યાવત્-આવવામાં સમર્થ થતો. નથી આ ચાર કારણોથી નવીન ઉત્પન્ન નૈરયિક મનુષ્ય લોકમાં શીઘ્ર આવવાની ઈચ્છા કરવા પર પણ આવવામાં સમર્થ થતો નથી.

(૨૬૦) સાધ્વીને ચાર સાડીઓ ધારણ કરવા અને પહેરવાને માટે કલ્પે છે. એક બે હાથવિસ્તારની, બે ત્રણ હાથવિસ્તારવાળી, એક ચારહાથ વિસ્તારની.

(૨૬૧) ધ્યાન ચાર પ્રકારે કહેલ છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.

આર્તધ્યાન ચાર પ્રકારનું છે. અમનોજ્ઞ વસ્તુની પ્રાપ્તિ થવા પર તેને દૂર કરવાની ચિન્તા, મનોજ્ઞવસ્તુની પ્રાપ્તિ થવા પર તે દૂર ન થાય તેની ચિન્તા, બિમારી થવા પર તેને દૂર કરવાની ચિન્તા થવી. પ્રાપ્ત કામભોગ નો વિયોગ ન થાય તે ચિંતા, આર્તધ્યાનના ચાર લક્ષણ છે-આક્રન્દ કરવું. શોક કરવો, આંસુ પાડવા, વિલાપ કરવો.

રૌદ્રધ્યાન ચાર પ્રકારનું છે, યથા-હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી, સંરક્ષણાનુબંધી. રૌદ્રધ્યાનના ચાર લક્ષણ કહેલ છે, જેમકે-હિંસાદિ દોષોમાંથી કોઈ એકમાં અત્યન્ત પ્રવૃત્તિ કરવી, હિંસાદિ બધા દોષોમાં બહુવિધ પ્રવૃત્તિ કરવી. હિંસાદિ અધર્મ કાર્યમાં ધર્મ બુદ્ધિથી અથવા અભ્યુદય માટે પ્રવૃત્તિ કરવી. મરણ સુધી હિંસાથી કૃત્યો માટે પશ્ચાતાપ ન કરવું.

ધર્મધ્યાન સ્વરૂપ, લક્ષણ, આલંબન અને અનુપ્રેક્ષા રૂપ ચાર પદોથી ચિન્તનીય છે. આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય. ધર્મધ્યાનનાં ચાર લક્ષણ કહેલ છે. - આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ, અવગાઢ-રુચિ, ધર્મધ્યાનના ચાર આલમ્બન છે. - વાચના, પૃચ્છના, પરિવર્તના અને અનુપ્રેક્ષા. ધર્મધ્યાનની ચાર ભાવનાઓ છે, એકત્વાનુપ્રેક્ષા, અનિત્યાનુ - પ્રેક્ષા, અશરણાનુપ્રેક્ષા, સંસારાનુપ્રેક્ષા.

શુક્લધ્યાનના ચાર પ્રકાર કહેલ છે, જેમકે પૃથકત્વવિતર્ક સવિચારી, એકત્વ વિતર્ક અવિચારી, સૂક્ષ્મ-ક્રિયા અનિવૃત્તિ. સમુચ્છિન્નક્રિયા પ્રતિપાતિ શુક્લ ધ્યાનનાં ચાર લક્ષણ છે, - અવ્યય, અસંમોહ, વિવેક, વ્યુત્સર્ગ. શુક્લ ધ્યાનના ચાર આલમ્બન છે. જેમકે-ક્ષમા, નિર્મમત્સ, મૃદુતા અને સરલતા. શુક્લ ધ્યાનની ચાર ભાવનાઓ છે. અનન્તવર્તિતાનુપ્રેક્ષા, વિપરિણામાનુપ્રેક્ષા, અશુભાનુ - પ્રેક્ષા, અપાયાનુપ્રેક્ષા.

(૨૬૨) દેવોની સ્થિતિ (ક્રમ મર્યાદા) ચાર પ્રકારની છે. જેમકે-કોઈ સામાન્ય દેવ હોય છે. કોઈ દેવોમાં સ્નાતક હોય છે, કોઈ દેવ પુરોહિત હોય છે, કોઈ દેવ સ્તુતિપાઠક હોય છે. ચાર પ્રકારના સંવાસ (મૈથુન માટે સહનિવાસ) કહેલ છે, જેમકે-કોઈ દેવ દેવોની સાથે સંવાસ કરે છે, કોઈ દેવ મનુષ્યનારી અથવા તિર્યંચ સ્ત્રી સાથે સંવાસ કરે છે, કોઈ મનુષ્ય અથવા તિર્યંચ પુરુષ દેવી સાથે સંવાસ કરે છે, કોઈ મનુષ્ય અથવા તિર્યંચ પુરુષ માનુષી અથવા તિર્યંચની સાથે સંવાસ કરે છે.

(૨૬૩-૨૬૪) ચાર કષાય કહેલ છે, જેમકે-ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, અને લોભકષાય. તે ચારે કષાય નારક-યાવત્ વૈમાનિકોમાં એટલે ચોવીસ દંડકોમાં મળે છે.

ક્રોધના ચાર આધાર કહેલ છે, જેમકે-આત્મપ્રતિષ્ઠિત, પરપ્રતિષ્ઠિત,

તદુભય પ્રતિષ્ઠિત અપ્રતિષ્ઠિત. તે ક્રોધના ચાર આધાર નૈરયિક-યાવત્-વૈમાનિક સુધી બધા દંડકોમાં મળે છે. એ પ્રમાણે-યાવત્-લોભના પણ ચાર આધાર છે. માન, માયા, લોભના ચાર આધાર વૈમાનિક સુધી બધા દંડકોમાં જાણવું. ચાર કારણોથી ક્રોધની ઉત્પત્તિ થાય છે- ક્ષેત્રના નિમિત્તથી, વસ્તુના નિમિત્તથી, શરીરના નિમિત્તથી અને ઉપધિના નિમિત્તથી. એ પ્રમાણે દંડકોની અપેક્ષાએ નારક-યાવત્-વૈમાનિક સુધી જાણવું જોઈએ. એ પ્રમાણે-યાવત્-લોભની ઉત્પત્તિ પણ ચાર પ્રકારથી થાય છે. તે માન, માયા અને લોભની ઉત્પત્તિ નારક-જીવોથી લઈને વૈમાનિક સુધી બધામાં જાણવી.

ચાર પ્રકારની ક્રોધ કહેલ છે. જેમકે-અનન્તાનુબન્ધી ક્રોધ, અપ્રત્યાખ્યાન ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, સંજ્વલન ક્રોધ. આ ચારે પ્રકારના ક્રોધ નારક-યાવત્-વૈમાનિકોમાં હોય છે. એ પ્રમાણે-યાવત્ લોભ પણ વૈમાનિક સુધી બદા જીવોમાં જાણવું. ચાર પ્રકારના ક્રોધ કહે છે- આભોગનિર્વર્તિત, અનાભોગનિર્વતિત, ઉપશાંત ક્રોધ, અનુપશાંત ક્રોધ. આ ચારે પ્રકારના ક્રોધ નૈયરિક-યાવત્-વૈમાનિક સુધી સમસ્ત જીવોમાં હોય છે. એમ પ્રમાણે-યાવત્ ચાર પ્રકારના લોભ જાણવા. નારકોથી વૈમાનિકો સુધી જાણવું.

ચાર કારણોથી જીવોએ આઠ કર્મપ્રકૃતિઓનું ચયન કર્યું છે. જેમકે- ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી. નારકોથી વૈમાનિક સુધી એ જ કહેવું. એવી જ રીતે ચયન કરે છે. અને ચયન કરશે. આ ચયન સંબંધી ત્રણ દંડક સમજવા. એ પ્રમાણે ઉપચય કર્યો, કરે છે અને કરશે. એ પ્રમાણે બંધ કર્યો કરે છે અને કરશે. એ પ્રમાણે ઉદીરણા કરી છે, કરે છે અને કરશે. એ પ્રમાણે વેદન કર્યું છે, કરે છે અને કરશે. એ પ્રમાણે નિર્જરા કરી છે, કરે છે અને કરશે. એ પ્રમાણે વૈમાનિક સુધી ચોવીસ દંડકમાં ‘‘ઉપચય-યાવત્-નિર્જરા કરે છે.’’ એમ ત્રણ-ત્રણ દંડક સમજવા.

(૨૬૫) ચાર પ્રકારની પ્રતિમાઓ કહેલી છે. જેમકે-સમાધિ પ્રતિમા, ઉપધાન પ્રતિમા, વિવેક પ્રતિમા અને વ્યુત્સર્ગ પ્રતિમા. ચાર પ્રકારની પ્રતિમાઓ કહેલ છે, જેમકે-ભદ્રા, સુભદ્રા, મહાભદ્રા, સર્વતોભદ્રા. પ્રતિમાના આ પ્રમાણે પણ ચાર પ્રકાર છે - ક્ષુદ્રિકામોકપ્રતિમા, મહતિકામોક પ્રતિમા, યવમધ્યા અને વજ્રમધ્યા.

(૨૬૬) ચાર અજીવ અસ્તિકાય કહેલ છે. જેમકે-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય. ચાર અરુપી અસ્તિકાય કહેલ છે, જેમકે-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને જીવાસ્તિકાય.

(૨૬૭) ચાર પ્રકારના ફળ કહેલ છે, જેમકે-કોઈ કાચું હોવા પર પણ થોડું મીઠું હોય છે, કોઈ કાચું હોવા પર પણ અધિક મીઠું હોય છે, કોઈ પાકું હોવા પર પણ થોડું મીઠું હોય છે, કોઈ પાકું હોવા પર અધિક મીઠું હોય છે. એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષ કહેલ છે, જેમકે-શ્રુત અને વયથી અલ્પ હોવા છતાં પણ થોડા મીઠા ફળની સમાન અલ્પ ઉપશમાદિ ગુણવાળા થાય છે. આ પ્રમાણે ચારે ભંગ સમજવા.

(૨૬૮) ચાર પ્રકારના સત્ય કહેલ છે - કાયાની રુપ સત્ય, ભાષાની સરળતા રુપ સત્ય, ભાવોની સરળતા રુપ સત્ય, ભાષાની સરળતા રુપ સત્ય ભાવોની સરળતા રુપસત્ય, અવિસંવાદ યોગરુપ સત્ય. ચાર પ્રકારના મૃષાવાદ છે કાયાની વક્રતારુપ મૃષાવાદ, ભાષાની વક્રતારુપ ભાવોની વક્રતારુપ વિસંવાદ યોગરુપ મૃષાવાદ.

ચાર પ્રકારના પ્રણિધાન કહેલ છે, મન-પ્રણિધાન, વચન-પ્રણિધાન, કાયપ્રણિધાન અને ઉપકરણ-પ્રણિધાન. એ ચારે પ્રણિધાન નારક-યાવત્ વૈમાનિક સુધી સમસ્ત પંચેન્દ્રિય દંડકમાં જાણવા. ચાર પ્રકારના કહેલ છે. જેમકે-મનસુપ્રણિધાન યાવત્ ઉપકરણ સુપ્રણિદાન. આ પ્રમાણે નારક વૈમાનિક સુધીના પંચેન્દ્રિય જીવોમાં યાવત્ ઉપકરણ સુપ્રણિધાન. આ પ્રમાણે નારક વૈમાનિક સુધીના પંચેન્દ્રિય જીવોમાં હોય છે. ચાર પ્રકારના દુષ્પ્રણિધાન કહેલ છે - મનદુષ્પ્રણિ - ધાન્ યાવત્ ઉપકરણ દુષ્પ્રણિધાન. નારકથી વૈમાનિક સુધી બધા પંચેન્દ્રિયોમાં હોય છે.

(૨૬૮) ચાર પ્રકારના પુરુષ કહેલ છે, જેમકે-કોઈ પ્રથમ વાર્તાલાપમાં ભદ્ર લાગે છે પરંતુ સહવાસતી અભદ્ર જણાય છે, કોઈ સહવાસથી ભદ્ર લાગે છે પણ પ્રથમ મિલનમાં અભદ્ર લાગે છે, કોઈ પ્રથમ મિલનમાં પણ ભદ્ર હોય છે અને સહવાસથી પણ ભદ્ર લાગે છે, કોઈ પ્રથમ મિલનમાં પણ ભદ્ર નથી લાગતા અને સહવાસથી પણ ભદ્ર નથી લાગતા. ચાર પ્રકારના પુરુષ કહેલ છે, જેમકે-પોતાના પાપને જોનાર અન્યના પાપને નહીં જોનાર, અન્યનું પાપ જોનાર પોતાનું પાન નહીં જોનાર, પોતાનું પાપ જોનાર અને અન્યનું પણ પાપ જોનાર, પોતાનું પાપ નહીં જોનાર અને અન્યનું પાપ પણ નહીં જોનાર. ચાર પ્રકારનું પુરૂષ કહેલ છે, જેમકે-કોઈ પોતાના પાપની ઉદીરણા કરતો નથી પણ બીજાના પાપની ઉદીરણા કરે છે. કોઈ પોતાના અને બીજાના પાપની ઉદીરણા કરે છે અને કોઈ પોતાના પાપની ઉદીરણા ન કરે બીજાના પાપની પણ ઉદીરણા ન કરે. એમ ચાર ભંગ જાણવા. ચાર પ્રકારના પુરૂષ કહેલ છે, જેમકે-કોઈ પોતાના પાપને શાંત કરે છે, બીજાના પાપને શાંત કરતો નથી.

કોઈ બીજાના પાપને શાંત કરે છે, પણ પોતાના પાપને શાંત કરતો નથી. કોઈ પોતાના પાપને શાંત કરતો નથી અને બીજાના પાપને પણ શાંત કરતો નથી. એ પ્રમાણે ચૌભંગી જાણવી.

ચાર પ્રકારના પુરૂષ કહેલ છે, જેમકે-કોઈ એક પુરૂષ આસનથી ઊભા થાય છે, ને બીજાને ઊભા થવા દેતો નથી, કોઈ બીજાને ઊભા થવા દે છે, પણ પોતે ઊભા થતો નથી. પોતે ઊભા થાય છે અને બીજાને ઊભા થવા દે છે, કોઈ સ્વયં ઊભો થતો નથી અને બીજાને ઊભા થવા દેતો નથી. ચાર પ્રકારના પુરૂષ કહેલ છે, જેમકે-કોઈ પુરૂષ સ્વયં વંદન કરે છે. બીજા પાસે વંદાવતો નથી, કોઈ પુરૂષ બીજા પાસે વંદાવે છે પણ પોતે વંદન કરતો નથી. તેમજ કોઈ પુરૂષ સ્વયં વંદન કરે છે ને બીજા પાસે કરાવે છે, કોઈ પુરૂષ સ્વયં વંદન કરે નહિ અને અન્ય પાસે કરાવે નહિ. એ જ પ્રમાણે સત્કાર, સન્માન, પૂજા વાચના પ્રતિપ્રચ્છના સૂત્રાર્થ વગેરેની ચૌભંગી સમજી લેવી જોઈએ. ચાર પ્રકારના પુરૂષ કહેલ છે, કોઈ સૂત્રધર હોય છે અર્થધર નથી હોતા. કોઈ અર્થધર હોય છે સૂત્રધર નથી હોતા. કોઈ સૂત્રધર પણ હોય છે અને અર્થધર પણ હોય છે કોઈ સૂત્રધર પણ નથી અને અર્થધર પણ નથી હોતા.

(૨૭૦) અસુરેન્દ્ર અસુરકુમાર રાજ ચમરના ચાર લોકપાલ કહેલ છે, જેમકે-સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ એ પ્રમાણે બલીન્દ્રના પણ સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ ચાર લોકપાલ છે. ધરણેન્દ્રના કાલપાલ, કોલપાલ, શૈલપાલ અને શંખપાલ ચાર લોકપાલ છે. એ પ્રમાણે ભૂતાનન્દના કાલપાલ, કોલપાલ, શૈલપાલ અને શૃંખપાલ ચાર લોકપાલ છે. એ પ્રમાણે ભૂતાનન્દના કાલપાલ, કોલપાલ, શંખપાલ અને શૈલપાલ એમ ચાર લોકપાલ છે. વેણુદેવના ચિત્ર, વિચિત્ર, વિચિત્રપક્ષ, અને ચિત્રપક્ષ ચાર છે. હરિકાન્તના, પ્રભ, સુપ્રભ, પ્રભાકાંત અને સુપ્રભાકાંત ચાર છે. હરિસ્સહના પ્રભુ. સુપ્રભુ સુપ્રભાકાંત, પ્રભાકાંત ચાર છે. અગ્નિશિખના તેજ, તેજશિખ, અને તેજસ્કાન્ત, પૂર્ણઈન્દ્રના રૂપ, રૂપાંશ, રૂપકાન્ત અને રૂપપ્રભ વિશિષ્ટઈન્દ્રના રૂપ, રૂપાંશ, રૂપપ્રભ અને રૂપકાન્ત, જલકાન્ત, ઈન્દ્રના જલ, જલરત, જલકાન્ત અને જલપ્રભ. અમિતગતિના-ત્વરિતગતિ, ક્ષિપ્રગતિલ, સિંહગતિ અને સિંહવિક્રમગતિ અમિતવાહનના - ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહવિક્રમગતિ, સિંહગતિ. વેલમ્બના-કાલ, મહાકાલ, અંજન અને રિષ્ટ. પ્રભંજનના કાલ, મહાકાલ, રિષ્ટ, અને અંજન. ઘોષના-આવર્ત, વ્યાવર્ત, નન્દ્યાવર્ત અને મહાન્દ્યા વરૂણ અને વૈશ્રમણ. ઈશાનેંદ્રના સોમ, યમ, વૈશ્રમણ અને વરૂણ. ઈશાનેંદ્રના સોમ, યમ, વૈશ્રમણ અને વરૂણ. એ પ્રમાણે એકના અન્તરથી અચ્યુતેન્દ્રસુધી ચાર ચાર લોકપાલ સમજવા. આ પ્રમાણે સૌધર્મેન્દ્ર, સનત્કુમાર, બ્રહ્મ, મહાશુક્ર અને પ્રાણતેન્દ્રના લોકપાલો સમાન નામવાળા છે. અને ઈશાન, માહેન્દ્ર, લાન્તકસ સહસ્ત્રાર અને અચ્યુતેન્દ્રના સમાન નામવાળા છે. વાયુ-કુમાર ચાર પ્રકારના કહેલ છે, જેમકે-કાલ, મહાકાલ, વેલમ્બ અને પ્રભંજન.

(૨૭૧) ચાર પ્રકારના દેવ છે,-ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક, વિમાનવાસી.

(૨૭૨) ચાર પ્રકારના પ્રમાણ કહેલ છે, જેમ કે- દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાલપ્રમાણ અને ભાવપ્રમાણ.

(૨૭૩) ચાર પ્રધાન દિક્કુમારીઓ છે, - રૂપા, રૂપાંશ, સુરૂપા અને રૂપવતી. ચાર પ્રધાન વિદ્યુતકુમારીઓ કહેલ છે. - ચિત્રા, ચિત્રકનકા શતેરા અને સૌદામિની.

(૨૭૪) દેવેન્દ્ર દેવરાજ શક્રની મધ્યમ પરિષદના દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહેલ છે. દેવેન્દ્ર દેવરાજ ઈશાનની મધ્યમ પરિષદની દેવીઓની ચાર પલ્યોપમની સ્થિતિ છે.

(૨૭૫) સંસાર ચાર પ્રકારના છે, - દ્રવ્ય સંસાર, ક્ષેત્ર સંસાર કાલ સંસાર અને ભાવસંસાર.

(૨૭૬) ચાર પ્રકારના પ્રાયશ્ચિત કહેલ છે, જેમ કે-જ્ઞાન પ્રાયશ્ચિત, દર્શન પ્રાયશ્ચિત્ત, ચારિત્ર પ્રાયશ્ચિત્ત, વ્યક્ત કૃત્ય પ્રાયશ્ચિત્ત. ચાર પ્રકારના પ્રાયશ્ચિત્ત કહેલ છે, જેમ પરિસેવનાપ્રાયશ્ચિત્ત, સંયોજના પ્રાયશ્ચિત્ત, આરોપણપ્રાયશ્ચિત્ત, પારાચિંતપ્રાયશ્ચિત્ત.

(૨૭૮) ચાર પ્રકારના કાલ કહેલ છે, જેમ કે-પ્રમાણકાલ યથાયુર્નિવૃતિકાલ, મરણકાલ, અદ્ધાકાલ.

(૨૭૯) પુદ્ગલોના ચાર પ્રકારના પરિણમન કહેલ છે, જેમ કે :- વર્ણપરિણામ, ગંધપરિણામ, રસપરિણામ, સ્પર્શપરિણામ.

(૨૮૦) ભરત અને ઐરવત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરો સિવાયના ચતુર્યામ ધર્મની પ્રરૂપણા કરી છે. જેમ કે સર્વથા પ્રાણાતિપાતથી વિરમણ, સર્વથા મૃષાવાદથી વિરમણ, સમસ્ત અદત્તાદાનથી વિરમણ, સર્વથા બહિદ્ધાદાન (પરિગ્રહ) વિરમણ. સમસ્ત મહાવિદેહોમાં અર્હંતા ભગવાન ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરે છે, જેમકે સમસ્ત પ્રાણાતિપાતથી નિવૃત્ત થવું-યાવત્-સમસ્ત પરિગ્રહથી વિરમણ.

(૨૮૧) ચાર પ્રકારની દુર્ગતિઓ કહેલી છે. જેમકે નૈરયિક દુર્ગતિ,

તિર્યગ્યોનિક દુર્ગતિ, મનુષ્ય દુર્ગતિ, દેવ દુર્ગતિ. ચાર પ્રકારની સુગતિ કહી છે, જેમ કે- સિદ્ધ સુગતિ, દેવ સુગતિ, મનુષ્ય સુગતિ, શ્રેષ્ઠ કુલમાં જન્મ લેવો તે સુગતિ. ચાર દુર્ગતિપ્રાપ્ત કહેલ છે - નૈરયિક દુર્ગતિપ્રાપ્ત, તિર્યંચ દુર્ગતિ પ્રાપ્ત મનુષ્ય દુર્ગતિપ્રાપ્ત, દેવ દુર્ગતિપ્રાપ્ત. ચાર સુગતિપ્રાપ્ત કહેલ છે, જેમ કે- સિદ્ધસુગતિપ્રાપ્ત યાવત્ શ્રેષ્ઠ કુલમાં જન્મપ્રાપ્ત.

(૨૮૨) પ્રથમ સમયના જિન ની પ્રકૃતિઓ ક્ષીણ થઈ ગઈ હોય, જેમ કે-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કેવલજ્ઞાનદર્શન જેને ઉત્પન્ન થયા છે એવા અર્હન્ત ભગવાન કેવળ ચાર પ્રકૃતિઓનું વેદન કરે છે. જેમ કે - વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. પ્રથમ સમય સિદ્ધની ચાર કર્મ પ્રકૃતિઓ એક સાથે ક્ષીણ થાય છે, જેમ કે વેદનીય આયુષ્ય, નામ અને ગોત્ર.

(૨૮૩) ચાર કારણોથી હાસ્યની ઉત્પત્તિ થાય છે, જેમ કે કાંઈક જોઈને, બોલીને, સાંભળીને અને સ્મરણ કરીને.

(૨૮૪) ચાર પ્રકારના અંતર કહેલ છે, જેમ કે-કાષ્ટાંતર પક્ષ્માન્તર, લોહાન્તર, પ્રસ્તરાન્તર; એ પ્રમાણે સ્ત્રી, સ્ત્રીમાં અને પુરુષ પુરુષમાં પણ ચાર પ્રકારના અન્તર કહેલ છે - કાષ્ઠાન્તરની સમાન, પક્ષ્માન્તરની સમાન, લોહાન્તરની સમાન, પ્રસ્તરાન્તરની સમાન.

(૨૮૫) ચાર પ્રકારના કર્મકર (નોકર) કહેલ છે, જેમ કે- દિવસભૃતક, યાગભૃતક, ઉચ્ચતાભૃતક, કમ્બાડભૃતક.

(૨૮૬) ચાર પ્રકારના પુરૂષ કહેલ ચે, જેમ કે-કેટલાક પ્રગટ રૂપથી દોષનું સેવન કરે છે. ગુપ્ત રીતે દોષનું સેવન કરતા નથી તે બકુશ. કેટલાક ગુપ્ત રૂપથી દોષનું સેવન કરે છે પરંતુ પ્રગટ રૂપે સેવતા નથી તે કષાયકુશીલ, કેટલાક પ્રગટરૂપે પણ અને ગુપ્ત રીતે પણ દોષનું સેવન કરે છે તે પ્રતિસેવન કુશીલ. કેટલાક પ્રગટ રૂપથી અને ગુપ્ત રીતે પણ દોષનું સેવન કરતા નથી, તે સ્નાતક.

(૨૮૭) અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરેન્દ્રના સોમપાલ મહારાજાની ચાર અગ્રમહિષી કહેલી છે, જેમકે-૧ કનકા, ૨ કનકલતા, ૩ ચિત્રગુપ્તા અને ૪ વસુંધરા. એ પ્રમાણે યમની વરુણની અને વૈશ્રમણ લોકપાલોની પણ એ જ નામવાળી ચાર ચાર અગ્રમાહિષીઓ છે. વૈરોચનેંદ્ર વૈરોચનરાજ બલિના સોમ નામના લોકપાલની ચાર અગ્રમહિષિઓ છે. મિત્રકા, સુભદ્રા, વિદ્યુતા અને અશની એ પ્રમાણે યમ, વૈશ્રમણ અને વરુણ લોકપાલોની ચાર ચાર અગ્રમહિષીઓ ચે. નાગકુમારેન્દ્ર, નાગકુમારના રાજા ધરણેન્દ્રના કાલવાલ લોકપાલની ચાર અગ્રમહિષીઓ છે. અશોકા, વિમલા, સુપ્રભા અને સુદર્શના એ પ્રમાણે યાવત્-શંખપાલના પણ અગ્રમાહેષીઓ છે. નાગેન્દ્ર નાગકુમાર- રાજ ભૂતાનંદના કાલપાલ લોકપાલની ચાર અગ્રમહિષીઓ છે. જેમકે સુનન્દા, સુભદ્રા, સુજાતા સુમના. એ પ્રમાણે યાવત્-શૈલપાલના અગ્રમહિષીઓ જાણવી જોઈએ. જેમ ધરણેન્દ્રના લોકપાલોની અગ્રમહિષીઓ છે. એ પ્રમાણે દક્ષિણદિશાના લોકપાલોની યાવત્-ઘોષ નામના ઈન્દ્રના લોકપાલોની અગ્રમહિ- ષીઓ જાણવી. જે રીતે ભૂતાનંદના અગ્રમહિષીઓનું કથન કર્યું તે પ્રમાણે ઉત્તરના બધા ઈન્દ્ર-યાવત્ મહાઘોષ નામના ઈન્દ્રના લોકપાલોની અગ્રમહિષીઓ સમજવી.

પિશાચેન્દ્ર પિશાચરાજ કાલની ચાર અગ્રમહિષીઓ છે, જેમ કે-કમલા, કમલપ્રભા, ઉત્પલા અને સુદર્શના. એ પ્રમાણે મહાકાલની પણ જાણવી. ભૂતેન્દ્ર ભૂતરાજ સુરૂપની ચાર અગ્રમહિષીઓ છે, જેમ કે-રૂપવતી, બહુરૂપા સુરૂપા અને સુભગા. એ પ્રમાણે પ્રતિરૂપની જાણવી. યક્ષેન્દ્ર યક્ષરાજ પૂર્ણભદ્રની ચાર અગ્રમહિષીઓ છે. જેમ કે- પુત્રા, બહુપુત્રા, ઉત્તમા, અને તારકા. એ પ્રમાણે યક્ષેન્દ્ર મણીભદ્રની પણ જાણવી. રાક્ષસેન્દ્ર રાક્ષસરાજ ભીમની ચાર અગ્રમહિષીઓ છે. તેમના નામ-પદ્મા, વસુમતિ, કનકા, રત્નપ્રભા. એ પ્રમાણે રાક્ષસેન્દ્ર મહાભીમની પણ ચાર અગ્રમહિષી જાણવી. કિન્નરેન્દ્ર કિન્નરની ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ-વડિંસા, કેતુમતી, રતિસેના, અને રતિપ્રભા, એ પ્રમાણે કિન્નરેન્દ્ર કિંપુરુષની જાણવી. કિંપુરુષેન્દ્ર કિંપુરુષરાજ સત્પુરુષની ચાર ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ-રોહિણી, નવમિકા, હ્રી, અને પુષ્પાવતી, એ પ્રમાણે કિંપુરૂષેન્દ્ર મહાપુરૂષની જાણવી. મહોરગેન્દ્ર મહોરગરાજ અતિકાયની ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ- ભુજગા, ભુજગાવતી, મહાકચ્છા, અને સ્ફુટા, એ પ્રમાણે મહાકાયની અગ્રમહિષીઓ પણ એ જ નામની જાણવી. ગંધર્વેન્દ્ર ગંધર્વરાજ ગીતરતિની ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ-સુઘોષા, વિમલા, સુસ્વરા, ને સરસ્વતી. એ પ્રમાણે ગીતશયની પણ જાણવી.

જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ ચંદ્રની ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામચન્દ્રપ્રભા, જ્યોત્સનાભા અર્ચિમાલી, અને પ્રભંકરા. સૂર્યની ચાર અગ્ર- મહિષીઓ છે. :- સૂર્યપ્રભા, જ્યોત્સનાભા, અર્ચિમાલી, અને પ્રભંકરા. અંગારક નામના મહાગ્રહની ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ-વિજ્યા, વૈજયંતી જયંતી અને અપરાજિતા. એવી રીતે બધા મહાગ્રહોની, યાવત્ ભાવકેતુ નામના છેલ્લા ગ્રહની ચાર અગ્રમહિષીઓ છે. દેવેન્દ્ર દેવરાજ શક્રના

લોકપાલ સોમ મહારાજાની ચાર અગ્રમહીષીઓ છે - રોહિણી, મદના, ચિત્રા અને સોમા એ પ્રમાણે વૈશ્રવણ સુધી જાણવું. દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્રના લોકપાલ સોમ મહારાજની ચાર અગ્રમહિષીઓ છે પૃથિવી, રાની, રજની અને વિદ્યુત, એ પ્રમાણે શેષ લોકપાલોની યાવત્ વરુણ સુધી જાણવું.

(૨૮૮) ગોરસ વિકૃતિઓ ચાર છે દૂધ, દહીં, ઘી, માખણ. સ્નિગ્ધ વિકૃતિઓ ચાર છે - તેલ ઘી, ચરબી, માખણ મહા વિકૃતિઓ ચાર છે - મધ, માંસ, મદ્ય, માખણ.

(૨૮૯) કૂટાગાર ગૃહ ચાર પ્રકારના છે. કોઈ કૂટાગાર ગુપ્ત પ્રકાથી આવૃત અને ગુપ્ત દ્વારવાળું હોય છે. કોઈ કૂટાગાર ગુપ્ત-પ્રકારથી આવૃત પરંતુ અગુપ્ત દ્વારવાળુ હોય છે. કોઈ કૂટાગાર અગુપ્ત-પ્રકારથી રહિત છે પરંતુ ગુપ્ત દ્વારવાળું હોય છે. કોઈ કૂટાગારઅગુપ્ત-પ્રકારથી રહિત છે અને ગુપ્ત દ્વારવાળું હોય છે. એ પ્રમાણે ચાર પ્રકારના પુરૂષ કહેલ છે, એક પુરૂષ ગુપ્ત છે અને ગુપ્તેન્દ્રિય છે. એક પુરૂષ ગુપ્ત છે પરંતુ અગુપ્તેન્દ્રિય છે. એક પુરૂષ અગુપ્ત છે પરંતુ ગુપ્તેન્દ્રિય છે. એક પુરૂષ અગુપ્ત છે અને અગુપ્તેન્દ્રિ છે.

કૂટાગાર શાલા-ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે-કોઈ શાલાગુપ્ત છે, એટલે પ્રકારાદિથી આવૃત્ત છે અને ગુપ્ત દ્વારવાળી છે. કોઈ શાલા ગુપ્ત છે - પરંતુ ગુપ્તદ્વારવાળી નથી. કોઈ શાલા અગુપ્ત છે - પ્રાંકારાદિથી આવૃત નથી ને ગુપ્ત દ્વારવાળી પણ નથી. આ પ્રમાણે ચાર પ્રકારની સ્ત્રીઓ કહેલી છે. એ આ પ્રમાણે - એક ગુપ્તા એટલે વસ્ત્રાવૃતા છે અને ગુપ્તેન્દ્રિયા છે. એક ગુપ્ત છે. પરંતુ ગુપ્તેન્દ્રિયા નથી. એક અગુપ્તા છે વસ્ત્રાદિથી અનાવૃત છે. પરંતુ ગુપ્તેન્દ્રિયા છે. એક અગુપ્તા છે - છે. પરંતુ ગુપ્તેન્દ્રિયા છે. એક અગુપ્તા છે - અને અગુપ્તન્દ્રિય છે.

(૨૯૦) અવગાહના ચાર પ્રકારની કહેલ છે. દ્રવ્યાગ્રાહના ક્ષેત્રાવગાહના કાલાવગાહના ભાવાવગાહના.

(૨૯૧) ચાર પ્રજ્ઞપ્તિઓને અંગબાહ્ય કહી છે. જેમ કે ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ દ્વીપસારગ પ્રજ્ઞપ્તિ.

સ્થાન : ૪ - ઉદ્દેસો :૧ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

ઉદ્દેસક : ૨

(૨૯૨) પ્રતિસંલીન (કષાયનો નિરોધ કરવાવાળા) પુરુષ ચાર પ્રકારના છે, તે આ પ્રમાણે ક્રોધપ્રતિસંલીન, માનપ્રતિસંલીન, માયાપ્રતિસંલીન લોભપ્રતિસંલીન. અપ્રતિસંલીન પુરુષ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે ક્રોધ અપ્રતિસંલીન, માનઅપ્રતિસંલીન, માયાઅપ્રતિસંલીન, લોભઅપ્રતિસંલિન છે. પ્રતિસંલીન, કાયપ્રતિસંલીન ઈન્દ્રિયપ્રતિસંલીન. અપ્રતિસંલીન પુરુષ વર્ગ ચાર પ્રકારના છે મનઅપ્રતિસંલીન વચનઅપ્રતિસંલીન, કાયઅપ્રતિસસંલીન, ઈન્દ્રિયઅપ્રતિસંલીન.

(૨૯૩) ચાર પ્રકારના પુરુષો કહેલા છે. તે આ પ્રમાણે - કોઈ પુરુષ બાહ્યવૃત્તિથી દીન અને આભ્યંતર વૃત્તિથી પણ દીન અથવા પહેલા દીન અને પછી દીન કોઈ બાહ્યવૃતિથી દીન પણ આભ્યંતર વૃતિથી અદીન અથવા પહેલા દીન. પછી અદીન એક બાહ્યવૃતિથી અદીન અને અંતરવૃતિથી દીન અથવા પહેલા અદીન પછી દીનવ એક બાહ્યવૃત્તિથી અદીન અને અંતરવૃત્તિથી અદીન અથવા પહેલા પણ અદીન. અને પછી પણ અદીન. ચાર પ્રકારના પુરુષવર્ગ છે - એક પુરુષ શરીરથી રાંકડા જેવો અને અંતરવૃત્તિથી પણ દીન-કાયર. એક પુરુષ બાહ્ય વૃત્તિથદિન પણ આંતર વૃત્તિથી અદીન-હિમ્મતવાળો. એક પુરુષ અદીન-પુષ્ટ અને અંતરંગ પરિણામથી-દીન-કાયર, એક શરીરથી અદીન-મજબૂત અને અંતરંગ પરિણામથી અદીન-શૂરવીર ?

ચાર પ્રકારના પુરુષવર્ગ છે : કોઈ પુરુષ શરીરથી દીન અને મલિન વસ્ત્રાદિથી દીન - કોઈ એક શરીરથી દીન પણ વસ્ત્રાદિથી અદીન-રૂપવાળો. કોઈ એક શરીરથી અદીન પણ મલીન વસ્ત્રાદિ વડે દીનરૂપવાળો કોઈ એક શરીરથી અદીન-પુષ્ટ અને શ્રેષ્ઠ વસ્ત્રાદિ વડે અદીન રૂપવાળો. ચાર પ્રકારના પુરુષવર્ગ છે : એક શરીરથી દીન અને મનથી પણ દીન છે. એક શરીરથી દીન પણ મનથી અદીન છે. એક શરીરથી અદીન પણ મનથી દીન છે. એક શરીરથી અદીન અને મનથી પણ અદીન છે. ચાર પ્રકારના પુરુષવર્ગ છે - એક શરીરથી દીન અને સંકલ્પથી પણ દીન એક શરીરથી દીન પણ સંકલ્પથી અદીન. એક શરીરથી અદીન પણ સંકલ્પથી દીન. એક શરીરથી અદીન અને સંકલ્પથી પણ અદીન. ચાર પ્રકારના પુરુષવર્ગ છે : એક શરીરથી દીન અને પ્રજ્ઞાથી પણ દીન છે. એક શરીરથી દીન પણ પ્રજ્ઞાથી શ્રેષ્ઠ છે. એક શરીરથી અદીન પણ પ્રજ્ઞાની દીન છે. તેમજ એક શરીરથી અને પ્રજ્ઞાથી બન્નેથી અદીન છે. ચાર પ્રકારના પુરુષવર્ગ છે. એક શરીરથી દીન અને ચક્ષુના તેજથી પણ હીન છે. એક શરીરથી દીન પણ ચક્ષુના તેજથી હીન છે. તેમજ એક શરીર અને ચક્ષુના તેજ, બન્નેથી અદીન છે. એ પ્રમાણે દીન શીલાચાર, દીન વ્યવહાર, દીન પરાક્રમ, દીન, વૃત્તિ, દીન જાતિ, દીન ભાસી દીનાવભાસી, દીન સેવી અને દીન પરિવારના ચારચાર ભાંગા જાણવા.

(૨૯૪) ચાર પ્રકારના પુરુષવર્ગ કહેલ છે, તે આ પ્રમાણે - કોઈ

(ક્ષેત્રથી) આર્ય અને (પાપકર્મને ન કરવાથી) આર્ય. કોઈ (ક્ષેત્રથી) આર્ય અને (પાપકર્મ કરવાથી) અનાર્ય. કોઈ (ક્ષેત્રથી) અનાર્ય અને (પાપકર્મને ન કરવાથી) કોઈ (ક્ષેત્રથી) અનાર્ય અને (પાપકર્મને કરવાથી પણ) અનાર્ય એ પ્રમાણે ૨ આર્યપરિણતિ, ૩ આર્યરૂપ, ૪ આર્યમન, ૫ આર્યસંકલ્પ, ૬ આર્યપ્રજ્ઞા, ૭ આર્યદષ્ટિ, ૮ આર્યશીલાચાર, ૯ આર્યવ્યવહાર, ૧૦ આર્યપરાક્રમ, ૧૧ આર્યવૃત્તિ, ૧૨ આર્યજાતિ, ૧૩ આર્યભાષી, ૧૪ આર્યાવભાષી, ૧૫ આર્યપર્યાય, ૧૭ આર્યપરિવાર, ૧૮ આર્યભાવવાળા પુરુષના પણ ચાર ચાર ભાંગા જાણવા.

(૨૯૫) ચાર પ્રકારના વૃષભ કહેલ છે, તે આ પ્રમાણે - જાતિસંપન્ન, કુલસંપન્ન, બલસંપન્ન અને રૂપસંપન્ન. એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષ છે, જાતિસંપન્ન યાવત્ રૂપસંપન્ન. બીજી રીતે પણ વૃષભના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે એક જાતિસંપન્ન છે પરંતુ કુલસંપન્ન નથી. એક કુલસંપન્ન છે પરંતુ જાતિસંપન્ન નથી. એક જાતિસંપન્ન છે અને કુલસંપન્ન પણ છે. એક જાતિસંપન્ન પણ નથી અને કુલસંપન્ન પણ નથી. એ પ્રમાણે પુરુષ વર્ગના પણ ચાર ભાંગા સમજી લેવા જોઈએ.

વૃષભ ચાર પ્રકારના છે તે આ પ્રમાણે - એક જાતિસંપન્ન છે પરંતુ બલસંપન્ન નથી. એક બલસંપન્ન છે પરંતુ જાતિસંપન્ન નથી. એક જાતિસંપન્ન પણ છે અને બલસંપન્ન પણ છે. એક જાતિસંપન્ન પણ નથી અને બલસંપન્ન પણ નથી. એ જ પ્રમાણે પુરુષ વર્ગના ચાર ભાંગા જાણવા. વૃષભ ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે - એક જાતિસંપન્ન છે પરંતુ રૂપસંપન્ન નથી. એક રૂપસંપન્ન છે પરંતુ જાતિસંપન્ન નથી. એક જાતિસંપન્ન પણ છે અને રૂપસંપન્ન પણ છે. એક જાતિસંપન્ન પણ નથી અને રૂપસંપન્ન પણ નથી. એ પ્રમાણે પુરુષ વર્ગના પણ ચાર ભાંગા જાણવા. કુલસંપન્ન, બલસંપન્ન, વૃષભના ચાર ભાંગા છે. એ પ્રમાણે પુરુષ વર્ગના પણ ચાર ભાંગા જાણવા. કુલસંપન્ન, બલસંપન્ન, વૃષભના ચાર ભાંગા છે. એ પ્રમાણે પુરુષ વર્ગના પણ ચાર ભાંગા છે. કુલસંપન્ન અને રુપસંપન્ન વૃષભના ચાર ભાંગા છે. એ પ્રમાણે પુરુષવર્ગના પણ ચાર ભાંગા છે. એ પ્રમાણે પુરુષવર્ગના પણ ચાર ભાંગા છે.

હાથીના ચાર પ્રકાર કહેલ છે, જેમ કે - ભદ્ર મંદ મૃગ સંકીર્ણ : એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષ કહેલ છે. ભદ્ર યાવત્ સંકીર્ણ. હાથી ચાર પ્રકારના છે, તે આ પ્રમાણે - એક ભદ્ર છે અને ભદ્ર મનવાળો છે, એક ભદ્ર છે પરંતુ મંદ મનવાળો છે, એક ભદ્ર છે પરંતુ મૃગ મનવાળો છે, એક ભદ્ર છે પરંતુ મૃગ મનવાળો છે. એક ભદ્ર છે પરંતુ સંકીર્ણ મનવાળો છે. આ પ્રમાણે પુરુષ વર્ગ પણ ચાર પ્રકારના છે. હાથીના પણ આ પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે - એક મંદ પરંતુ ભદ્ર મનવાળો છે. એક મંદ છે અને મંદ મનવાળો છે. એક મંદ પરંતુ મૃગ મનવાળો છે. એક મંદ છે પરંતુ સંકીર્ણ મનવાળો છે. એ પ્રમાણે પુરુષવર્ગ પણ ચાર પ્રકારના કહેલ છે. હાથીના આ ચાર પ્રકાર છે - એક મૃગ છે અને ભદ્ર મનવાળો છે. એક મૃગ છે પરંતુ મંદ મનવાળો છે. એક મૃગ છે અને મૃગ મનવાળો પણ છે. એક મૃગ છે પરંતુ સંકીર્ણ મનવાળો છે. એ પ્રમાણે પુરુષના પણ ''મૃગ અને ભદ્રમનવાળા'' એમ ચાર ભેદ સમજવા. હાથીના આ પ્રમાણે ચાર પ્રકાર પડે છે-એક સંકીર્ણ છે પરંતુ ભદ્ર મનવાળો છે. એક સંકીર્ણ છે પરંતુ મંદ મનવાળો છે, એક સંકીર્ણ છે પરંતુ મૃગ મનવાળો છે, એક સંકીર્ણ છે અને સંકીર્ણ મનવાળો છે. એજ પ્રમાણે પુરુષના પણ ''સંકીર્ણ અને ભદ્ર મનવાળો'' એ ચાર ભેદ છે.

(૨૮૬-૩૦૦) ગાથા :- ભદ્ર હાથીના લક્ષણે-મધની ગોળીની સમાન પિંગલ-આંખોવાળો, અનુક્રમથી પતલી, સુંદર અને લાંબી પૂંછડીવાલો અને ઉન્નત મસ્તક આદિથી સર્વાંગ સુંદર ભદ્ર હાથી ધીર પ્રકૃતિનો હોય છે. મંદ હાથીના લક્ષણો-ચંચલ સ્થૂલ અને ક્યાંક પાતળી અને ક્યાંક મોટી ચામડીવાળો, સ્થૂલ મસ્તક, પૂંછ, નક, દાંત અને કેશવાળોતથા સિંહની સમાન પિંગલ નેત્રવાળો હાથી મંદ (અધીર) પ્રકૃતિનો હોય છે. મૃગ હાથીનું લક્ષણ :- કૃશ શરીર અને કૃશ ગ્રીવાવાળો, પાતળી ચામડી, નખ, દાંત અને કેશવાળો, ભયભીત, સ્થિર કર્ણ, ઉદ્વિગ્નતાપૂર્વક ગમન કરવાવાળો સ્વયં ત્રસ્ત અને અન્યોને ત્રાસ દેવા વાળો હાથી મૃગ પ્રકૃતિનો હોય છે. સંકીર્ણ હાથીનું લક્ષણ-જે હાથીમાં ભદ્ર, મંદ અને મૃગ પ્રકૃત્રિના હાથીઓનાં થોડા થોડા લક્ષણ હોય તથા જે વિચિત્ર રૂપ અને શીલ વાળો હોય તે હાથી સંકીર્ણ પ્રકૃતિ વાળો હોય છે. હાથીઓનો મદકાલ-ભદ્ર જાતિનો હાથી શરદ ઋતુમાં મદવાળો હોય છે. મંદ જાતિનો હાથી વસંત ઋતુમાં મદવાળો હોય છે. મૃગ જાતિનો હાથી હેમંત ઋતુમાં મદોન્મત હોય છે અને સંકીર્ણ જાતિનો હાથી કોઈ પણ ઋતુમાં મદોન્તમ હોય છે.

(૩૦૧) ચાર પ્રકારની વિકથાઓ કહી છે - સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા. સ્ત્રીકથા ચાર પ્રકારની છે - સ્ત્રીઓની જાતિની કથા, કુલની કથા, રૂપની કથા, નેપથ્યની (વેશભૂષા સંબંધી) કથા. ભક્તકથા ચાર પ્રકારની છે. ભોજન સામગ્રીની કથા, વિવિધ પ્રકારના પકવાનો અને વ્યંજનોની કથા, ભોજન બનાવવાની કથા, ભોજન નિર્માણની વ્યયની કથા. દેશકથા ચાર

પ્રકારની છે - દેશના વિસ્તારની કથા, દેશમાં ઉત્પન્ન થવા વાળા ધાન્યાદિની કથા, દેશવાસીઓના કર્તવ્યાકર્તવ્યની કથા દેશવાસીઓના નેપથ્ય-ની કથા. રાજકથા ચાર પ્રકારની છે - રાજાના નગરપ્રવેશની કથા રાજાના નગરપ્રયાણની કથા, રાજાના બલ-વાહનની કથા, રાજાના કોઠાર (ભંડાર)ની કતા. ચાર પ્રકારની ધર્મકથા કહી છે - આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની. આક્ષેપની કથા ચાર પ્રકારની છે - આચાર-આક્ષેપણી વ્યવહાર-આક્ષેપણી પ્રજ્ઞપ્તિ-આક્ષેપની દષ્ટિવાદ-આક્ષેપણી કથા. વિક્ષેપણી કથા ચાર પ્રકારની છે - સ્વ સિદ્ધાન્તના ગુણોનું કથન કરવું અને પર સિદ્ધાંતના દોષો બતાવવા. પર સિદ્ધાંતનું ખંડન કરીને સ્વ સિદ્ધાંતની સ્થાપના કરવી. પર સિદ્ધાન્તમાં જે સમોચીત તત્ત્વ હોય તેને પરસિદ્ધાન્તના દોષો બતાવવા. પર સિદ્ધાન્ત - ની મિથ્યા માન્યતાઓ બતાવી, સત્ય સિદ્ધાન્તની સ્થાપના કરવી. સંવેદની કથા ચાર પ્રકારની છે - ઈહલોક સંવેદની - મનુષ્ય દેહની નશ્વરતા બતાવી વૈરાગ્ય ઉપજાવનારી. પરલોક સંવેદની - પરલોકના સ્વરૂપને પ્રગટ કનારી કથા. આત્મશરીર સંવેદની - સ્વશરીરને અશુચિમય બતાવવાવાળી કથા. પરશરીરસંવેદની - નિર્વેદની કથા ચાર પ્રકારની છે - આ જન્મમાં કરેલા દુષ્કર્મોનું ફળ આ જન્મમાં મળે છે તે બતાવવાળી કથા. આ જન્મમાં કરેલા દુષ્કર્મોનું ફળ પરજન્મમાં મળે છે તે બતાવવાવાળી કથા. પરજન્મમાં કરેલા દુષ્કર્મોનું ફળ આ જન્મમાં મળે છે તે બતાવતી કથા. પરજન્મમાં કરેલ દુષ્કર્મોનું ફળ પર-જન્મમાં મળે છે તે બતાવતી કથા. આજન્મમાં કરેલા સત્કર્મોનું કૃત આ જન્મમાં મળે છે. તે બતાવતી કથા યાવત્ છે. પરજન્મકૃત સત્કર્મોનું ફળ પરજન્મમાં મળે છે એ બતાવતી કથા.

(૩૦૨) ચાર પ્રકારના પુરુષવર્ગ કહેલ છે - એક પુરુષ પહેલા કૃષ હતો અને વર્તમાનમાં પણ કૃષ છે. એક પુરુષ પહેલા કૃષ હતો અને વર્તમાનમાં સુદૃઢ શરીરવાળો છે. એક પુરુષ પહેલા સુદૃઢ શરીરવાળો છે પરંતુ વર્તમાનમાં કૃષકાય છે. એક પહેલા સુદૃઢ શરીરવાળો હતો અને વર્તમાનમાં પણ સુદૃઢ શરીરવાળો છે. ચાર પ્રકારના પુરુષ કહેલા છે - એક પુરુષ હીન મનવાળો છે અને કૃષકાય પણ છે. એક પુરુષ હીન મનવાળો છે પણ સુદૃઢશરીરવાળો છે. એક પુરુષ ઉદાર મનવાળો છે પરંતુ કૃષકાય છે. એક પુરુષ ઉદાર મનવાળો અને સુદૃઢશરીરવાળો પણ છે. ચાર પ્રકારના પુરુષ કહેલા છે - કોઈ કૃષકાય પુરુષને જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે પણ સુદૃઢ શરીરવાળાને જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી. કોઈ સુદૃઢ શરીરવાળા પુરુષને જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે પરંતુ કૃષકાયને જ્ઞાનદર્શન ઉત્પન્ન થતાં નથી. કોઈ કૃષકાય પુરુષને જ્ઞાન-દર્શન ઉત્પન્ન થઈ જાય છે સુદૃઢ શરીરવાળાને પણ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થઈ જાય છે. કોઈ કૃષકાય પુરુષને જ્ઞાન-દર્શન ઉત્પન્ન નથી થતાં સુદૃઢશરીરવાળાને પણ જ્ઞાન-દર્શન ઉત્પન્ન નથી થતાં.

(૩૦૩) ચાર કારણોથી વર્તમાનમાં નિર્ગ્રંથ અને નિગ્રંથિઓને આ સમયમાં વિશિષ્ઠ જ્ઞાનદર્શનની ઉત્પત્તિ થતી નથી. જે નિર્ગ્રંથ નિર્ગ્રંથી વારંવાર સ્ત્રીકથા, ભક્તકથા; દેશકથા અને રાજકથા કરે છે. જે પોતાના આત્માને વિવેક અને વ્યુત્સર્ગથી ભાવિત કરતા નથી. જે પૂર્વરાત્રિમાં અને અપરરાત્રિમાં ધર્મજાગરણ કરતા નથી. જે પ્રાસૂક-એષણીય અલ્પઆહાર લેતા નથી તથા બધા ઘરોમાં આહારની ગવેષણા કરતા નથી. આ ચાર કારણોથી નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થિઓને વર્તમાનમાં વિશિષ્ટ જ્ઞાન દર્શન ઉત્પન્ન થતું નથી. ચાર કારણોથી નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિઓ વર્તમાન અતિશય (વિશિષ્ટ) જ્ઞાનદર્શન ઉત્પન્ન કરવાને પાત્ર બને છે. જે સ્ત્રીકથા આદિ ચાર વિકથા કરતા નથી. જે વિવેક અને વ્યુત્સર્ગથી પોતાના આત્માને સારી રીતે ભાવિત કરે છે. જે પૂર્વરાત્રિ અને અપરરાત્રિએ ધર્મ જાગરણ કરે છે. જે પ્રાસૂક એષણીય અલ્પ આહાર લે છે તથા બધા ઘરોથી આહારની ગવેષણા કરે છે. આ ચાર કારણોથી નિર્ગ્રંથ-નિર્ગ્રંથિઓને વર્તમાનમાં પણ વિશિષ્ટ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે.

(૩૦૪) ચાર મહાપ્રતિપદાઓ (વદ એકમે) નિર્ગ્રંથ નિર્ગ્રંથીઓ સ્વાધ્યાય કરવો કલ્પતો નથી-અષાઢી પડવે, આસો માસના પડવે, કાર્તિક માસના અને ચૈત્રના પડવે. ચાર સંધ્યાઓમાં નિર્ગ્રંથ નિર્ગ્રંથીઓને સ્વાધ્યાય કરવો કલ્પે નહીં, પ્રથમ સંધ્યામાં (સૂર્યોદય સમયે), છેલ્લી સંધ્યામાં (સૂર્યાસ્ત સમયે), મધ્યાન્હ સમયે, મધ્યરાત્રે.

(૩૦૫) લોકસ્થિતિ ચાર પ્રકારની છે, તે આ પ્રમાણે - આકાશના આધાર પર ઘનવાયુ અને તનવાયુ પ્રતિષ્ઠિત છે. વાયુના આધાર પર ઘનોદધિ પ્રતિષ્ઠિત છે. ઘનોદધિના આધાર પર પૃથ્વી પ્રતિષ્ઠિત છે અને પૃથ્વીના આધાર પર ત્રસ સ્થાવર પ્રાણી પ્રતિષ્ઠિત છે.

(૩૦૬) પુરુષના ચાર પ્રકાર કહેલ છે - તથાપુરુષ (આજ્ઞાકારી) નોતથા પુરુષ (આજ્ઞા ઉથાપનાર) સૌવસ્તિક (મંગળ પાઠક), પ્રધાન પુરુષ (બધાનો આદરણીય) આ રીતે પણ ચાર પ્રકારના પુરુષ કહેલ છે - આત્માંતકર એક પુરુષ કહેલ છે - આત્માંતકર એક પુરુષ પોતાના ભવનો અંત કરે પરંતુ બીજાના ભવનો અંત નથી કરતો. પરાંતકર-એક પુરુષ બીજાના ભવનો અંત કરે છે પરંતુ પોતાના ભવનો અંત નથી કરતો: ઉભયાંતકારી - બન્નેના ભવનો અંત કરે છે. ન ઉભયાંતકર - એક પુરુષ પોતાના અને

બીજાના -બન્નેના ભવનો અંત કરતો નથી.

આ રીતે પણ ચાર પ્રકારના પુરુષો કહેલ છે - એક પુરુષ સ્વયં ચિંતા કરે છે પરંતુ બીજાને ચિંતા થવા દેતો નતી. એક પુરુષ બીજાને ચિંતિત કરે છે પરંતુ સ્વયં ચિંતા કરતો નથી. એક પુરુષ સ્વયં ચિંતા કરે છે અને બીજાને પણ ચિંતિત કરે છે એક પુરુષ સ્વયં ચિંતા કરતો નથી અને બીજાને પણ ચિંતિત કરતો નથી. રીતે પણ ચાર પ્રકારના પુરુષો છે - એક પુરુષ આત્મ દમન કરે છે પરંતુ પર - દમન કરતો નથી. એક પુરુષ બીજાનું દમન કરે છે પરંતુ આત્મદમન કરતો નથી. એક પુરુષ આત્મદમન પણ કરે છે અને પરમદમન પણ કરે છે. એક પુરુષ બંને માંથી કોઈ દમન કરતો નથી.

(૩૦૭) ગર્હા ચાર પ્રકારની છે, જેમકે- હુ મારા દોષોને પ્રગટ કરવા માટે ગુરુની પાસે જાઉ અને પ્રાયશ્ચિત લઉં એવો અધ્યવસાય એક ગર્હા. ગર્હણીય દોષોને હું દૂર કરૂ એવો અધ્યવસાય ગર્હાનો બીજો પ્રકાર છે. મેં જે અનુચિત કર્યું છે તે દુષ્કૃત મિથ્યા થાઓ અધ્યવસાય ગર્હાનો ત્રીજો પ્રકાર છે. સ્વકૃત દોષોની ગર્હા કરવાથી આત્મશુદ્ધિ થાય છે તે જીન ભગવાને કહ્યું છે એમ જાણી સ્વીકાર કરે તે ચોથી ગર્હા

(૩૦૮) ચાર પ્રકારના પુરુષો કહેલ છે - એક પુરુષ પોતાને દુષ્પ્રવૃત્તિઓથી બચાવે છે પરંતુ બીજાને બચાવતો નથી. એક પુરુષ બીજાને દુષ્પ્રવૃત્તિઓથી બચે છે અને બીજાને પણ બચાવે છે. એક પુરુષ સ્વયં દુષ્પ્રવૃત્તિઓથી બચતો નથી બીજાને બચાવતો નથી.

માર્ગ ચાર પ્રકારના છે, તે આ પ્રમાણે - એક માર્ગ પ્રારંભમાં પણ સરળ અને અંતમાં પણ સરળ. એકમ માર્ગ પ્રારંભમાં સરળ છે અને અંતમાં વક્ર છે. એક માર્ગ પ્રારંભમાં વક્ર છે પરંતુ અંતમાં સરળ છે. એક માર્ગ પ્રારંભમાં પણ વક્ર છે અને અંતમાં પણ વક્ર છે. એ પ્રમાણે પુરુષો પણ ચાર પ્રકારના કહેલ છે. માર્ગ ચાર પ્રકારના છે જેમકે- એક માર્ગ પ્રારંભમાં ઉપદ્રવ રહિત છે અને અંતમાં પણ ઉપદ્રવ રહિત છે. એક માર્ગ પ્રારંભમાં ઉપદ્રવ રહિત છે પરંતુ અંતમાં ઉપદ્રવ સહિત છે. એક માર્ગ પ્રારંભમાં ઉપદ્રવ સહિત પણ અંતમાં ઉપદ્રવરહિત છે. એ પ્રમાણે પુરુષોના પણ ચાર પ્રકાર છે - માર્ગના ચાર પ્રકાર છે. એક માર્ગ ઉપદ્રવ રહિત છે અને સુંદર છે. એક માર્ગ ઉપદ્રવ રહિત છે પરંતુ સુંદર નથી. એક માર્ગ ઉપદ્રવ સહિત છે પરંતુ સુંદર છે. એક માર્ગ ઉપદ્રવ સહિત છે અને સુંદર પણ નથી. એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષ છે. - એક પુરુષ શાંત સ્વભાવવાળો છે અને સારી વેશભૂષાવાળો છે. એક પુરુષ શાંત સ્વભાવવાળો છે પરંતુ સારી વેશભૂષાવાળો નથી. એક પુરુષ ખરાબ વેશભૂષાવાળો છે પરંતુ શાંત સ્વભાવી છે. એક પુરુષ ખરાબ વેશભૂષાવાળો પણ છે અને અશાન્ત ક્રૂર સ્વભાવવાળો પણ છે.

શંખ ચાર પ્રકારના છે-એક શંખ વામ છે અને વામાવર્ત પણ છે. એક શંખ વામ છે પરંતુ દક્ષીણાવર્ત છે. એક શઠખ દક્ષિણ છે પરંતુ વામાવર્ત છે. એક શંખ દક્ષિણ છે અને દક્ષિણાવર્ત પણ છે. એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષ કહેલા છે - એક પુરુષ પ્રતિકૂલ સ્વભાવવાળો છે અને પ્રતિકૂલ વ્યવહારવાળો છે. એક પુરુષ પ્રતિકૂલ સ્વભાવવાળો છે પરંતુ અનુકૂલ વ્યવહારવાળો છે. એક પુરુષ અનુકૂલ વ્યવહારવાળો પરંતુ પ્રતિકૂલ સ્વભાવવાળો છે. એક પુરુષ અનુકૂલ સ્વભાવવાળો છે અને અનુકૂલ વ્યવહારવાળો પણ છે.

ચાર પ્રકારની ધૂમશિખા કહેલી ચે - એક ધૂમશિખા વામા છે ને વામાવર્ત છે. એક ધૂમશિખા વામા છે પરંતુ દક્ષિણાવર્ત છે. એક ધૂમશિખા દક્ષિણા છે પરંતુ વામાવર્ત છે. એક ધૂમશિખા દક્ષિણા છે અને દક્ષિણાવર્ત પણ છે. એ પ્રમાણે સ્ત્રીઓ પણ ચાર પ્રકારની કહેલી છે : ચાર પ્રકારની અગ્નિશિખા કહેલ છે - ધૂમશિખાની જેવા જ અગ્નિશિખાના ચાર ભાંગા સમજવા. એ પ્રમાણે સ્ત્રીના ભાંગાઓ પણ સમજવો. વાયુમંડલિકા ચાર પ્રકારની કહેલ છે. ધૂમશિખાની જેવા જ વાયુમંડલિકાના ચાર ભાંગા સમજવા. એ પ્રમાણે સ્ત્રીના ચાર ભાંગા પણ જાણવા. ચાર પ્રકારના વનખંડ કહેલા છે. ધૂમશિખાની જેવા જ વનખંડના ચાર ભાંગા સમજવા. આ પ્રમાણે પુરુષના ચાર ભાંગા જાણવા.

ચાર કારણોથી એકલો સાધુ એકલી સાધ્વી સાથે એકવાર અથવા વારંવાર વાક્વિલાપ કરે તો જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી - માર્ગ પૂછતાં, માર્ગ બતાવતાં, અશન યાવત્ સ્વાદિમ્ ચાર પ્રકારના આહાર આપતો, અશન યાવત્ ચાર પ્રકારના આહાર અપાવતો. તમસ્કાયના આ પ્રમાણે ચાર નામ છે. તમ, તમસ્કાય, અંધકાર અને મહાન્ધકાર અને દેવતમસ્. તમસ્કાયના આ પ્રમાણે પણ ચાર નામ કહેલ છે - લોકાધંકાર, લોકતમસ્, દેવાંધકાર. તમસ્કાયના આ પ્રમાણે પણ ચાર નામ કહેલ છે. વાતપરિઘવાયુને રોકવા માટે અર્ગલા સમાન વાતપરિઘક્ષોભ-વાયુને ક્ષુબ્ધ કરવા માટે અર્ગલા સમાન. દેવારણ્ય-દેવતાઓને સંતાઈ જવાનું સ્થાન. દેવવ્યૂહ - જેમ માનવનો સૈન્યવ્યૂહમાં પ્રવેશ કઠિન છે - તેમ દેવોનો તમસ્કાયમાં પ્રવેશ કઠિન છે. તમસ્કાય ચાર કલ્પો ને આવૃત કરીને રહેલો છે, - સૌધર્મ, ઈશાન, સનત્કુમાર માહેન્દ્ર.

(૩૧૧) પુરુષોના ચાર પ્રકાર કહેલ છે - સંપ્રકટ પ્રતિસેવી - ગુરુ

આદિ સમક્ષ અકલ્પ્ય આહારાદિનું સેવન કરનાર પ્રચ્છન્ન પ્રતિસેવી - પ્રચ્છન્ન દોષનું સેવન કરનાર. પ્રત્યુત્પન્ન નંદી - વસ્ત્ર અથવા શિષ્યની લાભમાં આનંદ માનનાર. નિઃસરણ નંદી-ગચ્છમાંથી પોતે અથવા શિષ્યના નીકળવાથી આનંદ પામનાર.

ચાર પ્રકારની સેના કહી છે - એક સેના શત્રુને જીતવાવાળી છે પરંતુ પરાજિત થવા વાળી નથી. એક સેના પરાજિત થવા વાળી છે પણ જીતવા વાળી નથી. એક સેના શત્રુઓને જીતવાવાળી અને હરાવવાળી પણ છે. એક સેના શત્રુઓને જીતવાવાળી નથી અને હરાવવાવાળી પણ નથી. એ જ પ્રમાણે પુરુષના ચાર પ્રકાર કહ્યા છે - એક સાધુ પરિષહોને જીતવાવાળો છે પરંતુ પરિષહોથી પરાજિત થવાવાળો નથી હોતો. કોઈ સાધુ પરિષહોથી હારવાવાળો છે. જીતવાવાળો હોતો નથી. એક સાધુ પરિષહોથી હારવાવાળો અને અને જીતવાવાળો પણ હોય છે. એક સાધુ પરિષહોથી હારવાવાળો અને જીતવાવાળો પણ નથી. બીજી રીતે પણ સેના ચાર પ્રકારની કહેલ છે - એક સેના યુદ્ધના આરંભમાં પણ શત્રુ સેનાને જીતે છે અને અંતમાં પણ જીતે છે. એક સેના યુદ્ધના આરંભમાં શત્રુ સેનાને જીતે છે પણ યુદ્ધના અંતે પરાજિત થાય છે. એક સેના યુદ્ધના આરંભમાં પરાજિત થાય છે પરંતુ યુદ્ધના અંતમાં વિજય પ્રાપ્ત કરે છે. એક સેના યુદ્ધના આરંભમાં પણ અને અંતમાં પણ પરાજિત થાય છે. એ પ્રમાણે પરિષહોથી વિજયી પરાજિત થવા વાળા પુરુષો ચાર પ્રકારે છે એમ જાણવા.

(૩૧૨) ચાર પ્રકારની રાજિઓ કહેલી છે યથાપર્વતરાજિ, પૃથ્વીરાજિ, વાસુકારાજિ અને ઉદકરાજિ. એવી જ રીતે ચાર પ્રકારનો ક્રોધ કહેલ છે - પર્વતરાજિ સમાન, પૃથ્વીરાજિ સમાન, વાલુકારાજિસમાન અને ઉદકરાજિસમાન. પર્વત રાજિસમાન. અનન્તાનુબંધી ક્રોધમાં પ્રવિષ્ટ જીવ કાળ કરે તો નરક ગતિમાં ઉત્પન્ન થાય. પૃથ્વી રાજિસમાન અપ્રત્યાખ્યાની ક્રોધમાં પ્રવિષ્ટ જીવ કાળ કરે તો તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય. વાલુકા રાજિસમાન પ્રત્યાખ્યાની ક્રોધમાં પ્રવિષ્ટ જીવ કાળ કરે તો મનુષ્યમાં તઉત્પન્ન થાય. સંજવલન ક્રોધમાં પ્રવિષ્ટ જીવકાળ કરે તો દેવોમાં ઉત્પન્ન થાય.

વક્ર વસ્તુઓ ચાર પ્રકારની કહેલી છે, જેમકે-વાંસની જડની સમાનવક્ર, ઘેટાના શૃંગની સમાન વક્ર ગૌમૂત્રિકાની સમાન વક્ર, વાંસની છાલની સમાન વક્ર. એ પ્રમાણેવાંસના જડની સમાન વક્ર માયા કરવાવાળો જીવ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે ઘેંટાના શીંગ સમાન વક્રતાવાળી માયાવાળો જીવ મરીને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે. ગોમુત્રિકાની સમાન વક્રતાવાળી માયાવાળો જીવ મરીને મનુષ્યયોનિમાં જન્મે છે. વાંસની છાલની સમાન વક્રતા વાળી માયાવાળો જીવ મરીને દેવયોનીમાં ઉત્પન્ન થાય છે.

સ્તમ્ભ ચાર પ્રકારના છે, જેમકે-શૈલસ્તમ્ભ, શૈલસ્તમ્ભ, અસ્થિરસ્તમ્ભ, દારુસ્તમ્ભ અને તિનિસલતાસ્તમ્ભ એ પ્રમાણે માન ચાર પ્રકારનાછે, શૈલસ્તમ્ભ સમાન, અસ્થિરસ્તમ્ભ સમાન, દારુસ્તમ્ભ સમાન અને તિનિસલતા સ્તમ્ભ સમાન, શૈલસ્તમ્ભ સમાન માન કરવાવાળો જીવ નરકમાં ઉત્પન્ન થાય છે. અસ્તિસ્તમ્ભ સમાન માન કરવાવાળો જીવ મરીને તિર્યંચયોનિમાં ઉત્પન્નથાય છે. દારુસ્તમ્ભ સમાન માન કરવાવાળો જીવ મરીને મનુષ્ય યોનિમાં ઉત્પન્નથાય છે નિતિસલતા સ્તમ્ભ સમાન માન કરનારો જીવ મરીને દેવયોનિમાં ઉત્પન્નથાય છે.

વસ્ત્ર ચાર પ્રકારના કહેલ છે જેમકે કૃમિ રાગથી રંગેલુ વસ્ત્ર. ૨ કર્દમ રાગથી રંગેલુ વસ્ત્ર. ૩ ખંજન રાગથી (મેશથી) રંગેલુ વસ્ત્ર હળદર રંગથી રંગેલું વસ્ત્ર. એ પ્રમાણે લોભના ચાર પ્રકાર કહેલ છે - કૃમિ રાગથી રંગેલા વસ્ત્રની સમાન. કીચડથી રંગેલા વસ્ત્રસમાન. ખંજનથી રંગાયેલા વસ્ત્રસમાન. હળદરથી રંગેલા વસ્ત્રસમાન. કૃમિરંગથી રંગેલા વસ્ત્રસમાન લોભકરવાવાળો જીવ મરીને નરકમાં જાયછે. કીચડથી રંગેલા વસ્ત્રસમાન લોભ કરવાવાળો જીવ મરીને તિર્યંચમાં જાય છે. ખંજનથી રંગેલા વસ્ત્રસમાન લોભ કરવાવાળો જીવ મરીને મનુષ્યમાં જાયછે. હળદરથી રંગેલા વસ્ત્રસમાન લોભ કરવાવાળો જીવ મરીને દેવતાઓમાં જાય છે.

(૩૧૩) સંસારના ચાર પ્રકાર કહેલ છે - નૈરયિક સંસાર, તિર્યંચ સંસાર, મનુષ્ય સંસાર અને દેવ સંસાર. ચાર પ્રકારના આયુષ્ય કર્મ કહેલ છે - નૈરયિકાયુ, તિર્યંચાયુ, મનુજાય દેવાયુ. ભવ ચાર પ્રકારના છે - નૈરયિકભવ, તિર્યંચભવ, માનવભવ, દેવ ભવ.

(૩૧૪) આહારના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહેલ છે - અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. બીજી રીતે પણ આહારના ચાર પ્રકાર કહેલ છે. જેમકે-ઉપસ્કરસંપન્ન જે આહારમાં હીંગાદિ વિશિષ્ટ દ્રવ્યથી સંસ્કાર કરવામાં આવે. ઉપસ્કૃતસમ્પન્ન - ભાત ખીચડી આદિ પકવીને તૈયાર કરેલ. સ્વભાવસંપન્ન-કુદરતી રીતે પક્વ આહાર-દ્રાક્ષ, ખજુર આદિ. પર્યુષિતસંપન્ન-રાતમાં આથો આવવા દઈને બનાવેલ જલેબી આદિ.

(૩૧૫) બન્ધના ચાર પ્રકાર કહેલ છે. પ્રકૃતિબંધ સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ.

ઉપક્રમ ચાર પ્રકારના કહેલ - છે. જેમકે બંધનોપક્રમ, ઉદીરણોપક્રમ,

ઉઊપશમનોપક્રમ, વિપરિણામનોપક્રમ. બંધનોપક્રમ ચાર પ્રકારે કહેલ છે - પ્રકૃતિબંધનોપક્રમ. સ્થિતિબંધનોપક્રમ, અનુભાગબંધનોપક્રમ પ્રદેશબંધનોપક્રમ. ઉદીરણારેપક્રમ ચાર પ્રકારના છે. પ્રકૃતિ ઉદીરણાપક્રમ સ્થિતિ ઉદીરણોપક્રમ, અનુભાવ ઉદીરણોપક્રમ, પ્રદેશ ઉદીરણોપક્રમ. ઉપશમનોપક્રમ ચાર પ્રકારનો છે જેમકે પ્રકૃતિ ઉપશમનોપક્રમ સ્થિતિ ઉપશમનોપક્રમ અનુભાવ ઉપશમનોપક્રમ. પ્રદેશ ઉપશમનોપક્રમ. વિપરિણામનોપક્રમ. ચાર પ્રકારનો છે. જેમકે પ્રકૃતિ વિપરિણામનોપક્રમ, સ્થિતિવિપરિણામનોપક્ર, અનુભાવ વિપરિણામનોક્રમ, પ્રદેશ વિપરિણામનોપક્રમ.

અલ્પબહુત્વ ચાર પ્રકારનો કહેલ છે. જેમકે પ્રકૃતિ અલ્પબહુત્વ, સ્થિતિ અલ્પ બહુત્વ, અનુભાવઅલ્પબહુત્વ અને પ્રદેશઅલ્પબહુત્વ. સંક્રમ ચાર પ્રકારનો કહેલ છે. પ્રકૃતિસંક્રમ, સ્થિતિસંક્રમ અનુભાવસંક્રમ અને, પ્રદેશસંક્રમ, નિધત્ત ચાર પ્રકારના છે પ્રકૃતિનિધત્ત, સ્થિતિનિધત્ત અનુભાવનિધત્ત, પ્રદેશનિધત્ત. નિકાચિત ચાર પ્રકારના છે. પ્રકૃતિનિકાચિત, સ્થિતિનિકાચિત, અનુભાવનિકાચિત, પ્રદેશનિકાચિત.

(૩૧૬) એક સંખ્યાવાળા ચાર છે જેમકે-દ્રવ્ય એક, માતૃકાપદએક, પર્યાયએક અને, સંગ્રહ એક.

(૩૧૭) યુક્તિ (કેટલા) ચાર છે. જેમકે - દ્રવ્ય કેટલા છે, માતૃકાપદ કેટલા છે. પર્યાય કેટલા છે અને સંગ્રંહ કેટલા છે.

(૩૧૮) સર્વ ચારછે. નામસર્વ, સ્થાપનાસર્વ, આદેશસર્વ, નિશ્વે-શેષસર્વ.

(૩૧૯) માનુષોતરપર્વતની ચાર દિશાઓમાં ચાર કૂટ છે. જેમકે-રત્ન રત્નોચ્ચય, સર્વરત્ન અને રત્નસંચય

(૩૨૦) જંબૂદ્વીપના ભરત ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીનો સુષમ સુષમાકાલ ચાર ક્રોડાડી ક્રોડી સાગરોપમનો હતો. જંબૂદ્વીપના ભરત ઐરવત ક્ષેત્રમાં આ અવસર્પિણીનો સુષમસુષમા કાલ ચારકોડાક્રોડી સાગરોપમ હતો. જંબૂદ્વીપના ભરત ઐરવત ક્ષેત્રમાં આગામી અવસર્પિણીનો સુષમાસુષમા તેજ પ્રમાણે છે કાલ

(૩૨૧) જંબૂદ્વીપમાં દેવકુરુ અને ઉત્તરકુરુને છોડી ચાર અકર્મભૂમીઓ છે. જેમકે-હૈમવત, હૈરણવયત, હરિવર્ષ રમ્યકવર્ષ, વૃત વૈતાઢ્ય પર્વત ચાર છે, જેમકેશબ્દાપાતિ, વિકટાપાતિ, ગંધાપાતિ અને માલ્યવંત પર્યાય. તે વૃત વૈતાઢ્ય પર્વતો પર પલ્યોપમ સ્થિતિવાળા ચાર મહર્ધિક દેવ રહે છે. યથાસ્વાતિ, પ્રભાસ, અરુણ અને પદ્મ. જમ્બૂદ્વીપમાં ચાર મહાવિદેહ પૂર્વવિદેહ, અપરવિદેહ, દેવકુરૂ. બધા નિષધ અને નીલવંત પર્વત ચારસો યોજન ઊંચા અને ચારસો ગાઉ ભૂમિમાં છે.

જમ્બૂદ્વીપવર્તી મેરૂપર્વતની પૂર્વમાં વહેવાળી સીતા મહાનદીના ઉત્તર કિનારા પર ચાર વક્ષસ્કારપર્વત છે, ચિત્રકૂટ, પદ્મકૂટ, નલિનકૂટ અને એકશૈલ. જમ્બૂદ્વીપવર્તી મેરૂપર્વતના પૂર્વમાં વહેવાવાળી સીતા મહાનદીના દક્ષિણ કિનારા પર ચાર વક્ષસ્કાર પર્વત છે જેમકે - ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન અને માતંજન. જમ્બૂદ્વીપવર્તી મેરૂ પર્વતના પશ્ચિમમાં વહેવાવાળી સીતામહાનદીના દક્ષિણ કિનારા પર ચાર વક્ષસ્કાર પર્વત છે. જેમકે-ચન્દ્રપર્વત, સૂર્યપર્વત, દેવપર્વત અને નાગપર્વત.

જમ્બૂદ્વીપવર્તી મેરૂપર્વતની ચાર વિદિશાઓમાં ચાર વક્ષસ્કાર છે. જેમકે-સોમ-નસ, વિદ્યુતપ્રભ, ગંધમાદન, માલ્યવંત. જમ્બૂદ્વીપના મહાવિદેહમાં જઘન્ય ચાર અરિહંત, ચાર વાસુદેવ, ઉત્પન્ન થયા, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. જમ્બૂદ્વીપના મેરૂ પર્વત પર ચાર વન છે, જેમકે-ભદ્રસાલવન, નન્દનવન, સોમનસવન અને પંડગવન, જમ્બૂદ્વીપના મેરૂ પર્વત પર પંડગવનમાં ચાર અભિષેક શિલાઓ છે. જેમકે - પંડુકંબલ શિલા, અતિપંડુકંબલ શિલા, રક્તકંબલ શિલા, અતિરિક્તકંબલ શિલા - મેરૂપર્વતની ચૂલિકા ઉપરથી ચારસો યોજન પહોળી છે. આ પ્રમાણે ઘાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં જાણવું પૂષ્કરાર્ઘ દ્વીપના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં પણ જાણવું.

(૩૨૨) જમ્બૂદ્વીપમાં શાશ્વત પદાર્થ કાલ યાવત્ મેરૂ ચૂલિકા સુધી જે કહેલ છે તે ઘાતકી ખંડ અને પુષ્કરવર દ્વીપના પૂર્વાર્ધ પણ કહેવા.

(૩૨૩) જમ્બૂવીપના ચાર દ્વાર છે. વિજય, વેજયંત, જયંત અને અપરાજિત. જમ્બૂદ્વીપના દ્વાર ચાર સો યોજન પહોળા છે તેમના એટલો જ પ્રવેશ માર્ગ છે. જમ્બૂદ્વીપના દ્વારો ઉપર એક પલ્યોપમની સ્થિતિવાળા ચાર મહર્ધિક દેવો રહે છે. તેમના નામ-વિજય, વેજયન્ત, જયંત, અપરાજિત.

(૩૨૪) જમ્બૂદ્વીપવર્તી મેરૂપર્વતથી દક્ષિણમાં અને ચૂલ્લ (લઘુ) હિમવન્ત વર્ષઘર પર્વતની ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં ત્રણસો યોજન અન્દર જવા પર ચાર-ચાર અન્તરદ્વીપ છે. જેમકે :- એકોરૂક દ્વીપ, આભાષિક દ્વીપ, વૈષણિક, લાંગેલિક દ્વીપ. તે દ્વીપામાં ચાર પ્રકારના મનુષ્ય રહે છે જેમ કે - એકોરૂક, આભાષિક વૈષાણિક લાંગુલિક તે દ્વીપોનીચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં ચારસો - ચારસો યોજન જવા પર ચાર અન્તરદ્વીપ છે. જેમકે-હયકર્ણદ્વીપ, ગજકર્ણદ્વીપ. ગોકર્ણદ્વીપ, અને શષ્કુલિકર્ણ દ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો રહે છે, આદિ હયકર્ણ.

તે દ્વીપોની ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં પાંચસો પાંચસો યોજન જવા પર ચાર અંતર દ્વીપ છે. જેમકે - આદર્શમુખદ્વીપ, મેંઢમુખદ્વીપ, અયોમુખદ્વીપ, ગોમુખદ્વીપ તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્ય છે. જેમકે- આદર્શમુખ મેંઢમુખ અયોમુખ અને ગોમુખ. તે દ્વીપોની ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં છસો-છસો યોજન જવા પર ચાર અન્તરદ્વીપ છે. અશ્વમુખદ્વીપ, હસ્તિમુખદ્વીપ, સિંહમુખદ્વીપ, વ્યાઘ્રમુખદ્વીપ તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યોછે, અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, અને વ્યાઘ્રમુખ.

તે દ્વીપોની ચાર દિશાઓમાં લવણ સમુદ્રમાં સાતસો સાતસો યોજન જવા પર ચાર અન્તદ્વીપ છે. જેમકે-અશ્વકર્ણદ્વીપ, હસ્તિકર્ણદ્વીપ, અકર્ણદ્વીપ અને કર્ણપ્રાવરણદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો છે, જેમકે-અશ્વકર્ણ, હસ્તિકર્ણ, અકર્ણ અને કર્ણ પ્રાવરણ. તે દ્વીપોની ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં આઠસો-આઠસો યોજન જવા પર ચાર ચાર અન્તર દ્વીપ છે. જેમકે- ઉલ્કામુખદ્વીપ, મેઘમુખદ્વીપ, વિદ્યુત્મુખદ્વીપ અને વિદ્યુદન્તદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્ય રહે છે જેમકે-ઉલ્કામુખ મેઘમુખ વિદ્યુત્મુખ અને વિદ્યુદન્તમુખ. તે દ્વીપોની ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં નવસો નવસો યોજન જવા પર ચાર દ્વીપ જેમકે-ઘનદન્તદ્વીપ, લષ્ટદન્ત, દ્વીપ, ગૂઢદન્તદ્વીપ, શુદ્ધદન્તદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્ય છે, જેમકે - ઘનદત્ત, લષ્ટન્ત, ગૂઢદંત, શુદ્ધદંત. જમ્બૂદ્વીપવર્તી મેરુ પર્વતના ઉત્તરમાં અને શિખરી વર્ષધર પર્વતની ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં ત્રણસો ત્રણસો યોજન જવા પર ચાર અન્તરદ્વીપ છે. અન્તરદ્વીપોના નામો અને ત્યાં રહેનારા મનુષ્યોના નામો ચુલ્લહિમવંત સંબંધી અન્તરદ્વીપો અને ત્યાંના મનુષ્યોમાં નામો પ્રમાણે બધા સમજી લેવા જોઈએ.

(૩૨૫) જમ્બૂદ્વીપની બાહ્ય વેદિકાથી ચારેય દિશાઓમાં લવણ સમુદ્રમાં ૯૫૦૦૦ યોજન જવા પર મહાઘટના આકારવાળા મહાપાતાળ કલશ છે જેમકેવલયામુખ, કેતુક, યૂવક અને ઈશ્વર. તે ચાર મહાપાતાલ કળશોમાં એક પલ્યોપમની સ્થિતિ વાળા ચાર મહર્ધિક દેવ રહે છે, જેમકે-કાલ, મહાકાલ, વેલમ્બ અને પ્રભંજન. જમ્બૂદ્વીપની બાહ્ય વેદીકાથી ચાર દિશાઓમાં લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન જવા પર ચાર વેલન્ધર નાગરાજાઓના ચાર આવાસ પર્વત છે, જેમકે-ગૌસ્તૂભ, ઉદકભાસ, શંખ, દકસીમ, તે ચાર આવાસ પર્વતો પર એક પલ્યોપમની સ્થિતિવાળા ચાર મહર્ધિક દેવ રહે છે, જેમકે-ગોસ્તૂપ, શિવક, શંખ અને મનશિલ.

જમ્બૂદ્વીપના બાહ્ય વેદિકાથી ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન જતા અનુવેલંધર નાગરાજાઓના ચાર આવાસ પર્વત છે. કર્કોટક, કર્દમક, કૈલાશ, અરૂણપ્રભ. તે ચાર આવાસપર્વતોમાં એક પલ્યોપમની સ્થિતિવાળા ચાર મહર્ધિક દેવો રહે છે, તે દેવોના નામ પર્વતોની સમાન છે. લવણ સમુદ્રમાં ચાર ચન્દ્રમા અતીતમાં પ્રકાશિત થયા હતા, વર્તમાનમાં પ્રકાશિત થાય છે. ભવિષ્યમાં થશે.

લવણ સમુદ્રમાં ચાર ચન્દ્રમા અતીતમાં પ્રકાશિત થયા હતા, વર્તમાનમાં થાય છે, ભવિષ્યમાં થશે. લવણ સમુદ્રમાં ચાર સૂર્ય અતીતમાં તપ્યા હતા. વર્તમાનમાં તપે છે. અને ભવિષ્યમાં તપશે. એ પ્રકારે ચાર કૃતિકા યાવત્ ચાર ભાવકેતુ સુધી સૂત્રો કહેવા જોઈએ લવણ સમુદ્રના ચાર દ્વાર છે. તે દ્વારો ચાર યોજન વિષ્કંભવાળા અને ચાર યોજન પ્રવેશવાળા છે. નામ વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજીત. તે દ્વારો પર એક પલ્યોપમની સ્થિતિવાળા ચાર મહર્ધિક દેવ રહે છે. તેઓના નામ જમ્બૂદ્વીપના દ્વારો પર રહેવાવાળા દેવોની સમાન છે.

(૩૨૬) ઘાતકીખંડ દ્વીપનો વલયાકાર વિષ્કંભ ચાર લાખ યોજનનો છે. જમ્બૂદ્વીપની બહાર ચાર ભરત ક્ષેત્ર અને બે ઐરવત ઘાતકીખંડ દ્વીપમાં અને બે-બે અર્ધપુષ્કર દ્વીપમાં છે. એ પ્રકારે પુષ્કરાર્ધદ્વીપના પૂર્વાર્ધ પર્યન્ત મેરૂચૂલિકા સુધીના પાઠની પુનરાવૃત્તિ કરી અને તેમાં સર્વત્ર ચારની સંખ્યા કહેવી.

(૩૨૭) વલયાકાર વિષ્કંભવાળા નંદીશ્વર દ્વીપની મધ્યમાં ચાર દિશાઓમાં ચારઅંજનક પર્વત છે. તે અંજનક પર્વત ૮૪,૦૦૦ યોજન ઉંચા છે અને ૧૦૦૦ યોજન ભૂમિમાં છે, તે પર્વતોના મૂલનો વિષ્કંભ ૧૦૦૦૦ યોજનનો છે, ત્યાર પછી ક્રમશઃ ઓછો થતો થતો ઉપરનો વિષ્કંભ ૧૦૦૦ યોજનનો છે. તે પર્વતોની પરિધિ મૂલમાં ૩૧૬૨૩ યોજનની છે. પછી ક્રમશઃ ઓછી થતી થતી ઉપરની પરિધિ ૩૧૬૬ યોજનની છે. તે પર્વતો મૂલમાં વિસ્તૃત, મધ્યમાં સાંકડા, અને ઉપરમાં પાતળા અર્થાત્ ગાયના પૂચ્છની આકૃતિવાળા છે. બધા અંજનક પર્વતો અંજન મય છે, સ્વચ્છ છે કોમલ છે, ઘુંટેલા અને ઘસેલા છે. રજમલ અને કર્દમ રહિત છે. સ્વતઃચમકવાળા છે. તેમાંથી કિરણો નીકળે છે તેથી ઉદ્યોતિત છે, તેને જોવાથી મન પ્રસન્ન થાય છે. તે પર્વત દર્શનીય છે મનોહર છે અને રમણીય છે.

તે અંજનક પર્વતોના ઉપરનો ભાગ સમતલ છે, સમતલ ઉપરિતલોના મધ્ય ભાગમાં ચાર સિદ્ધાયતનો - ચૈત્યો છે. તે સિદ્ધાયતના ચૈત્યોની લમ્બાઈ ૧૦૦ યોજનની છે પહોળાઈ ૫૦ યોજનની છે અને ઉંચાઈ ૭૨ યોજનની

છે. તે સિદ્ધાયતનોની ચાર દિશાઓમાં ચાર દ્વાર છે, જેમકે-દેવદ્વાર, અસુરદ્વાર, નાગદ્વાર સુવર્ણદ્વાર. તે દ્વારો પર ચાર પ્રકારના દેવો રહે છે, જેમકે-દેવ, અસુર, નાગ અને સુવર્ણ તે દ્વારોની આગળ ચાર મુખમંડપ છે. તે મુખમંડપોની આગળ ચાર પ્રેક્ષાઘર મંડપો છે. તે પ્રેક્ષાઘર મંડપોની મધ્ય ભાગમાં ચાર વજ્રમય અખાડા છે. તે વજ્રમય અખાડાઓની મધ્ય ભાગમાં ચાર મણિ પીઠિકાઓ છે. તે મણિપીઠીકાઓની ઉપર ચાર સિંહાસન છે તે સિંહાસનોની ઉપર ચાર વિજયદૂષ્ય છે. તે વિજય દૂષ્યોની મધ્ય ભાગમાં ચાર વજ્રમય અંકુશ છે. તે વજ્રમય અંકુશોપર લઘુ કુંભાકાર મોતીઓની ચાર માળાઓ છે. પ્રત્યેક માળા અર્ધ પ્રમાણવાળી ચાર-ચાર મુક્તામાળાઓથી ઘેરાયેલી છે.

તે પ્રેક્ષાઘાર મંડપોની આગળ ચાર મણિપીઠીકાઓ છે. તે મણીપીઠિકાઓ પર ચાર ચૈત્ય સ્તૂપ છે. પ્રત્યેક ચૈત્ય સ્તૂપોની ચારે દિશાઓમાં ચાર-ચાર મણિપિઠીકાઓ છે. પ્રત્યેક મણિપીઠીકા પર પદ્માસન વાળી અને સ્તૂપાભિમુખ સર્વરત્નમય ચાર જિન પ્રતિમાઓ છે. તેમના નામ - ઋષભ વર્ધમાન, ચંદ્રાનન અને વારિષેણ. તે ચૈત્ય સ્તૂપોની આગળ ચાર મરિપીઠિકાઓ છે. તે મણિપીઠિકાઓ પર ચાર ચૈત્ય વૃક્ષો છે. તે ચૈત્યવૃક્ષોની સામે ચાર મરિપીઠિકાઓ છે. તે મણિપીઠિકાઓ પર ચાર મહેન્દ્ર ધ્વજાઓ છે. તે મહેન્દ્ર ધ્વજાઓની સામે ચાર નંદા પુષ્કરણીઓ છે. પ્રત્યેક પુષ્કરણીની ચારે દિશાઓમાં ચાર ચાર વનખંડો છે.

(૩૨૮) પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણવન, પશ્ચિમમાં ચંપકવન, ઉત્તરમાં આમ્રવન.

(૩૨૯) પૂર્વ દિશાવર્તી અંજનક પર્વતની ચારે દિશાઓમાં ચાર નંદા-પુષ્કરણીઓ છે. નંદુત્તરા, નંદા, આનંદા, અને નંદિવર્ધના, તે પુષ્કરણીઓની લંબાઈ એક લાખ યોજન છે. પહોળાઈ પચાસ હજાર યોજનની છે અને ઉંડાઈ એક હજાર યોજનની છે. પ્રત્યેક પુષ્કરણીની ચાર દિશાઓમાં ત્રિસોપાન પ્રતિરૂપક છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકોની સામે પૂર્વાદિ ચાર દિશાઓમાં ચાર તોરણો છે. પ્રત્યેક તોરણની પૂર્વાદિ ચાર દિશાઓમાં ચાર વનખંડો છે. વનખંડોના નામ અશોકવન, સપ્તપર્ણવન, ચંપક વન, આમ્રવન. તે પુષ્કરણીઓના મધ્યભાગમાં ચાર દધિમુખ પર્વતો છે. તેમની ઉંચાઈ ૬૪૦૦૦ યોજન અને ભૂમિમાં ૧૦૦૦ યોજનની છે. તે પર્વતો સર્વત્ર પલ્યંકની સમાન આકારવાળા છે. તેમની પહોળાઈ ૧૦૦૦૦ યોજનની છે. અને ઘેરાવો ૩૧૬૨૩ યોજનનો છે. તે બધા રત્નમય છે યાવત્ રમણીય છે.

તે દધિમુખ પર્વતોનો ઉપરનો ભાગ સમતલ છે. શેષ સમગ્ર કથન અંજનક પર્વતોની સમાન કહેવું જોઈએ યાવત્ ઉત્તરમાં આમ્રવન છે ત્યાં સુધી. દક્ષિણ દિશાના અંજનક પર્વતની ચારે દિશાઓમાં ચાર નંદા પુષ્કરણીઓ છે. ભદ્રા, વિસાલા, કુમુદ, અને પુંડરીકિણી, પૂર્વવત્ પુષ્કરણીઓનું શેષ વર્ણન-યાવત્ - દક્ષિમુખપર્વત વનખંડ પર્વત સુધી પૂર્વવત્ કહેવું. પશ્ચિમ દિશાના અંજનક પર્વતોની ચારેય દિશાઓમાં ચાર નંદા પુષ્કરણીઓ છે. નંદિસેના અમોઘા, ગોસ્તૂપા ને સુદર્શના. શેષ વર્ણન પૂર્વવત્ સમજવું-દધિમુખ પર્વતો, સિદ્ધાયતનો યાવત્ વનખંડો પહેલાની જેમ જ જાણવા. ઉત્તર દિશાના અંજનક પર્વતની ચારે દિશાઓમાં પણ ચાર નંદા, પુષ્કરણીઓ છે. તેમના નામ વિજ્યા, વૈજયન્તી, જયન્તી, અપરાજિતા, શેષ વર્ણન પૂર્વવત્.

ચક્રવાલ વિષ્કંભવાળા નંદીશ્વરદ્વીપની મધ્યભાગમાં ચાર વિદિશાઓમાં ચાર રતિકર પર્વતો છે જેમકે - ઉત્તર પૂર્વમાં દક્ષિણ પૂર્વમાં દક્ષિણ પશ્ચિમમાંઉત્તર પશ્ચિમ માંતે બધા રતિકર પર્વતો ૧૦૦૦ યોજન ઉંચા છે. ૧૦૦૦ ગાઉ ભૂમિમાં ઉંડા છે. ઝાલરની જેમ સર્વત્ર સમ સંસ્થાનવાલા છે. ૧૦૦૦૦ યોજન તેની ચૌડાઈ છે. ૩૧૬૨૩ યોજન તેની પરિઘિ છે. દરેક રત્નમય છે સ્વચ્છ છે. યાવત્-રમણીય છે. ઉત્તર પૂર્વમાં સ્થિત રતિકર પર્વતની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્રની ચાર અગ્રમહિષીઓની જમ્બૂદ્વીપ જેટલી મોટી ચાર રાજધાનીઓ છે, તેના નામ આ છે. નંદુત્તરા, નંદા, ઉત્તરકુરા અને દેવકુરા. ચાર અગ્રમહિષિઓના નામ - કૃષ્ણા, કૃષ્ણરાજા, રામા અને રામરક્ષિતા આ ચાર અગ્રમહિષિઓની ઉપરની ચાર રાજધાનીઓ છે. દક્ષિણ પૂર્વમા સ્થિત રતિકર પર્વતની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ શકેન્દ્રની ચાર અગ્રમહિષીઓની જમ્બૂદ્વીપ જેટલી મોટી ચાર રાજધાનીઓ છે. તેના નામ શ્રવણ, સૌમનસા, અર્ચીમાલી અને મનોરમા, ચાર અગ્રમહિષીઓના નામ પદ્મા, શિવા, શચી, અંજૂ. આ અગ્રમહિષી-ઓની અનુક્રમથી ઉપરની રાજધાનીઓ છે. દક્ષિણ-પશ્ચિમમાં સ્થિત રતિકર પર્વતની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ શકેન્દ્રની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપ જેટલી મોટી ચાર રાજધાનીઓ છે. દક્ષિણ-પશ્ચિમમાં સ્થિત રતિકર પર્વતની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ શકેન્દ્રની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપ જેટલી મોટી ચાર રાજધાનીઓ છે, તેના નામ ભૂતા, ભૂતાવતંસા, ગોસ્તૂપા, સુદર્શના. અગ્રમહિષીઓ-અમલા, અપ્સરા, નવમિકા અને રોહિણી. આ ચાર અગ્રમહિષીઓની ઉપરની રાજધાનીઓ છે, તેના નામ ભૂતા ભૂતાવતંસા, ગોસ્તૂપા, સુદર્શના. અગ્રમહિષીઓ-અમલા, અપ્સરા, નવમિકા અને રોહિણી.

આ ચાર અગ્રમહિષીઓની ઉપરની રાજધાનીઓ છે. ઉત્તર-પશ્ચિમમાં સ્થિત રતિકર પર્વતની ચારે દિશાઓમાં દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્રની ચાર અગ્રમહિષીઓની જમ્બૂદ્વીપ જેટલી મોટી રાજધાનીઓ છે રત્ના, રત્નોચ્ચયા, સર્વરત્ના અને રત્નસંચયા. અગ્રમહિષીઓવસુ. વસુગુપ્તા, વસુમિત્રા અને વસુંધરા. આ અગ્રમહિષીઓની ઉપરની રાજધાનીઓ છે.

(૩૩૦) સત્ય ચાર પ્રકારના છે નામસત્ય, સ્થાપના સત્ય, દ્રવ્યસત્ય, ભાવસત્ય.

(૩૩૧) આજીવિકા મતવાળાઓના તપ ચાર પ્રકારે છે, જેમકે- ઉગ્રતપ ઘોરતપ રસનિર્યુહ (રસત્યાગ) તપ, જિહ્વેન્દ્રિય પ્રતિસંલીનતા.

(૩૩૨) સંયમ ચાર પ્રકારના છે. જેમકે-મનસંયમ વચનસંયમ, કાયસંમય અને ઉપકરણસંયમ, ત્યાગ ચાર પ્રકારના છે, જેમકે-મનત્યાગ, વચનત્યાગ, કાયત્યાગ અને ઉપકરણ ત્યાગ. અકિંચનતા ચાર પ્રકારની છે. જેમકે - મનકિંચનતા, વચન અકિંચનતા, કાય-અકિંચનતા, ઉપકરણ અકિંચનતા.

સ્થાન : ૪ - ઉદ્દેસો : ૨ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૪ - ઉદ્દેસો :૩

(૩૩૩) રેખાઓ ચાર પ્રકારની છે. પર્વતની રેખા, પૃથ્વીની રેખા, વાલુની રેખા અને, પાણીની રેખા. ચાર રેખાઓની જેમ ક્રોધ ચાર પ્રકારના છે. પર્વતની રેખા સમાન, પૃથ્વીની રેખા સમાન, વાલુની રેખા સમાન, પાણીની રેખા સમાન. પર્વતની રેખા સમાન ક્રોધ કરનાર મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. પૃથ્વીની રેખા સમાન ક્રોધ કરનાર જીવ મરીને તીર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે. વાલુની રેખાની સમાન ક્રોધ કરવાવાળો જીવ મરીને મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થાય છે. પાણીની રેખા સમાન ક્રોધ કરવાવાળો જીવ મરીને દેવયોનિમાં ઉત્પન્ન થાય છે.

ઉદક (પાણી) ચાર પ્રકારના છે. કર્દમોદક, સમાન, ખંજનોદક, વાલુકોદક શૈલોદક એપ્રમાણે ભાવ પણ ચાર પ્રકારના છે જેમકે કર્દમોદક સમાન આદિ કર્મમોદક સમાન ભાવ રાખવાવાળો જીવ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. યાવત્ શૈલોદ્ક સમાન ભાવ રાખવાવાળો જીવ મરીને દેવયોનિમાં ઉત્પન્ન થાય છે.

(૩૩૪) પક્ષી ચાર પ્રકારના છે - એક પક્ષી સ્વરસંપન્ન છે પરંતુ રૂપ સમ્માન્ન નથી એક પક્ષી રૂપ સંપન્ન છે પરંતુ સ્વર સમ્પન્ન નથી એક રૂપ સમ્પન્ન પણ છે. અને સ્વરસપન્ન પણ છે. એક પક્ષી સ્વરમ્પન્ન પણ નથી અને રૂપ સંપન્ન પણ નથી. એ પ્રકારે પુરુષ વર્ગ પણ ચાર પ્રકારના છે.

પુરુષ વર્ગ ચાર પ્રકારનો છે. જેમકે-કોઈ પુરુષ પોતાના પ્રત્યે પ્રીતિ રાખે છે અન્ય તરફ પ્રીતિ રાખતો નથી. કોઈ પુરુષ પર પ્રત્યે પ્રીતિ રાખે પણ પોતાના પ્રત્યે પ્રીતિ રાખતો નથી. કોઈ પુરુષ પોતાના પ્રત્યે અને પર બન્ને પ્રત્યે પ્રીતિ રાખે છે અને કોઈ બંને પ્રત્યે પ્રીતિ રાખતો નથી. પુરુષના આ પ્રમાણે પણ ચાર પ્રકારો હોય છે. - એક પુરુષ પોતે ભોજનાદિથી તૃપ્ત થઈ આનંદિત થાય છે. પણ બીજાને તૃપ્ત કરતો નથી. એક પુરુષ બીજાને ભોજનાદિથા તૃપ્ત કરે છે પણ પોતે તૃપ્ત થતો નથી. એક પુરુષ પોતે પણ ભોજનાદિથી તૃપ્ત થાય છે. અને અન્યને પણ તૃપ્ત કરે છે અને એક બંનેને તૃપ્ત કરતો નથી.

અન્ય રીતે પુરુષ ચાર પ્રકારના છે - એક પુરુષ વિચારે છે કે પોતાના સદ્‌વ્યવહારથી અમુકમાં વિશ્વાસ ઉત્પન્ન કરૂ અને વિશ્વાસ ઉત્પન્ન કરે છે. એક પુરુષ વિચારે છે કે પોતાના સદવ્યવહારથી અમુકમાં વિશ્વાસ ઉત્પન્ન કરૂ પણ તેમ કરી શકતો નથી. કોઈ પુરુષ વિચારે છે કે અમુકમાં વિશ્વાસ ઉત્પન્ન નથી કરો શકતો પરંતુ વિશ્વાસ કરવામાં સફલ થાય છે. કોઈ પુરુષ અમુકમાં વિશ્વાસ ઉત્પન્ન નહિ કરી શકું એમ વિચારે છે અને વિશ્વાસ ઉત્પન્ન કરી શકતો પણ નથી. પુરુષના આ પ્રમાણે ચાર પ્રકાર પડે છે - કોઈ પોતે વિશ્વાસ ઉત્પન્ન કરી શકતો પણ નથી. પુરુષના આ પ્રમાણે ચાર પ્રકાર પડે છે - કોઈ પોતે વિશ્વાસ કરે છે પણ પરમાં વિશ્વાસ ઉત્પન્ન કરી શકે નહિ. કોઈ પરમાં વિશ્વાસ ઉત્પન્ન કરી શકે પણ પોતે વિશ્વાસ કરતો નથી. કોઈ પોતાના અને પરમાં બન્નેમાં વિશ્વાસ સ્થાપિત કરી શકે છે. કોઈ પોતાના અને પરમાં બન્નેમાં વિશ્વાસ સ્થાપિત કરી શકતો નથી.

(૩૩૫) વૃક્ષ ચાર પ્રકારના કહ્યા છે - પત્રયુક્ત, પુષ્પયુક્ત, ફલયુક્ત, છાયાયુક્ત. એ જ પ્રમાણે પુરુષો પણ ચાર પ્રકારના હોય છે - કોઈ પાંદડાવાળા વૃક્ષની સમાન હોય છે. કોઈ પુષ્પવાળા વૃક્ષની સમાન હોય છે. કોઈ ફલવાળા વૃક્ષની સમાન હોય છે. કોઈ છાયાવાળા વૃક્ષની સમાન હોય છે.

(૩૩૬) ભારવાહન કરવાવાળાને ચાર વિશ્રામ સ્થલ હોય છે. ભારવાહક માર્ગમાં ચાલતો પોતાનો એક ખંભા પરથી બીજા ખંભા ઉપર ભાર મૂકે છે. તે પ્રથમ પ્રકાનો વિશ્રામ છે. માર્ગમાં કયાંય ભાર મૂકી મલ મૂત્રાદિ ત્યાગ કરે તે બીજો વિશ્રામ માર્ગમાં નાગકુમાર સુપર્ણકુમાર આદીના મંદિરમાં રાત્રિ વિશ્રામ કરે તે ત્રીજો વિશ્રામ જ્યાં તે ભાર પહોંચાડવાનો હોય ત્યાં

પહોંચાડીને બોજો કાયમ માટે ખભા પરથી નીચે ઉતારી નાખે તે ચોથો વિશ્રામ. આ પ્રમાણે શ્રમણોપાસકને માટે ચાર વિશ્રામ સ્થળ છે. જે શ્રમણોપાસક, શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ, કરે છે તેએક પ્રકારનો વિશ્રામ છે. સામાયિક અથવા દેશાવગાશિકને સમ્યક્ રીતે પાલન કરે છે તે બીજા વિશ્રામ છે. આઠમ, ચૌદસ, પૂર્ણિમા અને અમાવસ્યાની તિથિમાં પૌષધવ્રતનું પાલન કરે છે તે ત્રીજો વિશ્રામ છે. મરણ નજીક આવતાં આહાર-પાણીનો પ્રત્યાખ્યાન કરે છે, અને મૃત્યુની આકાંક્ષા વિના પાદપોપગમન સંથારો કરે છે તે ચોથો વિશ્રામ છે.

(૩૩૭) ચાર પ્રકારના પુરુષો કહેલ છે. ઉદિતોદિત - મનુષ્યજન્મમાં પણ ઉદિત (મૃદ્ધ) અને આગળ પણ ઉદિત (સુખી), ઉદિતાસ્તમિત - મનુષ્યજન્મમાં ઉદિત (સમૃદ્ધ) પણ આગળ (દુર્ગતિમાં જવાથી) ઉદય નહિ. અસ્તમિતોદિત - કોઈ અહિ ઉદિત નથી. પરંતુ પછી આગામી ભવમાં ઉદિત (સમૃદ્ધ) અસ્તમિતાસ્તમિત - મનુષ્ય જન્મમાં પણ ઉદિત નહિ અને આગળ પણ ઉદિત નહિ.

(૩૩૮) યુગ્મ ચાર કહ્યા છે - કૃતયુગ્મ એક એવી સંખ્યા જેને ચારથી ભાંગી દેવા પર શેષ ચાર રહે. ત્ર્યોજ એક એવી સંખ્યા જેને ત્રણથી ભાંગી દેવા પર શેષ ત્રણ રહે. દ્વાપર એક એવી સંખ્યા જેને બેથી ભાંગી દેવા પર શેષ બે રહે. કલ્યોજ એક એવી સંખ્યા જેને એકથી ભાંગી દેવા પર શેષ એક રહે. નારક જીવોને ચાર યુગ્મ છે. એ પ્રમાણે ૨૪ દંડકવર્તી જીવોના ચાર યુગ્મ છે.

(૩૩૯) શૂર ચાર પ્રકારના છે, જેમકે-ક્ષમાશૂર, તપશૂર, દાનશૂર, યુદ્ધશૂર ક્ષમાશૂર અરિહંત ભગવંત છે, તપશૂર અણગાર હોય છે, દાનશૂર વૈશ્રમણ દેવ છે, અને યુદ્ધશુર વાસુદેવ હોય છે.

(૩૪૦) પુરૂષ વર્ગ ચાર પ્રકારનો છે જમકે-કોઈ પુરૂષ શરીર કુલ સમૃદ્ધિ આદિથી ઉચ્ચ અને ઉચ્ચ અભિપ્રાયવાળો પણ હોય છે. કોઈ પુરૂષ શરીર કુલ સમૃદ્ધિથી ઉચ્ચ પણ નીચ અભિપ્રાયવાળો હોય છે. કોઈ પુરૂષ શરીર કુલ સમૃદ્ધિથી હીન પણ ઉચ્ચ વિચારવાળો હોય છે. કોઈ પુરૂષ શરીર કુલ સમૃદ્ધિથી પણ હીન અને ઔદાર્યાદિ ગુણોથી પણ હીન છે.

(૩૪૧) અસુરકુમાર દેવોને ચાર લેશ્યાઓ હોય છે - કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, અને તેજોલેશ્યા. એ પ્રમાણે શેષ ભવનવાસી દેવોની પૃથ્વીકાય અપકાય વનસ્પતિકાય તથા સર્વ વાણવ્યંતરોને ચાર લેશ્યાઓ હોય છે.

(૩૪૨) યાન ચાર પ્રકારના છે - કોઈ એક યાન બળદોથી યુક્ત હોય અને સામગ્રીથી પણ યુક્ત હોય છે, કોઈ યાન બળદથી યુક્ત છે પરંતુ સામગ્રીથી અયુક્ત છે, એક યાન બળદોથી રહિત છે. અને સામગ્રીથી સહિત છે. એક યાન અયુક્ત બળદોથી રહિત હોય છે. અને સામગ્રીથી રહિત હોય છે. એ પ્રમાણે ચાર પ્રકારના પુરૂષ કહેલ ચે. કોઈ પુરૂષ ધનાદિથી યુક્ત છે અને સમુચિત અનુષ્ઠાનથી યુક્ત છે કોઈ પુરુષ ધનાદિથી યુક્ત છે. પરંતુ સમુચિત અનુષ્ઠાનથી રહિત છે. એક પુરૂષ ધનાદિથી રહિત છે. પરંતુ ઉચિત અનુષ્ઠાનથી યુક્ત છે. એક પુરૂષ ધનાદિથી રહિત છે અને ઉચિત અનુષ્ઠાનથી રહિત છે.

યાન ચાર પ્રકારના છે - એક યાન વૃષભાદિથી યુક્ત છે અને સુન્દરાકાર છે શેષ ત્રણ ભાંગા પૂર્વોક્ત ક્રમથી કહેવા. એ પ્રમાણે પુરૂષો ચાર પ્રકારના છે, જેમ કે-એક પુરૂષ ધન આદિથી સમ્પન્ન છે અને સુન્દર છે શેષ ત્રણ ભાંગા પૂર્વોક્ત ક્રમથી કહેવા. યાન ચાર પ્રકારના છે. જેમ કે-એક યાન યુક્ત છે (વૃષભાદિથી યુક્ત છે) અને તેની શોભા સુન્દર છે શેષ ત્રણ ભાંગા પૂર્વોક્ત ક્રમથી કહેવા. એ પ્રમાણે પુરુષ ચાર પ્રકારના છે - એક પુરુષ ધનથી યુક્ત છે અને તેની શોભા યુક્ત છે. શેષ ત્રણ ભાંગા પૂર્વોક્ત પ્રમાણે કહેવા.

વાહન ચાર પ્રકારના છે - એક વાહન બેસવાની સામગ્રીથી યુક્ત છે અને વેગ યુક્ત છે. એક વાહન બેસવાની સામગ્રીથી યુક્ત છે પણ વેગ યુક્ત નથી. એક વાહન સામગ્રીથી યુક્ત નથી પરંતુ વેગ યુક્ત છે. એક વાહન બેસવાની સામગ્રીથી યુક્ત પણ નથી અને વેગયુક્ત પણ નથી. એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારે છે - એક ધન ધાન્ય સંપન્ન અને ઉત્સાહી છે. એક ધન ધાન્ય સંપન્ન છે પરંતુ અનુત્સાહી છે. એક પુરુષ ઉત્સાહી છે પરંતુ ધન ધાન્ય સમ્પન્ન નથી. એક પુરૂષ ધન ધાન્ય સમ્પન્ન પણ નથી અને ઉત્સાહી પણ નથી. યાનના ચાર સૂત્રોની સમાન યુગ્યના ચાર સૂત્રો પણ કહેવા એ રીતે પુરુષોની ચૌભંગી પણ જાણવી.

સારથિ ચાર પ્રકારના છે. એક સારથી રથના અશ્વો જોડે છે. પરંતુ છુટા કરતો નથી. એક સારથિ રથથી અશ્વોને છુટા કરે છે પરંતુ જોડતો નથી. એક સારથિ રથમાં અશ્વો જોડે છે અને છુટા કરે છે એક સારથિ રથમા અશ્વોને જોડતો નથી અને છુટા પણ કરતો નથી. એ પ્રમાણ પુરૂષ (શ્રમણ) ચાર પ્રકારના છે. જેમકે-એક શ્રમણ કોઈ વ્યક્તિને સંમય સાધનામાં જોડે છે પરંતુ અતિચારોથી મુક્ત કરતો નથી. એક શ્રમણ સંયમીને અતિચારો મુક્ત કરે છે પરંતુ સંયમ સાધનામાં જોડતો નથી. એક શ્રમણ સંયમીને અતિચારો મુક્ત કરે

છે પરંતુ સંયમ સાધનામાં જોડતો થી. એક શ્રમણ સંયમીને સાધનામાં જોડે પણ છે અને અતિચારોથી મુક્ત પણ કરે છે. એક શ્રમણ સંયમીને સાધનામાં જોડતો પણ નથી અને અતિચારોથી મુક્ત પણ કરતો નથી.

અશ્વ ચાર પ્રકારના છે. જેમકે - કોઈ અશ્વ પલાણ યુક્ત પણ છે અને વેગ યુક્ત પણ છે. યાનના સૂત્રોની સમાન અશ્વના ચાર સૂત્રો કહેવા અને પુરૂષસૂત્ર પણ પૂર્વવત કહેવા. અશ્વના ચાર સૂત્રોની સમાન હસ્તિના ચાર સૂત્રો કહેવા અને ચાર પ્રકારના પુરૂષો છે તેના ચાર ભાંગા હસ્તી સમાન ઉતારવા. યુગ્યચર્યા ચાર પ્રકારની છે - એક અશ્વ માર્ગમાં ચાલે છે પરંતુ ઉન્માર્ગમાં નથી ચાલતો. એક અશ્વ ઉન્માર્ગમાં ચાલે છે. એક અશ્વ માર્ગમાં પણ નથી ચાલતો અને ઉન્માર્ગમાં પણ નથી ચાલતો. એ પ્રમાણે પુરૂષ ના ચાર પ્રકાર છે. - એક પુરૂષ સંયમ માર્ગમાં ચાલે છે પરંતુ ઉન્માર્ગમાં નથી ચાલતો બાકીના ત્રણ ભાંગા પૂર્વોક્ત ક્રમથી કહેવા.

પુષ્પ ચાર પ્રકારના છે. જેમ કે - એક પુષ્પ સુંદર છે પણ સુગંધ નથી એક પૂષ્પ સુગંધી છે પરંતુ સુંદર નથી. એક પુષ્પ સુંદર પણ છે અને સુગંધ પણ છે. એક પુષ્પ સુંદર પણ નથી અને સુગંધીત પણ નથી. એ પ્રમાણે પુરૂષના ચાર પ્રકારે છે જેમકે-એક સુંદર છે પરંતુ સદાચારી નથી. શેષ ત્રણ ભાંગા પૂર્વવત કહેવા. ચાર પ્રકારના પુરૂષ કહેલ છે - એક જાતિસંપન્ન (ઉત્તમ માતૃ પક્ષવાળા) છે પરંતુ કુલસંપન્ન (ઉત્તમ પિતૃ પક્ષવાળા) નથી. એક કુલસંપન્ન છે પરંતુ જાતિસંપન્ન નથી. એક જાતિસંપન્ન છે અને કુલસંપન્ન પણ છે. એક જાતિસંપન્ન નથી અને કૂલસંપન્ન પણ નથી.

ચાર પ્રકારના પુરૂષો કહ્યા છે. તે આ પ્રમાણે એક પુરૂષ જાતિસંપન્ન છે. પરંતુ બલસંપન્ન નથી, યાવત્ એક જાતિસંપન્ન પણ નથી અને બલસંપન્ન પણ નથી. આ પ્રમાણે જાતિ અને રૂપ, જાતિ અને શ્રુત, જાતિ અને શી, જાતિ અને ચારિત્રને લઈને બધાના ચાર ચાર ભંગો કહેવો જોઈએ. આ જ પ્રમાણે કુલ અને બલના. કુલ અને રૂપના. કુલ અને શ્રુતના, કુલ અને શીલના, કુલ અને ચારિત્રના પણ ચાર ચાર આલાપકો કહેવા. આ જ પ્રમાણે - બલ અને રૂપના, બલ અને શ્રુતના, બલ અને શીલના, બલ અને ચારિત્રને લઈને ચાર આલાપક કહેવા. આ જ પ્રમાણે રૂપ અને શ્રુતના, રૂપ અને શીલના, રૂપ અને ચારિત્રના ચાર ચાર આલાપક કહેવા. આ જે પ્રમાણે શ્રુત અને ચારિત્રના ચાર આલાપક કહેવા. આ પ્રમાણે શીલ અને ચારિત્રના ચાર આલાપક કહેવા એમ સર્વમળીને એકવીસ ભંગ કહેવા જોઈએ.

ફળના ચાર પ્રકાર છે. જેમ કે-આમલક જેવુ મધુર. આચાર્ય પણ ચાર પ્રકારના હોય છે - મધુર આંબળા સમાન જે આચાર્ય હોય છે, તે મધુર આંબળા સમાન જે આચાર્ય હોય છે, તે મધુર ભાષી અને ઉપશાંત હોય છે, મધુર દ્રાક્ષ સમાન જે આચાર્ય છે, તે અધિક મધુરભાષી અને અધિક ઉપશાંત હોય છે, મધુર દ્રાક્ષ સમાન જે આચાર્ય છે, તે અધિક મધુરભાષી અને અધિક ઉપશાંત હોય છે. મધુર દૂધ સમાન જે આચાર્ય છે, તે અત્યધિક મધુર ભાષી અને અત્યધિક ઉપશાન્ત હોય છે. મધુર શર્કરા સમાન જે આચાર્ય છે. તે અધિકતમ મધુર ભાષી અને અધિકતમ ઉપશાન્ત હોય છે - પુરૂષના ચાર પ્રકાર છે - એક પુરૂષ પોતાની સેવા કરે છે. પરંતુ બીજાની સેવા નથી કરતો તે આળસુ અથવા રૂક્ષ પ્રકૃતિવાળો. એક પુરૂષ બીજાની સેવા કરે છે. પરંતુ પોતાની નથી કરતા. તે પરોપકારી. એક પુરૂષ પોતાની સેવા પણ કરે છે. અને બીજાના પણ સેવા કરે છે. તે વ્યવહારકુશલ. એક પુરુષ પોતાની સેવા પણ નથી કરતો અને બીજાથી સેવા કરાવતો પણ નથી તે જીનકલ્પીમુનિ. ચાર પ્રકારના પુરૂષો કહેલ છે - એક પુરૂષ બીજાની સેવા કરે છે. પરંતુ બીજા પાસેથી પોતાની સેવા કરાવતો નથી તે નિસ્પૃહી. એક પુરૂષ બીજા પાસેથી સેવા કરાવે છે. પરંતુ સ્વયં સેવા કરતો નથી તે રોગી યા આચાર્ય. એ પુરૂષ બીજાની સેવા કરે છે. અને બીજાથી સેવા કરાવે છે. સ્થવિરકલ્પીમુનિ. એક પુરૂષ બીજાની સેવા કરતો નથી અને બીજાથી સેવા કરાવતો પણ નથી તે જીનકલ્પી મુનિ.

પુરૂષ ચાર પ્રકારના છે જેમ કે- પુરૂષ કાર્ય કરે છે. પરંતુ માન નથી કરતો. એક પુરૂષ માન કરે છે. પરંતુ કાર્ય કરતો નથી. એક પુરૂષ કાર્ય કરે છે. અને માન પણ કરે છે. એક પુરૂષ કાર્ય પણ નથી કરતો અને માન પણ નથી કરતો પુરૂષ ચાર પ્રકારના છે એક પુરૂષ સંગ્રહ કરવાના સ્વભાવવાળો છે. પણ માનકર નથી. એક પુરૂષ સંગ્રહ કરવાના સ્વભાવવાળો નથી, અને માનકર પણ નથી. પણ માનકર નથી. એક પુરૂષ સંગ્રહ કરવાના સ્વભાવવાળો છે. અને માનકર છે. એક પુરૂષ સંગ્રહ કરવાના સ્વભાવવાળો નથી અને માનકર પણ નથી. એક પુરૂષ (શ્રમણ) ગણને માટે આહારાદિનો સંગ્રહ કરે છે પણ માન કરતો નથી. યાવત્એક પુરૂષ ગણને માટે સંગ્રહ નથી કરતો અને અભિમાન પણ નથી કરતો.

પુરૂષો ચાર પ્રકારના હોય છે. જેમકે-એક પુરૂષ નિર્દોષ સાધુ સમાચારીનું પાલન કરી ગણની શોભા વધારે છે પણ માન કરતો નથી. એક પુરૂષ માન કરે છે પરંતુ ગણની શોભા વધારતો નથી. એક પુરૂષ ગણની શોભા પણ વધારે છે અને માન પણ કરે છે. એક પુરૂષ ગણની શોભા પણ

નથી વધારતો અને માન પણ નથી કરતો. પુરૂષો ચાર પ્રકારના છે. એક પુરૂષ ગણની શોભા પણ નથી વધારતો અને માન પણ નથી કરતો. પુરૂષો ચાર પ્રકારના છે. એક પુરૂષ ગણની શુદ્ધિ કરે છે પરંતુ માન નથી કરતો, બાકીના ત્રણ ભાંગા પૂર્વવત્ જાણવા. પુરૂષ ચાર પ્રકારના છે. એક પુરૂષ સાધુવેષ છોડે છે પરંતુ ચારિત્ર ધર્મ છોડતો નથી એક પુરૂષ ચારિત્રધર્મ છોડે છે. પરંતુ સાધુવેષ છોડતો નથી. એક પુરૂષ સાધુ વેષ પણ છોડે છે અને ચારિત્રધર્મ પણ છોડે છે. એક પુરૂષ સાધુ વેષ પણ નથી છોડતો અને ચારિત્રધર્મ પણ નથી છોડતો.

પુરૂષ ચાર પ્રકારના છે. જેમ કે:-એક પુરૂષ (શ્રમણ) સર્વજ્ઞ-ધર્મ ને છોડે છે પરંતુ ગણની મર્યાદાને છોડતો નથી. એક પુરૂષ સર્વજ્ઞકથિત ધર્મને છોડતો નથી પરંતુ ગણની મર્યાદાને છોડે છે. એક પુરૂષ સર્વજ્ઞકથિત ધર્મ પણ છોડે અને ગણની મર્યાદાને પણ છોડે છે. એક પુરૂષ સર્વજ્ઞકથિત ધર્મ પણ નથી છોડતો અને ગણની મર્યાદાને પણ નથી છોડતો. ચાર પ્રકારના પુરૂષ હોય છે. એક પુરૂષને ધર્મ પ્રિય છે પરંતુ તે ધર્મમાં દઢ નથી. એક પુરૂષ ધર્મમાં દઢ છે. પરંતુ ધર્મપ્રિય નથી. એક પુરૂષ ધર્મપ્રિય પણ છે અને તે ધર્મમાં દઢ પણ છે. એક પુરૂષ છે ને ધર્મ પ્રિય પણ નથી અને તે ધર્મમાં દઢ પણ નથી.

આચાર્ય ચાર પ્રકારના છે. - એક આચાર્ય દિક્ષા આપે છે પરંતુ મહાવ્રતોની પ્રતિજ્ઞા નથી કરાવતા. એક આચાર્ય મહાવ્રતોની પ્રતિજ્ઞા કરાવે છે પરંતુ દીક્ષા દેતા નથી. એક આચાર્ય દીક્ષા પણ આપે છે અને મહાવ્રત પણ ધારણ કરાવે છે એક આચાર્ય દીક્ષા આપતા નથી અને મહાવ્રત ધારણ કરાવતા નથી. આચાર્ય ચાર પ્રકારના છે-કોઈ આચાર્ય ઊદ્દેશકાચાર્ય છે પરંતુ વાચનાચાર્ય હોતા નથી. એક આચાર્ય આગમોનું અધ્યયન કરાવે. પરંતુ શિષ્ય ને આગમ જ્ઞાન કરવા યોગ્ય ન બતાવે. એક આચાર્ય શિષ્યને આગમ જ્ઞાન માટે યોગ્ય પણ બનાવે છે અને વાચના પણ આપે છે. એક આચાય; ન શિષ્યને યોગ્ય બનાવે કે ન વાચના આપે.

અન્તેવાસી ચાર પ્રકારના કહ્યા છે. એક પ્રવાજનાન્તેવાસી પરંતુ ઉપસ્થાપિત શિષ્ય નથી. એક ઉપસ્થાપિત શિષ્ય છે પરંતુ પ્રવ્રજિત શિષ્ય નથી. એક પ્રવ્રજિત શિષ્ય પણ છે અને ઉપસ્થાપિત પણ છે. એક પ્રવ્રજિત શિષ્ય પણ નથી અને ઉપસ્થાપિત પણ નથી. શિષ્ય ચાર પ્રકારના છે - એક ઉદ્દેશકાન્તેવાસી છે પણ વાચનાન્તેવાસી નથી. એક વાચનાન્તેવાસી છે પણ ઉદ્દેશકાન્તેવસી નથી. એક ઉદ્દેશકાન્તેવાસી પણ નથી અને વાચનાન્તેવાસી પણ નથી.

નિર્ગ્રન્થ ચાર પ્રકારના છે-એક નિર્ગ્રન્થ દીક્ષામાં જ્યેષ્ઠ હોય છે પરંતુ મહાપાપ કર્મ અને મહાપાપ ક્રિયા કરે છે. ક્યારેય આતાપના લેતો નથી અને પાંચ સમિતિઓનું પાલન પણ કરતો નથી. તેથી તે ધર્મનો આરાધક નથી. એક નિર્ગ્રન્થ દીક્ષામાં જ્યેષ્ઠ છે પરંતુ પાપ કર્મ અને પાપ ક્રિયા કદી પણ કરતો નથી. આતાપના લે છે અને સમિતિઓનું પાલન પણ કરે છે. તેથી તે ધર્મનો આરાધક છે. એક નિર્ગ્રંથ દીક્ષામાં નાના છે પરંતુ ઓનું પાલન કરતો નથી તેથી તે ધર્મનો આરાધક નથી. એક નિર્ગ્રન્થ દીક્ષામાં નાના છે. પરંતુ કદી પાપ કર્મ અને પાપ ક્રિયા કરતો નથી આતાપના લે છે. અને સમિતિઓનું પાલન પણ કરે છે. તેથી તે ધર્મનો આરાધક હોય છે. આ પ્રમાણે નિર્ગ્રન્થીઓ, તથા શ્રાવકો, અને શ્રાવિકાઓના પણ ભાંગા કહેવા.

(૩૪૩) શ્રમણોપાસકના ચાર પ્રકાર છે - માતાપિતા સમાન ભાઈ સમાન મિત્ર સમાન અને શોક્યસમાન. શ્રમણોપાસકના નીચે પ્રમાણે ચાર પ્રકાર પડે છે - અરીસાસ-માન પતાકાસમાન સ્થાણુસમાન તીક્ષ્ણ કાંટાની સમાન.

(૩૪૪) ભગવાન મહાવીરના જે શ્રમણોપાસકો સૌધર્મકલ્પના અરુણાભ વિમાનમાં ઉત્પન્ન થયા છે, તેમની ચાર પલ્યોપમની સ્થિતિ છે.

(૩૪૫) દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવતા મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે પરંતુ ચાર કારણોથી તે આવી શકતા નથી. જેમ કે-દેવલોકમાં ઉત્પન્ન થયેલ એક દેવતા દિવ્યકામ-ભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, બદ્ધ અને આસક્ત થઈ જાય છે તેથી મનુષ્યના કામભોગોને આદરથી જોતો નથી. શ્રેષ્ઠ માનતો નથી. માનવીના કામભોગોથી મને કોઈ લાભ નથી એવો નિશ્ચય કરી લે છે મને માનવીના કામભોગ મળે એવી કામના પણ કરતો નથી. અને મનુષ્યના કામભોગોને ઉપભોગ કરું એવો વિકલ્પ પણ તે કરતો નથી. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ નવો દેવ દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત-યાવત્ આસક્ત થઈ જાય છે. તેથી તેનો મનુષ્યભવ પ્રત્યેનો પ્રેમ દેવલોક પ્રત્યેના પ્રેમમાં સંક્રાત થઈ જાય છે. દેવલોકમાં ઉત્પન્ન થયેલો નવો દેવતા દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત-યાવત્ આસક્ત થઈ જાય છે. તેથી તેના મનમાં એ વિકલ્પ આવે છે કે હું હમણાં જઈશ અથવા એક મુહૂર્ત પછી જઈશ. આમ વિચાર કરતાં કરતાં લાંબો સમય વ્યતીત થઈ જાય છે. ત્યાં સુધીમાં તેના માતાપિતા આદિ સંબંધીઓ કાળધર્મ પામી ગયા છે. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવતા દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત-યાવત્-આસક્ત થઈ જાય છે. તેને મનુષ્ય લોકની ગંધ

અમનોજ્ઞ લાગે છે. કેમકે મનુષ્ય લોકની દુર્ગંધ ૪૦૦-૫૦૦ યોજન સુધી ફેલાયેલી હોય છે. તેથી તે દુર્ગંધને કારણે આવતા નથી.

દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ મનુષ્યોમાં આવવા ઈચ્છે છે અને આ ચાર કારણો એ આવી શકે છે. દેવલોકમાં ઉત્પન્ન થતા દેવતા દિવ્ય કામ ભોગોમાં મૂર્ચ્છિત યાવત્ આસક્ત નથી થતો. તેના મનમાં એવો વિકલ્પ આવેછે કે - મનુષ્ય લોકમાં મારા આચાર્ય છે, ઉપાધ્યાય છે, પ્રવર્તક છે, સ્થવિર છે, ગણી છે, ગણધર છે, અને ગણાવચ્છેદક છે. તેમના પ્રભાવથી મને આ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ આદિ લબ્ધ થઈ, પ્રાપ્ત થઈ અને સામે આવી છે. તેથી હું અહીંથી મનુષ્ય લોકમાં જઈ તેમને વંદન કરું યાવત્ તેમની પર્યુપાસના કરું. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવ કામભોગોમાં મૂર્ચ્છિત યાવત્ આસક્ત નથી થતો. તેના મનમાં વિકલ્પ આવે છે કે મનુષ્ય ભવમાં જ્ઞાની અથવા દુષ્કર તપ કરવાવાળા તપસ્વી છે તે ભગવન્તોની વંદના કરું યાવત્-પર્યુપાસના કરું. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવ દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત યાવત્-આસક્ત નથી થતો અને તેના મનમાં એવો વિકલ્પ આવે છે કે મનુષ્ય ભવમાં મારા માતા, પિતા, ભાઈ, બેન પૂત્રવધૂ આદિ છે. તેની સમીપ જાઉં અને તેને બતાવું, કે મને આવી દિવ્ય ઋદ્ધિ અને દેવદ્યુતી પ્રાપ્ત થઈ છે. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવ દિવ્ય કામભોગોમાં મુર્ચ્છિત-યાવત્ આસક્ત નથી થતો. તેના મનમાં એ વિકલ્પ આવે છે, કે મનુષ્ય લોકમાં મારા મિત્રો છે, સહાયક છે, સખા છે, સાંગતિક છે, તે અને મેં પરસ્પરમાં સંકેત કર્યો છે. વચન આપ્યું છે કે જે પહેલા દેવલોક જાય તે બીજાને પ્રતિબોધ દેવા આવે.

(૩૪૬) લોકોમાં એટલે લોકના અમુક ભાગમાં ચાર કારણોને લીધે અંધકાર વ્યાપી જાય છે. જિનેન્દ્ર દેવના નિર્વાણ કાળે, અર્હંતપ્રજ્ઞપ્ત ધર્મ લુપ્ત થવા પર પૂર્વોનું જ્ઞાન નષ્ટ થવા પર, (બાદર) અગ્નિ ન રહેવા પર. ચાર કારણોને લીધે લોકમાં ઉદ્યોત થાય છે. જેમકે - જિનેન્દ્ર દેવના જન્ય સમયે. જિનેન્દ્ર પ્રવ્રજિત થાય ત્યારે, તીર્થંકરોને કેવળજ્ઞાન થાય ત્યારે, અર્હન્ત પ્રભુ નિર્વાણ મહિમા અવસરે એ પ્રમાણે દેવલોકમાં અંધકાર, ઉદ્યોત, દેવ સમુદાયનું એકત્રિત થવું, ઉત્સાહીત થવું અને આનંદજન્ય કોલાહલ થવો; આ રીતે દરેકના ફક્ત ચાર ચાર કારણો કહેવા. દેવેન્દ્ર-યાવત્-લોકાન્તિક દેવો ચાર કારણોથી મનુષ્ય લોકમાં આવે છે.''

(૩૪૭) ચાર દુઃખશય્યાઓ કહી છે. જેમકે-પ્રથમ દુઃખશય્યા એક મનુષ્ય મુંડિત થઈને અર્થાત્ ''ગૃહસ્થાવસ્થાનો પરિત્યાગ કરી અણગાર અવસ્થાને અંગીકાર કરીને'' નિર્ગ્રંથપ્રવચનમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા કરે છે તો તે માનસિક દુર્વિદ્યામાં ધર્મવિપરીત વિચારોથી નિર્ગ્રંથ પ્રવચનમાં અશ્રદ્ધા, અપ્રતીતિ અરુચિ રાખવા પર શ્રમણનું મન સદા વિવિધ વિષયો પ્રવૃત્ત થાય છે. તેથી તે ધર્મભ્રષ્ટ થઈ જાય છે, તે પ્રથમ દુઃખશય્યા છે. બીજી દુઃખશય્યા, એક વ્યક્તિ મુંડિત થઈ યાવત્-પ્રવ્રજિત થઈ પોતાને જે આહારાદિ પ્રાપ્ત છે તેથી સંતુષ્ટ નથી થતો અને બીજાને જે આહારાદિ પ્રાપ્ત છે તેની ઈચ્છા કરે છે. એવા શ્રમણનું મન વિવિધ વિષયોમાં ભમે છે. તેથી ધર્મભ્રષ્ટ થઈ જાય છે આ બીજી દુઃખશય્યા. ત્રીજી દુઃખશય્યા, એક વ્યક્તિ મુંડિત થઈ યાવત્-પ્રવ્રજિત થઈ મનુષ્ય સંબંધી કામભોગોનું આસ્વાદન-યાવત્-અભિલાષા કરે છે. તે શ્રમણનું મન સદા વિવિધ વિષયોમાં ભમે છે, તેથી તે ધર્મભ્રષ્ટ થાય છે, તે ત્રીજા દુઃખશય્યા છે. ચોથી દુઃખશય્યા, એક વ્યક્તિ મુંડિત થઈને-યાવત્-પ્રવ્રજિત થઈને એમ વિચારે છે કે હું ગ્રહસ્થાવાસમાં હતો ત્યારે માલિશ, મર્દન સ્નાન, આદિ નિયમીત કરતો હતો જ્યારથી હું પ્રવ્રજિત થઈ ગયો છું ત્યારથી માલિશ મર્દન સ્નાન આદી કરી શકતો નથી, એ પ્રમાણે માલિશ આદિની ઈચ્છા-યાવત્ અભિલાષા કરે છે તેનું મન વિવિધ વિષયોમાં ભમે છે. તેથી તે સંયમભ્રષ્ટ થાય છે, તે ચોથી દુઃખશય્યા છે.

સુખશય્યા ચાર પ્રકારની છે જેમકે-પ્રથમ સુખશય્યા, એક વ્યક્તિ મુંડિત થઈ ગૃહસ્થાવાસનો ત્યાગ કરી પ્રવ્રજિત થાય છે. તે નિર્ગ્રંથ પ્રવચનમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા કરતો નથી. ભેદ સમાપન્ન એ કલુષ સમાપન્ન થતો નથી. એવં આ રીતે નિર્ગ્રંથ પ્રવચનમાં નિઃશંક્તિ, નિઃકાંક્ષિત હોવાને કારણે શ્રદ્ધા પ્રતીતિ-રુચિ રાખે છે. આ રીતે જેને નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા પ્રતીત રુચિ થયેલ છે તે પોતાના મનને સ્થિર રાખી શકે છે. ગમે તે વિષયોમાં ભમવા દેતો નથી અને ધર્મભ્રષ્ટ થતો નથી. તે પ્રથમ સુખશય્યા. બીજી સુખશય્યા કોઈ પુરુષ મુંડિત થઈને પ્રવ્રજ્યા અંગીકાર કરે છે. તે મુંડિત યાવત પ્રવ્રજિત થઈને સ્વયંને પ્રાપ્ત આહાર આદિથી સંતુષ્ટ રહે છે અને અન્યને પ્રાપ્ત આહાર આદિની અભિલાષા રાખતો નથી. એવા શ્રમણનું મન વિવિધ વિષયોમાં ભમતું નથી અને તે ધર્મ ભ્રષ્ટ થતો નથી. આ બીજી સુખશય્યા છે. ત્રીજી સુખશય્યા, એક વ્યક્તિ મુંડિત થઈ યાવત્-પ્રવ્રજિત થઈને કદી પણ મનુષ્ય સંબંધી કામભોગોની આશા કરતો નથી. સ્પૃહા કરતો નથી, અભિલાષા કરતો નથી. તે શ્રમણનું મન વિવિધ વિષયોમાં ભમતું નથી. અને ધર્મભ્રષ્ટ થતું નથી. આ ત્રીજી સુખશય્યા છે. ચોથી સુખશય્યા એક વ્યક્તિ મુંડિતપ્રવ્રજિત થઈને એમ વિચારે છે - અરિહંત ભગવાન આરોગ્યશાળી, બળવાન શરીરવાન ધારક, ઉદાર કલ્યાણકારી, વિપુલ કર્મક્ષયકારી તપકર્મને અંગીકાર કરે છે તો મારે તો

જે વેદના આદિ ઉપસ્થિત થઈ છે તે સમ્યક્ પ્રકારે સહન કરવી જોઈએ. જો હું સમ્યક્ પ્રકારથી સહન કરીશ તો એકાંત નિર્જર કરી શકીશ. આવા વિચારોથી તે ધર્મમાં સ્થિર રહે છે, આ છે ચોથી સુખશય્યા.

(૩૪૮) ચાર પ્રકારની વ્યક્તિઓ આગમ વાચનાને માટે અયોગ્ય હોય છે, જમકે અવિનયી, દૂધ આદિ પોષ્ટિક આહારનું અધિક સેવન કરવાવાળો. અનુપશાંત, માયાવી. ચાર પ્રકારની વ્યક્તિઓ આગમ વાચનાને માટે યોગ્ય છે - વિનયી, દૂધ આદિ પોષ્ટિક આહારનું વધારે સેવન ન કરનારો, ઉપશાંત કપટરહિત.

(૩૪૯) પુરુષ ચાર પ્રકારના છે - એક પોતાનું ભરણ-પોષણ કરે છે પરંતુ બીજાનું ભરણ પોષણ નથી કરતો. એક પોતાનું ભરણ પોષણ નથી કરતો પરંતુ બીજાનું કરે છે. એક પોતાનું અને બીજાનું પણ ભરણ-પોષણ કરે છે. એક પોતાનું બીજાનું પણ ભરણ પોષણ કરતો નથી. પુરુષ ચાર પ્રકારના છે. એક પહેલાં પણ દરિદ્રી હોય છે અને પછી પણ દરદ્રી હોય છે. એક પુરૂષ પહેલા દરિદ્ર હોય છે પરંતુ પાછળથી ધનવાન થઈ જાય છે. એક પુરૂષ પહેલાં ધનવાન્ હોય છે. પછી દરિદ્ર થઈ જાય છે. એક પુરૂષ પહેલાં ધનવાન્ હોય છે અને પછી પણ ધનવાન હોય છે.

પુરૂષ ચાર પ્રકારના છે. જેમ કે-એક પુરૂષ દરિદ્ર હોય છે. અને દુરાચારીપણ હોય છે. એક પુરૂષ દરિદ્ર હોય છે પરંતુ સદાચારી હોય છે. એક પુરૂષ ધનવાન હોય છે પરંતુ દુરાચારી હોય છે. એક પુરૂષ ધનવાન પણ હોય છે અને સદાચારી પણ હોય છે. બીજી રીતે પણ પુરૂષ ચાર પ્રકારના છે - એક દરિદ્ર છે પરંતુ દુષ્કૃત્યોમાં આનંદ માનનારો છે. એક દરિદ્ર છે પરંતુ સત્કાર્યોમાં આનંદ માનનારો છે. એક ધનિક છે પરંતુ દુષ્કૃત્યોમાં આનંદ માનવાવાળો છે. એક ધનિક પણ છે અને સત્કાર્યોમાં આનંદ માનવાવાળો પણ છે. આ પ્રમાણે પણ પુરૂષ ચાર પ્રકારના છે - એક પુરૂષ દરિદ્ર છે અને દુર્ગતિમાં જવાવાળો છે. એક પુરૂષ દરિદ્ર છે અને સુગતિમાં જવાવાળો છે. એક પુરૂષ ધનવાન્ છે અને દુર્ગતિમાં જવાવાળો છે. એ ધનવાન છે અને સુગતીમાં જનાર છે. આ પ્રમાણે પણ પુરૂષ ચાર પ્રકારના છે - જેમકે એક દરિદ્ર છે અને દુર્ગતિમાં ગયો છે. એક દરિદ્ર છે અને સુગતિમાં ગયો છે એક પુરૂષ ધનવાન્ છે અને દુર્ગતિમાં ગયો છે. એક પુરૂષ ધનવાન્ છે અને સુગતિમાં ગયો છે.

પુરૂષ ચાર પ્રકારના છે - એક પહેલા અજ્ઞાની પછી પણ અજ્ઞાની. એક પહેલા અજ્ઞાની પછી જ્ઞાની. એક પહેલા જ્ઞાની પરંતુ પછી અજ્ઞાની. એક પહેલા જ્ઞાની પછી પણ જ્ઞાની. પુરૂષ ચાર પ્રકારના છે. એક પુરૂષ મલિન સ્વભાવવાળો અને તેની પાસે અજ્ઞાનનું બલ છે. એક પુરૂષ મલિન સ્વભાવવાળો છે પણ તેની પાસે જ્ઞાનનું બલ છે. એક પુરૂષ નિર્મળ સ્વભાવવાળો છે પણ તેની પાસે અજ્ઞાનનું બળ છે. એક પુરૂષ નિર્મળ સ્વભાવવાળો છે અને તેની પાસે જ્ઞાનનું બળ છે. પુરૂષ ચાર પ્રકારના છે - એક પુરૂષ મલિન સ્વભાવવાળો છે અને અજ્ઞાન બળમાં આનંદ માનવાળો છે. એક પુરૂષ મલિન સ્વભાવવાળો છે પરંતુ જ્ઞાન બળમાં આનંદ માનવાવાળો છે. એક પુરૂષ નિર્મલ સ્વભાવવાળો છે અને અજ્ઞાન બળમાં આનંદ માનવાવાળો છે. એક પુરૂષ નિર્મલ સ્વભાવવાળો છે અને જ્ઞાન બળમાં આનંદ માનવાવાળો છે. પુરૂષ ચાર પ્રકારના કહેલ છે-એક પુરૂષ કૃષિ આદિ સાવદ્યકર્મોનો ત્યાગ કર્યો છે પરંતુ સદોષ આહારનો ત્યાગ નથી કર્યો. એક પુરૂષે સદોષ આહારનો ત્યાગ કર્યો છે પરંતુ કૃષિ આદિ સાવદ્યકર્મોની ત્યાગ નથી કર્યો. એક પુરુષે કૃષિ આદિ સાવદ્યકર્મોનો અને સદોષ આહારનો ત્યાગ નથી કર્યો. એક પુરૂષે કૃષિ આદિ સાવદ્યકર્મોનો અને સદોષ આહાર, બન્નેનો ત્યાગ કર્યો છે. એક પુરૂષે બન્નેનો ત્યાગ કર્યો નથી.

પુરૂષ ચાર પ્રકારના છે - એક પુરૂષે કૃષિ આદિ સાવદ્યકર્મોનો ત્યાગ કર્યો પરંતુ ગૃહવાસનો ત્યાગ નથી કર્યો. શેષ ત્રણ ભાંગા પૂર્વોક્ત ક્રમથી કહેવા. પુરૂષ વર્ગ ચાર પ્રકારના છે. જેમકે-એક પુરૂષે સદોષ આહાર આદિનો ત્યાગ કરી દીધો છે. પરંતુ ગૃહવાસનો ત્યાગ કર્યો નથી. બાકીના ત્રણ ભાંગા પૂર્વોક્ત ક્રમ પ્રમાણે કહેવા. પુરૂષ ચાર પ્રકારના છે. - એક પુરૂષ આ ભવમાં સુખની કામના કરે છે પરંતુ પરભવમાં સુખની કામના નથી કરતો. એક પુરૂષ આ ભવમાં સુખની કામના કરે છે પરંતુ આ ભવમાં સુખની કામના નથી કરતો. એક પુરૂષ પરભવમાં સુખની કામના કરે છે પરંતુ આ ભવમાં સુખની કામના કરતો નથી. એક પુરૂષ આ ભવ અને પરભવમાં સુખની કામના કરે છે. એક પુરૂષ આ ભવ અને પરભવ બન્નેમાં સુખની કામના કરતો નથી. પુરૂષ ચાર પ્રકારના છે-એક પુરૂષ એક (શ્રુતજ્ઞાન)થી વધે છે અને એક (સમ્યગ્દર્શન) થી હીન થાય છે. એક પુરૂષ એક (શ્રુતજ્ઞાન)થી વધે છે અને બે (સમ્યગ્દર્શન અને વિનય)થી હીન થાય છે એક પુરૂષ બે (શ્રુતજ્ઞાન અને સમ્યગ ચારિત્ર)થી વધે છે અને સમ્યગદર્શનથી હીન થાય છે. એક પુરૂષ બે (શ્રુતજ્ઞાન અને સમ્યગનુષ્ઠાનથી) વધે છે અને બે (સમ્યગદર્શનને વિનયથી હીન થાય છે.) ચાર પ્રકારના ઘોડા કહેલ છે- એક ઘોડો પહેલા શીઘ્ર ગતિ રહે છે. એક ઘોડો પહેલા શીઘ્ર ગતિવાળો છે પરંતુ પછી મંદગતિવાળો થાય

છે. એક ઘોડો પહેલાં મંદગતિ હોય છે પરંતુ પછી શીઘ્ર ગતિવાળો થાય છે. એક ઘોડો પહેલાં મંતગતિવાળો હોય છે અને પછી પણ મંદગતિવાળો હોય છે. આ પ્રકારે પુરૂષ ચાર પ્રકારના છે. એક પુરૂષ પહેલા સદ્ગુણી છે પછી પણ સદ્ગુણી છે. એક પુરૂષ પહેલા સદ્ગુણી છે પછી અવગુણી થઈ જાય છે. એક પુરૂષષ પહેલા અવગુણી છે પરંતુ પાછળથી સદ્ગુણી થઈ જાય છે. એક પુરૂષ પહેલાં પણ અને પછી પણ અવગુણી છે. ઘોડા ચાર પ્રકારના છે, જેમકે-એક ઘોડા શીઘ્ર ગતિવાળો અને સંકેતાનુસાર ચાલનાર હોય છે. એક શીઘ્રગતિવાળો છે પણ સંકેતાનુસાર ચાલતો નથી. એક ઘોડાની મંદગતિ છે પરંતુ સંકેતાનુસાર ચાલે છે. એક ઘોડાની મંદગતિ છે અને સંકેતાનુસાર ચાલતો નથી. આ પ્રકારે પુરૂષ ચાર પ્રકારના છે. એક વિનય ગુણસંપન્ન છે. અને વ્યવહારમાં વિનમ્ર છે. બાકીના ત્રણ ભાંગા પૂર્વોક્ત ક્રમથી કહેવા.

ઘોડા ચાર પ્રકારના છે, જેમકે-એક જાતિ સંપન્ન છે પરંતુ કુલ સંપન્ન નથી. બાકીના ત્રણ ભાંગા પૂર્વોક્ત પ્રમાણે. આ પ્રકારે પુરૂષ ચાર પ્રકારના છે. ચારે ભાંગા પૂર્વોક્ત પ્રમાણે. ઘોડા ચાર પ્રકારના છે. એક ઘોડા જાતિ સંપન્ન છે. પરંતુ બલસંપન્ન નથી. શેષ ત્રણ ભાંગા પૂર્વોક્ત પ્રમાણે. પુરૂષ ચાર પ્રકારના છે. ચારે ભાંગા પૂર્વવત્ ઘોડા ચાર પ્રકારના છે, જેમકે-એક ઘોડો જાતિસંપન્ન છે. પરંતુ રૂપસંપન્ન નથી. શેષ ભાંગા પૂર્વોક્ત પ્રમાણે. એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારે છે. ચારે ભાંગા પૂર્વવત્ ઘોડા ચાર પ્રકારના છે, જેમકે-એક ઘોડો જાતિસંપન્ન છે પરંતુ યુદ્ધમાં તે વિજય પ્રાપ્ત કરી શક્તો નથી. બાકીના ત્રણ ભાંગા પૂર્વવત્ એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના છે. એક પુરૂષ જાતિસમ્પન્ન છે પરંતુ યુદ્ધમાં તે વિજય પ્રાપ્ત કરી શકતો નથી. આ પ્રમાણે બાકીના ત્રણ ભાંગા પૂર્વવત્. કુલસંપન્ન અને બળસંપન્ન, કુલસંપન્ન અને રૂપસંપન્ન, કુલસંપન્ન અને જય-સંપન્ન. બલસંપન્ન અને રૂપસંપન્ન, બલસંપન્ન અને જયસંપન્ન. કુલસંપન્ન અને જય-સંપન્ન. ઘોડાના ચાર ચાર ભાંગા તથા એ પ્રમાણે પુરૂષના ચાર ચાર ભાંગા પૂર્વોક્ત ક્રમથી કહેવા. પુરૂષ ચાર પ્રકારના છે, જેમકે-એક પુરૂષ સિંહની જેમ પ્રવ્રજિત થાય છે. અને સિંહની જેમ જ વિચરે એક પુરૂષ સિંહની જેમ પ્રવ્રજિત થાય છે પરંતુ શિયાળ ની જેમ વિચરે છે, એક પુરૂષ શિયાળની જેમ પ્રવ્રજિત થાય છે પરંતુ સિંહની જેમ વિચરે છે. એક પુરૂષ શિયાળની જેમ પ્રવ્રજિત થાય છે અને શિયાળની જેમ વિચરે છે.

(૩૫૦) લોકમાં ચાર સ્થાન સમાન છે - અપ્રતિષ્ઠાન નારકાવાસ સાતમી નરક જમ્બૂદ્વીપ, પાલક્યાન વિમાન, સર્વાર્થ સિદ્ધ મહાવિમાન. લોકમાં સર્વથા સમાન ચાર સ્થાન છે - સીમંતક નરકાવાસ, સમયક્ષેત્ર (મનુષ્યલોક) ઉહુ નામક વિમાન, ઈષત્પ્રાગભારા પૃથ્વી. (સિદ્ધશિલા)

(૩૫૧) ઉર્ધ્વલોકમાં બે દેહ ધારણ કર્યા પછી મોક્ષમાં જવાવાળા જીવ ચાર પ્રકારના છે, જેમકે - પૃથ્વીકાયિક અપકાયિક વનસ્પતિકાયિક અને સ્થૂલ ત્રસકાયિક જીવ. અધોલોક અને તિર્ય ક્લોક સંબંધી સૂત્રો પણ કહેવાં.

(૩૫૨) પુરુષ ચાર પ્રકારના છે, જેમકે-એક પુરુષ લજ્જાથી પરિષહ સહન કરે છે. એક પુરુષ લજ્જાથી મન દઢ રાખે છે. એક પુરુષ પરિષહથી ચલચિત્ત થઈ જાય છે. એક પુરુષ પરિષહ આવવા પર નિશ્ચલ મન રાખે છે.

(૩૫૩) શય્યા પ્રતિમા (પ્રતિજ્ઞાઓ) ચાર છે વસ્ત્ર પ્રતિમાઓ ચાર છે. પાત્ર પ્રતિમાઓ ચાર છે. સ્થાન પ્રતિમાઓ ચાર છે.

(૩૫૪) જીવથી સ્પૃષ્ટ નીચેના ચાર શરીર કહેલ છે - વૈક્રિયકશરીર, આહારક શરીર, તૈજસશરીર અને કાર્મણશરીર. ચારશરીર, કાર્મણ શરીર સાથે ઉન્મિશ્ર (વ્યાપ્ત) કહેલ છે-ઔદારિકશરીર, વૈક્રિયશરીર, આહારકશરીર, તૈજસ શરીર.

(૩૫૫) લોક ચાર અસ્તિકાય રૂપ દ્રવ્યોથી વ્યાપ્ત કહેલ છે - ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય જીવાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય, ઉત્પાદ્યમાન ચાર બાદરકાયથી આ લોક વ્યાપ્તછે. પૃથ્વીકાયિકોથી અપકાયિકોથી વાયુકાયિકોથી વનસ્પતિ-કાયિકોથી.

(૩૫૬) સમાન પ્રદેશવાળા દ્રવ્ય ચાર છે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને એક જીવ.

(૩૫૭) પૃથ્વીકાયાદિ ચારેનું શરીર એવું છે, જે આંખોથી જો, શકાતું નથી. જેમકે-પૃથ્વીકાયનું અપકાયનું તેઉકાયનું અને વનસ્પતિકાયનું.

(૩૫૮) ચાર ઈન્દ્રિયોનો વિષય ઈન્દ્રિયોની સાથે સ્પૃષ્ટ થઈને ગ્રાહ્ય થાયછે. જેમકે શ્રોત્રેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય જિહ્વેન્દ્રિય સ્પર્શેન્દ્રિય.

(૩૫૯) જીવ અને પુદ્ગલ ચાર કારણોથી લોકથી બહાર અલોકમાં જઈ શકવા. સમર્થ નથી. ગતિનો અભાવ હોવાથી, ગતિસાધક કારણનો અભાવ હોવાથી, સ્નિગ્ધતાથી રહિત હોવાથી અને લોકની મર્યાદા હોવાથી.

(૩૬૦) જ્ઞાત (દષ્ટાન્ત) ચાર પ્રકારના છે - આહારણ :- જે દષ્ટાન્તથી અવ્યક્ત અર્થ વ્યક્ત કરાય છે. આહરણ તદ્દેશ - જે દષ્ટાન્તથી વસ્તુના એક દેશનું પ્રતિપાદન કરાય છે. આહારણતદોષ - જે દષ્ટાન્તથી સદોષ સિદ્ધાન્તનું નિરાકરણ કરાય છે. આહારણના ચાર પ્રકારો છે. અપાય - અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવમાં વિઘ્ન બાધા બતાવવાળું દષ્ટાન્તથી પરમતને દૂષિત સિદ્ધ કરીને સ્વમતને નિર્દોષ સિદ્ધ કરાય. પ્રત્યુન્પન્નવિનાશી - જે

દષ્ટાન્તથી તત્કાલ ઉત્પન્ન વસ્તુનો વિનાશ સિદ્ધ કરાય.

આહારણતદેશના નીચે પ્રમાણે ચાર પ્રકાર છે - અનુશિષ્ટ :- સદ્ગુણરોની સ્તુતિથી ગુણવાનના ગુણોની પ્રશંસા કરવી. ઉપાલંભ - અસત્ કાર્યોમાં પ્રવૃત્ત મુનિને દષ્ટાન્તથી ઉપાલંભ દેવો. પૃચ્છા - કોઈ જિજ્ઞાસુ દષ્ટાન્તને આપી પ્રશ્ન પૂછે. નિશ્રાવચન એક વ્યક્તિનું ઉદાહરણ આપીને બીજાને બોધ દેવો. આહારણ તદ્દોષના ચાર પ્રકાર છે - અધર્મયુક્ત - જે દષ્ટાન્તથી પાપ કાર્ય કરવાનો સંકલ્પ ઉત્પન્ન થાય છે. પ્રતિલોમ - જે દષ્ટાન્તથી,''જેવા સાથે તેવા'' કરવાનું શિખવાડાય છે. આત્મોપનીત - પરમતનેદૂષિત સિદ્ધ કરવાને માટે જે દષ્ટાન્ત દેવાય તેથી સ્વમત પણ દૂષિત સિદ્ધ થઈ જાય છે. દુરૂપનીત - જે દષ્ટાન્તમાં દુર્વચનોનો પ્રયોગ કરાય.

ઉપન્યાસોપનયના પણ ચાર પ્રકાર કહેલ છે - વાદી જે દષ્ટાન્તથી પોતાના મતની સ્થાપના કરે પ્રતિવાદીપણ તેજ દષ્ટાન્તથી પોતાના મતની સ્થાપના કરે. વાદી દષ્ટાન્તથી જે વસ્તુને સિદ્ધ કરે પ્રતિવાદી તે જ દષ્ટાન્તથી ભિન્ન વસ્તુ સિદ્ધ કરે. વાદી જેવું દષ્ટાન્ત કહે, પ્રતિવાદીને પણ તેવા જ દષ્ટાંત આપવાને માટે કહે. પ્રશ્નકર્તા જે દષ્ટાન્તનો પ્રયોગ કરે છે. ઉત્તરદાતા પણ તેજ દષ્ટાન્તનો પ્રયોગ કરે છે. હેતુ ચાર પ્રકારના કહેલ છે. જેમકે વાદીનો સમય વ્યતીત કરનારો હેતુ. વાદી વડે સ્થાપિત હેતુની સદશ હેતુની સ્થાપના કરવાવાળો હેતુ. શબ્દના છલથી બીજાને વ્યામોહ ઉત્પન્ન કરવાવાળો હેતુ. ધુર્ત વડે અપહૃત વસ્તુને ફરી પ્રાપ્ત કરી શકે એવો હેતુ.

હેતુ ચાર પ્રકારના છે - જે હેતુ આત્માથી જણાય અને જે હેતુ ઈન્દ્રિયોથી જણાય, જે હેતુને જોવાથી વ્યાપ્તિનો બોધ થાય એવો હેતુ, ઉપમાથી સમાનતાને બોધ કરવાવાળો હેતુ આપ્ત પુરુષ વડે કથિત વચન. હેતુ ચાર પ્રકારના જેમકે-એક વસ્તુના અસ્તિત્વથી બીજી વસ્તુનું અસ્તિત્વ સિદ્ધ કરનાર હેતુ, એકના નાસ્તિત્વથી બીજાનું અસ્તિત્વ સિદ્ધ કરનાર હેતુ અને એકના નાસ્તિત્વમાં બીજાનું નાસ્તિત્વ સિદ્ધ કરનાર.

(૩૬૧) સંખ્યાના રૂપ ગણિત ચાર પ્રકારનું છે. જેમકે-પ્રતિકર્મ-પાહુડોનું ગણિત વ્યવહાર-વ્યવહારગણિત (તોલ-માપ-આદિ) રજ્જુ-લમ્બાઈ માપવાનું ગણિત રાશિ-રાશિ માપવાનું ગણિત અધોલોકમાં અંધકાર કરવાવાળી ચાર વસ્તુઓ છે.- નરકાવાસ, નૈરયિક, પાપકર્મ અને અશુભપુગલ. તિર્યક્લોક (મનુષ્યલોક)-માં ઉદ્યોત કરવાવાળા ચાર છે.-ચંદ્ર, સૂર્ય, મણી, અને જ્યોતિ (અગ્નિ) ઉર્ધ્વલોકમાં ઉદ્યોત કરવાવાળા ચાર છે. - દેવ, દેવીઓ, વિમાન, દેવ દેવીઓના આભરણો.

સ્થાન : ૪ - ઉદ્દેસો : ૪ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૪ - ઉદ્દેસો : ૪

(૩૬૨) પ્રસર્પક (વિદેશ જનારા પુરુષો) ચાર પ્રકારના હોય છે. - એક પુરૂષ જીવનનિર્વાહને માટે વિદેશ જાય છે. એક પુરૂષ સંચિત સમ્પતિની સુરક્ષા માટે વિદેશ જાય છે. એક પુરૂષ સુખ-સુવિધાને માટે વિદેશ જાય છે. એક પુરૂષ પ્રાપ્ત સુખ સુવિધાની સુરક્ષા માટે વિદેશ જાય છે.

(૩૬૩) નૈરયિકોનો આહાર ચાર પ્રકારના છે. જેમકે-અંગારાર જેવો અલ્પદાહક, પ્રજ્વલિત અગ્નિકણો જેવી અતિ દાહક, શીતકાલના વાયુની સમાન શીતળ, બરફની સમાન અતિ શીતલ. તિર્યંચોનો આહાર ચાર પ્રકારના છે - કંકોપમ - કંકપક્ષીના આહાર જેવો બિલોપમ-બીલમાં જે નખાય તે તુરત અંદર જાય છે. પાણમાંસોપમ-(ચાંડાલના માસની જેમ) પુત્રમાંસોપમ-પુત્રમાંસની સમાન તીવ્ર ક્ષુધાને કારણે અનિચ્છાપૂર્વક ખાય છે. મનષ્યોનો આહાર ચાર પ્રકારનો છે - અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. દેવતાઓનો આહાર ચાર પ્રકારનો છે-સુવર્ણ, સુગન્ધિત, સ્વાદિષ્ટ અને, સુખદ સ્પર્શવાળો.

(૩૬૪) આશીવિષ ચાર પ્રકારનો છે.- વૃશ્ચિક જાતિનું આશીવિષ, મંડૂક જાતિનું આશીવિષ, સર્વ જાતિનું આશીવિષ. મનુષ્ય જાતિનું આશીવિષ. હે ભગવાન્ ? વૃશ્ચિક જાતિનું આશીવિષ કેટલું પ્રભાવશાળી છે ? અર્ધભરતક્ષેત્ર જેટલા મોટા શરીરને એક વિછીનું વિષ પ્રભાવિત કરી શકે છે. તે ફક્ત વિષનો પ્રભાવ માત્ર બતાવ્યો છે. હજુ સુધી, એટલા મોટા શરીરનો પ્રભાવિત કર્યું નથી, વર્તમાનમાં પ્રભાવિત કરતું નથી અને ભવિષ્યમાં પ્રભાવિત કરશે નહીં.

હે ભગવન્ ? મંડુક જાતિનું આશીવિષ કેટલું-પ્રભાવિત કરે છે ? ભરતક્ષેત્ર પ્રમાણ શરીરને એક મંડૂકનું વિષ પ્રભાવિત કરે છે. હે ભગવાન્ સર્વ જાતિનું આશીવિષ કેટલું પ્રભાવશાળી છે ? જમ્બૂદ્વીપ પ્રમાણ શરીરને એક સર્પનું વિષ પ્રભાવિત કરી દે છે. શેષ પૂર્વવત્. હે ભગવાન્ ? મનુષ્ય જાતિનું આશીવિષ કેટલું પ્રભાવશાળી છે ? સમય ક્ષેત્ર પ્રમાણ શરીરને એકમનુષ્ય વિષ પ્રભાવિત કરી દે છે. શેષ પૂર્વવત્.

(૩૬૫) વ્યાધીઓ ચાર પ્રકારની છે, - વાતજન્ય, કફજન્ય, અને સન્નિપાત જન્ય, ચિકિત્સા ચાર પ્રકારની છે. - વૈદ્ય, ઔષધ, રોગી, પરિચારક.

(૩૬૬) ચિકિત્સા ચાર પ્રકારના છે-કોઈ ચિકિત્સક. એવો હોય છે કે જે પોતાની ચિકિત્સા કરે પણ બીજાની ચિકિત્સા કરતો નથી. કોઈ ચિકિત્સક, બીજાની ચિકિત્સા કરે છે. પરંતુ સ્વયંની ચિકિત્સા કરતો નથી. કોઈ

ચિકિત્સક, પોતાની અને અન્યની પણ ચિકિત્સા કરે છે. એક ચિકિત્સક, પોતાની અને અન્યની બન્નેની ચિકિત્સા કરતો નથી. પુરૂષોના ચાર પ્રકાર કહ્યા છે-એક ચિકિત્સક વ્રણ (શલ્ય ચિકિત્સા) કરે છે. પરંતુ વ્રણને સ્પર્શ કરતો નથી. એક ચિકિત્સક વ્રણનો સ્પર્શ કરે છે. પરંતુ વ્રણ કરતો નથી. એક ચિકિત્સક વ્રણ પણ કરે છે. અને વ્રણનો સ્પર્શ પણ કરે છે. એક ચિકિત્સક વ્રણ પણ નથી કરતો અને વ્રણનો સ્પર્શ પણ નથી કરતો. પુરૂષો ચાર પ્રકારે છે - એક વ્રણ કરે છે પરંતુ વ્રણની રક્ષા નથી કરતો, એક વ્રણની રક્ષા કરે છે વ્રણ કરતો નથી, એક વ્રણ પણ કરે છે વ્રણની રક્ષા પણ કરે છે, એક પુરૂષ વ્રણ પણ નથી કરતો. વ્રણની રક્ષા પણ નથી કરતો. એક પુરૂષ વ્રણ કરે છે. પણ વ્રણને ઔષધ આદિથી મેળવતો નથી. (સંરોહણ કરતો નથી.) એક પુરૂષ વ્રણને ઔષધથી ઠીક કરે છે, પણ વ્રણ કરતો નથી. એક પુરૂષ વ્રણ પણ કરે અને વ્રણનું સંરોહણ પણ કરે છે. એક પુરૂષ વ્રણ પણ નથી કરતો અને વ્રણ સંરોહણ પણ કરતો નથી. વ્રણ ચાર પ્રકારના છે.- એક વ્રણ અંદર શલ્યવાળું હોય છે. પરંતુ બહાર શલ્યવાળુ હોતું નથી. એક વ્રણ બહાર શલ્યવાળું છે પરંતુ અંદર શલ્યવાળું નથી. એક અંદર શલ્યવાળું પણ છે અને બહાર શલ્યવાળું પણ છે. એક વ્રણ અંદર શલ્યવાળું નથી બહાર અને શલ્યવાળું પણ નથી. એ પ્રકારે પુરૂષ પણ ચાર પ્રકારના છે, જેમકે-એક પુરૂષ મનમાં શલ્ય રાખે છે. પરંતુ વ્યવહારમાં શલ્ય રાખતો નથી. એક પુરૂષ વ્યવહારમાં શલ્ય રાખે છે પરંતુ મનમાં શલ્ય રાખતો નથી. એક પુરૂષ મનમાં શલ્ય રાખે છે અને વ્યવહારમાં પણ શલ્ય રાખે છે એક પુરૂષ મનમાં શલ્ય નથી રાખતો અને વ્યવહારમાં પણ શલ્ય નથી રાખતો.

વ્રણ ચાર પ્રકારના છે-એક વ્રણ બહારથી સડેલું છે પરંતુ અંદરથી સડેલું નથી. એક વ્રણ બહારથી સડેલું છે. પરંતુ અંદરથી સડેલું નથી. એક વ્રણ અંદરથી પણું સડેલું છે, બહારથી પણ સડેલું છે. એક વ્રણ અંદરથી પણ સડેલું નથી અને બહારથી પણ સડેલું નથી. એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના છે- એક પુરૂષ હૃદય શ્રેષ્ઠ છે પણ તેનો વ્યવહાર શ્રેષ્ઠ નથી. એક પુરૂષનો વ્યવહાર શ્રેષ્ઠ છે પણ હૃદય દષ્ટ છે. એક પુરૂષનું હૃદય દષ્ટ નથી અને વ્યવહાર પણ દુષ્ટ નથી એક પુરૂષના બંને કષ્ટ છે. પુરૂષ ચાર પ્રકારે છે-એક પુરૂષ ભાવથી શ્રેયસ્કર છે અને દ્રવ્યથી શ્રેયસ્કર સમાન છે. એક પુરૂષ ભાવથી પાપી છે પરંતુ દ્રવ્યથી શ્રેયસ્કર સમાન છે. એક પુરૂષ ભાવથી પણ પાપી છે અને દ્રવ્યથી પાપી સમાન છે. પુરૂષ ચાર પ્રકારના છે. - એક પુરૂષ શ્રેષ્ઠ છે અને પોતાને શ્રેષ્ઠ માને છે. એક પુરૂષ શ્રેષ્ઠ છે પરંતુ પોતાને પાપી માને છે. એક પુરૂષ પાપી છે પરંતુ પોતાને શ્રેષ્ઠ માને છે. એક પુરૂષ પાપી છે. અને પોતાને પાપી માને છે. એક પુરૂષ બંનેથી શ્રેષ્ઠ છે. પુરૂષ ચાર પ્રકારના છે, - એક પુરૂષ શ્રેષ્ઠ છે અને લોકમાં શ્રેષ્ઠ જેવો મનાય છે. એક પુરૂષ શ્રેષ્ઠ છે. પરંતુ લોકમાં પાપી સમાન મનાય છે. એક પુરૂષ પાપી છે. પરંતુ લોકમાં શ્રેષ્ઠ જેવો મનાય છે. એક પુરૂષ પાપી છે અને લોકમાં પાપી સમાન મનાય છે.

પુરૂષ ચાર પ્રકારના છે, જેમ કે-એક પુરૂષ જિનપ્રવચનનો પ્રરૂપમ છે. પરંતુ પ્રભાવક નથી. એક પુરૂષ શાસન નો પ્રભાવક છે. પરંતુ જિન પ્રવચનનો પ્રરૂપક નથી. એક પુરૂષ શાસન નો પ્રભાવક પણ છે. અને જિન પ્રવચનનો પ્રરૂપક પણ છે. એક પુરૂષ શાસનનો પ્રભાવક પણ નથી. અને જિન પ્રવચનોનો પ્રરૂપક પણ નથી. પુરૂષ ચાર પ્રકારના છે, જેમ કે-એક પુરૂષ સૂત્રાર્થનો પ્રરૂપક છે પણ શુદ્ધ આહારદિની એષણામાં તત્પર નથી એક પુરુષ શુદ્ધ આહારદિની એષણામાં તત્પર છે પણ સૂત્રાર્થનો પ્રરૂપક નથી એક પુરૂષ સૂત્રાર્થનો પ્રરૂપક પણ છે અને શુદ્ધ આહારદિની એષણામાં તત્પર પણ છે, એક પુરૂષ સૂત્રાર્થનો પ્રરૂપક પણ નથી અને શુદ્ધ આહારદિની એષણામાં તત્પર પણ નથી. વૃક્ષની વિકુર્વણા ચાર પ્રકારની છે: જેમ કે પ્રવાલપણા એ પત્રપણાએ ફૂલપણાએ ફલપણાએ.

(૩૬૭) ચાર પ્રકારના વાદીના સમવસરણો (વિવિધ મતના મિલાપો) કહેલા છે. તે આ પ્રમાણે ક્રિયાવાદી (એના એકશો એંશી ભેદ છે) અક્રિયાવાદી (એના ચોરાશી ભેદ છે) અજ્ઞાનવાદી (એના સડસઠ ભેદો છે) વિનયવાદી (એના ૩૨ ભેદો છે.) સર્વ મળીને ત્રણસો ત્રેસઠ ભેદ થાય છે. નારકોમાં થી લઈ સ્તનિતકુમારો સુધીમાં એટલે વિકલેન્દ્રિયોને છોડીને વૈમાનિક સુધી બધા દંડકોમાં વાદીઓના ચાર સમવસરણ છે.

(૩૬૮) ચાર પ્રકારના મેઘ કહેલા છે. જેમ કે-એક મેઘ ગાજે છે પરંતુ વરસતો નથી. એક મેઘ વર્ષે છે પરંતુ ગાજતો નથી. એક મેઘ ગાજે છે અને વર્ષે છે, એક મેઘ ગાજતો નથી અને વરસતો પણ નથી. આ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના છે. એક પુરૂષ બોલે છે ઘણું પરંતુ કંઈ દેતો નથી. એક પુરૂષ દે છે પરંતુ કંઈ બોલતો નથી. એક પુરૂષ બોલે પણ છે અને આપે - પણ છે. એક પુરૂષ બોલતો પણ નથી અને આપતો પણ નથી.

મેઘ ચાર પ્રકારના છે.-એક મેઘ ગાજે છે તેમાં વીજળી ચમકતી નથી. એક મેઘમાં વીજળી ચમકે છે પરંતુ તે ગાજતો નથી. એક મેઘ ગાજે છે અને તેમાં વીજળીઓ ચમકે છે. એક મેઘ ગાજતો નથી અને તેમાં વીજળીઓ પણ

ચમકતી નથી. આ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના છે, એક પુરૂષ પ્રતિજ્ઞા કરે છે પરંતુ પોતાની બડાઈ હાંક્તો નથી. એક પુરૂષ પોતાની બડાઈ હાંકે છે પરંતુ પ્રતિજ્ઞા કરતો નથી. એક પુરૂષ પ્રતિજ્ઞા પણ કરે છે અને પોતાની બડાઈ પણ હાંકે છે. એક પુરૂષ પ્રતિજ્ઞા પણ નથી કરતો અને પોતાની બડાઈ પણ નથી હાંક્તો. મેઘ ચાર પ્રકારના છે, એક મેઘ વર્ષે છે પરંતુ તેમાં વીજળીઓ ચમકતી નથી. એક મેઘમાં વિજળીઓ ચમકે છે પરંતુ વર્ષતો નથી. એક મેઘ વરસે, પણ છે અને વીજળીઓ પણ ચમકે છે. એક મેઘ વર્ષતો પણ નથી અને તેમાં વીજળીઓ પણ ચમકતી નથી. એ પ્રકારે પુરૂષ ચાર પ્રકારના છે - એક પુરૂષ દાનાદિ સત્કાર્ય કરે છે પરંતુ પોતાની બડાઈ કરતો નથી. એક પુરૂષ પોતાની બડાઈ કરે છે પરંતુ દાનાદિ સત્કાર્ય કરતો નથી. એક પુરૂષ દાનાદિ સત્કાર્ય પણ કરે છે અને પોતાની બડાઈ પણ કરે છે. એક પુરૂષ દાનાદિ સત્કાર્ય પણ નથી કરતો અને પોતાની બડાઈ પણ નથી કરતો.

મેઘ ચાર પ્રકારના છે, જેમકે-એક મેઘ સમય પર વરસે છે. પરંતુ અસમયે નથી વરસતો. એક મેઘ અકાલે વરસે છે પરંતુ સમય પર નથી વરસતો. એક મેઘ સમય પર વર્ષે છે અને અસમય પર પણ વર્ષે છે. એક મેઘ સમય પર પણ નથી વરસતો અને અસમય પર નથી વસરતો એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના છે, જેમકે-એક પુરૂષ સમયે દાનાદિ સત્કાર્ય કરે છે પરંતુ અસમયે નથી કરતો. એક પુરૂષ અસમયે દાનાદિ સત્કાર્ય કરે છે પરંતુ સમય પર નથી કરતો. એક પુરૂષ સમય પર પણ દાનાદિ સત્કાર્ય કરે છે અને અસમયે પણ કરે છે. એક પુરૂષ સમય પર પણ દાનાદિ સત્કાર્ય નથી કરતો અને અસમયે પણ નથી કરતો.

મેઘ ચાર પ્રકારના છે, જેમકે-મેઘ ક્ષેત્રમાં વરસે છે પરંતુ અક્ષેત્રમાં વરસતો નથી. એક મેઘ અક્ષેત્રમાં વરસે છે પરંતુ ક્ષેત્રમાં નથી વરસતો એક મેઘ ક્ષેત્રમાં પણ વરસે છે અને અક્ષેત્રમાં પણ વરસે છે. એક મેઘ ક્ષેત્રમાં પણ નથી વરસતો અને અક્ષેત્રમાં પણ નથી વરસતો. એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના છે-એક પુરૂષ પાત્ર ને દાન આપે છે પરંતુ અપાત્રને આપતો નથી. એક પુરૂષ અપાત્રને દાન આપે છે પરંતુ પાત્રને આપતો નથી. એક પુરૂષ પાત્રને પણ દાન આપે છે અને અપાત્રને પણ આપે ચે. એક પુરૂષ પાત્રને પણ દાન નથી આપતો અને અપાત્રને પણ નથી આપતો.

મેઘ ચાર પ્રકારના છે. એક મેઘ ધાન્યના અંકુર ઉત્પન્ન કરે છે પરંતુ ધાન્યને પૂર્ણ પકાવતા નથી. એક મેઘ ધાન્યને પૂર્ણ પકાવે છે પરંતુ ધાન્યના અંકુર ઉત્પન્ન કરતા નથી. એક ધાન્યના અંકુર પણ ઉત્પન્ન કરે છે ધાન્યને પૂર્ણ પકાવે પણ છે. એક મેઘ ધાન્યના અંકુર પણ ઉત્પન્ન નથી કરતા અને ધાન્યને પૂર્ણ પકાવતા પણ નથી. એ પ્રમાણે માતા પિતા પણ ચાર પ્રકારના છે, જેમકે-એક માતા-પિતા પુત્રને જન્મ આપે છે પરંતુ તેનું પાલન કરતા નથી. એક માતા-પિતા પુત્રનું પાલન કરે છે પરંતુ પુત્રને જન્મ આપતા નથી. એક માતા-પિતા-પુત્રને જન્મ પણ આપે છે અને તેનું પાલન પણ કરે છે. એક માતા-પિતા પુત્રને જન્મ પણ આપતા નથી અને તેનું પાલન પણ નથી કરતા.

મેઘ ચાર પ્રકારના છે જેમકે-એક મેઘ એક દેશમાં વરસે છે પરંતુ સર્વત્ર નથી વરસતો. એક મેઘ સર્વત્ર વરસે છે પરંતુ એક દેશમાં નથી વરસતો. એક મેઘ એક દેશમાં પણ વરસે છે અને સર્વત્ર પણ વરસે છે. એક મેઘ એક દેશમાં વરસતો નથી અને સર્વત્ર પણ વરસતો નથી. એ પ્રમાણે રાજા પણ ચાર પ્રકારના છે - એક રાજા એક દેશનો અધિપતિ છે પરંતુ બધા દેશોને અધિપતિ નથી. એક રાજા બધા દેશનો અધિપતિ છે પરંતુ એક દેશનો નથી એક રાજા એક દેશનો અધિપતિ છે અને બધા દેશનો પણ છે. એક રાજા એક દેશનો અધિપતિ પણ નથી અને બધા દેશનો પણ નથી.

(૩૬૯) મેઘ ચાર પ્રકારના કહેલ છે, જેમકે-પુષ્કારવર્ત, પ્રદ્યુમ્ન, જીમૂત, જીમ્હ. પુષ્કરાવર્ત આ મહામેઘની એક વર્ષાથી પૃથ્વી દસ હજાર વર્ષ સુધી ભીની રહે છે. પ્રદ્યુમ્ન-આ મહામેઘની એક વર્ષાથી પૃથ્વી એક હજાર વર્ષ સુધી ભીની રહે છે. જિમૂત : આ મહામેઘની એક વર્ષાથી પૃથ્વી દસ વર્ષ સુધી ભીની રહે છે. જિમ્હ : આ મેઘની અનેક વર્ષાઓ પૃથ્વી ને એક વર્ષ સુધી પણ ભીની રાખી શકતી નથી.

(૩૭૦) કરંડક ચાર પ્રકારના છે - શ્વપાક-(ભંગીનો) કરંડિયો (કચરાથી ભરાયેલો હોય છે.) વેશ્યાનો કરંડિયો (આભરણથી ભરેલો હોય છે.) સમૃદ્ધ ગૃહસ્થીનો કરંડિયો (મણિરત્નજડીત આભૂષણોથી ભરેલો હોય છે.) રાજાનો કરંડિયો (અમૂલ્ય રત્નોથી ભરેલો હોય છે). એ પ્રમાણે આચાર્ય ચાર પ્રકારના છે, જેમકે-શ્વપાકકરંડક સમાન આચાર્ય કેવળ લોક રંજક ગ્રંથોનો જ્ઞાતા-વ્યાખ્યાતા હોય છે. પરંતુ શ્રમણાચારનો પાલક નથી. વેશ્યાના કરંડક સમાન આચાર્ય જૈનાગમનો સામાન્ય જ્ઞાતા હોય છે પરંતુ લોકરંજક ગ્રંથોનું વ્યાખ્યાન કરીને અધિક થી અધિક જનતા ને પોતાની તરફ આકર્ષિત કરે છે. ગાથાપતિના કરંડક સમાન આચાર્ય સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાન્તનો જ્ઞાતા થાય છે. અને શ્રમણાચારનો પાલક પણ થાય છે. રાજાના કરંડિયા સમાન આચાર્ય જિનાગમનો મર્મજ્ઞ અને આચાર્યના સમસ્ત

ગુણોથી યુક્ત હોય છે.

(૩૭૧) વૃક્ષ ચાર પ્રકારના છે, જેમકે-એક વૃક્ષ શાલ (મહાન) છે અને શાલ (છાયાદિ) ગુણયુક્ત છે. એક વૃક્ષ શાલ (મહાન) છે પરંતુ ગુણોમાં એરંડ સમાન છે. એક વૃક્ષ એરંડ સમાન અલ્પ વિસ્તારવાળો છે પરંતુ ગુણોથી શાલ (મહાવૃક્ષ)ની સમાન છે. એક વૃક્ષ એરંડ છે અને ગુણોથી પણ એરંડક જેવું છે. એ પ્રમાણે આચાર્ય ચાર પ્રકારના છે, જેમકે-એક આચાર્ય શાલ સમાન મહાન છે અને જ્ઞાનક્રિયાદિ ગુણોથી પણ મહાન છે. એક આચાર્ય મહાન છે પરંતુ જ્ઞાનક્રિયાદિ ગુણોથી હીન છે. એક આચાર્ય એરંડક સમાન પરંતુ જ્ઞાનક્રિયાદિથી મહાન છે. એક આચાર્ય એરંડક સમાન છે અને જ્ઞાનક્રિયાદિથી ગુણહીન છે.

ચાર પ્રકારના વૃક્ષ છે, જેમ કે-એક વૃક્ષ શાલ (મહાન) છે અને શાલ વૃક્ષ સમાન મહાન વૃક્ષોથી પરિવૃત છે. એક વૃક્ષ શાલ સમાન મહાન છે પરંતુ એરંડક સમાન તુચ્છ વૃક્ષોથી પરિવૃત્ત છે. એક વૃક્ષ એરંડક સમાન તુચ્છ છે પરંતુ શાલ સમાન મહાન વૃક્ષોથી પરિવૃત્ત છે. એક વૃક્ષ એરંડક સમાન તુચ્છ છે અને એરંડક સમાન તુચ્છ વૃક્ષોથી પરિવૃત્ત છે. એ પ્રમાણે આચાર્ય પણ ચાર પ્રકારના છે, જેમ કે-એક આચાર્ય શાલ વૃક્ષ સમાન મહાન છે. અને શાલ પરિવાર સમાન શ્રેષ્ઠ શિષ્ય પરિવારથી યુક્ત હોય છે. એક આચાર્ય શાલ વૃક્ષ સમાન મહાન ઉત્તમ ગુણોથી યુક્ત છે પરંતુ એરંડક પરિવાર સમાન ગુણહીન શિષ્ય પરિવારથી યુક્ત હોય છે. એક આચાર્ય એરંડક પરિવાર સમાન કનિષ્ઠ શિષ્ય પરિવારથી યુક્ત હોય છે પરંતુ સ્વયં શાલ વૃક્ષ સમાન મહાન હોય છે. એક આચાર્ય એરંડક સમાન કનિષ્ઠ અને એરંડક પરિવાર સમાન કનિષ્ઠ શિષ્ય પરિવારથી યુક્ત હોય છે.

(૩૭૨-૩૭૫) મહાવૃક્ષોની મધ્યમાં જેમ વૃક્ષરાજ શાલ સુશોભિત હોય છે તેમ શ્રેષ્ઠ શિષ્યોની મધ્યમાં ઉત્તમ આચાર્ય સુશોભિત હોય છે. એરંડક વૃક્ષોની મધ્યમાં જેમ વૃક્ષ રાજા શાલ દેખાય છે તેમ કનિષ્ઠ શિષ્યોની મધ્યમાં ઉત્તમ આચાર્ય દેખાય છે. મહા વૃક્ષોની મધ્યમાં જે પ્રકારે એરંડક દેખાય છે તેમ શ્રેષ્ઠ શિષ્યોની મધ્યમાં કનિષ્ઠ આચાર્ય દેખાય છે. એરંડક વૃક્ષોની મધ્યમાં જે પ્રમાણે એક એરંડક પ્રતીત થાય છે તે પ્રમાણે કનિષ્ઠ શિષ્યોની મધ્યમાં કનિષ્ઠ આચાર્ય પ્રતીત થાય છે.

(૩૭૬) મત્સ્ય ચાર પ્રકારના છે, એક મત્સ્ય નદીના પ્રવાહની અનુસાર ચાલે છે. એક મત્સ્ય નદીના પ્રવાહની સન્મુખ ચાલે છે. એક મત્સ્ય નદીના પ્રવાહના કિનારે ચાલે છે. એક મત્સ્ય નદીના પ્રવાહની મધ્યમાં ચાલે છે. એ પ્રકારે ભિક્ષુ (શ્રમણ) ચાર પ્રકારના છે, જેમ કે-એક ભિક્ષુ ઉપાશ્રયની સમીપના ઘરથી ભિક્ષા લેવાનો પ્રારંભ કરે છે. એક ભિક્ષુ કોઈ અન્ય ઘરથી ભિક્ષા લેતા થકા ઉપાશ્રય સુધી પહોંચે છે. એક ભિક્ષુ ઘરોની અન્તિમ પંક્તિથી ભિક્ષા લેતો થકો ઉપાશ્રય સુધી પહોંચે છે. એક ભિક્ષુ ગામના મધ્ય ભાગથી ભિક્ષા લે છે.

ચાર પ્રકારના ગોળા હોય છે, જેમ કે-મીણનો ગોળો, લાખનો ગોળો, કાષ્ઠનો ગોળો, માટીનો ગોળો એ પ્રમાણે પુરૂષો ચાર પ્રકારના કહ્યા છે - એક પુરૂષ મીણના ગોળાની સમાન કોમળ હૃદયનો હોય છે. એક પુરૂષ લાખના કાષ્ઠના ગોળાની સમાન કંઈક કઠોર હૃદયવાળો હોય છે. એક પુરૂષ ગોળાની સમાન કંઈક અધિક કઠોર હૃદયવાળો હોય છે. એક પુરૂષ માટીના ગોળાની સમાન કંઈક વધારે અધિક કઠોર હૃદયી હોય છે. ગોળા ચાર પ્રકારના હોય છે :- લોખંડનો ગોળો, કલઈને ગોળો. ત્રાંબાનો ગોળો, અને સીસાનો ગોળો. એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના કહેલ છે - લોખંડના ગોળા સમાન એક પુરૂષના કર્મભારે હોય છે. કલઈના ગોળા સમાન એક પુરૂષના કર્મ કંઈક અધિર ભારે હોય છે. ત્રાંબાના ગોળાની સમાન એક પુરૂષના કર્મ તેનાથી પણ અધિક ભારે હોય છે. સીસાના ગોળાની સમાન એક પુરૂષના કર્મ અત્યાધિક ભારે હોય છે. ગોળા ચાર પ્રકારના હોય છે. જેમકે-ચાંદીનો ગોળો, સોનાનો ગોળો. રત્નોનો ગોળો. અને હીરાનો ગોળો. એ પ્રમાણે પુરુષ ચાર પ્રકારના કહેલ છે; જેમકે-ચાંદીના ગોળાની સમાન એક પુરુષ જ્ઞાનાદિ શ્રેષ્ઠ ગુણયુક્ત હોય છે. સોનાના ગોળાની સમાન એક પુરુષ કંઈક અધિક શ્રેષ્ઠ જ્ઞાનાદિ ગુણથી યુક્ત છે. રત્નોના ગોળાની સમાન એક પુરુષ વધારે અધિક શ્રેષ્ઠ જ્ઞાનાદિ ગુણયુક્ત હોય છે. હીરાના ગોળાની સમાન એક પુરુષે અત્યાધિક શ્રેષ્ઠ ગુણોથી યુક્ત હોય છે.

ચાર પ્રકારના પત્ર કહેલ છે. - તલવારની ધાર સમાન તીક્ષ્ણ ધારવાળા પત્ર. કરવતની ધાર સમાન તીક્ષ્ણ દાંતવાળા. અસ્તરાની ધાર સમાન તીક્ષ્ણ ધારવાળા પત્ર. કદંબચીરિકા ની ધાર સમાન તીક્ષ્ણ ધારવાળા. એ પ્રકારે પુરુષ પણ ચાર પ્રકારના છે. એક પુરુષ તલવારની ધારની સમાન તીક્ષ્ણ વૈરાગ્યમય વિચારધારાથી મોહપાશનું શીઘ્ર છેદન કરે છે. એક પુરુષ કરવતની ધારની સમાન વૈરાગ્યમય વિચારોથી મોહપાશને ધીમે ધીમે કાપે છે, એક પુરુષ અસ્ત્રાની ધારની સમાન વૈરાગ્યમય વિચારોથી મોહપાશને વિલંબથી છેદે છે, એક પુરુષ કંદબચીરિકાની સમાન વૈરાગ્યમય વિચારથી મોહપાશને અતિવિલમ્બથી છેદે છે.

કટ ચાર પ્રકારની છે - ઘાસથી બનાવેલી, વાંસની સળિઓથી બનાવેલી, ચર્મથી દોરીથી બનાવેલી અને કંબલની ચટાઈ. એ પ્રકારે પુરુષ ચાર પ્રકારના છે. જેમકે-ઘાસની ચટ્ટાઈની સમાન એક પુરુષ અલ્પરાગ વાળો હોય છે. વાંસની ચટાઈ ની સમાન એક પુરુષ વિશેષ રાગ ભાવવાળો હોય છે. ચામડાની ચટાઈની સમાન એક પુરુષ વિશિષ્ટતર રાગ ભાવવાળો હોય છે. કંબલની ચટાઈની સમાન એક પુરુષ વિશિષ્ટતમખ રાગભાવવાળો હોય છે.

(૩૭૭) ચાર પ્રકારના ચતુષ્પદી પશુ કહેલ છે - એક ખુરવાળા - અશ્વાદિ, બેખુરવાળા તે ગાય - પ્રમુખ. ગંડીપદ - એરણ જેવા પગવાળા હાથી. પ્રમુખ સનખપદા - નહોરવાળા. સિંહાદિ પક્ષી ચાર પ્રકારના હોય છે જેમકે- ચામડાની પાંખો વાળા વાગોળાદિ, લોમપક્ષી રુંવાટાવાળી પાંખવાળા હંસાદિ. સમુદ્ગપક્ષી બીડાયેલી પાંખવાળા - વિતત પક્ષી - ખુલ્લા પાંખવાળા. ચાર પ્રકારના ક્ષુદ્ર પ્રાણીઓ કહેલા છે. જેમકે - બેઈન્દ્રિયો તેઈન્દ્રિયો ચતુરિન્દ્રિયો. અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયતિર્યંચ.

(૩૭૮) ચાર પ્રકારના પક્ષી કહેલા છે જેમકે-એક પક્ષી માળાની બહાર નીકળે છે પરંતુ બહાર ફરવા અને ઉડવામાં સમર્થ હોતું નથી. એક પક્ષી ફરવાને સમર્થ છે પણ માળાની બહાર નીકળતું નથી. એક પક્ષી માળાની બહાર પણ નીકળે છે અને ફરવામાં પણ સમર્થ હોય છે. એક પક્ષી ન માળાની બહાર નીકળે છે ન ફરવામાં સમર્થ હોય. એ પ્રમાણે ભિક્ષુક (શ્રમણ) પણ ચાર પ્રકારના કહેલા છે - એક સાધુ ભિક્ષાર્થે ઉપાશ્રયથી બહાર જાય છે. પણ ફરતો નથી. યાવત્ એક ભિક્ષાર્થે નીકળતો નથી ફરતો નથી.

(૩૭૯) પુરૂષ ચાર પ્રકારના છે. જેમકે-એક પુરૂષ પ્રથમ તપથી કૃશ શરીરવાળો હોય છે અને પછી ઉપશાન્તચિત્ત હોવાથી ભાવથી રહે છે, એક પુરુષ પ્રથમ સ્થૂલ શરીરવાળો છે. પછીથી કૃશ શરીરવાળો રહે છે. એક પુરૂષ પ્રથમ સ્થૂલ શરીરવાળો હોય છે. અને પછી પણ સ્થૂલ શરીરવાળો રહે છે. પુરૂષ ચાર પ્રકારના છે. જેમકે - એક પુરૂષનું શરીર કૃશ છે અને તેના ક્રોધાદિ (કષાય) પણ કૃશ છે. એક પુરૂષનું શરીર કૃશ છે તેના કષાય અકૃશ છે એક પુરૂષના કૃષાય કૃશ છે. પરંતુ તેનું શરીર સ્થૂલ છે. એક પુરૂષ કષાય કૃશ છે અને શરીર પણ કૃષ છે.

પુરૂષ ચાર પ્રકારના છે, જેમકે-એક પુરૂષ બુધ છે (સત્કર્મ કર્તા છે) અને બુધ (વિવેકી) છે એક પુરૂષ બુધ છે પરંતુ અબુધ (વિવેકરહિત છે) છે. એક પુરૂષ અબુધ છે, પરંતુ બુધ (સત્કર્મ કર્તા છે) એક પુરૂષ (વિવેકથી રહિત છે) અને સત્કર્મથી રહિત) અબુધ છે. ચાર પ્રકારના પુરૂષ કહેલ છે, જેમકે-એક પુરૂષ બુધ (શાસ્ત્રજ્ઞ) છે અને બુધ હૃદય છે. (કાર્યકુશલ છે) એક પુરૂષ બુધ (શાસ્ત્રજ્ઞ) છે. પરંતુ અબુધહૃદય છે. એક પુરૂષ અબુધહૃદય છે પરંતુ બુધ છે. (શાસ્ત્રજ્ઞ છે) એક પુરૂષ અબુધ છે, અને અબુધહૃદય છે. ચાર પ્રકારના પુરૂષ છે, જેમકે-એક પુરૂષ પોતાના પર અનુકંપા કરવાવાળો છે પરંતુ બીજા પર અનુકંપા કરવાવાળો નથી. એક પુરૂષ પોતાના પર અનુકંપા કરતો નથી. પરંતુ બીજા પર અનુકંપા કરે છે. એક પુરૂષ પોતાના પર પણ અનુકંપા કરે છે અને બીજા પર પણ અનુકંપા કરે છે. એક પુરૂષ પોતાના પર પણ અનુકંપા નથી કરતો અને બીજાના પર પણ અનુકંપા નથી કરતો.

(૩૮૦) સંભોગ (મૈથુન) ચાર પ્રકારનો છે. દેવતાઓનો, અસુરોનો, રાક્ષસોનો અને મનુષ્યોનો. સંભોગ ચાર પ્રકારનો છે જેમકે-કોઈ દેવ દેવી સાથે સંભોગ કરે છે. કોઈ દેવ અસુરદેવીની સાથે સંભોગ કરે છે. કોઈ અસુર દેવીની સાથે સંભોગ કરે છે. કોઈ અસુર અસુરદેવીની સાથે સંભોગ કરે છે. સંભોગ ચાર પ્રકારના છે જેમકે - કોઈ દેવ દેવીની સાથે સંભોગ કરે છે. કોઈ દેવ રાક્ષસીની સાથે સંભોગ કરે છે. કોઈ રાક્ષસ દેવીની સાથે સંભોગ કરે છે. કોઈ રાક્ષસ રાક્ષસીની સાથે સંભોગ કરે છે. સંભોગ ચાર પ્રકારના છે, જેમકે-કોઈ દેવ દેવીની સાથે સંભોગ કરે છે. કોઈ દેવ મનુષ્યાણી સાથે સંભોગ કરે છે. કોઈ મનુષ્ય દેવીની સાથે સંભોગ કરે છે. કોઈ મનુષ્ય મનુષ્યાણીની સાથે સંભોગ કરે છે. સંભોગ ચાર પ્રકારના છે, એક અસુર અસુરીની સાથે સંભોગ કરે છે. એક અસુર રાક્ષસી સાથે સંભોગ કરે છે. એક રાક્ષસ અસુરીની સાથે સંભોગ કરે છે. એક રાક્ષસ રાક્ષસીની સાથે સંભોગ કરે છે. સંભોગ ચાર પ્રકારના એક અસુર અસુરીની સાથે સંભોગ કરે છે. એક અસુર મનુષ્યસ્ત્રીની સાથે સંભોગ કરે છે. એક મનુષ્ય અસુરીની સાથે સંભોગ કરે છે. એક મનુષ્ય મનુષ્યાણી સાથે સંભોગ કરે. સંભોગ ચાર પ્રકારના એક રાક્ષસ રાક્ષસીની સાથે સંભોગ કરે છે. એક રાક્ષસ મનુષ્યાણી સાથે મનુષ્ય રાક્ષસી સાથે, મનુષ્યમનુષ્યાણી સાથે સંભોગ કરે છે.

(૩૮૧) ''અપધ્વંસ'' (ચારિત્ર અથવા ચારિત્રના ફળનો વિનાશ) ના ચાર પ્રકાર છે - આસુરી ભાવના જન્ય-આસુરી ભાવ. આભિયોગ ભાવનાજન્ય - અભિયોગ ભાવ સંમોહ ભાવનાજન્ય - સંમોહભાવ. કિલ્વિષ ભાવનાજન્ય-કિલ્વિષ ભાવ.

અસુરાયુનો બન્ધ ચાર કારણોથી થાય છે. જેમકે :- ક્રોધી સ્વભાવથી.

અતિકલહ કરવાથી. આહારમાં આસક્તિ રાખીને તપ કરવાથી. નિમિત્તજ્ઞાન દ્વારા આજિવિકા ચલાવવાથી. ચાર કારણોથી જીવ અભિયોગ-આયુનો બંધ થાય છે. - પોતાના તપ જપનો મહિમા પોતાના મુખ દ્વારા કરવાથી. બીજાની નિંદા કરવાથી, જવરાદિના ઉપશમન માટે અભિમંત્રિત રાખ આદિ દેવાથી. અનિષ્ટની શાંતિને માટે મંત્રોપચાર કરવાથી. ચાર કારણે જીવ સંમોહાયુ ઉપાર્જન કરે છે. - ઉન્માર્ગનો ઉપદેશ દેવાથી, સન્માર્ગમાં અન્તરાય દેવાથી, કામભોગોની તીવ્ર અભિલાષાથી, અતિલોભકરી નિયાણુ કરવાથી. ચાર કારણોથી જીવ કિલ્બિષિકોમાં ઉત્પન્ન થવા યોગ્ય આયુષ્ય બાંધે. - અરિહંતોની નિંદા કરવાથી. અરિહંત કથિત ધર્મની નિંદા કરવાથી. આચાર્ય ઉપાધ્યાયની નિંદા કરવાથી. ચતુર્વિધ સંઘની નિન્દા કરવાથી.

(૩૮૨) પ્રવ્રજ્યા ચાર પ્રકારની છે - આ લોક ના સુખ માટે, પરલોકમાં સુખ માટે ઉભય લોકના સુખ માટે કોઈ પણ પ્રકારની કામના ન રાખતા માત્ર કર્મની નિર્જરા માટે દીક્ષા લેવી. પ્રવ્રજ્યા ચાર પ્રકારની છે - જેમકે - શિષ્યાદિની કામનાથી દીક્ષા લેવી. પૂર્વ દિક્ષિત સ્વજનોના મોહથી દીક્ષા લેવી. ઉપરના બન્ને કારણોથી દીક્ષા લેવી. નિષ્કામ ભાવથી દીક્ષા લેવી.

પ્રવ્રજ્યા ચાર પ્રકારની છે. - સદગૂરૂઓની સેવાને માટે દીક્ષા લેવી. કોઈના કહેવાથી દીક્ષા લેવી. તું દીક્ષા લઈશ તો હું દીક્ષા લઈશ એ પ્રમાણે વચન બદ્ધ થઈને દીક્ષા લેવી. કોઈના વિયોગથી વ્યથિત થઈને દીક્ષા લેવી. પ્રવજ્યા ચાર પ્રકારની છે, જેમકે-કોઈને પીડા આપી દીક્ષા અપાય. દીક્ષાર્થી ને અન્ય સ્થાન લઈ જઈને દીક્ષા અપાય. કોઈને દાસત્વમાંથઈ મુક્ત કરીને દીક્ષા અપાય. કોઈને ઘી આદિના ભોજનનું પ્રલોભન આપી દીક્ષા અપાય. પ્રવ્રજ્યા ચાર પ્રકારની છે - નટખાદિતા - નટની જેમ વૈરાગ્ય રહિત ધર્મ કથા કહીને આહારાદિ પ્રાપ્ત કરવો. સુભટખાદિતા-નટની જેમ વૈરાગ્ય રહિત ધર્મ કથા કહીને આહારાદિ પ્રાપ્ત કરવો. સુભટખાદિતા-સુભટની જેમ બળ બતાવીને આહારાદિ પ્રાપ્ત કરવો. સિંહખાદિતા-સિંહની જેમ બીજાની અવજ્ઞા કરીને આહારાદિ પ્રાપ્ત કરવો. શ્રુગાલખાદિતા - શ્રુગાલની જેવ દીનતા કરી આહારાદિ પ્રાપ્ત કરવી.

કૃષિ ચાર પ્રકારની છે - એક ખેતામાં ધાન્ય એકવાર વાવવામાં આવે છે. એક ખેતીમાં ધાન્યાદિ બે - ત્રણ વાર એટલે અનેકવાર વાવવામાં આવે છે. એક ખેતી એક વાર નિંદન કરાય છે. એક ખેતી વારંવાર નિન્દિત કરીને કરાય છે. એ પ્રમાણે પ્રવ્રજ્યા ચાર પ્રકારની છે - એક પ્રવ્રજ્યામાં એક વાર સામાયિક ચારિત્ર ધારણ કરાય છે. એક પ્રવ્રજ્યામાં વારંવાર સામાયિક ચારિત્ર ધારણ કરાય છે. એક પ્રવ્રજ્યામાં એક વાર અતિચારોની આલોયણા કરાય છે. એક પ્રવ્રજ્યમાં વારંવાર અતિચારોની આલોયણા કરાય છે. પ્રવ્રજ્યા ચાર પ્રકારની છે, જેમકે-ખળામાં તુસ વિગેરે કચરો કાઢી નિર્મળ કરેલ ધાન્યનાપૂંજ સમાન અતિચાર રહિત પ્રવ્રજ્યા. ખળામાં વાયુથી કચરાને ઉડાવેલ ઢગલો નહિં કરેલ એવા ધાન્ય સમાન અલ્પ અતિચારવળી. બળદના ખુરવડે ખુંદાયેલ છૂટા થયેલ ધાન્ય સમાન અને અતિચારવાળી પ્રવ્રજ્યા ખેતરથી લાવીને ખળામાં રાખેલ ધાન્ય જેવી બહુત્તર અતિચારવાળી પ્રવ્રજ્યા.

(૩૮૩) સંજ્ઞા ચાર પ્રકારની છે, જેમકે-આહારસંજ્ઞા ભયસંજ્ઞા મૈથુનસંજ્ઞા પરિગ્રહસંજ્ઞા. ચાર કારણોથી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. પેટ ખાલી હોવાથી, ક્ષુધાવેદનીય કર્મનો ઉદય હોવાથી, આહારકથાનું શ્રવણ કરવાથી, નિરંતર ભોજનની ઈચ્છા કરવાથી. ચાર કારણોથી ભય સંજ્ઞા ઉત્પન્ન થાય છે - અલ્પ શક્તિ હોવાથી, ભયવેદનીય કર્મના ઉદયથી, ભયલાગે તેવી વાત સાંભળવાથી. ભયોત્પાદક કથાઓનું સ્મરણ કરવાથી. ચાર કારણોથી મૈથુન સંજ્ઞા ઉત્પન્ન થાય છે - શરીરમાં રક્ત અને માંસની વૃદ્ધિ થવાથી, મોહનીય કર્મના ઉદયથી, કામ કથા સાંભળવાથી, પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ કરવાથી. ચાર કારણોથી પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થાય છે. પદાર્થો નો સંગ્રહ કરવાથી, લોભમોહનીય કર્મનો ઉદયથી, હિરણ્ય સુવર્ણ આદિને જોવાથી ધન કંચનનું વારંવાર સ્મરણ કરવાથી.

(૩૮૪) કામ ચાર પ્રકારની છે. શ્રૃંગાર કરુણ, બીભત્સ, રૌદ્ર. કામવાસના ''શ્રૃંગાર'' પ્રધાન મનુષ્યોની કામવાસના ''કરુણા'' પ્રધાન તિર્યંચોની કામવાસના ''બીભત્સ'' પ્રધાન છે નૈરયિકોની કામવાસના ''રૌદ્ર'' પ્રધાન છે.

(૩૮૫) પાણી ચાર પ્રકારના કહેલ છે - એક પાણી થોડું હોવાથી છિછરૂં છે પરંતુ સ્વચ્છ છે. એક પાણી થોડું ઊંડું છે પરંતુ મલિન છે. એક પાણી બહુજ ઊંડું છે પરંતુ સ્વચ્છ છે. એક પાણી બહુજ ઊંડું છે પરંતુ મલિન છે. એ પ્રમાણે પુરુષ ચાર પ્રકારના કહેલ છે - એક પુરુષ બાહ્ય ચેષ્ટાથી અગંભીર છે અને તુચ્છ હૃદય વાળો છે. એક પુરુષ બાહ્ય ચેષ્ટાથી તુચ્છ છે પરંતુ ગંભીર હૃદય છે. એક પુરુષ બાહ્ય ચેષ્ટાથી ગંભીર છે પરંતુ તુચ્છ હૃદયવાળો છે. એક પુરુષ બાહ્ય ચેષ્ટાથી ગંભીર અને ગંભીર હૃદયવાળો છે. પાણી ચાર પ્રકારના છે જેમકે : કોઈક પાણી છીછરું છે અને છીછરા જેવું દેખાય છે. કોઈક છીછરું છે પણ સાંકડા સ્થાન વિશેષથી ઊંડું દેખાય છે. કોઈક અગાધ પાણી છે પણ વિસ્તારવાળા સ્થાનને લઈ છીછરું દેખાય છે.

કોઈક અગાધ છે અને અગાધ (ગંભીર) દેખાય છે. આ પ્રમાણે પુરુષ ચાર પ્રકારનો છે. એક પુરૂષ તુચ્છ પ્રકૃતિવાળો છે અને તુચ્છ દેખાય છે. એક પુરૂષ પ્રકૃતિથી તુચ્છ છે પરંતુ બાહ્ય વ્યવહારથી ગંભીર છે. એક પુરૂષ ગંભીર પ્રકૃતિવાળો છે પણ બાહ્ય વ્યવહારથી તુચ્છ જેવો દેખાય છે. એક પુરૂષ ગંભીરપ્રકૃતિ છે અને બાહ્ય વ્યવહારથી ગંભીર છે.

ઉદધિ (સમુદ્ર) ચાર પ્રકારના છે, જેમકે – સમુદ્રનો એક દેશ છીછરો છે અને છીછરો દેખાય છે. સમુદ્રનો એક ભાગ છીછરો છે પરંતુ બહુ જ ગહેરા જેવો પ્રતીત થાય છે. સમુદ્રનો એક ભાગ બહુ જ ગહેરો છે. પરંતુ છીછરા જેવો પ્રતીત થાય છે. સમુદ્રનો એક ભાગ બહુ જ ગહેરો છે અને ગહેરો જેવો પ્રતીત થાય છે. આ પ્રકારે ચાર પ્રકારના પુરૂષો છે – કોઈ પુરૂષ તુચ્છ હોય છે અને તુચ્છ દેખાય છે. કોઈક તુચ્છ હોય અને ગંભીર દેખાય. કોઈક ગંભીર હોય પણ તુચ્છ દેખાય. કોઈક ગંભીર હોય અને ગંભીર દેખાય. ચાર પ્રકારના સમુદ્રો કહેલા છે – કોઈક સમુદ્ર તુચ્છ છે અને તુચ્છ જેવો દેખાય છે. કોઈક તુચ્છ છે પણ ગંભીર જેવો દેખાય છે. કોઈક ગંભીર છે પણ તુચ્છ જેવો દેખાય છે. કોઈક સમુદ્ર ગંભીર અને ગંભીર જેવો દેખાય છે. આ પ્રકારે ચાર પ્રકારના પુરૂષો કહેલ છે – પૂર્વોક્ત ઉદક સૂત્રની સમાન ભાંગા કહેવા.

(૩૮૬) તરકના ચાર પ્રકાર છે :- એક તરફ ‘‘હું સમુદ્રમાં તરીશ’’ એવો વિચાર કરીને સમુદ્રને તરે છે. એક તરફ ‘‘હું સમુદ્રમાં તરીશ’’ એમ વિચારે છે પણ ગોષ્પદ ને તરે છે. એક તરફ ‘‘હું ગોષ્પદમાં તરીશ’’ એવો વિચાર કરીને સમુદ્રમાં તરે છે. એક તરફ ‘‘હું ગોષ્પદમાં તરીશ’’ એમ વિચારીને ગોષ્પદમાં જ તરે છે. તાત્પર્ય એ છે કે કોઈ માણસ સમુદ્ર સમાન સર્વ વિરતિને પાળવાનો સંકલ્પ કરે છે અને તેનું પાલન પણ કરે છે. કોઈ સર્વ વિરતિ પાળવાનો સંકલ્પ કરીને પણ ગોષ્પદ સમાન દેશવિરતિનું જ પાલન કરે છે. તરકના ચાર પ્રકાર છે, જેમકે–એક તરક એકવાર સમુદ્રને તરીને ફરી સમુદ્રને તરવામાં અસમર્થ થાય છે. એક તરક એકવાર સમુદ્રને તરીને બીજીવાર ગોપદને તરવામાં પણ અસમર્થ થાય છે. એક તરત એકવાર ગોપદને તરીને ફરી ગોપદને પાર કરવામાં પણ અસમર્થ થાય છે. કોઈ પુરૂષ એક વાર મોટું કાર્ય કરીને, ફરી કાર્ય કરવા અસમર્થ બની જાય છે. કોઈ મોટું કાર્ય કરીને પછી નાનકડું કાર્ય પણ કરી શકતો નથી. ઈત્યાદિ. પ્રકારે આ ચૌભંગીઓ જાણવી.

(૩૮૭) કુંભના ચાર પ્રકાર કહેલ છે :- એક કુંભ પૂર્ણ (તૂટેલ ફૂટેલ નથી) અને પૂર્ણ (મધ ઘૃત આદિથી ભરેલો) હોય છે. એક કુંભ પૂર્ણ પરંતુ ખાલી હોય છે – એક કુંભ પૂર્ણ – મધ આદિથી ભરેલો હોય પરંતુ અપૂર્ણ (તૂટેલ ફૂટેલ) હોય છે. એક કુંભ અપૂર્ણ છે (તૂટેલ ફૂટેલ) છે અને અપૂર્ણ છે (ખાલી) છે. એવી જ રીતે ચાર પ્રકારના પુરૂષ કહેલા છે – કોઈ પુરૂષ જાત્યાદિ ગુણવડે પૂર્ણ અને જ્ઞાનાદિ ગુણવડે પણ પૂર્ણ છે. કોઈ જાત્યાદગુણવડે પૂર્ણ છે પણ જ્ઞાનાદિ ગુણથી હીન છે. કોઈ જાત્યાદિ ગુણવડે હીન છે પણ જ્ઞાનાદિ ગુણથી પૂર્ણ છે. કોઈ જાત્યાદિવડે હીન અને જ્ઞાનાદિ ગુણથી પણ હીન છે. કુંભમાં આ પ્રમાણે પણ ચાર પ્રકાર પડે છે – એક કુંભ પૂર્ણ છે અને જોનારને પૂર્ણ જેવો દેખાય પણ છે. એક કુંભ પૂર્ણ છે પરંતુ જોનારને અપૂર્ણ જેવો દેખાય છે. એક કુંભ અપૂર્ણ છે પરંતુ જોનારને પૂર્ણ જેવો દેખાય છે. એક કુંભ અપૂર્ણ છે અને જોનારને અપૂર્ણ જેવો દેખાય છે. એ પ્રમાણે ચાર પ્રકારના પુરૂષો છે – એક પુરૂષ ધન વિગેરેથી પૂર્ણ છે અને તેનો ઉપયોગ કરવાથી પૂર્ણ જેવો દેખાય છે. એક પુરૂષ (ધનાદિવડે) પૂર્ણ છે પરંતુ તેનો ઉપયોગ ન કરવાથી અપૂર્ણ (ધનહીન) જેવો દેખાય છે. એક પુરૂષ અપૂર્ણ છે. (ધનાદિથી પૂર્ણ નથી) પરંતુ સમયે–સમયે તેનો ઉપયોગ કરવાથી પૂર્ણ (ધની) જેવો દેખાય છે. એક પુરૂષ અપૂર્ણ છે (ધનાદિથી પૂર્ણ નથી) અને અપૂર્ણ જેવો દેખાય પણ છે.

કુંભ ચાર પ્રકારના છે. – એક કુંભ પૂર્ણ છે (જલાદિથી પૂર્ણ છે) અને પૂર્ણ રૂપ છે. (સુન્દર છે.) એક કુંભ પૂર્ણ છે પરંતુ અપૂર્ણ રૂપ છે (કુરૂપવાળો છે). એક કુંભ (જલાદિ વડે) અપૂર્ણ છે પરંતુ સુંદર રૂપ વાળો છે. એક કુંભ (જલાદિવડે) અપૂર્ણ અને અપૂર્ણ રૂપવાળો છે. (અસુંદર) છે. એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના છે. – એક પુરૂષ જ્ઞાનાદિ વડે પૂર્ણ અને પવિત્રરૂપ–રજોહરણાદિ વિશિષ્ટ વેષવાળો છે. એક પુરૂષ જ્ઞાનાદિ વડે પૂર્ણ છે પણ અપૂર્ણ રૂપવાળો – દ્રવ્ય લિંગથી રહિત છે. એક પુરૂષ જ્ઞાનાદિ ગુણથી રહિત છે પણ દ્રવ્યલિંગયુક્ત છે. એક પુરૂષ બન્નેથી અપૂર્ણ છે ચાર પ્રકારના કુંભ કહેલા છે. – એક કુંભ પૂર્ણ (જલાદિથી) છે અને સુંદર રૂપવાળો છે. એક કુંભપૂર્ણ છે પરંતુ તુચ્છ રૂપવાળો છે. એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના છે – એક પુરૂષ ધન અથવા શ્રુતાદિ વડે પૂર્ણ છે. અને ઉદાર હૃદય છે. એક પુરુષ પૂર્ણ છે પરંતુ મલિન હૃદય છે. એક પુરુષ ધન અથવા શ્રુતાદિ વડે રહિત છે પણ ઉદાર હૃદય છે. એક પુરુષ શ્રુતાદિ વડે અને ઉદાર હૃદય બન્નેથી અપ્રિય છે.

કુંભ ચાર પ્રકારના છે – એક કુંભ (જલથી) પૂર્ણ છે પરંતુ તેમાંથી

પાણી ઝરે છે. એક કુંભ (જલથી) પૂર્ણ છે પરંતુ તેમાંથી પાણી ઝરતું નથી. એક કુંભ (જલથી) અપૂર્ણ છે. અને તેમાંથી પાણી ઝરે છે એક કુંભ અપૂર્ણ છે પરંતુ ઝરતો નથી. એ પ્રમાણે પુરુષ ચાર પ્રકારના છે - એક પુરૂષ (ધન અથવા શ્રુતથી) પૂર્ણ છે અને ધન અથવા શ્રુત આપે પણ છે. એક પુરૂષ પૂર્ણ છે પરંતુ આપતો નથી. એક પુરૂષ અપરિપૂર્ણ છે પરંતુ યથાશક્તિ અથવા યથાજ્ઞાન આપે છે. એક પુરૂષ અપૂર્ણ છે અને આપતો પણ નથી કુંભ ચાર પ્રકારના છે. ફૂટેલો, જર્જરિત, કાચો, પાકો એવી જ રીતે પુરૂષો ચાર પ્રકારના છે - એક પુરૂષ મુલ પ્રાયશ્ચિત યોગ્ય છે. એક પુરૂષ છેદાદિ પ્રાયશ્ચિત્ત યોગ્ય છે. એક પુરૂષ સૂક્ષ્મ અતિચારયુક્ત છે. એક પુરૂષ નિરતિચાર ચારીત્રી છે.

કુંભ ચાર પ્રકારના છે - એક મધનો કુંભ છે અને તેનું ઢાંકણ પણ મધનું છે. એક મધનો કુંભ અને વિષનાં ઢાંકણવાળો હોય છે. એક વિષનો કુંભ અને મધનું ઢાંકણ હોય છે. એક વિષનો કુંભ અને વિષના ઢાંકણવાળો હોય છે. એ પ્રમાણે પુરૂષ ચાર પ્રકારના એક પુરૂષ સરલ હૃદય અને મધુરભાષી છે. એક પુરૂષ સરલ હૃદય છે પરંતુ કટુભાષી એક પુરૂષ માયાવી અને કટુભાષી છે. એક પુરૂષ માયાવી છે પરંતુ મધુરભાષી છે.

(૩૮૮-૩૯૧) જે પુરૂષનું હૃદય નિષ્પાપ અને નિર્મળ છે અને જેની જીભ પણ સદા મધુર ભાષિણી છે. તે પુરૂષને મધના ઢાંકણાવાળા મધુકુંભની ઉપમા અપાય છે. જે પાપી અને મલિન હૃદય છે અને જેની જીભ સદા મધુરભાષિણી છે. તે પુરુષ ને મધપૂર્ણ ઢાંકણાવાળા વિષકુંભની ઉપમા અપાય છે. જે પાપી અને મલિન હૃદય છે. અને જેની જીભ પણ સદા કટુભાષિણી છે. તે પુરૂષને વિષપૂરિત ઢાંકણાવાળા વિષકુંભની ઉપમા અપાય છે.

(૩૯૨) ઉપસર્ગ ચાર પ્રકારના છે. જેમકે-દેવસંબંધી, મનુષ્યસંબંધી, તિર્યંચ સંબંધી, આત્મકૃત પોતાથી કરાયેલ. દેવસંબંધી ઉપસર્ગના ચાર ભેદ છે, જેમકે-દેવ ઉપહાસથી ઉપસર્ગ કરે છે, દ્વેષ કરીને ઉપસર્ગ કરે છે, પરીક્ષાને બહાને ઉપસર્ગ કરે છે, વિવિધ હેતુઓથી ઉપસર્ગ કરે છે. મનુષ્યસંબંધી ઉપસર્ગના ચાર ભેદ છે, જેમકે - મનુષ્ય ઉપહાસમાં છે. દ્વેષ કરીને પરીક્ષાને બહાને કે મૈથુન સેવવાની ઈચ્છાથી ઉપસર્ગ કરે છે. તિર્યંચ સંબંધી ઉપસર્ગના ચાર ભેદ છે. જેમકે-તિર્યંચ ભગભીત થઈને ઉપસર્ગ કરે છે. દ્વેષભાવીથી, આહાર ને માટષ કે સ્વસ્થાનની રક્ષાને માટે ઉપસર્ગ કરે છે. આત્માથી કરાયેલ ઉપસર્ગ ચાર પ્રકારે છે - સંઘટણથી - આંખમાં પડેલી રજને હાથે ચોળવાથી પીડા થાય છે. પડી જવાથી પીડા થાય છે. અધિક સમય સુધી આસન પર બેસવાથી પીડા થાય છે. પગ સંકુચિત કરી અધિક સમય સુધી બેસવાથી પીડા થાય છે.

(૩૯૩) કર્મ ચાર પ્રકારના છે - એક કર્મપ્રકૃતિ શુભ છે અને તેનો હેતુ પણ શુભ છે. એક કર્મપ્રકૃતિ શુભ છે પરંતુ તેનો હેતુ અશુભ છે. એક કર્મપ્રકૃતિ અશુભ છે પરંતુ તેની હેતુ શુભ છે. એક કર્મપ્રકૃતિ અશુભ છે અને તેનો હેતુ પણ અશુભ છે. કર્મ ચાર પ્રકારના છે. - એક કર્મ પ્રકૃતિનો બંધ શુભ રૂપમાં થયો અને તેનો ઉદય પણ શુભ રૂપમાં થયો પરંતુ તેના સંક્રમણથી ઉદય અશુભ રૂપમાં થયો. એક કર્મ પ્રકૃતિનો બંધ અશુભ રૂપમાં થયો પરંતુ સંક્રમણ કરવાથી તેનો ઉદય શુભ રૂપે થયો. એક કર્મ પ્રકૃતિનો બંધ અશુભરૂપે થયો અને તેનો ઉદય પણ અશુભ રૂપે થયો. કર્મ ચાર પ્રકારે છે. પ્રકૃતિ કર્મ, સ્થિતિ કર્મ, અનુભાગ કર્મ અને પ્રદેશ કર્મ.

(૩૯૪) સંઘ ચાર પ્રકારના છે. - શ્રમણ શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા.

(૩૯૫) બુદ્ધિ ચાર પ્રકારની કહેલ છે.- ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી. મતિ ચાર પ્રકારની કહેલી છે - અવગ્રહમતિ, ઈહામતિ, અપાયમતિ, ધારણા મતિ. આ પ્રમાણે પણ મતિના ચાર પ્રકાર કહેલ છે. ઘડાના પાણી જેવી, વિદરના પાણી જેવી, તળાવના પાણી, જેવી સાગરના પાણી જેવી.

(૩૯૬) સંસારી જીવ ચાર પ્રકારના છે. નૈરયિક તિર્યગ્યોનિક, મનુષ્ય અને દેવ. સમસ્ત જીવોનો ચાર પ્રકારોમાં સમાવેશ થાય છે. મનોયોગી વચનયોગી, કાયયોગી અને અયોગી. સમસ્ત જીવોના આ પ્રમાણે ચાર ભેદછે. સ્ત્રીવેદવાળા, પુરુષવેદવાળા, નપુંસકવેદવાળા, અવેદી. સમસ્ત જીવોના ચાર પ્રકાર છે. ચક્ષુદર્શનવાળા-ચતુરિન્દ્રિય આદિ જીવો અચક્ષુદર્શનવાળા - એકેન્દ્રિયાદિજીવો, અવધિદર્શનવાળા - શકેન્દ્ર આદિ જીવો, કેવળ દર્શનવાળા - કેવળી ભગવાન. સમસ્ત જીવોના આ પ્રકારે ચારે ભેદ છે - સંયત, અસંયત, સંયતાસંયત અને નોસંયત - નો અસંયત.

(૩૯૭) પુરૂષ ચાર પ્રકારના છે - એક પુરૂષ આલોકનો પણ મિત્ર છે અને પરલોકનો પણ મિત્ર છે એક પુરૂષ આ લોકનો તો મિત્ર છે પરંતુ પરલોકનો મિત્ર નથી એક પુરૂષ પરલોકનો મિત્ર છે પરંતુ આલોકનો મિત્ર નથી. એક પુરૂષ આ લોકનો પણ મિત્ર નથી પરલોકનો પણ મિત્ર નથી. પુરૂષ ચાર પ્રકારના છે - એક પુરૂષ અંતગરંગથી મિત્ર છે અને બાહ્યમાં પણ સ્નેહપૂર્ણ વ્યવહાર કરે છે. એક પુરૂષ અંતરંગમાં મિત્રતા છે. પરંતુ બાહ્ય સ્નેહ

પ્રદર્શીત નથી કરતો. એક પુરુષ બાહ્ય સ્નેહ તો પ્રદર્શીત કરે છે પરંતુ અંતરંગમાં શત્રુભાવ રાખે છે. એક પુરુષ અન્તરંગમાં પણ શત્રુભાવ રાખે છે અને બાહ્ય વ્યવહારથી પણ શત્રુ છે.

પુરૂષ ચાર પ્રકારના છે. જેમકે-એક પુરૂષ દ્રવ્યથી મુક્ત છે અને ભાવ આસક્તિથી પણ મુક્ત છે - એક પુરૂષ દ્રવ્ય થી તો મુક્ત છે પરંતુ ભાવ થી મુક્ત નથી. એક પુરૂષ ભાવથી મુક્ત તો મુક્ત છે. પરંતુ દ્રવ્ય થી મુક્ત નથી. એક પુરૂષ દ્રવ્યથી પણ મુક્ત નથી અને ભાવથી પણ મુક્ત નથી. પુરૂષ ચાર પ્રકારના છે જેમકે - એક પુરૂષ (આસક્તિથી) તો મુક્ત છે પરંતુ (સંયત વેષનો ધારક ન હોવાથી) મુક્ત નથી - શિવકુમાર વત્ એક પુરૂષ સંયતવેષનો ધારક છે તેથી મુક્ત રૂપ તો છે પરંતુ આસક્તિ હોવાથી મુક્ત નથી. એક પુરૂષ આસક્તિ હોવાથી મુક્ત પણ નથી અને સંયત વેષભુષાના ધારક ન હોવાથી મુક્ત નથી.

(૩૯૮) પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવો મરીને ચારે ગતિઓમાં ઉત્પન્ન થાય છે ચારેગતિઓમાંથી આવીને પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. જેમકે-નૈરયિકોથી. તિર્યંચોથી. મનુષ્યોથી, અને દેવતાઓથી. મનુષ્ય મરીને ચારે ગતિઓમાં ઉત્પન્ન થાય છે અને ચારે ગતિઓમાંથી આવીને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે.

(૩૯૯) બેઈન્દ્રિય જીવોની હિંસા નહિ કરવાવાળા ચાર પ્રકારનો સંયમ કરે છે. તે જીવોના જિહ્વા સંબંધી સુખનો વિનાશ કરતો નથી. જિહ્વા સંબંધી દુ:ખ સાથે તેમને જોડનાર થતો નથી. સ્પર્શેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરનાર થતો નથી. સ્પર્શેન્દ્રિય સંબંધી દુ:ખ સાથે તેમને જોડનાર થતો નથી. બેઈન્દ્રિય જીવોની હિંસા કરવાવાળો ચાર પ્રકારનો અસંયમ કરે છે. જેમકે-તે જીવોના જિહ્વા સંબંધી સુખનો વિનાશ કરે છે. જિહ્વાસંબંધી દુ:ખ સાથે જોડનાર થાય છે. સ્પર્શેન્દ્રિય સંબંધી સુખનો વિનાશ કરે છે. સ્પર્શેન્દ્રિય સંબંધી દુ:ખ સાથે તેમને જોડનાર થાય છે.

(૪૦૦ સમ્યગ્દષ્ટિ નારકોમાં ચાર ક્રિયાઓ હોય છે. આરંભિકી પારિગ્રહિકી માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાન ક્રિયા. વિકલેન્દ્રિયને છોડી બાકીના બધા દંડકોના જીવ ચાર ક્રિયાઓ કરે છે, આરંભિકીથી લઈ યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા.

(૪૦૧) ચાર કારણોથી જીવ બીજાના ગુણોને આચ્છાદિત કરે છે, જેમકે ક્રોધથી બીજાના ઉત્કર્ષની ઈર્ષ્યાને લઈને, અકૃતજ્ઞતાથી બીજાના ઉપકારને ન માનવાથી અને દુરાગ્રહી હોવાથી. ચાર કારણોથી પુરૂષ બીજાના ગુણોને પ્રગટ કરે છે. જેમકે -પ્રશંસા કરવાના સ્વભાવથી, બીજાને અનુકૂળ વ્યવહારવાળો રહેવાથી, ઈચ્છિત કાર્યને સિદ્ધકરવાને માટે અને કરેલા ઉપકારનો પ્રત્યુપકાર કરવા માટે.

(૪૦૨) ચાર કારણોને લીધે નૈરયિક શરીરની ઉત્પત્તિનો પ્રારંભ થાય છે. ક્રોધથી માનથી માયાથી અને લોભથી. બાકીના બધા દંડવર્તી જીવોના શરીરની ઉત્પત્તિનો પ્રારંભ પણ આ જ ચાર કારણોથી થાય છે. ચાર કારણોને લીધે નૈરયિક શરીરની નિષ્પત્તિ (પૂર્ણતા) થાય છે. ક્રોધવડે યાવત્ લોભવડે. બાકીના બધા દંડવર્તી જીવોના શરીરની પૂર્ણતા પણ આ ચાર કારણોથી જ થાય છે.

(૪૦૩) ધર્મના ચાર દ્વાર છે, જેમકે-ક્ષમા નિર્લોભતા સરળતા અને માર્દવતા.

(૪૦૪) ચાર કારણોથી જીવ નરકમાં જવા યોગ્યા કર્મ બાંધે છે. જેમકે-મહાઆરંભ કરવાથી, જીવનો ઘાત કરવાથી, માંસ આહાર કરવાથી, ચાર કારણોથી. તિર્યંચોમાં ઉત્પન્ન થવા યોગ્ય કર્મ બાંધે છે, જેમકે-મનની કુટિલતાથી બીજાને ઠગવા માટે કાયાની જુદી રીતે ચેષ્ટા કરવાથી અલીક બોલવાથી અને ખોટા તોલ અને માપવડે વ્યવહાર કરવાથી. ચાર કારણોથી મનુષ્યમાં ઉત્પન્ન થવા યોગ્ય કર્મ બાંધે છે, જેમકે - સરલ સ્વભાવથી, વિનમ્રતાથી, અનુકંપાથી, માત્સર્યભાવ ન રાખવાથી. ચાર કારણોથી દેવતાઓમાં ઉત્પન્ન થવા યોગ્ય કર્મ બાંધે છે યથા - સરાગસંમયથી, સંયમાસંયમના બાલતપ કરવાથી, અકામ નિર્જરાથી.

(૪૦૫) વાદ્ય ચાર પ્રકારના છે. તત (વીણા આદિ) વિતત (ઢોલ આદિ) ઘન (કાંસ્ય તાલ આદિ) અને શુષિર (બાંસુરી આદિ) નૃત્ય ચાર પ્રકારના છે - રહી રહીને નાચવું. સંગીતની સાથે પદની સંજ્ઞાવડે નાચવું. સંકેતાથી ભાવાભિવ્યક્તિ કરતા થકી નાચવું. નાચતા છતાં નીચું પડવું. ચાર પ્રકાર ગાયન કહેલ છે; જેમકે - નાચતા થકા ગાયન કરવું. છંદ, સ્વરથી ગાયન ગાવું અને ધીમે ધીમે સ્વરને તેજ કરતા ગાયન કરવું.

પુષ્પરચના ચાર પ્રકારની છે, જેમકે - સુતરના દોરાથી ગુંથીને બનાવેલી પુષ્પરચના, પુષ્પ વીંટીને બનાવેલ રચના, પુષ્પ, આરોપિત કરીને બનાવેલ રચના, પરસ્પર પુષ્પ નાલ મેળવીને બનાવેલ રચના. અલંકાર ચાર પ્રકારના છે - કેશાલંકાર, વસ્ત્રાલંકાર માલ્યાલકાર અને આભરણાલંકાર. અભિનય ચાર પ્રકારના છે જેમકે - કોઈ ઘટનાનો અભિનય કરવો, મહાભારતનો અભિનય કરવો, રાજા મન્ત્રી આદિનો અભિનય કરવો, માનવ જીવનની વિભિન્ન

અવસ્થાઓનો અભિનય કરવો.

(૪૦૬) સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં ચાર વર્ણના વિમાન છે - નીલા રાતા પીળા, ધોળા. મહાશુક્ર અને સહસ્ત્રારકલ્પમાં દેવતાઓનું શરીર ચાર હાથ ઊંચું છે.

(૪૦૭) પાણીના ગર્ભ ચાર પ્રકારના છે. જેમકે-ઓસ, ધુંવર, અતિશીત અને અતિગરમ પાણીના ગર્ભ ચાર પ્રકારના છે. જેમકે - હિમપાત, વાદળાઓથી આકાશનું આચ્છાદિત થવું, અતિ શીત અથવા અતિ ઉષ્ણતા થવી અથવા વાયુ વાદળ, ગાજ, વીજળી, વરસવું. તે પાંચેનું સંયુક્ત રૂપેથી થવું.

(૪૦૮) મહામાસમાં હિમપાતતી ફાલ્ગુનમાસમાં વાદળોથી, ચૈત્રમાં અધિક શીતથી અને વૈશાખમાં ઉપર કહેલ સંયુક્ત પાંચ પ્રકારથી પાણીનો ગર્ભ સ્થિર થાય છે.

(૪૦૯) માનુષી ના ગર્ભ ચાર પ્રકારે છે, જેમકે - સ્ત્રીરૂપમાં, પુરૂષરૂપમાં, નપુંસકરૂપમાં. અને બિંબરૂપમાં (માત્ર પિણ્ડરૂપ હોય.)

(૪૧૦-૪૧૧) અલ્પ વીર્ય અને અધિક રૂધિરના મિશ્રણ થવાથી ગર્ભ સ્ત્રીરૂપમાં ઉત્પન્ન થાય છે, અલ્પ ઓજ - રૂધિર અને અધિક શુક્રવીર્યનું મિશ્રણ થવાથી ગર્ભ પુરૂષરૂપમાં ઉત્પન્ન થાય છે. રૂધિર ને વીર્યના સમાન મિશ્રણથી ગર્ભ નપુંસકરૂપમાં ઉત્પન્ન થાય છે. સ્ત્રીનો સ્ત્રીથી સહવાસ થવા પર ગર્ભ બિંબ રૂપમાં ઉત્પન્ન થાય છે.

(૪૧૨) ઉત્પાદ નામના પ્રથમ પૂર્વની ચાર ચૂલીકા વસ્તુઓ કહેલી છે.

(૪૧૩) કાવ્ય ચાર પ્રકારના છે, ગદ્ય-છંદ રહિત પદ્ય-છંદ, બદ્ધ અને ગેય.

(૪૧૪) નૈરયિક જીવોને ચાર સમુદ્ઘાત હોય છે, જેમકે-વેદના સમુદ્ઘાત, કષાય-મારણાંતિક અને વૈક્રિય સમુદ્ઘાત. વાયુકાયના જીવોને પણ એ પ્રમાણે.

(૪૧૫) અર્હન્ત આરિષ્ટનેમિ - ના ચારસો ચૌદ પૂર્વધારી શ્રમણોની ઉત્કૃષ્ટ સમ્પદા હતી, તે જિન નહિ પણ જિન સરખા હતા. જિનની જેમ યથાર્થ વક્તા હતા અને સર્વ અક્ષર સંયોગના પૂર્ણ જ્ઞાતા હતા.

(૪૧૬) શ્રમણ ભગવાન મહાવીરના ચાર સો વાદી મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. તે દેવ, મનુષ્ય અથવા અસુરોની પરિષદમાં કદાપિ પરાજિત થવાવાળા ન હતા.

(૪૧૭) નીચેના ચાર કલ્પ અર્ધ ચન્દ્રાકાર છે - સૌધર્મ ઈશાન સનતકુમાર અને માહેન્દ્ર. વચલા ચારકલ્પ પૂર્ણચન્દ્રાકાર છે. - બ્રહ્મલોક, લાંતક મહાશુક્ર, સહસ્ત્રાર. ઉપરના ચાર કલ્પ અર્ધ ચન્દ્રાકાર છે, આનત પ્રાણત આરણ અને અચ્યુત.

(૪૧૮) ચાર સમુદ્રમાં પ્રત્યેક સમુદ્રના પાણીનો સ્વાદ ભિન્ન છે. લવણસમુદ્રના પાણીનો સ્વાદ મીઠાજેવો ખારો છે. વરુણોદ સમુદ્રના પાણીનો સ્વાદ મધ જેવો. ક્ષીરોદ સમુદ્રના પાણીનો સ્વાદ દૂધ જેવો. ઘૃતોદસમુદ્રના પાણીનો સ્વાદ ઘી જેવો છે.

(૪૧૯) આવર્ત ચાર પ્રકારના છે. જેમ કે. ખરાવર્ત-સમુદ્રમાં ચક્રની જેમ પાણીનું ફરવું. ઉન્નતાવર્ત - પર્વત પર ચક્રની જેમ ફરીને ચડવાનો માર્ગ, ગૂઢાવર્ત - દડા પર દોરાથી કરાતી ગૂંથણ, આમિષાવર્ત - માંસને માટે આકાશમાં પક્ષીઓનું ફરવું. કષાય ચાર પ્રકારનો છે, જેમકે - ખરાવર્ત સમાન ક્રોધ, ઉન્નનાવર્ત સમાન માન, ગૂઢવર્ત સમાન માયા, આમિષાવર્ત સમાન લોભ. ખરાવર્તસમાન ક્રોધ કરનાર જીવ મરીને નરકમાં જાય છે. એ પ્રમાણે ઉન્નતાવર્ત સમાન માન કરવાવાળો ગૂઢાવર્ત સમાન માયા કરવા વાળોઅને અમિષાવર્ત સમાન લોભ કરવા વાળો જીવ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે;

(૪૨૦-૪૨૧) અનુરાધા નક્ષત્રના ચાર તાગ છે. પૂર્વાષાઢા ઉત્તરાષાઢાના પણ ચાર છે. ચાર સ્થાનોમાં સંચિત પુદ્ગલ પાપ કર્મ રૂપમાં એકત્ર થયા છે, થાય છે અને ભવિષ્યમાં પણ થશે. જેમ કે - નારકીય ભવમાં તિર્યંચ દેવ ભવમાં. મનુષ્યજીવનમાં એકત્રિત પુદ્ગલ. એ પ્રમાણે પુદ્ગલોનો ઉપચય બંધ. ઉદીરણા, વેદના અને નિર્જરાના એક એક સૂત્ર સમજી લેવા જોઈએ.

(૪૨૨) ભવમાં ચાર પ્રદેશવાળા સ્કંધ અનન્ત છે. ચાર આકાશ પ્રદેશોમાં અવગાઢ પુદ્ગલો અનંત છે. ચાર સમયની સ્થિતિવાળા પુદ્ગલો અનન્ત છે. ચાર ગુણ કૃષ્ણ પુદ્ગલ અનન્ત છે યાવત. ચાર ગુણ રુક્ષ પુદ્ગલ અનન્ત છે.

સ્થાન : ૪ - ઉદ્દેસો : ૪ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૫

ઉદ્દેસો : ૧

(૪૨૩) મહાવ્રત પાંચ છે - સર્વ પ્રાણાતિપાતથી વિરત થવું. સર્વ મૃષાવાદથી વિરત થવું. સર્વ અદત્તાદાનથી વિરત થવું. સર્વ મૈથુનથી વિરતથવું અને સર્વ પરિગ્રહથી વિરત થવું. અણુવ્રત પાંચ કહેલ છે - સ્થૂલ પ્રાણાતિપાતથી વિરત થવું. સ્થૂલ મૃષાવાદથી વિરત થવું, સ્થૂલ અદત્તાદાનથી વિરત થવું સ્વ દારા સંતોષ ઈચ્છા મર્યાદા કરવી.

(૪૨૪) વર્ણ પાંચ છે, કૃષ્ણ. નીલ. લોહિત. હરિદ્ર. શુક્લ. રસ પાંચ છે – તીક્તથી મધુર સુધી. કામગુણ પાંચ છે. શબ્દ. રૂપ. ગંધ. રસ; સ્પર્શ. પાંચ સ્થાનોમાં જીવ આસક્ત થાય છે. શબ્દ યાવત્ સ્પર્શમાં. પૂર્વોક્ત પાંચોમાં જીવ રાગભાવને પ્રાપ્ત થાય છે, તથા મૂર્ચ્છાભાવ, ગૃદ્ધિભાવ, આકાંક્ષા ભાવને અને મરણને પ્રાપ્ત થાય છે.

પૂર્વોક્ત પાંચેનું જ્ઞાન ન થવું અને ત્યાગ ન કરવો જીવોના અહિતને માટે હોય છે. અશુભ, અનુચિત, અકલ્યાણ અને અનાનુગામિતાને માટે થાય છે. આ પાંચેનું જ્ઞાન થવું અને ત્યાગ કરવો જીવોના હિતને માટે થાય છે. શુભ ઉચિત, કલ્યાણ, અનુગામિકતા માટે થાય છે. એ શબ્દ આદિ પાંચે સ્થાનોનું અજ્ઞાન અને નહીં ત્યાગવું જીવોની દુર્ગતિને માટે થાય છે. જેમકે શબ્દ યાવત્ સ્પર્શ. તે પાંચે સ્થાનોનું સ્થાન અને પરિત્યા ગજીવોની સુગતિને માટે થાય છે. જેમકે શબ્દ યાવત્-સ્પર્શ.

(૪૨૫) પાંચ કારણોથી જીવ દુર્ગતિને પ્રાપ્ત થાય છે. જેમકે- પ્રાણાતિપાતથી યાવત્ પરિગ્રહથી. પાંચ કારણોથી જીવ સુગતિને પ્રાપ્ત થાય છે, જેમકે -પ્રાણાતિપાત વિરમણથી યાવત્ પરિગ્રહવિરમણથી.

(૪૨૬) પ્રતિમાઓ પાંચ કહેલી છે, જેમકે-ભદ્રા પ્રતિમા. સુભદ્રા પ્રતિમા, મહાભદ્રા પ્રતિમા સર્વતોભદ્ર પ્રતિમા, ભદ્રોત્તરપ્રતિમા

(૪૨૭) પાંચ સ્થાવરકાય કહેલ છે. જેમકે-ઈન્દ્ર સ્થાવરકાય (પૃથ્વીકાય) બ્રહ્મસ્થાવરકાય (અપ્કાય) શિલ્પસ્થાવરકાય (તેજસ્કાય) સમ્મતિ સ્થાવરકાય. (વાયુકાય) પ્રાજાપત્ય સ્થાવરકાય (વનસ્પતિકાય). પાંચ સ્થાવરકાયના પાંચ અધિપતિ છે. પૃથ્વીકાયના અધિપતિ. (ઈન્દ્ર) અપકાયના અધિપતિ. (બ્રહ્મ) તેજસ્કાયના અધિપતિ. (શિલ્પ) વાયુકાયના અધિપતિ. (સંમતિ) વનસ્પતિકાયના અધિપતિ. (પ્રજાપતિ)

(૪૨૮) અવધિદર્શન ઉત્પન્ન થવાની ઈચ્છાવાળું હોવા છતાં પણ પોતાની ઉત્પત્તિના પ્રથમ સમયમાં નીચેના પાંચ કારણોને લીધે ચલાયમાન છે. પ્રથમ સમયમાં અવધિદર્શન અલ્પસંખ્યક પ્રાણીઓવાળી ભૂમિને જોઈને. ભૂમિને બહુસંખ્યક સૂક્ષ્મ જીવોથી વ્યાપ્ત જોઈને. મહાન અજગરના શરીરને જોઈને. મહાન ઋદ્ધિવાળા દેવને અત્યંત સુખી જોઈને. પ્રાચીન, અતિવિશાલ, જેમના સ્વામી નાશ પામી ગયા છે. જેમની વૃદ્ધિ કરનાર કોઈ રહ્યું નથી, જેમના વંશમાં કોઈ રહ્યું નથી, જેમના સ્વામીનો સમૂળ ઉચ્છેદ થઈ ગયો છે. સ્વામીના વંશનો પણ ઉચ્છેદ થઈ ગયો છે અને જે ગ્રામ આકર, નગર, ખેડા, કર્બટ, દ્રોણમુખ, વહન, સંબાધ અથવા સન્નિવેશોમાં. શૃંગારક, ત્રિક, ચોક, ચત્વર, ચતુર્મુખ, પથ અને મહાપથોમાંનગરોની ગટરોમાં અથવા સ્મશાન, શૂન્યગ્રહ, ગિરિકન્દરા, શાન્તિગૃહ, શૈલગૃહ, ઉપસ્થાપન – ગૃહ આદિ સ્થાનોમાં દાટેલા છે. એવા મહાનિધાનો ને જોઈને. આ જ પાંચ કારણોથી અવધિજ્ઞાન પણ ચલિત થઈ જાય છે.

પરંતુ આ પાંચ કારણોથી ઉત્પન્ન થયેલ કેવળ જ્ઞાન-કેવળ દર્શન ચલિત ક્ષુબ્ધ થતું નથી, પૃથ્વીને નાની મોટી જોઈને યાવત્ રૂપ ગ્રામ નગરમાં દાટેલા ખજાનાને જોઈને.

(૪૨૯) નૈયરિકોનું શરીર પાંચ વર્ણવાળું અને પાંચ રસવાળું કહેલ છે. જેમકે કૃષ્ણા યાવત્ શુક્લવર્ણ. તીખો યાવત્ મધુર. આ પ્રમાણે વૈમાનિક દેવ સુધી ૨૪ દંડક સુધીના શરીરોના વર્ણ અને રસ કહેવા. પાંચ શરીર કહેલ છે, જેમકે-ઔદારિક શરીર વૈક્રિયશરીર, આહારકશરીર, તૈજસશરીર. કાર્મણ શરીર. ઔદારિક શરીરમાં પાંચ વર્ણ અને પાંચ રસ કહેલ છે. જેમકે – કૃષ્ણા યાવત્ શુક્લ. તિક્ત યાવત્ મધુર. એ પ્રમાણે કાર્મણ શરીર સુધી વર્ણ અને રસ કહેવા જોઈએ. બધા સ્થૂલ દેહધારિઓના શરીર, પાંચ વર્ણ, પાંચરસ બે ગંધ અને આઠ સ્પર્શયુક્ત હોય છે.

(૪૩૦) પહેલા અને છેલ્લા તીર્થંકરોના શિષ્યોને નીચેના પાંચ કારણોથી ઉપદેશ સમજવામાં મુશ્કેલી પડે છે. દુરાખ્યેય – પ્રથમ તીર્થંકરોના શિષ્યો ઋજુ – જડ અને અંતિમ તીર્થંકરના શિષ્યો વક્ર જડ હોવાથી વસ્તુતત્વને મુશ્કેલીથી પ્રતિપાદિત કરી શકાય છે. દુવિભાજ્ય-વિભાજન કરવામાં કષ્ટ થાય છે. દુર્દર્શ – વસ્તુત્વને મુશ્કેલીથી દેખાડી શકાય છે. દુઃસહ – પરિષહ સહન કરવામાં કઠિનતા થાય છે. દુરનુચર – જિનાજ્ઞા અનુસાર આચરણ કરવામાં મુશ્કેલી થાય છે. પાંચ કારણોથી મધ્યના બાવીશ તીર્થંકરના શિષ્યોને ઉપદેશ સમજવો સુગમ થાય છે – સુઆખ્યેય – વ્યાખ્યા સરળતાપૂર્વક કરે છે. સુવિભાજ્ય – વિભાગ કરવામાં કોઈ પણ પ્રકારનું કષ્ટ થતું નથી. સુદર્શ – સરળતા પૂર્વક સમજે છે. સુસહ-શાંતિપૂર્વક સહન કરે છે. સુચર- પ્રસન્નતાપૂર્વક જિનાજ્ઞા પાળે છે.

ભગવાન્ મહાવીરના શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ સદ્ગુણ સદા વર્ણન કરેલ છે, કીર્તન કરેલ છે, પ્રકટ કહેલ છે, શ્લાઘ્ય બતાવેલ છે, અને આચરણ યોગ્ય કહેલ છે. જેમકે ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા, લઘુતા. ભગવાન્ મહાવીરના શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ સદ્ગુણ સદા યાવત્ પ્રશસ્ત અને આચરણ યોગ્ય કહેલ છે. જેમકે – સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્ય. ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ અભિગ્રહ સદા પ્રશસ્ત અને

આચરણ યોગ્ય કહેલ છે. - ઉક્ષિપ્તચારી - જો ગૃહસ્થ રાંધવાના પાત્રમાંથી જમવાના પાત્રમાં પોતાના ખાવાને માટે આહાર લે અને તે આહારમાંથી આપે તો લઈશ. એવો અભિગ્રહ કરવાવાળા મુનિ. નિક્ષિપ્તચારી રાંધવાના પાત્રમાંથી કાઢેલો આહાર જો ગૃહસ્થ આપે તો લઈશ. એવો અભિગ્રહ કરવાવાળા મુનિ, અંતચારી - ભોજન કર્યા પછી વધેલો આહાર લેવાવાળો મુનિ. પ્રાન્તચારી- તુચ્છ આહાર લેવાનો અભિગ્રહ કરવાવાળા મુનિ. રુક્ષચારી-લૂખો આહાર લેવાનો અભિગ્રહ કરવાવાળા, મુનિ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ અભિગ્રહ સદા પ્રશસ્ત અને આચરણ યોગ્ય કહેલ છે - અજ્ઞાતચારી - પોતાની જાતિકુલ આદિનો પરિચય દીધા વિના આહાર લેવાના અભિગ્રહવાળા. અન્ન ગ્લાનચારીબીજા રોગી માટે ભિક્ષા લાવનારા. મૌનચારી - મૌન ધારણ કરી ભિક્ષા માટે અટન કરનાર. સંસૃષ્ટ-કલ્પિક-લેપવાળા હાથથી કલ્પનીય આહાર આપશે તો લઈશ એવી પ્રતિજ્ઞાવાળા મુનિ. તજ્જાત સંસૃષ્ટકલ્પિક-જે વસ્તુ આપવામાં આવે તેજ વસ્તુથી લિપ્ત હાથથી આહાર આપશે તો લઈશ, એવા અભિગ્રહવાળા મુનિ.

ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ અભિગ્રહ પ્રશસ્ત અને સદા આચરણને યોગ્ય કહેલ છે. - ઔપનિધિક - અન્ય સ્થાનથી લાવેલો આહાર લેવાવાળો મુનિ, શુદ્ધૈષણિક - નિર્દોષ આહારની ગવેષણા કરનારા. સંખ્યાદત્તિક - નિર્ધારિત સંખ્ય અનુસાર જ આહાર લઈશ એવો અભિગ્રહ કરીને આહારની એષણા કરનાર મુનિ. દ્રષ્ટલાભિક - દેખેલી વસ્તુ લેવાના સંકલ્પવાળો મુનિ. પૃષ્ઠલાભિક - આપને આહાર આદિ આપું ? - એ પ્રમાણે પૂછીને આહાર આપે તો લઈશ એવી પ્રતિજ્ઞાવાળો મુનિ. ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ અભિગ્રહ સદા પ્રશસ્ત અને આચરણ યોગ્ય કહેલ છે. - આયંબીલ કરનારો મુનિ. નિર્વિકૃતિક. ઘી આદિની વિકૃતિને ન લેવાવાળો મુનિ. પુરિમાર્ધક દિવસના પૂર્વાર્ધ સુધી આહારનો પ્રત્યા-ખ્યાન કરવાવાળો મુનિ. પરિમિત પિંડપાતિક - પરિમિત આહાર લેવાવાળો મુનિ. ભિન્ન પિંડપાતિક - ટુકડા ટુકડા કીધેલ આહાર લેવાવાળો મુનિ.

ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને માટે પાંચ અભિગ્રહ પ્રશસ્ત અને સદા આચરણ યોગ્ય કહેલ છે - અરસાહારી, વિરસાહારી, અંતાહારી, પ્રાન્તાહારી, રુક્ષાહારી. ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ અભિગ્રહ પ્રશસ્ત અને સદા આચરણ યોગ્ય કહેલ છે - અરસજીવી યાવત્ રુક્ષજીવી. ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ અભિગ્રહ પ્રશસ્ત અને સદા આચરણ યોગ્ય કહેલ છે, જેમકે સ્થાનાતિપદ - કાયોત્સર્ગ કરનાર મુનિ. ઉત્કટુકાસનિક - ઉકડુ આસને બેસનાર મુનિ. પ્રતિમાસ્થાયી - એક રાત્રિક આદિ પ્રતિમાઓને ધારણ કરનાર મુનિ. વીરસાનિકવીરાસનથી બેસનાર મુનિ. નૈષધિક - પલાંઠી વાળી બેસનાર મુનિ. ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને માટે પાંચ અભિગ્રહ સદા પ્રશસ્ત અને આચરણ યોગ્ય કહેલ છેચ,- દંડાપનિક - સીધો પગ કરી સુવાવાળો મુનિ. લંગડશાયી - પગ અને મસ્તક ભૂમિ પર રાખી અને કમ્મર ઊંચી કરીને સુંવાવાળો મુનિ. લંગડશાયી - પગ અને મસ્તક ભૂમિ પર રાખી અને કમ્મર ઊંચી કરીને સુંવાવાળો મુનિ. આતાપક - શીત અથવા ગ્રીષ્મની આતપના લેનાર મુનિ. આપાવૃતક - વસ્ત્રરહિત રહેવાવાળો મુનિ. અકંડુપક-જે શરીરને ખંજવાળતો નથી એવો મુનિ.

(૪૩૧) પાંચ કારણોથી શ્રમણ નિર્ગ્રંથ મહાનિર્જરાવાળો અને મહાપર્યવસાનવાળો થાય છે. અમ્લાનભાવે આચાર્યની સેવા કરનાર. ઉપાધ્યાયની સેવા કરનાર, સ્થવિરની સેવા કરનાર. તપસ્વીની સેવા કરનાર ગ્લાનની સેવા કરનાર પાંચ કારણોથી શ્રમણ નિર્ગ્રંથ મહાનિર્જરા અને મહાપર્યવસાન વાળો થાય છે. અમ્લાન ભાવે નવદીક્ષિતની, કુલની, ગણની, સંઘની અને સ્વધર્મીની સેવા કરનાર.

(૪૩૨) પાંચ કારણોથી શ્રમણ નિર્ગ્રંથ સમાન ધર્મવાળા સાંભોગિકને ભોજન મંડળીથી બહાર કરતો થકો જીનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી, યથા અકૃત્ય પાપકાર્યને સેવનાર, પાપકાર્યનું સેવન કરીને ગુરુને નિવેદન નહિ કરનાર, ગુરુપાસે નિવેદન કરીને પણ ગુરુએ આપેલ પ્રાયશ્ચિત્તરૂપ તપનો આરંભ નહિં કરનાર, તપનો આરંભ કરીને પરિપૂર્ણ તપ નહિ કરનાર, અરે આ ગચ્છ પ્રસિદ્ધ સ્થવિર પોતે પણ વારંવાર દોષનું સેવન કરે છે. તો તે મારૂં શું કરી શકશે ? એ પ્રમાણે બળ બતાવનાર. પાંચ કારણો વડે શ્રમણ નિર્ગ્રંથ સાંભોગિક સાધુને પ્રારાંચિત પ્રાયશ્ચિત આપે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી, તે કારણો આ છે - જે ગુરૂકુલમાં રહે છે તે જ કુલ ને છિન્નભિન્ન કરવા તત્પર બનેલ છે. જે ગણમાં (કુલ સમૂહને ગણ કહે છે) રહે છે તેમાં ભેદ પાડવા તત્પર થયેલને. હિંસાપ્રેક્ષા - આચાર્યાદિને વધ કરવાની પ્રતીક્ષા કરનારને. છિદ્રપ્રેક્ષી - આચાર્યાદિને અપમાનીત કરવા માટે તેના છિદ્રો શોધનારને. વારંવાર અંગુષ્ઠપ્રશ્ન આદિ અથવા સાવદ્ય અનુષ્ઠાનના પ્રયોગ કરનારને.

(૪૩૩) આચાર્ય અને ઉપાધ્યાયના ગણમાં વિગ્રહના પાંચ કારણો કહેલ છે, આચાર્ય અથવા ઉપાધ્યાયના ગણમાં રહેવાવાળા શ્રમણોને આ કાર્ય કરો. અથવા 'આ કાર્ય ન કરો, એવી આજ્ઞા અને ધારણા કરે નહિ. ગણમાં

રહેવાવાળા મુનિ દીક્ષાપર્યાયમાં જ્યેષ્ઠાદિના ક્રમથી સમ્યગ્ પ્રકારે વંદન ન કરે. આચાર્ય ઉપાધ્યાય જે શ્રૂત-સૂત્રને જાણે છે પણ પોતાના શિષ્યોને જેને જે આગમની વાચના દેવાની છે તેને તે ન આપે તો કલહ થાય છે. આચાર્ય અથવા ઉપાધ્યાય પોતાના ગણમાં ગ્લાન અથવા શૈક્ષ્ય ની સેવા માટે સમ્યગ વ્યવસ્થા ન કરે તો ગણમાં રહેવાવાળો શ્રમણ ગુરૂની આજ્ઞા વિના વિહાર કરે તો આચાર્ય ઉપાધ્યાયના ગણમાં અવિગ્રહ પાંચ કારણો છે. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં રહેવાવાળા શ્રમણોને આજ્ઞા અથવા ધારણા સમ્યક પ્રકારે કરે. ગણમાં રહેવાવાળો શ્રમણ દીક્ષાપર્યાયમાં જ્યેષ્ઠને અનુક્રમથી સમ્યક પ્રકારે વંદન કરે. ગણમાં કાલક્રમથી જેને જે આગમની વાચના આપે. આચાર્ય - ઉપાધ્યાય ગણમાં ગ્લાન અથવા નવદીક્ષીતની સેવા માટે સમ્યક વ્યવસ્થા કરે. ગણમાં રહેવાવાળો શ્રમણ ગુરૂની આજ્ઞા પ્રાપ્ત કરીને જ વિહાર કરે.

(૪૩૪) પાંચ નિષદ્યાઓ છે. - ઊત્કુટુકા - ઉભડક બેસવું. ગોદોહિકા - ગાય દોહવાના આસનથી બેસવું. સમપાદયુતા - સમાન પગ અને પુતજમીનને સ્પર્શ કરીને બેસવું. પર્યંકા - પલાંઠી વાળીને બેસવું. અર્ધપર્યંકા - અર્ધ પદ્માસનથી બેસવું.

પાંચ આર્જવ સ્થાન કહ્યા છે. - શુભ આર્જવ, શુભ માર્દવ. શુભ લાઘવ. શુભ ક્ષમા, શુભ નિલોભતા.

(૪૩૫) પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવો છે - ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. દેવ પાંચ પ્રકારના કહેલ છે - ભવ્ય દ્રવ્ય દેવ - દેવતાઓમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવ. નરદેવ - ચક્રવર્તી, ધર્મદેવ-સાધુ દેવાધિદેવ-અરિહંત ભાવદેવ-દેવભવના આયુને પામેલ.

પાંચ પ્રકારની પરિચારણા - વિષયસેવના કહેલી છે. જેમકે-કાય-પરિચારણા-કેવળ મૈથુન સેવન કરવું. સ્પર્શ-પરિચારણા કેવળ સ્પર્શથી વિષયેચ્છાની પૂર્તિ કરવી. રૂપ પરિચારળા - કેવળ રૂપ દેખવાથી વિષયેચ્છાની પૂર્તિ કરવી શબ્દ પરિચારણા - કેવળ દેવાંગનાઓના શબ્દ શ્રવણથી વિષયેચ્છાની પૂર્તિ કરવી. મનઃપરિચારણા - કેવળ માનસિક સંકલ્પથી વિષયેચ્છાની પૂર્તિ કરવી.

(૪૩૭) ચમર અસુરેન્દ્રની પાંચ અગ્ર મહિષીઓ કહેલી છે. જેમકે - કાલી, રાત્રિ રજની, વિદ્યુત, મેઘા. બલિ વૈરોચન્દ્રની પાંચ અગ્રમહિષિઓ કહેલી છે. જેમકે - શુભા. નિશુભા.રંભા. નિરંભા, મદના.

(૪૩૮) ચમર અસુરેન્દ્રની પાચં સેનાઓ છે અને તેના પાંચ સેનાપતિ. આ પ્રમાણે છે - દ્રુમ - પાયદલ સૈન્યનો સેનાપતિ, સૌદામી અશ્વરાજ - અશ્વસેનાનો સેનાપતિ, કુંથુ - હસ્તીરાજ - હસ્તિ સેનાપતિ, લોહિતાક્ષમહિષ - રાજ - મહિષસેનાનો સેનાપતિ. કિન્નર - રથ સેનાનો સેનાપતિ. બલિ વૈરોચનેન્દ્રની પાંચ સેનાઓ છે અને તેમના પાંચ સેનાપતિ છે. જેમકે - પાયદલ સૈન્ય યાવત્ રથસૈન્ય. પાંચ સેનાપતિ - મહદ્રુપ - પૈદલ સેનાનો સેનાપતિ. મહાસૌદામ અશ્વરાજ - અશ્વસેનાનો સેનાપતિ. માલંકાર હસ્તીરાજ - હસ્તીસેનાનો સેનાપતિ. મહાલોહિતાક્ષ મહિષરાજ - મહિષસેનાનો સેનાપતિ. કિંપુરુષ - રથસેનાનો સેનાપતિ.

ધરણ નાગકુમારેન્દ્રની પાંચ સેનાઓ છે અને પાંચ સેનાપતિ છે. જેમકે - પાયદલ સૈન્ય યાવત્ રથસૈન્ય પાંચ સેનાપતિ - ભદ્રસેન - પૈદલ સેનાનો સેનાપતિ. યશોધર અશ્વરાજ - અશ્વસેનાનો સેનાપતિ સુદર્શન હસ્તિરાજ - હસ્તિસેનાનો સેનાપતિ નીલકંઠ મહિષરાજ - મહિષસેનાનો સેનાપતિ આનંદ - રથસેનાનો સેનાપતિ

ભૂતાનન્દ નાગકુમારેન્દ્રની પાંચ સેનાઓ છે અને પાંચ સેનાપતિ છે, જેમકે - પાયદલ સૈન્ય - યાવત્ રથસૈન્ય. પાંચ સેનાપતિ - દક્ષ - પાયદલ સેનાનો સેનાપતિ સુગ્રીવ અશ્વરાજ, - સુવિક્રમ હસ્તિરાજ - શ્વેતકંઠ મહિષરાજ-નંદુત્તર-રથસેનાનો સેનાપતિ વૈણુદેવ સુપર્ણેન્દ્રની પાંચ સેનાઓ અને પાંચ સેનાપતિ છે, જેમકે-પાયદલસૈન્ય, યાવત્ રથસૈન્ય વેણુદેવના સેનાપતિઓના નામ ધરણેન્દ્રના સેનાપતિઓના નામની સમાન છે. વેણીદાલિયના સેનાપતિઓના નામ ભૂતાનંદના સેનાપતિઓના નામની સમાન છે. બધા દક્ષિણ દિશાન ઈન્દ્રોના યાવત્ ઘોસના સેનાપતિઓના નામ ધરણના સેનાપતિઓના નામની સમાન છે. બધા ઉત્તર દિશાના ઈન્દ્રના યાવત્ મહાઘોસના સેનાપતિઓના નામ ભૂતાનંદના સેનાપતિઓના નામની સમાન છે.

શકેન્દ્રની પાંચ સેનાઓ અને પાંચ સેનાપતિઓ છે. જેમકે - પાયદસૈન્ય, અશ્વ સૈન્ય ગજસૈન્ય વૃષભસૈન્ય રથસૈન્ય. હરિણગમૈષી - પાયદલ સેનાનો સેનાપતિ. વાયુ અશ્વરાજ - ઐરાવત હસ્તિરાજ - દામર્ધિ વૃષભરાજ-માઢર-રથ સેનાનો સેનાપતિ. ઈશાનેન્દ્રને પાંચ સેનાઓ અને પાંચ સેનાપતિઓ છે. જેમકે-પાયદલ સૈન્ય યાવત્ વૃષભસેન રથસેના. પાંચ સેનાપતિ લઘુપરાક્રમ - પૈદલ સૈન્યનો સેનાપતિ મહાવાયુ અશ્વરાજ પુષ્પદંત, હસ્તિરાજ-મહાદામર્ધિ વૃષભરાજ-મહાનાઢર રથ સેનાનો સેનાપતિ. ઈશાનેન્દ્રને પાંચ સેનાઓ અને પાંચ સેનાપતિઓ છે. જેમકે-પાયદલ સૈન્ય યાવત્ વૃષભસેન રથસેના. પાંચ સેનાપતિ લઘુપરાક્રમ - પૈદલ સૈન્યનો સેનાપતિ મહાવાયુ અશ્વરાજ - પુષ્પદંત, હસ્તિરાજ - મહાદામર્ધિ વૃષભરાજ - મહાનાઢર રથ સેનાનો

સેનાપતિ. શકેન્દ્રના સેનાપતિઓના નામની સમાન બધા દક્ષિણ દિશાના ઈન્દ્રોના યાવત્ આરણકલ્પના ઈન્દ્રોના સેનાપતિઓના નામ છે. ઈશાનેન્દ્રના સેનાપતિઓની સમાન બધા ઉત્તર દિશાના ઈન્દ્રોના યાવત્ અચ્યુત કલ્પના ઈન્દ્રોના સેનાપતિઓના નામ સમજવા.

(૪૩૯) શકેન્દ્રની આભ્યંતર પરિષદાના દેવોની સ્થિતિ પાંચપલ્યોપમની અને ઈશાનેન્દ્રની આભ્યંતર પરિષદની દેવીઓની સ્થિતિ પાંચપલ્યોપમની છે.

(૪૪૦) પાંચ પ્રકારના પ્રતિઘાત છે. - ગતિપ્રતિઘાત - દેવાદિ ગતિઓનું પ્રાપ્ત ન થવું. સ્થિતિ પ્રતિઘાત - દેવાદિની સ્થિતિઓનું પ્રાપ્ત ન થવું. બંધન પ્રતિઘાત - પ્રશસ્ત ઔદારિકાદિ બંધનો પ્રાપ્ત ન થાય. ભોગપ્રતિઘાત - પ્રશસ્ત ભોગ - સુખ પ્રાપ્ત ન થવું. બલી - વીર્ય - પુરુષાકાર - પરાક્રમપ્રતિઘાત - બલ આદિ પ્રાપ્ત ન થવું.

(૪૪૧) પાંચ પ્રકારની આજિવિકા કહેલ છે. જેમકે - જાતિ આજિવિકા - પોતાની જાતિબતાવીને આજીવિકા કરવી. કુલઆજીવિકા - પોતાનું કુળ બતાવીને આજીવિકા કરવી. કર્મ આજીવિકા - કૃષિ આદિ કર્મ કરીને આજીવિકા કરવી. શિલ્પઆજિવિકા - વણાટ વિગેરે શિલ્પ કાર્ય કરીને આજીવિકા કરવી. લિંગ આજિવિકા - સાધુ આદિનો વેષ ધારણ કરીને આજીવિકા કરવી.

(૪૪૨) રાજચિહ્ન પાંચ કહેલ છે : ખંગુ (તલવાર) છત્ર મુકૂટ મોજડી ચામર.

(૪૪૩) પાંચ કારણોથી છદ્મસ્થ જીવ ઉદયમાં આવેલા પરિષહો અને ઊપસર્ગોને સમભાવથી ક્ષમા કરે છે સમભાવથી સહન કરે છે, સમભાવથી તિતિક્ષા કરે છે, સમભાવથી નિશ્ચલ થાય છે અને સમભાવથી અવિચલિત રહે છે. તે કારણો આ છે કર્મોદયથી તે પુરૂષ ઉન્મત્ત જેવા થઈ ગયો છે તેથી મને આક્રોશ વચન બોલે છે. મારો ઉપહાસ કરે. મારા હાથ પકડીને ફેંકી દીએ છે. દુર્વચનોથી મારી નિર્ભત્સના કરે છે. મને રસ્સી આદિથી બાંધે છે. મને કારાગાર આદિમાં પુરે છે. મારા હાથાદિ શરીરના અવયવોને છેંદે છે. મારી સામે ઉપદ્રવ કરે છે. મારા વસ્ત્ર, પાત્ર, કંબલ અથવા રજોહરણ છીનવી લે છે અથવા દૂર ફેંકી દે છે. મારા પાત્રોને તોડી દે છે મારા પાત્ર ચોરી લે છે. આ યક્ષાવિષ્ટ પુરુષ છે. તેથી આ મને આક્રોશ વચન બોલે છે. યાવત્ મારું પાત્ર ચોરી લેય છે. આ ભાવમાં વેદવા યોગ્ય મારા કર્મઉદયમાં આવેલ છે. તેથી આ પુરુષ મને આક્રોશ વચન બોલે છે. યાવત્ મારું પાત્ર ચોરી લે છે. જો હું સમ્યક પ્રકારે સહન નહી કરું, ક્ષમા નહીં કરું, તિતિક્ષા નહીં કરું, નિશ્ચલ રહીશ. તો શું થશે ? મારા કર્મોની એકાંત નિર્જરા થશે. પાંચ કારણોથી કેવળી ઉદયમાં આપેલા પરિષહ અને ઉપસર્ગને સમભાવથી સહન કરે છે યાવત્ સમભાવથી નિશ્ચલ રહે છે. આ વિક્ષિપ્ત ચિત્ત પુરુષ છે. તેથી મને આક્રોશ વચન બોલે છે યાવત્ મારું પાત્ર ચોરી લે છે. આ દપ્તચિત્ત છે તેથી મને આક્રોશ વચન બોલે છે. યાવત્ મારું પાત્ર ચોરી લે છે. આ યક્ષાવિષ્ય પુરુષ છે તેથી મને આક્રોશ વચન બોલે છે. યાવત્ મારું પાત્ર આદિ ચોરી લે છે. આ યક્ષાવિષ્ય પુરુષ છે તેથી મને આક્રોશ વચન બોલે છે. યાવત્ મારું પાત્ર આદિ ચોરી લે છે. આ ભવમાં વેદવા યોગ્ય કર્મ મારા ઉદયમાં આવ્યા છે. મને સમ્યક પ્રકારથી સહન કરતાં, ક્ષમા કરતાં, તિતિક્ષા કરતાં અથવા નિશ્ચલ રહેતાં જોઈને અન્ય અનેક છદ્મસ્થ શ્રમણ નિર્ગ્રંથો ઉદયમાં આવેલા પરિષહો અને ઉપસર્ગોને સમ્યક પ્રકારથી સહન કરશે. યાવત્ - નિશ્ચલ રહેશે.

(૪૪૪) પાંચ પ્રકારના હેતુઓ કહેલ છે. જેમકે-હેતુને જાણતો નથી, હેતુને દેખતો, હેતુ પર શ્રદ્ધા કરતો નથી, હેતુને પ્રાપ્ત કરતો નથી, હેતુને જાણ્યા વિના અજ્ઞાન મરણે મારે છે. પાંચ પ્રકારના હેતુ કહેલ છે જેમકે-હેતુ વડે જાણતો નથી યાવત્ હેતુ વડે અજ્ઞાન મરણે મરે છે. પાંચ પ્રકારના હેતુ સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ છે. જેમકે - સમ્યક રીતે હેતુને જાણે છે યાવત્ હેતુથી છદ્મસ્થ મરણે મરે છે. પાંચ હેતુઓ કહેલ છે જેમકે હેતુથી જાણે છે યાવત્ આ હેતુ છદ્મસ્થ મરણે મરે છે.

પાંચ અહેતુ કહેલ છે જેમકે - અહેતુને જાણતો નથી યાવત્ અહેતુ છદ્મસ્થ મરણે મરે છે. પાંચ અહેતુ કહેલ છે. જેમકે - અહેતુથી જાણતો નથી યાવત્ અહેતૂથી છદ્મસ્થ મરણે મરે છે. પાંચ અહેતુ કહેલ છે જેમકે-અહેતુને જાણે છે યાવત્ અહેતુરૂપ કેવલી મરણે મરે છે. પાંચ અહેતુ કહેલ છે. જેમકે-અહેતુથી જાણે છે યાવત્ અહેતુથી કેવલી મરણે મરે છે.

કેવલીના પાંચ ગુણ અનુત્તર છે. જેમકે-અનુત્તરજ્ઞાન. અનુત્તરદર્શન અનુત્તર ચરિત્ર. અનુત્તર તપ. અને અનુત્તર વીર્ય.

(૪૪૫) પદ્મપ્રભ અર્હન્તના પાંચ કલ્યાણક ચિત્રા નક્ષત્રનાં થયા છે જેમકે - ચિત્રા નક્ષત્રમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં ઉત્પન્ન થયા. ચિત્રા નક્ષત્રમાં જન્મ થયો. ચિત્રા નક્ષત્રમાં પ્રવજિત થયા. તે જ નક્ષત્રમાં અનંત અનુત્તર નિર્વ્યાઘાત નિરાવરણ પૂર્ણ પ્રતિપૂર્ણ કેવલજ્ઞાન - દર્શન ઉત્પન્ન થયા. અને તે જ નક્ષત્રમાં નિર્વાણને પ્રાપ્ત થયા. પુષ્પદંત અર્હતના પાંચ કલ્યાણક મૂલ નક્ષત્રમાં થયા, જેમકે-મૂલ નક્ષત્રમાં દેવલોકમાંથી ચ્યવી ગર્ભમાં ઉત્પન્ન થયા. મૂલ નક્ષત્રમાં જન્મ થયો. મૂલ નક્ષત્રમાં પ્રવ્રજિત થયા, મૂલ નક્ષત્રમાં

કેવલી થયા, અને નિર્વાણ પામ્યા.

(૪૪૬-૪૪૯) પદ્મપ્રભુ અર્હન્તના પાંચ કલ્યાણક ચિત્રા નક્ષત્રમાં થયા. પુષ્પદન્ત અર્હન્તના પાંચ કલ્યાણ મૂલ નક્ષત્રમાં થયા. શીતલ અર્હંતના પાંચ કલ્યાણક પૂર્વાષાઢા નક્ષત્રમાં થયા હતા. વિમલ અર્હન્તના પાંચ કલ્યાણક ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં થયા હતા. અનન્ત અર્હન્તના પાંચ કલ્યાણક રેવતી નક્ષત્રમાં થયા. ધર્મનાથ અર્હન્તના પાંચ કલ્યાણક પુષ્યનક્ષત્રમાં થયા. શાંતિનાથઅર્હન્તના પાંચકલ્યાણક ભરણી નક્ષત્રમાં થયા. કુથુંનાથઅર્હન્તના પાંચકલ્યાણક કૃત્તિકાનક્ષત્રમા થયા. અરનાથઅર્હન્તના પાંચ કલ્યાણક રેવતીનક્ષત્રમાં થયા. મુનિસુવ્રતઅર્હન્તના પાંચકલ્યાણક શ્રવણ નક્ષત્રમાં થયા. નમિનાથઅર્હન્તના પાંચકલ્યાણક અશ્વિવીતીનક્ષત્રમાં થયા. નેમીનાથ અર્હન્તના પાંચકલ્યાણક ચિત્રાનક્ષત્રમાં થયા. પાર્શ્વનાથઅર્હન્તના પાંચકલ્યાણક વિશાખા નક્ષત્રમાં થયા. ભગવાનમહાવીરના પાંચ કલ્યાણક હસ્તોત્તરા નક્ષત્રમાં થયા, - ભગવાન મહાવીર હસ્તોત્તરા નક્ષત્રમાં દેવલોકથી ચ્યવી ગર્ભમાં ઉત્પન્ન થયા. હસ્તોત્તરા નક્ષત્રમાં દેવાનંદાના ગર્ભમાથી ત્રીશલાના ગર્ભમાં આવ્યા. હસ્તોત્તરા નક્ષત્રમાં જન્મ થયા. હસ્તોત્તરા નક્ષત્રમાં દીક્ષિત થયા અને ભગવાન મહાવીર હસ્તોત્તરા નક્ષત્રમાં કેવલજ્ઞાનદર્શન ઉત્પન્ન થયા.

સ્થાન : ૫ - ઉદ્દેસો : ૧ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૫ - ઉદ્દેસો : ૨

(૪૫૦) શ્રમણ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને આગળ કહેલી, ગણેલી સ્પષ્ટ નામવાળી પાંચમહાનદીઓ એક માસમાં બે વાર અથવા ત્રણવાર તેમાં ચાલીને અથવા હોડીમાં બેસીને પાર કરવી કલ્પતી નથી. તે નદીઓ આ એ - ગંગા, યમુના, સરયુ ઐરાવતીત મહી. પણ પાંચ કારણોથી પાર કરવી કલ્પે છે. જેમકે-ક્રુધ્ધ રાજાઆદિ અથવા ક્રૂરજનોનાં ભયથી, દુર્ભિક્ષ થવાપર, કોઈ વ્યથા પહોંચાડી હ્યું હોય, નદીના વેગવાળા પ્રવાહમાં તણાતી વ્યક્તિને કાઢવાને માટે. કોઈ મોટા અનાર્ય વડે પીડા પહોંચાડવા પર.

(૪૫૧) નિર્ગ્રંથ નિર્ગ્રંથીઓને પ્રથમ વર્ષાકાલમાં ગ્રામાનુગામ વિહાર કરવો કલ્પે નહિ. પરંતુ પાંચ કારણોથી ક્લ્પે છે. ક્રોધિત રાજા આદિ અથવા ક્રૂરજનોના ભયથી વિહાર કરવો પડે યાવત્ કોઈ મોટા અનાર્યવડે પીડા પહોંચાડવા પર વિહાર કલ્પે. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને એક ગામથી બીજે ગામ વિહાર કરવો કલ્પતો નથી. પરંતુ પાંચ કારણોથી વિહાર કરવો કલ્પે છે જેમ કે - જ્ઞાનપ્રાપ્તિને માટે. દર્શનની પૃષ્ટિ માટે, ચારિત્રની રક્ષાને માટે, આચાર્ય અથવા ઉપાધ્યાયનું મરણ થવા પર અન્ય આચાર્યાદિ આશ્રયમાં જવા માટે, આચાર્યદિના મોકલવાથી તે ક્ષેત્રની બહાર રહેલા આચાર્યાદિની સેવાને માટે.

(૪૫૨) પાંચ અનુદ્ઘાતિક કહેલ છે. હસ્તકર્મ કરનારને મૈથુનસેવન કરનારને, રાત્રિભોજન કરનારાને, સાગરિકના ઘરનો લાવેલો આહાર ખાનારને રાજપિંડ ખાવાવાળાને.

(૪૫૩) પાંચ કારણોથી શ્રમણ નિર્ગંથ અંતપુરમાં પ્રવેશ કરે તો ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી. જેમ કે - નગર ચોતરફ પરચક્રથી ઘેરાઈ ગયું હોય અથવા આક્રમણના ભયથી નગરના દ્વાર બંધ કરી દીધા હોય અને શ્રમણ બ્રાહ્મણ આહાર-પાણીને માટે ક્યાંય જઈ ન શકે તો શ્રમણ નિર્ગ્રંથ અન્તઃપુરમાં સૂચના દેવા જઈ શકે છે. પ્રતિહારિક (જે વસ્તુ લઈને પાછી અપાય) પીઠ એટલે પાટફલક-સહારો દેવાનુનં પાટિયું સંસ્તારક આદિ વસ્તુઓ માટે અંતઃપુરમાં પ્રવેશ કરી શકે છે. દુષ્ટ અશ્વ અથવા ઉન્મત્ત હાથીની સામે આવવા પર ભયભીત થયેલ શ્રમણ નિર્ગ્રંથ અંતઃપુરમાં જઈ શકે છે. કોઈ બલવાન અધિકારી ચોર માની પરાણે પકડીને અંતઃપુરમાં પ્રવેશ કરાવે તો જઈ શકે છે. નગરથી બહાર ઉદ્યાનમાં ગયેલ સાધુને જો અંતઃપુરવાળા ઘેરીને ક્રીડા કરે તો તે શ્રમણ અંતપુરમાં પ્રવિષ્ટ મનાય છે.

(૪૫૪) પાંચ કારણ વડે સ્ત્રી પુરૂષની સાથે સહવાસ ન કરવા પર પણ ગર્ભને ધારણ કરે છે. જેમકે-કોઈ સ્ત્રી વસ્ત્રરહિત હોય અને પુરૂષના સ્ખલીત વીર્યવાળા સ્થાન ઉપર બેઠેલી હોય ત્યારે પુરૂષના પતિત વીર્યના પુદ્ગલોયોનિમાં પ્રવિષ્ટ થઈ જાય તો. પુરૂષના વીર્યથી ખરડાયેલ વસ્ત્ર યોનિમાં પ્રવેશ કરે તો. પુત્રની કામનાવાળી સ્ત્રી કોઈ પુરૂષના પતિત વીર્યને પોતાની યોનિમાં પ્રવિષ્ટ કરાવે તો. બીજાના કહેવાથી શુક્રાણુઓને યોનિમાં પ્રવેશ કરાવે તો તળાવ વગેરેના શીતળ જલમાં કોઈ સ્ત્રી જાય અને તે જળમાં કોઈ પુરૂષના શુક્ર પુદ્ગલો હોય તે સ્ત્રીની યોનિમાં દાખલ થઈ જાય તો.

પાંચ કારણો વડે સ્ત્રી પુરૂષ સાથે સંભોગ કરવા છતાં પણ ગર્ભને ધારણ કરતી નથી યથા યૌવનાવસ્થાને પ્રાપ્ત નહીં થયેલી, જેની યૌવનાવસ્થાર વ્યતીત થઈ ગઈ તે એટલે કે વૃદ્ધા, જે જન્મથી વંધ્યા છે. તે જે રોગી હોય તે, જેનું મન શોકથી સંતપ્ત હોય તે. પાંચ કારણોથી સ્ત્રી પુરૂષની સાથે સહવાસ કરવા પર પણ ગર્ભને ધારણ કરી શકતી નથી. જેમ કે - જેને નિત્ય રજસ્રાવ થાય તે. જે સ્ત્રી સૈદેવ રજસ્રાવથી રહિત હોય તે. જેનાં ગર્ભાશયનું દ્વારા રોગથી બંધ થઈ ગયું હોય તે. જેના ગર્ભાશયનું દ્વાર રોગથી ગ્રસિત થઈ ગયું હોય તે, જે અનેક પુરૂષો સાથે અનેકવાર સહવાસ કરતી હોય તે. પાંચ

કારણે સ્ત્રી પુરૂષની સાથે સહવાસ કરવા પર પણ ગર્ભ ધારણ કરતી નથી. જે ઋતુકાળમાં અતિ વિષયને સેવનારી હોતી નથી, વીર્ય પુદ્ગલો જે સ્ત્રીની યોનિમાં પ્રાપ્ત થવા છતાં પણ યોનિના દોષથી નાશ પામે છે, જે સ્ત્રીનો ઉત્કટ પિત્તપ્રધાન રૂધિર હોય તે. ગર્ભધારણની પૂર્વે દેવતા વડે શક્તિ નષ્ટ કરવા પર, સંતાન થવું ભાગ્યમાં ન હોય તે. આ પાંચ કારણે સ્ત્રી પુરૂષ સાથે સંભોગ કરવા છતાં પણ ગર્ભને ધારણ કરતી નથી.

(૪૫૫) પાંચ કારણોથી નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ એક જગ્યાએ રહે, શયન કરે અને બેસે તો જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. જેમકે-નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ એક વિશાળ નિર્જન દુર્ગમ મનુષ્યોના અવર-જવરથી રહિત અને લાંબા સમયે પાર કરી શકાય એવી અટવીમાં પહોંચી ગયા હોય અને એક સ્થાને કાયોત્સર્ગ શય્યા અને સ્વાધ્યાય કરે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી. કોઈ નિર્ગ્રંથ-નિર્ગ્રંથી ગામને વિશે, નગરને વિષે યાવત્ રાજધાનીને વિષે આવેલા હોય અને તેમાં કેટલાંક સાધુ સાધ્વી ઉપાશ્રયને મેળવે, કેટલાક ઉપાશ્રયને ન મેળવે તો તેવા પ્રસંગમાં એકત્ર સ્નાન આદિ કરતા જીનાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. કોઈ નિર્ગ્રંથ-નિર્ગ્રંથી નાગકુમારાવાસમાં અથવા સુવર્ણકુમારાવાસમાં એકજ સાથે વાસ કરે તો જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. કોઈ ગામમાં નિર્ગ્રંથ-નિર્ગ્રંથી અલગ ઉપાશ્રયમાં ઉતર્યા અને ગામમાં ચોર એક સ્થાનમાં નિવાસ આદિ કરે તો જિનાજ્ઞાના વિરાધક નથી. કોઈ સ્થાનમાં યુવાનો દેખાય છે તે મૈથુનની બુદ્ધિઓ સાધ્વીઓને પકડવા માટે ઈચ્છે તો તેમની રક્ષાને માટે એકત્ર સ્થાનને કરતાં આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

પાંચ કારણથી અચેલ શ્રમણ નિર્ગ્રંથ સચેલ નિર્ગ્રંથીઓની સાથે એક સ્થાનમાં રહેતા આજ્ઞાને ઉલ્લંઘતા નથી. - શોકાદિથી કોઈ સાધુનું ચિત્ત વિક્ષિપ્ત થઈ ગયું હોય, સંભાળ લેનાર અન્ય સાધુ ત્યાં હાજર ન હોય તો અચેલક સાધુ સચેલક સાધ્વીઓ સાથે રહેવા છતાં પણ આજ્ઞાનો વિરાધક નથી, એવી જ રીતે હર્ષના અતિરેકથી સાધુ ઉન્મત થયો હોય. શરીરમાં યક્ષનો પ્રવેશ થઈ ગયો હોય. વાતાદિના પ્રકોપથી ઉન્મત્ત થયેલો હોય. કોઈ સાધ્વીનો પુત્ર દીક્ષિત હોય અને તેની સાથે અન્ય શ્રમણ ન હોય તો.

(૪૫૬) પાંચ આશ્રવદ્વારો કહેલા છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ, પાંચ સંવરનાં દ્વારા કહેલા છે-સમ્યક્ત્વ વિરતિ અપ્રમાદ. અકષાય અયોગિતા.

પાંચ પ્રકારનાં દંડ કહેલા છે જેમકે-અર્થદંડ-સ્વપરના કોઈ પ્રયોજન માટે ત્રસ અથવા સ્થાવર પ્રાણીની હિંસા. અનર્થદંડ - નિરર્થક હિંસા. હિંસાદંડ - આ વ્યક્તિએ મારા પુત્રાદિનો વધ કર્યો હતો અથવા કરે છે કે વધ કરશે. એવી માન્યતાથી પ્રેરાઈને શત્રુ આદિનો વધ કરવામાં આવે તે હિંસાદંડ, અકસ્માત દંડ - કોઈ અન્ય પર પ્રહાર કર્યો હતો પણ વધ કરવામાં આવે તે હિંસાદંડ, અકસ્માત દંડ - કોઈ અન્ય પર પ્રહાર કર્યો હતો પણ વધ અન્યનો થઈ જાય તે, દષ્ટિવિપર્યાસદંડ - 'આ શત્રુ છે' એવા અભિપ્રાયથી કદાચિત્ મિત્રનો વધ થઈ જાય.

(૪૫૭) મિથ્યાદષ્ટિઓને પાંચક્રિયાઓ કહી છે, - આરંભિકી પારિગ્રહિકી માયા પ્રત્યયિકા, અપ્રત્યાખ્યાનક્રિયા, મિથ્યાદર્શન પ્રત્યયા. મિથ્યાદષ્ટિ નૈરયિકને પાંચ ક્રિયાઓ કહેલી છે. જેમ કે-આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યય, એ પ્રમાણે વૈમાનિક સુધી બધા દંડકોમાં મિથ્યાદષ્ટિઓને પાંચક્રિયાઓ હોયછે. વિશેષ-વિકલેન્દ્રિય જીવોમાં મિથ્યાદષ્ટિ. સમ્યગ્દષ્ટિ, મિશ્રદષ્ટિનો વિભાગ નથી હોતો બધા મિથ્યાદષ્ટિ હોય છે.

પાંચ ક્રિયાઓ કહેલી છે - કાયિકી અધિકરણિકી પાદ્વેષિકી પારિતાપનિકી. પ્રાણાતિપાતિકી. નૈરયિકોથી લઈને વૈમાનિક સુધીના જીવોને આ પાંચ ક્રિયાઓ હોય છે. પાંચ ક્રિયાઓ કહેલી છે - આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યય. નૈરયિકોથી લઈને વૈમાનિક સુધી બધા દંડકોમાં આ પાંચ ક્રિયાઓ હોય છે. પાંચ ક્રિયાઓ કહેલી છે. જેમકે દષ્ટિજા. પૃષ્ટિજા, પ્રાતીત્યિકી, સામંતોપનિપાતિકી. સ્વાહસ્તિકી. નૈરયિકથી લઈ વૈમાનિક સુધી પાંચ ક્રિયાઓ હોય છે. ક્રિયાઓ પાંચ કહેલી છે. જેમકે નૈસૃષ્ટિકી. આજ્ઞાપની. વૈદારણિકી. અનાભોગપ્રત્યયા. અનવકાંક્ષાપ્રત્યયા. નેરયિકોથી લઈ વૈમાનિક સુધી પાંચે ક્રિયાઓ હોય છે. ક્રિયાઓ પાંચ કહેલી છે. જેમકે પ્રેમપ્રત્યયા. દ્વેષપ્રત્યયા. પ્રયોગક્રિયા. સમુદાનક્રિયા. ઈર્યાપથિકી. એ પાંચે ક્રિયાઓ કેવળ એક મનુષ્ય દંડકમાં છે શેષ દંડકોમાં નથી.

(૩૫૮) પરીજ્ઞા પાંચ પ્રકારની છે, જેમકે-ઉપધિપરીજ્ઞા, ઉપાશ્રયપરીજ્ઞા, કષાયપરીજ્ઞા, યોગપરીજ્ઞા ભક્તપરીજ્ઞા.

(૪૫૯) વ્યવહાર પાંચ પ્રકારના છે, આગમવ્યવહાર-શ્રુતવ્યવહાર-નવ પૂર્વથી ન્યુન શ્રુતજ્ઞાનવાળાનો વ્યવહાર, આજ્ઞાવ્યવહાર - ધારણાવ્યવહાર - પૂર્વે ગીતાર્થે કોઈને આલોયણા દીધી હોય. તેને ધારી રાખવું તે ધારણાવ્યવહાર - પૂર્વે ગીતાર્થે કોઈને આલોયણા દીધી હોય. તેને ધારી રાખવું તે ધારણાવ્યવહાર. જીતવ્યવહાર - દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ સંહનન વગેરેને અપેક્ષીને જે ગીતાર્થ પુરુષો એ આચર્યું હોય કોઈ વિવાદાસ્પદ વિષયમાં જ્યાં સુધી આગમથી કોઈ નિર્ણય થતો હોય ત્યાં સુધી આગમ અનુસારજ વ્યવહાર

કરવો જોઈએ. જ્યાં કોઈ આગમથી નિર્ણય ન થતો હોય ત્યાં શ્રુતથી વ્યવહાર કરવો જોઈએ. જ્યાં શ્રુતથી નિર્ણયય ન થઈ શક્તો હોય ત્યાં ગીતાર્થની આજ્ઞા અનુસાર વ્યવહાર કરવો જોઈએ. જ્યાં ધારણાથી સમસ્યા ન ઉકેલાતી હોય ત્યાં જીત વ્યવહાર અનુસાર વ્યવહાર કરવો જોઈએ.

હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રંથ આગમ વ્યવહાર ને પ્રમુખ માનવાવાળા છે તો તે પાંચ વ્યવહાર કેમ ? આ પાંચ વ્યવહારોમાંથી જ્યાં બે વ્યવહારથી સમસ્યા ઉકલતી હોય ત્યાં તે વ્યવહારથી પ્રવૃત્તિ કરવાવાળો શ્રમણ નિર્ગ્રંથ આજ્ઞાનો આરાધક થાય છે.

(૪૬૦) સુતેલા સંયત પુરુષોના પાંચ વિષયો જાગૃત હાય છે. જેમકે - શબ્દ યાવત્-સ્પર્શ. જાગૃત સંયત પુરુષોના પાંચ વિષયો સુતેલા હોય છે. જેમકે :- શબ્દ યાવત્ સ્પર્શ. સુતેલા અથવા જાગૃત અસંયત મુનષ્યોના પાંચ વિષય જાગૃત રહે છે. જેમ કે શબ્દ યાવત્ - સ્પર્શ.

(૪૬૧) પાંચ કારણોથી જીવ કર્મ-રજ ગ્રહણ કરે છે. યથા - પ્રાણાતિપાતથી યાવત્-પરિગ્રહથી પાંચ કારણોથી જીવ કર્મ-રજથી મુક્ત થાય છે. જેમકે-પ્રાણાતિપાત-વિરમણથી યાવત્ પરિગ્રહ વિસ્મરણથી.

(૪૬૨) પાંચ માસ વાળી પાંચમી ભિક્ષુ-પ્રતિમા અંગીકાર કરવાવાળા અણગારને પાંચ દત્તિ આહારની અને પાંચ દત્તિ પાણીની લેવી કલ્પે છે.

(૪૬૩) પાંચ પ્રકારના ઉપઘાત છે. ઉદ્દગમોપ-ઘાત-ગૃહસ્થ વડે લગતા આધાકમ આદિ સાળદોષા. ઉત્પાદનોપઘાત - સાધુ વડે લાગતા ધાત્રી આદિ સોળ દોષો. એષણોપઘાત - સાધુ અને ગૃહસ્થવડે લાગતા શંકિતાદિ દશ દોષો. પરિકર્મોપઘાત-વસ્ત્ર-પાત્રના છેદન યા સિલાઈ આદિમાં મર્યાદાનું ઉલ્લંઘન. પરિહરણોપઘાત-એકાકી વિચરવાવાળા સાધુના વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણોને ઉપયોગમાં લેવા. પાંચ પ્રકારની વિશુદ્ધિ કહેલી છે. ઉદ્ગમવિશુદ્ધિ, ઉત્પાદન-વિશુદ્ધિ, એષણાવિશુદ્ધિ, પરિકર્મવિશુદ્ધિ, પરિહરણવિશુદ્ધિ પૂર્વે કહેલા ઉદ્ગમાદિ દોષોનું સેવન ન કરવું તે વિશુદ્ધિ.

(૪૬૪) પાંચ કારણોથી જીવો બોધિની પ્રાપ્તિ દુર્લભ બની જાય એવા કર્મો ઉપાર્જન કરે છે અર્હંત પ્રભુનો અવર્ણવાદ કરવાથી, અર્હંત કથિત ધર્મનો અવર્ણવાદ કરવાથી, આચાર્ય ઉપાધ્યાયનો અવર્ણવાદ કરવાથી. ચતુર્વિધસંઘનો અવર્ણવાદ કરવાથી. ઉત્કૃષ તપ અને બ્રહ્મચર્યનું પાલન કરવાથી થયેલ દેવોનો અવર્ણ-વાદ કરવાથી. પાંચ કારણોથી જીવો, બોધિની પ્રાપ્તિ સુલભ થાય એવા કર્મોનું ઉપાર્જન કરે છે. અરિહંતોનો ગુણાનુવાદ - યાવત્ - દેવોના ગુણાનુવાદ કરવા પર.

(૪૬૫) પ્રતિસંલીન પાંચ પ્રકારના છે, જેમકે શ્રોતેન્દ્રિયપ્રતિસંલીન - યાવત્ - સ્પર્શેન્દ્રિય પ્રતિસંલીન. અપ્રતિસંલીન પાંચ પ્રકારના છે, જેમકે - શ્રોતેન્દ્રિઅપ્રતિસંલીન-યાવત્-સ્પર્શેન્દ્રિય અપ્રતિસંલીન. સંવર પાંચ પ્રકારના છે. શ્રોતેન્દ્રિય સંવર-યાવત્ સ્પર્શેન્દ્રિયસંવર. અસંવર પાંચ પ્રકારના છે - શ્રોતેન્દ્રિય સંબંધી યાવત્-સ્પર્શેન્દ્રિય સંબંધી.

(૪૬૬) સંયમ પાંચ પ્રકારનો છે, જેમકે-સામાયિકસંયમ, છેદોપસ્થાપનીય પરિહારવિશુદ્ધિ સંયમ, સૂક્ષ્મ સંપરાય સંયમ, યથાખ્યાત ચારિત્ર સંયમ.

(૪૬૭) એકેન્દ્રિય જીવોની હિંસા ન કરવાવાળાને પાંચ પ્રકારનો સંયમ થાય છે. જેમકે-શ્રોતેન્દ્રિયસંયમ યાવત્ સ્પર્શેન્દ્રિયસંયમ. પંચેન્દ્રિય જીવોની હિંસા કરવાવાળાને પાંચ પ્રકારનો અસંયમ થાય છે - શ્રોતેન્દ્રિય-અસંયમ યાવત્ સ્પર્શેન્દ્રિય-અસંયમ.

(૪૬૮) પંચેન્દ્રિય જીવોની હિંસા ન કરવાવાળાને પાંચ પ્રકારનો સંયમ થાય છે. જેમકે-શ્રોતેન્દ્રિયસંયમ યાવત સ્પર્શેન્દ્રિયસંયમ. પંચેન્દ્રિય જીવોની હિંસા કરવાવાળાને પાંચ પ્રકારનો અસંયમ થાય છે - શ્રોતેન્દ્રિય - અસંયમ યાવત્ સ્પર્શેન્દ્રિય-અસંયમ.

સર્વ પ્રાણી, ભૂત, સત્ત્વ અને જીવોની હિંસાને કરવાવાળાને પાંચ પ્રકારના સંયમ થાય છે. જેમકે-એકેન્દ્રિય સંયમ યાવત્ પંચેન્દ્રિય સંયમ. સર્વ પ્રાણી, ભૂત, સત્ત્વ અને જીવોની હિંસા કરવાળાને પાંચ પ્રકારના અસંયમ થાય છે. જેમકે-એકેન્દ્રિય-અસંયમ યાવત્-પંચેન્દ્રિય-અસંયમ.

(૪૬૯) તૃણવનસ્પતિકાયિક જીવ પાંચ પ્રકારના છે. જેમકે- અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ, બીજરૂહ.

(૪૭૦) આચાર પાંચ પ્રકારના છે. જેમકે-જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.

(૪૭૧) આચાર પ્રકલ્પ પાંચ પ્રકારના છે, જેમકે-માસિક ઉદ્ઘાતિક લઘુમાસ પ્રાયશ્ચિતમાં થોડો અંશ ઓછો કરવો, માસિક અનુદ્ઘાતિક ગુરુમાસ ચાતુર્માસિક ઉદ્ઘાતક લઘુચોમસી, ચાર્તુમાસિક અનુદ્ઘાતિક ગુરુચોમાસી, આરોપણ (માયા કરનારને દોષના પ્રાયશ્ચિત સાથે માયા દોષના પ્રાયશ્ચિતની વૃદ્ધિ કરવી.)

આરોપણા પાંચ પ્રકારની છે, જેમકે-પ્રસ્થાપિતા ગુરુમાસ આદિ પ્રાયશ્ચિત રૂપ તપસ્યાનો પ્રારંભ કરવો, સ્થાપિતા-ગુરુજનોની વૈયાવૃત્ય કરવાના ઉદ્દેશ્યથી આરોપિત પ્રાયશ્ચિત પ્રારંભ કરવો, ને કૃત્સ્ના-વર્તમાન જિનશાસનમાં

ઉત્કૃષ્ટ તપ ૬ માસનું કહેલ છે. તેનાથી અધિક પ્રાયશ્ચિત ન દેવું, અકૃત્સ્ના-જે દોષ પ્રમાણે પ્રાયશ્ચિત દેવા પર છ માસથી અધિક પ્રાયશ્ચિત આવે તો પણ છ માસનું જ પ્રાયશ્ચિત દેવું. હાડહડા લઘુમાસ આદિ પ્રાયશ્ચિત શીઘ્રતાપૂર્વક આપવું.

(૪૭૨) જંબૂદ્વીપના મેરુ પર્વતના પૂર્વમાં સીતા-મહા નદીની ઉત્તરમાં પાંચ વક્ષસ્કાર પર્વતો છે, જેમકે-માલ્યવંત, ચિત્રકૂટ, પદ્મકૂટ, નલિનકૂટ, એકશૈલ. જંબૂદ્વીપમાં મેરુપર્વતના પૂર્વમાં સીતા મહાનદીના દક્ષિણમાં પણ પાંચ વક્ષસ્કારપર્વતો છે. જેમકે-ત્રિકૂટ, વૈનમણકૂટ, અંજન, માતંજન, સોમનસ. જંબૂદ્વીપમાં મેરૂ પર્વતના પશ્ચિમમાં સીતા મહાનદીની દક્ષિણમાં પાંચ વક્ષસ્કાર પર્વતો છે, જેમકે-વિદ્યુત્પ્રભ, અંકાવતી, પદ્મવતી, આશિવિષ, સુખાવહ, જંબૂદ્વીપમાં મેરૂ પર્વતના પશ્ચિમમાં સીતા મહાનદીની ઉત્તરમાં પાંચ વક્ષસ્કાર પર્વતો છે, જેમકે-ચન્દ્રપર્વત, સૂર્યપર્વત, નાગ પર્વત, દેવપર્વત, ગંધમાદનપર્વત.

જંબૂદ્વીપમાં મેરૂ પર્વતના દક્ષિણમાં દેવ કુરૂક્ષેત્રમાં પાંચ મહાદ્રહ છે, જેમકે-નિષધદ્રહ, દેવકુરૂદ્રહ, સૂર્યદ્રહ, સુખસદ્રહ, વિદ્યુત્પ્રભદ્રહ. જંબૂદ્વીપમાં મેરૂ પર્વતના દક્ષિણમાં ઉત્તર કુરુક્ષેત્રમાં પાંચ મહાદ્રહ છે, જેમકે-નીલવંતદ્રહ, ઉત્તર કુરૂદ્રહ, ચન્દ્રદ્રહ, એરાવણદ્રહ, માલ્યવંત દ્રહ.

સીતા સીતાદો મહાનદીની તરફ તથા મેરૂ પર્વતની તરફ બધા વક્ષસ્કાર પર્વતો ૫૦૦ યોજન ઉંચા છે અને ૫૦૦ ગાઉ ભૂમિમાં છે. ઘાતકી ખંડના પૂર્વાર્ધમાં મેરૂ પર્વતના પૂર્વમાં સીતા મહાનદીની ઉત્તરમાં પાચ વક્ષસ્કાર પર્વતો છે. ઘાતકી ખંડના પશ્ચિમાર્ધમાં પણ (જંબુદ્રીપની સમાન તે જ નામવાળા પર્વતો છે.) પુષ્કરવર દ્રીપાર્ધના પશ્ચિમાર્ધમાં પણ જંબૂદ્વીપની સમાન વક્ષસ્કાર પર્વત અને દ્રહોની ઉંચાઈ આદિ કહેવી. સમય ક્ષેત્રમાં ભરત, પાંચ એરવત યાવત્-પાંચ મેરૂ અને પાંચ મેરૂ ચૂલિકાઓ છે.

(૪૭૩) કૌશલિક અર્હન્ત ઋષભદેવ પાંચ સો ધનુષ ઉંચા હતા. ચક્રવર્તી ભરત મહારાજા પાંચસો ધનુષ ઉંચા હતા. બાહુબલી અણગાર પણ પાચસો ધનુષ ઉંચા હતા. બ્રાહ્મી અને સુંદરી નામની આર્યા પણ ૫૦૦ ધનુષ ઉંચી હતી.

(૪૭૪) પાંચ કારણોથી સુતેલો મનુષ્ય જાગૃત થાય છે શબ્દ સાંભળવાથી, બીજાના હાથ આદિના સ્પર્શથી, ભૂખ લાગવાથી, નિદ્રાક્ષયથી સ્વપ્નદર્શનથી.

(૪૭૫) પાંચ કારણોથી શ્રમણ નિર્ગ્રંથ, નિર્ગ્રંથીને પકડીને રાખો અથવા સહારો આપો તો ભગવાનની આજ્ઞાનુ અતિક્રમણ કરતો નથી. યથા-સાધ્વીને કોઈ ઉન્મત્ત બળત આદિ પશુજાતિ અથવા ગીધ પક્ષી આદિ મારે અન્ય સાધ્વી ન હોય તો સાધુ સાધ્વીને ગ્રહણ કરતાંઆજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. સાધુ દુર્ગ-મુશ્કેલીવાળા માર્ગમાં, વિષમખાડા પત્થરા વિગેરેથી વ્યાપ્ત પર્વતમાં ગતિ વડે સ્ખલના પામતી અથવા ભૂમિ પર પડતી સાધ્વીને ગ્રહણ કરતો થકો આજ્ઞાને ઉલ્લંઘતો નથી. કોઈ સાધ્વી જલયુક્ત ખાડામાં, કીચડમાં, શેવાળાદિ પાણીમાં ફસાઈ જાય અથવા પ્રવાહમાં તણાતી હોય તેવી પરિસ્થિતિમાં મદદ કરવાના આશયથી સહારો દેતો જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. કોઈ નિર્ગ્રંથ નિર્ગ્રંથીને નાવ પર ચઢાવવામાં તથા ઉતારવામાં મદદ કરે તો જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. વિક્ષિપ્ત ચિત્તવાળી, દર્પયુક્ત ચિત્તવાળી, યક્ષાદિદેવના આવેશવાળી, ઉન્માદ પામેલી ઉપસર્ગને પામેલી, કલહ માટે તૈયાર થયેલી, પ્રાયયશ્ચિતને પામેલી યાવત્ ભક્ત પાનના પ્રત્યાખ્યાનને કરેલી. મૂર્ચ્છા વડે પડતી અથવા યતિ કે ચોર વડે ચલાયમાન કરાતી સાધ્વીને સાધુ ગ્રહણ કરે તો આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.

(૪૭૬) આચાર્ય અને ઉપાધ્યાયમાં પાંચ ઉપાશ્રયમાં પ્રવેશ કરીને ધૂળ ભરેલા પગોને બીજા સાધુઓથી લૂછાવતા-ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. આચાર્ય-ઉપાધ્યાય ઉપાશ્રયની અંદર મળમૂત્રનો ઉત્સર્ગ કરે અથવા તેની શુદ્ધિ કરે, આચાર્ય-ઉપાધ્યાય ઈચ્છા હોય તો કોઈની વૈયાવૃત્ય કરે, ઈચ્છા ન હોય તો ન કરે, આચાર્ય-ઉપાધ્યાય ઉપાશ્રયમાં એક અથવા બે રાત એકલા રહે, અથવા આચાર્ય ઉપાધ્યાય એક - બે રાત્રી ઉપાશ્રયની બહાર રહે તો આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

(૪૭૭) પાંચ કારણ વડે આચાર્ય અથવા ઉપાધ્યાય ગચ્છથી પૃથક્ થઈ જાય છે, જેમકે-ગચ્છમાં આચાર્ય ઉપાધ્યાયની આજ્ઞા અથલા ધારણાનું સમ્યક્ પ્રકારે પાલન ન થતું હોય તો, ગચ્છમાં વયસ્થવિર અને જ્ઞાનસ્થવિરને વંદનાદિ વ્યવહાર સમ્યક પ્રકારે પાલન ન કરાવી શકે તો, ગચ્છમાં શ્રુતવાચના યથોચિત રૂપે ન આપી શકે તો. આચાર્ય ઉપાધ્યાય સ્વગચ્છ સંબંધી પરગચ્છ સંબંધી સાધ્વીને વિષે ખરાબ લેશ્યાવાળો થઈ જાય તો. મિત્ર, જ્ઞાતિ, સ્વજન ગચ્છને છોડીને ચાલ્યો ગયો હોય, ફરી ગચ્છમાં સ્થાપિત કરવાને માટે પોતાના ગચ્છને છોડીને ચાલ્યા જાય તો.

(૪૭૮) પાંચ પ્રકારના મનુષ્યો ઋદ્ધિવંત કહેવાય છે, જેમકે-અર્હંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ અને ભાવિતાત્મા અણગાર.

સ્થાન : ૫ - ઉદ્દેસો : ૨ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૫ - ઉદ્દેસો :૩

(૪૭૯) પાંચ અસ્તિકાય છે, જેમકે-ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશસ્તિકાય જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ, અરૂપી, અજીવ, શાશ્વત અને અવસ્થિત સમગ્ર લોકવ્યાપી દ્રવ્ય છે તે પાંચ પ્રકારના છે, જેમકે-દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી ભાવથી ગુણથી. દ્રવ્યથી-ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે. ક્ષેત્રથી-લોક પ્રમાણ છે, કાલથી-અતીતમાં ક્યારે ન હતો. એમ નથી વર્તમાનમાં નથી. એમ નથી, ભવિષ્યમાં હશે. એવી રીતે ત્રિકાળવર્તી હોવાથી ધ્રુવ છે. શાશ્વત, અક્ષય, અવ્યય અવસ્થિત અને નિત્ય છે. ભાવથી-વર્ણરહિત, ગંધરહિત રસરહિત અને સ્પર્શ રહિત છે ગુણથી-જીવ-પુદ્‌ગલોના ગમનમાં સહાયક (નિમિત્ત) ગુણવાળો છે.

અધર્માસ્તિકાય ધર્માસ્તિકાયની જેમ પાંચ પ્રકારનો છે, વિશેષ એ કે ગુણથી સ્થિતિ સહાયક નિમિત્ત ગુણવાળો છે. આકાશાસ્તિકાય ધર્માસ્તિકાયની સમાન પાંચ પ્રકારનો છે. વિશેષ ક્ષેત્રથી આકાશાસ્તિકાય લોકાલોક પ્રમાણ છે ગુણથી-અવગાહના ગુણવાળો છે. જીવાસ્તિકાય-ધર્માસ્તિકાયની સમાન પાંચ પ્રકારનો છે. વિશેષ-દ્રવ્યથી જીવાસ્તિકાય એક બીજાથી ભિન્ન અનંત જીવ દ્રવ્યો છે. ગુણથી-ઉપયોગ ગુણવાળો છે.

પુદ્‌ગલાસ્તિકાય-પાંચવર્ણ, પાંચરસ, બેગંધ, અને આઠસ્પર્શયુક્ત છે રૂપી અજીવ શાશ્વત અને અવસ્થિત છે. દ્રવ્યથી પુદ્‌ગલાસ્તિકાય અનંત દ્રવ્યો છે. ક્ષેત્રથીલોકપ્રમાણ છે. કાલથી-અતીતમાં ક્યારેય નહીં હતો એમ નથી યાવત્ નિત્ય છે. ભાવથી-વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ યુક્ત છે. ગુણથી ગ્રહણ ગુણ છે.

(૪૮૦) ગતિ પાંચછે, નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ, સિદ્ધગતિ.

(૪૮૧) ઈન્દ્રિઓના પાંચ વિષય છે, જેમકે શ્રોત્રેન્દ્રિયનો વિષય શબ્દ યાવત સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ. મુંડ પાંચ પ્રકારે છે. શ્રોત્રોન્દ્રિયમુંડ યાવત્ સ્પર્શેન્દ્રિયમુંડ અથવા મુંડ પાંચપ્રકારના છે, ક્રોધમુંડ, માનમુંડ, માયામુંડ, લોભમુંડ શિરમુંડ

(૪૮૨) અર્ધાલોકમાં પાંચ બાદર કાયિક જીવો છે, - પૃથ્વીકાયિક, અપકાયિક વાયુકાયિક, સ્નાતક પાંચ પ્રકારના છે, શરીરરહિત, અતિચારરહિત, કર્મરહિત, શુદ્ધ જ્ઞાન-દર્શનના ધારક અર્હન્તજિન કેવલી, અપરિશ્રાવી.

(૪૮૪) નિર્ગ્રંથી અને નિર્ગ્રંથીઓને પાંચ પ્રકારનો વસ્ત્રોનો ઉપભોગ અથવા પરિભોગ કલ્પે છે, જેમકે-જાંગિક-કંબલ આદિ, ભાંગમિક-અલસિનું વસ્ત્ર, સાનકશણના સુત્રનું વસ્ત્ર, પોતક કપાસનું વસ્ત્ર, તિરીડયપદ-વૃક્ષની છાલનું વસ્ત્ર. નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને પાંચ પ્રકારના રજોહરણનો ઉપભોગ અથવા પરિભોગ કલ્પે છે, જેમકે ઔર્ણિક-ઊનનું બનેલું, ઔષ્ટ્રિક-ઉંટનાવાળોનું બનેલું, શાનક-શણનું બનેલું, બલ્વજઘાસની છાલથી બનેલું, મુંજનું બનેલું.

(૪૮૫) ધર્મનું આચરણ કરનાર પુરૂષને માટે પાંચ આલંબન સ્થાન છે, જેમકે-છકાય, ગણ, રાજા, ગૃહપતિ, શરીર.

(૪૮૬) નિધિ પાંચ પ્રકારના છે, જેમકે-પુત્રનિધિ, મિત્રનિધિ, શિલ્પનિધિ, ધનનિધિ, ધાન્યનિધિ.

(૪૮૭) શૌચ પાંચ પ્રકારના છે, જેમકે પૃથ્વીશૌચ, જલશૌચ, અગ્નિશૌચ, મંત્રશૌચ,, બ્રહ્મશૌચ.

(૪૮૮) આ પાંચ સ્થાનોને છદ્મસ્થ પૂર્ણરૂપથી જાણતા નથી અને દેખતા નથી, જેમકે-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિત જીવ. પરમાણુ પુદ્‌ગલ. પણ આ પાંચ સ્થાનોને કેવલજ્ઞાની પૂર્ણરૂપથી જાણે છે અને દેખે છે.

(૪૮૯) અધોલોક માં પાંચ ભયંકર મોટી-મોટી પાંચ નરકો છે કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન, ઉર્ધ્વલોકમાં પાંચ મહાવિમાન છે, જેમકે વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થ સિદ્ધ મહાવિમાન.

(૪૯૦) પુરુષ પાંચ પ્રકારના છે, જેમકે-હ્રીસત્ત્વ-લજ્જાથી ધૈર્ય રાખવાવાળા. હ્રીમન:સત્ત્વ - લજ્જાથી મનમાં ધૈર્ય રાખવાવાળા ચલસત્ત્વ - - અસ્થિર ચિત્તવાળા. સ્થિરસત્ત્વ - - સ્થિર ચિત્તવાળા. ઉદાત્ત સત્ત્વ -- વધતા ધૈર્યવાળા.

(૪૯૧) મત્સ્ય પાંચ પ્રકારના છે, જેમ કે અનુશ્રોતચારી-પ્રવાહના વહેણની દિશામાં ચાલનારો. પ્રતિશ્રોતચારી - પ્રવાહના વહેણની વિરુદ્ધ દિશામાં જનાર. અંતચારી-પ્રવાહના કિનારે કિનારે ચાલનાર. પ્રાન્તચારી-પ્રવાહની મધ્યમાં ચાલનાર. સર્વચારી-સર્વત્ર ચાલનાર. એ પ્રમાણે ભિક્ષુ પાંચ પ્રકારના કહેલ છે, જેમકે અનુશ્રોતચારી યાવત્ સર્વશ્રોતચારી ઉપાશ્રયની નજીકથી ક્રમશ: અન્ય ઘરોમાં ભિક્ષા પ્રાપ્ત કરનારો અનુશ્રોતચારી, દૂર ઘરથી શરૂ કરી ક્રમશ: ઉપાશ્રયની નજીક સુધી ભિક્ષા કરનારો પ્રતિશ્રોતચારી, આજુબાજુના ઘરેથી ભિક્ષા કરનારો અન્તચારી, ગામની મધ્યના ઘરોમાં ભિક્ષા કરનારો પ્રાન્તચારી, બધા ઘરોથી ભિક્ષા લેનારસર્વચારી.

(૪૯૨) વનીપક-યાચક પાંચ પ્રકારના છે, અતિથિવનીપક-ભોજન સમયે આવી પ્રશંસા કરીને દાતા પાસેતી આહારની યાચના કરનાર,

દરિદ્રવનીક-દીનતા પ્રગટ કરી દાતા પાસે દાન માગનાર, બ્રાહ્મણ વનીપક-બ્રાહ્મણને અપાતા ધનની પ્રશંસા કરીને દાતા પાસેથી યાચના કરનાર, શ્વાન વનીપક - કુતરાઓ નિમિત્તે અપાતા દાનનીપ્રશંસા કરનાર, શ્રમણ-વનીપક-નિર્ગ્રંથને અપાતા દાનની પ્રશંસા કરનાર.

(૪૯૩) પાંચ કારણોથી અચેલક પ્રશસ્ત ગણાય છે, જેમકે અલ્પપ્રત્યુપેક્ષા-અલ્પ ઉપધિ હોવાથી અલ્પ પ્રતિલેખન થાય છે. પ્રશસ્તલાઘવ-અલ્પ ઉપધિ હોવાથી રાગભાવ અલ્પ હોય. વૈશ્વાસિક રૂપ-વિશ્વાસ ઉત્પન્ન કરાવનારો વેષ હોય. અનુજ્ઞાત તપ-જિનેશ્વરોને સંમત ઉપકરણ સંલીનતા રૂપ તપ. વિપુલ ઈન્દ્રિય નિગ્રહ.

(૪૯૪) ઉત્કૃષ્ટ પુરુષો પાંચ પ્રકારના છે, જેમકે દંડ ઉત્કૃષ્ટ-અપરાધ કરવા પર આકરો દંડ દેનાર. રાજ્યોત્કૃષ્ટ ઐશ્વર્યમાં ઉત્કૃષ્ટ, સ્તેન ઉત્કૃષ્ટ-ચોરી કરવામાં ઉત્કૃષ્ટ, દેશોત્કૃષ્ટ-દેશમાં ઉત્કૃષ્ટ. સર્વોત્કૃષ્ટ-બધામાં ઉત્કૃષ્ટ.

(૪૯૫) સમિતિઓ પાંચ છે. ઈર્યાસમિતિ-ભાષાસમિતિ-એષણાસમિતિ-આદાનભંડપાત્ર-નિક્ષેપણ સમતિ-પરિષ્ઠાપનિકા સમિતિ.

(૪૯૬) સંસારી જીવ પાંચ પ્રકારના કહેલ છે, જેમકે-એકેન્દ્રિયો યાવત્ પંચેન્દ્રિઓ. એકેન્દ્રિય જીવો પાંચ ગતિઓ (સ્થાનો) માં મરીને ઉત્પન્ન થાય છે અને પાંચે ગતિઓમાંથી આવી ઉત્પન્ન થાય છે એટલે-એકેન્દ્રિયજીવ એકેન્દ્રિયમાંથી મૃત્યુ પામી એકેન્દ્રિયોમાં યાવત્ પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિયમાંથી નીકળી યાવત પંચેન્દ્રિયમાંથી નીકળી જીવ એકેન્દ્રિયો રૂપે ઉત્પન્ન થાય છે. બેઈન્દ્રિજીવ પાંચસ્થાનોથી આવી ઉત્પન્ન થાય છે. બેઈન્દ્રિયજીવ એકોન્દ્રિયોમાં યાવત્ પંચેન્દ્રિ-યોમાં ઉત્પન્ન થાય છે. તેઈન્દ્રિયજીવ પાંચસ્થાનોમાંથી આવી ઉપજે છે. તેઈન્દ્રિયજીવ એકેન્દ્રિયોમાં યાવત્ પંચેદ્રિઓમાં આવી ઉત્પન્ન થાય છે. ચતુરિન્દ્રિયજીવ પાંચ સ્થાનોમાં પાંચ સ્થાનોથી આવી ઉપજે છે. ચતુરિન્દ્રિયજીવ એકેન્દ્રિઓમાં યાવત્ પંચેન્દ્રિયોમાં જઈ ઉપજે છે. પંચેન્દ્રિયજીવ પાંચ સ્થાનોમાં પાંચ સ્થાનોથી આવી ઉત્પન્ન થાય છે. પંચેન્દ્રિયજીવ એકોન્દ્રિયઓમાં યાવત પંચેન્દ્રિઓમાં આવી ઉપજે છે.

બધા જીવો પાંચ પ્રકારના છે, જેમકે ક્રોધકષાયી યાવત્ લોભકષાયી અને અકષાયી અથવા બધા જીવ પાંચ પ્રકારના છે, જેમકે-નૈરયિક યાવત્ દેવ અને સિદ્ધ

(૪૯૭) હે ભગવન્ ? કોઠામાં રાખેલ ચણા, મસુર તિલ, અડદ, વાલ, કણથી, તુવેર અને કાળાચણા આ ધાન્યોની કેટલી સ્થિતિ હોય ? હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ પાંચ વર્ષ ત્યાર પછી યોનિ કુમળાઈ જાય છે. ધીમે ધીમે યોનિચ્છેદ થાય છે.

(૪૯૮) સંવત્સર પાંચ પ્રકારના છે, જેમકે નક્ષત્રસંવત્સર યુગસંવત્સર પ્રમાણ સંવત્સર, લક્ષણસંવત્સર, શનૈશ્વરસંવત્સર. યુગસંવત્સર પાંચ પ્રકારના છે, જેમ કે ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિતસંવત્સર, ચંદ્ર, અભિવર્ધિત પ્રમાણ સંવત્સર પાંચ પ્રકારના છે. જેમકે નક્ષત્રસંવત્સર, ચંદ્ર સંવત્સર, ઋતુસંવત્સર, આદિત્યસંવત્સર, અભિવર્ધિતસંવત્સર.

(૪૯૯-૫૦૩) લક્ષણસંવત્સર પાચ પ્રકારના છે, જેમકે-જે તિથિમાં જે નક્ષત્ર નો યોગ હોવો જોઈએ તે નક્ષત્રનો તે જ તિથિમાં યોગ હોયછે. (કાર્તિકમાં કૃતિક આદિ) જેમા ઋતુઓનું પરિણમન ક્રમથી થતું રહે છે અને જેમાં શરદી ગરમીનું પ્રમાણ બરાબર રહેછે અને જેમાં વર્ષા સારી રહેછે તે નક્ષત્ર સંવત્સર કહેવાય છે. જેમાં બધી પૂર્ણીમાઓમાં ચન્દ્રનો યોગ રહે છે. જેમાં નક્ષત્રની વિષમ ગતિ હોય છે. જેમાં બધી પૂર્ણીમાઓમાં ચન્દ્રનો યોગ રહે છે. જેમાં નક્ષત્રની વિષમ ગતિ હોય છે. જેમાં અતિ ઠંડી અને અતિ તાપ પડે છે અને જેમાં વર્ષો અધિક હોય છે તે ચંદ્રસંવત્સર કહેવાય છે. જેમાં વૃક્ષોનું યથાસમય પરિણમન હોતુ નથી ઋતુ વિના ફળ આવે છે અને વર્ષા પણ થતી નથી તે કર્મ સંવત્સર અથવા ઋતુસંવત્સર કહેવાય છે. જેમાં પૃથ્વી, જલ, પુષ્પ અને ફળોને સૂર્ય રસ આપે છે અને થોડી વર્ષાથી પણ પાક સારો હોય છે. તે આદિત્ય સંવત્સર કહેવાય છે. જેમાં ક્ષણ, લવ, દિવસ અને ઋતુ સૂર્યથી તપેલા રહે છે અને જેમાં સદા ધૂળ ઉડતી રહે છે. તે અભિવર્ધિત સંવત્સર કહેવાય છે.

(૫૦૪) શરીરમાંથી જીવને નીકળવાના પાંચ માર્ગ હોય છે, જેમકે પગ ઉરુ, વક્ષસ્થળ, મસ્તક, સર્વાંગ, પગથી નીકળે તો જીવ નરકગતિગામી થાય છે. સાથળથી નીકળવા પર જીવ તિર્યંચગતિ-ગામી વક્ષસ્થળથી નીકળવા પર જીવ મનુષ્યગતિમાં મસ્તકથી નીકળવા પર દેવલોકમાં સર્વાંગથી નીકળતા જીવ મોક્ષગામી થાય.

(૫૦૫) છેદન પાંચ પ્રકારના છે. ઉત્પાદછેદન, નવીન પર્યાય ઉત્પન્ન થવાથી, પૂર્વપર્યાયનું છેદન વ્યય છેદન-પૂર્વ પર્યાયનો વ્યય બંધ છેદન-જીવની અપેક્ષાએ કર્મનું છેદવું પ્રદેશ છેદન-જીવને જ નિર્વિભાગ અવયવરૂપ પ્રદેશથી બુદ્ધિવડે જુદું કરવું. દ્વિધાકાર-જીવાદિ દ્રવ્યોના બે વિભાગ કરવા.

આનંતર્ય પાંચ પ્રકારના છે, જેમકે-ઉત્પાદનાન્તર્ય ઉત્પાદનો નિરંતર અવિરહ દેવ નરકગતિમાં અસંખ્યાત સમય - નો હોય. વ્યયાનન્તર્ય-વ્યયનો

નિરંતર અવિરહ દેવ નરકગતિનો અસંખ્યાત સમયનો હોય. પ્રદેશાનન્તર્ય-પ્રદેશનો નિરંતર અવિરહ દેવ નરકગતિનો અસંખ્યાત સમયનો હોય. પ્રદેશાનન્તર્ય-પ્રદેશનો નિરંતર અવિરહ જીવપ્રદેશો સાથે કર્મોનો અવિરહ. સમયાનન્તર્ય-સમયનો નિરંતર અવિરહ સામાન્યાનન્તર્ય-ઉત્પાદ આદિ વિશેષનો અભાવમાં જે નિરંતર અવિરહ.

અનંત પાંચ પ્રકારના છે. જેમકે નામ અનંત, સ્થાપના અનંત, દ્રવ્ય અનંત, ગણના અનંત, પ્રદેશાનંત. અનંતક પાંચ પ્રકારે છે. જેમ કે એકત:અનંત દીર્ઘતાની અપેક્ષાએ જે અનંત છે. એક શ્રેણીનું ક્ષેત્ર. દ્વિઘા અનંતક-લંબાઈ અને પહોળાઈની અપેક્ષા એ જે અનંત છે. દેશ વિસ્તાર અનંતક-રુચક પ્રદેશથી પૂર્વ આદિ કોઈ દિશામાં દેશનો જે વિસ્તાર છે. સર્વ વિસ્તાર અનંતક-અનંત પ્રદેશી સંપૂર્ણ આકાશ શાશ્વતાનંતક-અનંત સમયની સ્થિતિવાળા જીવાદિ દ્રવ્ય.

(૫૦૬) જ્ઞાન પાંચ પ્રકારના છે અભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન મનપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન

(૫૦૭) જ્ઞાનવરણીય કર્મ પાંચ પ્રકારના છે જેમકે-અભિનિબોધિક જ્ઞાનાવરણીયકર્મ યાવત કેવળજ્ઞાનવરણીયકર્મ.

(૫૦૮) સ્વાધ્યાય પાંચ પ્રકારના છે, જેમકે વાચના. પૃચ્છના. પરાવર્તના. અનુપ્રેક્ષા. ધર્મકથા.

(૫૦૯) પ્રત્યાખ્યાન પાંચ પ્રકારના છે શ્રદ્ધાશુદ્ધ, વિનયશુદ્ધ, અનુભાષણાશુદ્ધ, અનુપાલનાશુદ્ધ, ભાવશુદ્ધ.

(૫૧૦) પ્રતિક્રમણ પાંચ પ્રકારના છે. આશ્રવદ્ધાર પ્રતિક્રમણ મિથ્યાત્વ પ્રતિક્રમણ કષાય પ્રતિક્રમણ યોગ પ્રતિક્રમણ ભાવ પ્રતિક્રમણ.

(૫૧૧) પાંચ કારણોથી ગુરુ શિષ્યને વાંચના આપે છે, જેમકે સંગ્રહને માટે શિષ્યોને સૂત્રનું જ્ઞાન કરાવવા માટે, ઉપગ્રહને માટે-ગચ્છ પર ઉપરકાર કરવાને માટે. નિર્જરાને માટે શિષ્યોને વાંચના દેવોથી કર્મોની નિર્જરા થાય છે, સૂત્ર જ્ઞાન દૃઢ કરવાને માટે. સૂત્રનો વિચ્છેદ ન થવા દેવા માટે. પાંચ કારણોથી સૂત્ર શીખવું જોઈએ, જેમકે-જ્ઞાનવૃદ્ધિને માટે, દર્શનશુદ્ધિને માટે, ચારિત્ર શુદ્ધિને માટે, ,બીજાના દુરાગ્રહને છોડાવવાને માટે, પદાર્થોના યથાર્થ જ્ઞાનને માટે.

(૫૧૨) સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન પાંચ વર્ણના છે, જેમકે કૃષ્ણ યાવત્ શુક્લવર્ણના. સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન પાંચસો યોજનના ઉંચા છે. બ્રહ્મલોક અને લાંતક કલ્પમાં દેવતાઓના ભવધારણીય શરીર ઉંચાઈમાં પાંચ હાથની છે. નૈરયિકોએ પાંચ વર્ણ અને પાંચ રસવાળા કર્મપુદ્દગલો બાંધ્યા છે, બાંધે છે. બાંધશે, જેમકે-કૃષ્ણ યાવત્ શુક્લ વર્ણવાલા તિક્ત યાવત્ મધુર રસવાલા. એ પ્રમાણે વૈમાનિક દેવ સુધી (ચોવીસ દંડકોમાં) કહેલું.

(૫૧૩) જંબૂદ્રીપમાં મેરુ પર્વતની દક્ષિણમાં ગંગા મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે. જેમ કે-યમુના, સરયૂ, આદિ, કોસી, મહી. જંબૂદ્રીપવર્તી મેરૂના દક્ષિણમાં સિંધુ મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે, જેમ કે-શુતદ્ર, વિભાષા, વિત્રસ્તા, એરાવતી, ચંદ્રભાગા. જંબૂદ્રીપવર્તી મેરુના ઉત્તરમાં રક્તાવતી મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે. જેમ કે. ઈન્દ્ર ઈન્દ્રસેના સુસેણા વારિસેણા મહાભોગા.

(૫૧૪) પાંચ તીર્થંકર કુમારવસ્થામાં (રાજ્ય કર્યા વિના) મુક્તિ યાવત્ પ્રવજિત થયા જેમકે વાસુપૂજ્ય, મલ્લી, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ, મહાવીર.

(૫૧૫) ચમર ચંચા રાજધાનીમાં પાંચ સભાઓ છે, જેમ કે -સુધર્માસભા, ઉપપાતસભા અભિષેકસભા, અલંકારસભા, વ્યવસાય સભા. પ્રત્યેક ઈન્દ્રસ્થાનમાં પાંચ પાંચ સભાઓ છે, જેમ કે સુધર્મા સભા યાવત્ વ્યવસાય સભા.

(૫૧૬) પાંચ નક્ષત્ર પાંચ પાંચ તારાવાળા છે, જેમ કે-ઘનિષ્ઠા, રોહિણી, પુનર્વસુ, હસ્ત, વિશાખા.

(૫૧૭) જીવોએ પાંચ સ્થાનોમાં રહી કર્મ પુદ્દગલોને પાપ કર્મ રૂપે ચયન કર્યું છે, કરે છે, અને કરશે. એકેન્દ્રિય રૂપમાં યાવત્ પંચેન્દ્રિય રૂપમાં. એ પ્રમાણે ઉપચય બંધ ઉદીરણા વેદના તથા નિર્જરા સંબંધી સૂત્ર સમજવા. પાંચ પ્રદેશોમાં અવગાઢ પુદ્દગલો અનંત છે. પાંચ સમયની સ્થિતિવાલા પુદગલો અનંત છે. પાંચ ગુણ કૃષ્ણ યાવત્ પાંચ ગુણ રુક્ષ પુદગલો અનંત છે.

સ્થાન : ૫ - ઉદ્દેસો : ૩ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૫ - ગુર્જરછાયાપૂર્ણ

સ્થાન : ૬

(૫૧૮) છ સ્થાનો એટલે વિશિષ્ટતાઓથી યુક્ત અંગાર ગણનો અધિપતિ થઈ શકે છે, જેમકે શ્રદ્ધાળુ હોય, સત્યવાદી હોય, મેઘાવી હોય, બહુશ્રુત હોય, શક્તિસંપન્ન હોય, કલહકારી ન હોય.

(૫૧૯) છ કારણોથી નિર્ગ્રંથ નિર્ગ્રંથીને હસ્તાદિવડે પકડીને રાખે અથવા અવલંબન (ટેકો) આપે તો ભગવાનની આજ્ઞાને ઉલ્લંઘતો નથી

જેમકે-શોકથી શૂન્ય ચિત્તવાળીને, હર્ષથી ઉન્મત્ત ચિત્તવાળીને, યક્ષાદિના આવેશવાળીને, વાયુથી ઉન્માદ પામેલીને ઉપસર્ગ પ્રાપ્ત-મનુષ્યાદિ વડે લઈ જવાતીને, તેમજ કલહ કરતીને.

(૫૨૦) છ કારણોથી નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ કાલગત થયેલ સાધર્મિક-સાધુ પ્રત્યે આદર કરતા જેમકે ગૃહસ્થો ન હોય તો ઉપાશ્રયની બહાર લઈ જતા, બહારથી અત્યન્ત દૂર વનાદિમાં લઈ જતા છેદન બંધનાદિને કરતા અથવા સ્વજનાદિ વડે કરાતી અગ્નિ સંસ્કારાદિ ક્રિયામાં ઉપેક્ષા કરતા, રાત્રિના જાગરણ વડે તેની ઉપાસના-મૃતકની રક્ષા કતા થકા આજ્ઞા આપતા, મૃતકના શરીરને પરઠવવા માટે તેના સ્વજન વર્ગને આજ્ઞા આપતા ગૃહસ્થના અભાવમાં સાધુઓ સ્વયં તેને પરઠવવા માટે મૌન પણે જતા આ છ કારણોથી આજ્ઞા ઉલ્લંઘે નહિ.

(૫૨૧) છ સ્થાનકોને છદ્મસ્થ પૂર્ણ રૂપથી જાણતો નથી અને દેખતો નથી જેમકે ધર્માસ્તિકાયને, અધર્માસ્તિકાયને, આકાશાસ્તિકાયને, શરીરરહિત જીવને, પરમાણુ પુદ્ગલને, શબ્દને. આ છ સ્થાનોને કેવળજ્ઞાની અર્હન્ત જિન પૂર્ણ રૂપથી જાણે અને દેખે.

(૫૨૨) છ બાબતમોમાં સર્વ જીવોને એવા ઋદ્ધિ-દ્યુતિ નથી, યશ નથી, શારીરિક બલ નથી, આત્મિક વીર્ય નથી, પુરૂષકાર નથી અને યાવત્ પરાક્રમ નથી એટલે આ છ કાર્ય કરવા કોઈ સમર્થ નથી. તે આ પ્રમાણે જરવને જીવ કરવાની, અજીવને જીવ કરવાની, એક સમયમાં બે ભાષા બોલવાની સ્વયં કરેલ કર્મને હું વેદું અથવા ન વેદું અથવા ન વેદું એમ કરવાની, પરમાણુ પુદ્ગલને છેદવાની ભેદવાની અથવા અગ્નિકાય વડે બાળવાની અને લોકથી બહાર અલોકમાં જવાની શક્તિ નથી.

(૫૨૩) જીવોની રાશિરૂપ છ જીવનિકાયો કહેલા છે જેમકે પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક

(૫૨૪) છ ગ્રહ છ છ તારાવાળા છે, જેમકે શુક્ર, બુધ, બૃહસ્પતિ, અંગારક, શનૈશ્વર, કેતુ.

(૫૨૫) સંસારી જીવ છ પ્રકારના છે. -પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયકિ. પૃથ્વીકાયિક જીવ છ ગતિ અને છ આગતિ વાળા છે. જેમકે પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. તો પૃથ્વીકાયિકપણાંને છોડીને પૃથ્વીકાયપણાને યાવત્-ત્રસકાયપણાને પ્રાપ્ત થાય છે, એટલે છ કાયોમાંથી કોઈપણ કાયમાં ઉત્પન્ન થઈ શકે છે. અપકાયિક જીવ છ ગતિ અને છ આગતિ વાળા છે. એ પ્રમાણે યાવત્ ત્રસકાયિક સુધી જાણવું.

(૫૨૬) જીવ છ પ્રકારના છે જેમકે આભિનિબોધિકજ્ઞાની-યાવત્-કેવલજ્ઞાની તથા અજ્ઞાની (મિથ્યાજ્ઞાની). અથવા જીવ છ પ્રકારના છે. જેમકે એકેન્દ્રિય-યાવત્-પંચેન્દ્રિય અનિન્દ્રિય (સિદ્ધ). અથવા જીવ ૬ પ્રકારે છે. જેમકે-ઔદારિકશરીરી, વૈક્રિય શરીરી આહારકશરીરી તૈજસ શરીરી, કાર્મણ શરીરી, અશરીરી (સિદ્ધ)

(૫૨૭) તૃણ વનસ્પતિકાયિકો છ પ્રકારે કહેલા છે. જેમકે અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ, બીજરૂહ, સંમૂર્છિમ.

(૫૨૮) છ સ્થાનો સર્વ જીવોને સુલભ હોતા નથી જેમકે-મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુલમાં ઉત્પત્તિ, કેલળી પ્રરૂપતિ ધર્મને સાંભળવું, શ્રુત ધર્મ પર શ્રદ્ધા, શ્રદ્ધા કરેલ પ્રતીત કરેલ રૂચિ કરેલ ધર્મનું સમ્યગ્ રીતે આચરવું.

(૫૨૯) છ ઈન્દ્રિઓના છ વિષય છે. જેમકે શ્રોત્રેન્દ્રિયનો વિષય યાવત્ સ્પર્શેન્દ્રિયનો વિષય તથા મનનો વિષય.

(૫૩૦) છ પ્રકારે સંવર કહેલ છે. જેમકે શ્રોત્રેન્દ્રિય સંવર-યાવત્-સ્પર્શેન્દ્રિય સંવર મનસંવર અસંવર (આશ્રવ) છ પ્રકારના છે શ્રોત્રેન્દિય અસંવર યાવત્ સ્પર્શેન્દિય અસંવર, મન અસંવર.

(૫૩૧) સુખ છ પ્રકારે જેમકે-શ્રોત્રેન્દ્રિયનું સુખ યાવત્ સ્પર્શેન્દ્રિયનું સુખ, મનનું સુખ. દુ:ખ છ પ્રકારનું છે. જેમકે શ્રોત્રેન્દ્રિયનું દુ:ખ-યાવત્ સ્પર્શેન્દ્રિયનું દુ:ખ, મનનું દુ:ખ.

(૫૩૨) પ્રાયશ્ચિત્ત છ પ્રકારના છે. જેમકે આલોચનાયોગ્ય-ગુરુની સમક્ષ સરળતા પૂર્વક લાગેલા દોષનો સ્વીકાર કરવો, પ્રતિક્રમણયોગ્ય-લાગેલા દોષની નિવૃત્તિને માટે પશ્ચાતાપ કરવો અને ફરી દોષ ન લાગે એવી સાવધાની રાખવી. ઉભય યોગ્ય-આલોચના અને પ્રતિક્રમણ યોગ્ય. વિવેક યોગ્ય-વ્યુત્સર્ગ યોગ્ય-કાયચેષ્ટાનો નિરોધ કરીને શુદ્ધ થવું. તપ યોગ્ય-વિશિષ્ટ તપ કરીને શુદ્ધ થવું.

(૫૩૩) મનુષ્ય છ પ્રકારે છે. જંબૂદ્રીપમાં ઉત્પન્ન, ઘાતકીખંડ દ્રીપના પૂર્વાર્ધમાં ઉત્પન્ન, ઘાતકીખંડ દ્રીપના પશ્ચિમાર્ધમાં ઉત્પન્ન, પુષ્કરવર દ્રીપાર્ધના પૂર્વાધર્મમાં ઉત્પન્ન પુષ્કરવર દ્રીપાર્ધના પશ્ચિમાર્ધમા ઉત્પન્ન, અન્તર દ્રીપોમાં ઉત્પન્ન. અથવા મનુષ્ય છ પ્રકારે છે. જેમ કે ૧ કર્મભૂમિમાં ઉત્પન્ન સંમૂચ્છિંમ મનુષ્ય, ૨ અકર્મભૂમિમાં ઉત્પન્ન સંમૂચ્છિંમ મનુષ્ય, ૩ અન્તરદ્રીપોમાં ઉત્પન્ન સંમૂચ્છિંમ મનુષ્ય ૪ કર્મભૂમિમાં ઉત્પન્ન ગર્ભજ મનુષ્ય, ૫અકર્મભૂમિમાં ઉત્પન્ન ગર્ભજ મનુષ્ય. ૬ અન્તરદ્રીપોમાં ઉત્પન્ન ગર્ભજ મનુષ્ય.

(૫૩૪) ઋદ્ધિમાન મનુષ્ય છ પ્રકારે છે. જેમ કે અરિહંત, ચક્રવર્તી,

બલદેવ, વાસુદેવ, ચારણ, વિદ્યાધર, ઋદ્ધિરહિત મનુષ્ય છ પ્રકારના છે જેમકે- હેમવંત ક્ષેત્રના હૈરણ્યવંત ક્ષેત્રના, હરિવર્ષ ક્ષેત્રના,મ્યક ક્ષેત્રના, દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રના અન્તરદ્વીપોના.

(૫૩૫) અવસર્પિણી કાલ છ પ્રકારનો છે, જેમકે સુષમ-સુષમા યાવત્ દુષમદુષમા. ઉત્સર્પિણી કાલ પણ છ પ્રકારનો છે જેમકે-દુષમ-દુષમા યાવત્ સુષમ-સુષમા.

(૫૩૬) જંબૂદ્ધીપવર્તી ભરત અને એરવત ક્ષેત્રોમાં અતીત ઉત્પર્પિણીના સુષમ-સુષમા કાળમાં મનુષ્ય છ હજાર ધનુષના ઉંચા હતા અને તેમનું પરમાયુ ત્રણ પલ્યોપનમનું હતું જંબૂદ્ધીપવર્તી ભરત અને ઐરવત ક્ષેત્રોમાં આ ઉત્સર્પિણીના સુષમ-સુષમા કાલમાં મનુષ્યોની ઉંચાઈ અને તેનું પરમાયુ પૂર્વવત્ હતું. જંબૂદ્ધીપવર્તી ભરત અને ઐરવત ક્ષેત્રોમાં આગામી ઉત્સર્પિણીના સુષમ-સુષમા કાળમાં મનુષ્યોની ઉંચાઈ અને તેનું પરમાયુ પૂર્વવત્ જ થશે. જંબૂદ્ધીપવર્તી દેવકુરૂ અને ઉત્તરકુરૂ બે ક્ષેત્રોમાં મનુષ્યોની ઉંચાઈ અને તેનું પરમાયુ પૂર્વવત્ જ હોય છે. એ પ્રમાણે ઘાતકી ખંડદ્ધીપના પૂર્વાર્ધમાં પૂર્વવત્ ચાર આલાપકો કહેવા યાવત્-પૂષ્કરવર દ્ધીપાર્ધના પશ્ચિમાર્ધમાં પણ પૂર્વવત્ ચાર આલોપકો સમજી લેવા.

(૫૩૭) સંઘયણ છ પ્રકારના. વજ્રઋષભનારાચસંઘયણ ઋષભનારાચ સંઘયણ, નારાચસંઘયણ, અર્ધનારાચસંઘયણ, કીલિકાસંઘયણ, સંવાર્ત સંઘયણ.

(૫૩૮) સંસ્થાન છ પ્રકારના છે. જેમકે સમચચતુરસ્રસંસ્થાન, ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, સાદિસંસ્થાન, કુબ્જસંસ્થાન, વામનસંસ્થાન હુંડસંસ્થાન.

(૫૩૯) છ સ્થાનકો આત્મભાવમાં રમણ નહિ કરનાર મનુષ્યને માટે અહિતકર, અશુભ, અશાંતિ મટાડવાને માટે અસમર્થ, અકલ્યાણકર, અને અશુભ પરમમ્પરાવાળા છે.- વયની અપેક્ષાએ અથવા દીક્ષાની અપેક્ષાએ મોટઈ, પુત્રાદિ અથવા શિષ્યાદિનો ઘણો પરિવાર, મહાન પૂર્વગતાદિશ્રુત, અનશનાદિ મહાતપ, મહાલાભ, મહાન પૂજાસ્તકાર. આત્મભા-વવર્તી મનુષ્યોને માટે ઉપરના છ સ્થાનો હિતકર હોય છે. શુભ હોય છે, અશાન્તિ મટાડવામાં સમર્થ હોય છે. શુભ પરમ્પરાવાળા હોય છે. તે આ વયની અથવા દીક્ષાની અપેક્ષાએ મોટા પણુ યાવત્ પૂજા સત્કાર.

(૫૪૦-૫૪૧) જાતિ આર્ય (વિશુદ્ધ માતૃપક્ષવાળા) મનુષ્યો છ પ્રકારના કહેલ છે. અંબષ્ઠ, કલંદ, વૈદેહ, વેદગાયક, હરિન, ચૂંચણ.

(૫૪૨) કુલાર્ય મનુષ્ય (વિશુદ્ધ પિતૃપક્ષવાળા) મનુષ્યો છ પ્રકારે છે જેમકે - ઉગ્રકુલના, ભોગકુલના, રાજન્યકુલના, ઈક્ષ્વાકુકુલના, જ્ઞાતકુલના, કૌરવકુલના.

(૫૪૩) લોક સ્થિતિ છ પ્રકારની છે. જેમકે આકાશને આધારે વાયુ, વાયુને આધારે ધનોદધિ, ધનોદધિને આધારે પૃથ્વી, પૃથ્વીને આધારે ત્રસ સ્થાવર જીવો, જીવને આધારે અજીવો રહેલ છે. જ્ઞાનાવરણાદિ કર્મને આધારે જીવો રહેલા/

(૫૪૪) દિશશ છ પ્રકારે છે. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઉર્ધ્વ, અધોદિશા. જીવોની ગતિ ઉપરના છ દિશાઓમાં હોય છે. એવી જ રીતે છ દિશાઓમાં આગતિ, ઉત્પત્તિ સ્થાન પ્રત્યે આવવું, વ્યુક્રાન્તિ ઉત્પતિ સ્થાનમાં ઉત્પન્ન થવુ, આહાર શરીરની વૃદ્ધિ, શરીરની વિકૂર્વણા, ગતિપર્યાય એટલે ચાલવું, વેદનાદિ સમુદ્ઘાત, દિવસ રાત વિગેરે કાલનો સંયોગ, અવધિ આદિ જ્ઞાનોથી વિશેષજ્ઞાન, જીવોના સ્વરૂપને પ્રત્યક્ષથી જાણવું, પુદગલાદિ અજીવોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણવું. એ જ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને માટે પણ કહેવું જોઈએ.

(૫૪૫-૫૪૬) છ કારણો વડે શ્રમણ નિર્ગ્રંથ આહાર કરતો ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી. જેમકે ક્ષુધોવેદનીયને ઉપશમાવવા માટે, વૈયાવૃત્યને માટે ઈર્યાસમિતિને પાળવા માટે, સંયમની રક્ષામાટે, પ્રાણોના નિર્વાહમાટે, ધર્મ ચિતન માટે.

(૫૪૭-૫૪૮) છ કારણોથી શ્રમણે નિર્ગ્રંથ આહારનો ત્યાગ કરે તો ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી. જેમકે આતંક-જવરાદિની શાંતિને માટે. રાજા અથવા સ્વજન વડે ઉપસર્ગ થવા પર તિતિક્ષા-સહિષ્ણુતા કેળવવા માટે, બ્રહ્મચર્યની રક્ષાને માટે. શરીરનો ત્યાગ, કરવા માટે.

(૫૪૯) છ કારણો વડે આત્મા ઉન્માદને પામે છે. અર્હંતોના અવર્ણપાદ કરના. અર્હંત પ્રરૂપિત ધર્મનો અવર્ણવાદ કરવાથી, આચાર્ય ઉપાધ્યાયના અવર્ણવાદ કરવાથી. ચતુર્વિધસંઘના અવર્ણવાદથી. યક્ષ-આવેશના કારણે. મોહનીય કર્મના ઉદયથી.

(૫૫૦) પ્રમાદ છ પ્રકારે છે. જેમ કે - મદ્યપ્રમાદ, નિદ્રાપ્રમાદ, વિષયપ્રમાદ, કષાયપ્રમાદ, ધુત-જુગાર પ્રમાદ, પ્રતિલેખનમાં પ્રમાદ.

(૫૫૧-૫૫૨) પ્રમાદ પુર્વક કરાતી પ્રતિલેખના છ પ્રકારે છે. આરભટા ઉતાવળથી પ્રતિલેખના કરવી. સંમર્દા-વસ્ત્રાદિનું મર્દન કરીને પ્રતિલેખના કરવી. મોસલી-વસ્ત્રના ઉપરના, નીચેના, તિર્યગભાગનું પ્રતિલેખન કરતા પસ્પર સંઘટ્ટો કરવો, પ્રસ્ફોટના-વસ્ત્રની રજને ઝોટકવી. વિક્ષિપ્સા-

પ્રતિલેખન કરેલ વસ્ત્રને નહિ પ્રતિલેખન કરેલ વસ્ત્રો સાથે રાખવા. વેદિકા-પ્રતિલેખન કરવાના સમયે વિધિપૂર્વક ન બેસવું.

(૫૫૩-૫૫૪) અપ્રમાદ-પ્રતિલેખના છ પ્રકારના છે, જેમકે અનર્નિતા-શરીર અને વસ્ત્રને જેમા નચાવેનહિ તે અવ-લિતાવસ્ત્ર અથવા શરીર તે નમાવવા વગર પ્રતિલેખના કરવી. અનાનુબંધી-ઉતાવળ વિના અથવા શરીર તે નમાવવા વગર પ્રતિલેખના કરવી. અનાનુબંધી-ઉતાવળ વિના અથવા ઝાટક્યા વિના પ્રતિલેખશ્રા કરવી. અમોસલી-વસ્ત્રને મસળ્યા વિના પ્રતિલેખના કરવી. છપુરિમા-વસ્ત્રને પહોળું કરી આંખવડે જોઈને તેના આગલા ભાગને ઉથલાવી અને જોઈને ત્રણ પ્રસ્ફોટ કરવા તથા તેને ફરી ઉથલાવીને ચક્ષુથી જોઈ ફરીથી બીજા ત્રણ પ્રસ્ફોટ કરવા. નવ ખોટકા-ત્રણ ત્રણ ખોટકા ત્રણ ત્રણ પ્રમાર્જનમાંથી અંતરિત ત્રણ વાર હાથ ઉપર કરવા રૂપ પાંચમી અને હાથ ઉપર કુંથુ વિગેરે જીવોનું શોધન કરવું તે છઠ્ઠી.

(૫૫૫) છ લેશ્યાઓ કહેલી છે. - કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુક્લલેશ્યા. તિર્યંચ પંચેન્દ્રિઓમાં છ લેશ્યાઓ છે. જેમકે-કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. મનુષ્ય અને દેવતાઓમાં લેશ્યાઓ છે, જેમકે-કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા.

(૫૫૬) શક્રદેવેન્દ્ર દેવરાજ સોમ મહારાજાની છ અગ્રમહિષીઓ છે. શક્રદેવેન્દ્ર દેવરાજ જમમહારાજાની છ અગ્રમહિષીઓ છે.

(૫૫૭) ઈશાન દેવેન્દ્રની મધ્યમ પરિષદના દેવોની સ્થિતિ છ પલ્યોપમની છે.

(૫૫૮) છ શ્રેષ્ઠ દિકકુમારીઓ છે. જેમકે રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપવતી, રૂપકાંતા અને રૂપપ્રભા. છ શ્રેષ્ઠ વિદ્યુતકુમારિઓ છે જેમકે-આલા, શુક્રા, સતેરા સૌદામિની ઈન્દ્રા ધનવિદ્યુતા.

(૫૫૯) ધરણ નાગેન્દ્રની છ અગ્રમહિષીઓ છે - આલા, શુક્રા, સતેરા, સૌદામિની, ઈન્દ્રા ધનવિદ્યુતા, ભૂતાનંદ નાગકુમારેન્દ્રની છ અગ્રમહિષીઓ છે - રૂપા રૂપાશા, સુરૂપા, રૂપવતી, રૂપકાંતા, રૂપપ્રભા. ઘોષ સુધીના દક્ષિણ દિશાના દેવેન્દ્રોની અગ્રમહિષીઓના નામ ઘરણેન્દ્રની અગ્રમહિષીઓ મહાઘોષ સુધી ઉત્તરદિશાના દેવેન્દ્રોની અગ્ર-મહિષીઓના નામ ભૂતાનંદની અગ્રમહિષીઓના નામ સમાન છે.

(૫૬૦) ધરણ નાગકુમારેન્દ્રના છ હજાર સામાનિક દેવો હોયર છે - એ પ્રમાણે ભૂતાનંદ યાવત્ મહાઘોષ નાગકુમારેન્દ્રની છ હજારસામાનિક દેવો છે.

(૫૬૧) અવગ્રહમતિ છ પ્રકારની છે. નિર્મળતાથી શબ્દને શીઘ્ર ગ્રહણ કરવાવાળી મતિ. બહુક્ષિપ્રા અનેક પ્રકારના શબ્દોને ગ્રહણ કરનારી મતિ બહુવિધ-અનેક પર્યાયોને અથવા અનેક પ્રકારના શબ્દોને ગહણ કરવાવાળી મતિ. ધ્રુવ-એકવાર ગ્રહણ કરેલ અર્થને સ્થિર રૂપે રાખવાવાળી મતિ. અનિશ્રિત-ધ્વજાદિ ચિન્હ વિના ગ્રહણ કરવાવાળી મતિ. અસં-દિગ્ધ-સંશય રહિત ગ્રહણ કરવાવાળી મતિ, ઈહા-વિચારણા તર્કરૂપ મતિ છ પ્રકારે કહેલ છે, જેમ કે ક્ષિપ્રઈહામતિ-શિઘ્ર વિચાર કરવાવાળી મતિ યાવત્ સંદેહ રહિત વિચાર કરવાવાળી મતિ, અવાય-નિર્ણયરૂપ મતિ છ પ્રકારે કહેલી છે. - શીઘ્ર નિશ્ચય કરવાવાળી મતિ-યાવત્ સંદેહ નિશ્ચય કરવાવાળી મતિ, ધારણા - સ્મરણ રાખવારૂપ મતિ છ પ્રકારે કહેલી છે. જેમ કે - બહુધારણા-મતિ બહુવિધ ધારણા-મતિ. પુરાણધારણા-પુરાણાને ધારણ કરવાવાળી મતિ. દુર્ધરધારણા-ગહન વિષયોને ધારણ કરવાવાળી મતિ. અનિશ્રિત ધારણા-ધ્વજા આદિ ચિન્હો વિના ધારણ કરવાવાળી મતિ. અસંદિગ્ધ ધારણા-સંશય વિના ધારણ કરવાવાળી મતિ.

(૫૬૨) બાહ્યતપ છ પ્રકારના છે. જેમ કે -(અનશન-આહારનો ત્યાગ) ઉનોદરિકા (એક કવલ આદિ ન્યૂન આહાર ગ્રહણ કરવું.) ભિક્ષાચર્યા (વિવિધ પ્રકારના અભિગ્રહકરીને આહારાદિ ગ્રહણ કરવા.) રસપરિત્યાગ-કાયકલેશ-પ્રતિસંલીનતા. (ઈન્દ્રિય જય-કષાય જય, યોગોનો જય અને વિવિક્ત શય્યાસન) આભ્યંતરતપ છ પ્રકારનો છે. જેમ કે - પ્રાયશ્ચિત્ત (આલોચનાદિ દસ પ્રકારના) વિનય - (જે તપથી વિશેષ રૂપથી કર્મોનો નાશ થાય.) વૈયાવૃત્ય-(સેવા) સ્વાધ્યાય-ધ્યાન (એકાગ્ર થઈને ચિંતન કરવું.) વ્યુત્સર્ગ-(પરિત્યાગ).

(૫૬૩) વિવાદ છ પ્રકારનો છે. જેમકે અવષ્વષ્કય-પાછા હઠીને પ્રારંભમાં કંઈક સામાન્ય તર્ક આપી સમય વીતાવે અને અનુકૂલ અવરસ જોઈ પ્રતિવાદી પર સબલ આક્ષેપ કરે. ઉન્ષ્વષ્કય-પાછળ હટાવી કોઈ પ્રકારે પ્રતિવાદીથી વિવાદ બંધ કરાવે અને અનુકૂલ અવસર પામી ફરી વિવાદ કરે. અનુલોમ્ય-નિયુક્ત કરેલ સભ્યોને અને સભાપતિને અનુકૂલ બનાવી વિવાદ કરે પ્રતિલોમ્ય-સમર્થ હોવાથી સભ્યોને અને સભાપતિને પ્રતિકૂલ કરીને વિવાદ કરે. ભેદયિત્વા-સભ્યોમાં મતભેદ ઉત્પન્ન કરીને વિવાદ કરે. મેલયિત્વા-કેટલાક સભ્યોને પોતાના પક્ષમાં ભેળવીને વિવાદ કરે.

(૪૬૪) ક્ષુદ્ર પાણી છ પ્રકારે છે. જેમકે-બેઈન્દ્રિય તેઈન્દ્રિય ચઉરિન્દ્રિય સમૂચ્છિંમપંચેન્દ્રિયયયોનિક, તેજસ્કાયિક વાયુકાયિક.

(૫૬૫) છ પ્રકારની ગોચરી કહેલી છે. જેમકે-પેટા-(પેટીની જેમ ગામના ચાર વિભાગ કરીને ગોચરી કરવી.) અર્ધ પેટા-(ગામના બે વિભાગ કરીને ગોચરી કરવી.) ગોમૂત્રિકા- (ઘરોની પંક્તિઓમાં ગોમૂત્રિકાની સમાન ક્રમ બનાવીને ગોચરી કરવી) પંતંગવીથિકા-અનિયતક્રમથી ગોચરી કરવી. શંબુકવૃત્તા-શંખના વૃત્તની જેમ ઘરોના ક્રમ બનાવીને ગોચરી કરવી. ગત્વાપ્રત્યાગત્વા-પ્રથમ પંક્તિના ઘરોમાં ક્રમથી આદ્યોપાન્ત ગોચરી કરીને બીજી પંક્તિના ઘરોમાં ક્રમથી અદ્યોપાન્ત ગોચરી કરવી.

(૫૬૬) જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના દરિમાં આવેલ રત્નપ્રભા પૃથ્વીમાં છ અપક્રાસ મહાનારકાવાસ છે. - લોલ, લોલુપ, ઉદગ્ધ નિર્દગ્ધ, જરક, પ્રજરક. ચોથી પંકપ્રભાપૃથ્વીમાં છ અપક્રાન્ત મહાનરકાવાસ છે. આર, વાર, માર, રોર, રોરુક અને ખડાખડ.

(૫૬૭) બ્રહ્મ લોક કલ્પમાં છ વિમાન પ્રસ્તરો છે. જેમકે-અરજ, વિરજ, નીરજ નિર્મલ વિતિમિર, વિશુદ્ધ.

(૫૬૮) જ્યોતિષ્કેન્દ્ર ચન્દ્રની સાથે છ નક્ષત્રો ૩૦, ૩૦ મૂહૂર્ત સુધી સંપૂર્ણ ક્ષેત્રમાં યોગ કરે છે, જેમકે-પૂર્વાભાદ્રપદા, કૃતિકા, મઘા, પૂર્વાફાલ્ગુની, મૂલ. પૂર્વાષાઢા. જ્યોતિષ્કેન્દ્ર ચન્દ્રની સાથે છ નક્ષત્રો ૧૫-૧૫ મૂહૂર્ત સુધી ક્ષેત્રમાં યોગ કરે છે. જેમકે શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા. જ્યોતિષ્કેન્દ્ર ચન્દ્રની સાથે છ નક્ષત્રો આગળ અને પાછળ બન્ને બાજુ ૪૫-૪૫ મુહૂર્ત સુધી યોગ કરે છે. જેમકે રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુણી, વિશાખા, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા.

(૫૬૯) અભિચન્દ્ર નામક કુલકર છ સો ધનુષ ઉંચા હતા.

(૫૭૦) ભરત ચક્રવર્તી છ લાખ પૂર્વ સુધી મહારાજા (રાજપદ પર) રહ્યા હતા.

(૫૭૧) ભગવાન પાર્શ્વનાથની છ સો વાદી મુનિઓની સંપદા હતી, તે વાદી મુનીઓ દેવ-મનુષ્યોની પરિષદમાં અજેય હતા. વાસુપુજ્ય અર્હંતની સાથે છ સો પુરુષ પ્રવ્રજિત થયા હતા. ચન્દ્રપ્રભ અર્હંત છ માસ સુધી છદ્મસ્થ રહ્યા હતા.

(૫૭૨) તેઈન્દ્રિય જીવોની હિંસા ન કરવા વાળા છ પ્રકારના સંયમનું પાલન કરે છે, જેમકે-ગંધ ગ્રહણનું સુખ નષ્ટ કરતો. ગ્રહણ ન કરી શકવાનું દુ:ખ પ્રાપ્ત નથી કરાવતો. રસાસ્વાદનું સુખ નષ્ટ નથી કરતો. રસાસ્વાદ ન કરી શકવાનું દુ:ખ પ્રાપ્ત નથી કરાવતો. સ્પર્શજન્ય સુખ નષ્ટ નથી કરતો. સ્પર્શાનુભવ ન થવાનું દુ:ખ પ્રાપ્ત નથી કરાવતો. તેઈન્દ્રિય જીવોની હિંસા કરનાર છ પ્રકારનો અસંયમ કરે છે. જેમકે ગંધગ્રહણ જઘન્ય સુખનો વિનાશ કરે છે. રસાસ્વાદ ન કરી શકવાનું દુ:ખ પ્રાપ્ત કરાવે છે. સ્પર્શજન્ય સુખનો વિનાશ કરે છે. સ્પર્શાનુભવ ન કરી શકવાના દુ:ખને પ્રાપ્ત કરાવે છે.

(૫૭૩) જંબૂદ્વીપમાં છ અકર્મભૂમીઓ છે. જેમકે હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યકવર્ષ, દેવકુરૂ, ઉત્તરકુરૂ. જંબૂદ્વીપમાં છ વર્ષ (ક્ષેત્ર) છે. જેમકે-ભરત, ઐરવત, હૈમવત, હૈરણયવત, હરિવર્ષ, રમ્યકવર્ષ. જબૂદ્વીપમાં છ વર્ષધર પર્વતો છે. જેમકે-ચુલ્લ હિમવંત, મહા હિમવંત, નિષધ નીલવંત, રુકિમ, શિખરી.

જંબૂદ્વીપવર્તી મેરુ પર્વતથી દક્ષિણદિશામાં છ કૂટ છે. ચુલહૈમવંતકૂટ, વૈશ્રમણ,, કૂટ, મહાહૈમવતકૂટ, વૈડૂર્યકૂટ, નિષધકૂટ, રુચકકૂટ. જંબૂદ્વીપર્વતત મેરુ પર્વતથી ઉત્તર દિશામાં છ કૂટ છે. નીલવાનકૂટ, ઉપદર્શનકૂટ, રુકિમકૂટ, મણિકંચનકૂટ, શિખરીકૂટ તિગિચ્છકૂટ. જંબૂદ્વીપમાં છ મહાદ્રહ છે,- પદ્મદ્રહ, મહાપદ્રમદ્રહ, તિગિચ્છદ્રહ, કેસરીદ્રહ, મહાપૌડરીકદ્રહ, પૌંડરીકદ્રહ. તે મહાદ્રહોમાં છ પલ્યોપમની સ્થિતિ વાળી છ મહર્ધિક દેવીઓ છે-શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી.

જંબૂદ્વીપવર્તી મેરૂથી દક્ષિણ દિશામાં છ મહાનદીઓ છે. જેમકે-ગંગા, સિંધુ, રોહિતા, રોહિતાંશા, હરી, હરિકાંતા, જંબૂદ્વીપવર્તી મેરૂથી ઉત્તર દિશામાં છ મહાનદીઓ છે. જેમકે-નરકાંતા, નારીકાંતા, સુવર્ણ કૂલા, રુપ્યકૂલા, રક્તા, રક્તવતી. જંબૂદ્વીપવર્તી મેરૂથી પૂર્વમાં સીતા મહાનદીના બન્ને કિનારા પર છ અન્તર-નદીઓ છે. જેમકે ગ્રાહવતી, દ્રહવતી, પંકવતી, તપ્તજલા, મત્તજલા, ઉન્મત્તજલા. જંબૂદ્વીપવર્તી મેરુથી પશ્ચિમમાં શીતોદા મહાનદીના ઉર્મિમાલિની, ફેનમાલિની, ગંભીરમાલિની.

ઘાતકીખંડના પૂર્વાર્ધમાં છ અકર્મભુમીઓ છે. જેમકે-હેમવત આદિ પૂર્વોક્ત સૂત્રો સમજી લેવા ઘાતકીખંડના પશ્ચિમાર્ધમાં પણ હૈમવત વર્ષ આદિ પૂર્વોક્ત બધું છે પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધમાં પણ જંબૂદ્વીપની સમાન જાણવું. પુષ્કર દ્વીપાર્ધના પશ્મિર્ધમાં પણ જંબૂદ્વીપની સમાન અગ્યાર સૂત્રો કહેવા.

(૬૭૪) ઋતુઓ છ છે, જેમકે પ્રાવૃટ-અષાઢ અને શ્રાવણ માસ. વર્ષા-ભાદ્રપદ અને અશ્વિનમાસ. શરદ-કાર્તિક અને માર્ગશીર્ષ. હેમંત-પોષ અને માઘ. વસંત-ફાલ્ગુન અને ચૈત્ર. ગ્રીષ્મ-વૈશાખ અને જ્યેષ્ઠ.

(૫૭૫) છ પર્વ દિન ક્ષયવાળા છે એટલે આ પૂર્વોમાં દિનમાન ઓછો થાય છે. જેમકે-તૃતીયપર્વ-અષાઢ કૃષ્ણપક્ષ. સપ્તમપર્વ-કાર્તિકકૃષ્ણપક્ષ. અગ્યારમું પર્વ કાર્તિક કૃષ્ણપક્ષ. પંદરમું પર્વ-પોષ કૃષ્ણ પક્ષ. ઓગણીસમું

પર્વ-ફાગળ કૃષ્ણપક્ષ. તેત્રીસમું પર્વ-વૈશાખ કૃષ્ણપક્ષ. પર્વ દિવસની વૃદ્ધિવાળા છે. જેમકે ચોથું પર્વ-આષાઢ શુક્લ પક્ષ આઠમું પર્વ-ભાદ્રપદ શુક્લપક્ષ. બારમું પર્વ-કાર્તિક શુક્લ પક્ષ. સોળમું પર્વ-પોષસુદ વીસમું પર્વ-ફાગણ સુદ. ચોવીસમું પર્વ-વૈશાખ સુદ.

(૫૭૬) આભિનિબોધિક - જ્ઞાનનો અર્થાવગ્રહ છ પ્રકારે છે શ્રોત્રેન્દ્રિય આદિ.

(૫૭૭) અવધિજ્ઞાન છ પ્રકારે કહેલ છે-આનુગામિક સાથે ચાલનાર. અનાનુગામિક-જે અવધિજ્ઞાન દીપકની જેમ અવધિજ્ઞાનીની સાથે નથી ચાલતો. વર્ધમાન-જે અવધિજ્ઞાન પ્રતિ સમય વધતું રહે છે. જે અવધિજ્ઞાન ઘટતું રહે, પ્રતિપાતિહીયમાન જે અવધિજ્ઞાન વધારેમાં વધારે પૂર્ણ લોક સુધી જોઈને પછી નષ્ટ થઈ જાય છે. અપ્રતિપાતિ જે અવધિજ્ઞાન ઉત્પન્ન થઈને નષ્ટ ન થાય.

(૫૭૮) નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને આ છ વચન કહેવા યોગ્ય નથી અલીક વચન,-અસત્યવચન હીલિત વચન-ઈર્ષ્યાળુવચન. ખિંસિતવચન-ગુપ્તવાતો. પ્રગટ કરલી. પુરૂષવચન-કઠોરવચન. ગૃહસ્થ વચન-બેટા ભાઈ આદિ કહેવું. ઉદીર્ણવચન ઉપશાંત કલહને પુનઃઉદ્દીપ્ત કરનાર વચન.

(૫૭૯) કલ્પ (સાધુના આચાર) ના છ પ્રસ્તારપ્રાયશ્ચિતની વૃદ્ધિ કહેલ છે - નાનો સાધુ મોટા સાધુને કહે કે તમોએ મૃષાવાદ બોલેલ છે, અમુક વસ્તુ ચોરી છે, અવિરતિનું સેવન કર્યું છે, અપુરૂષ (નપુંસક) છો. તમે દાસ છો. આ છ વચનોને જાણી બુઝીને પણ મોટા શ્રમણ જો નાના શ્રમણને પ્રાયશ્ચિત ન આપે તો મોટા શ્રમણ પ્રાયશ્ચિતના ભાગી થાય છે.

(૫૮૦) સાધુના આચારના છ પલિમંથુ (સંયમઘાતક) કહેલા છે. જેમકે કૌત્કુચ્ય - કુચેષ્ટા, સંયમનો વિઘાત કરનાર છે. મૌખર્ય-બહુ બોલવું સત્ય વચનનો વિઘાતક છે. ચક્ષુલોલપી-આડુ અવળું જોવરથી ઈર્યા. સમિતિનો વિઘાત થાય છે. તિંતિનિક-ઈષ્ટ વસ્તુના અલાભથી ખેદ કરનાર એષણા પ્રધાન ગોચરીનો ઘાતક થાય છે ઈચ્છાલોભિક-અતીલોભ કરનાર મુક્તિમાર્ગનો વિઘાતક થાય છે. મિથ્યા નિદાન કરણ-લોભથી નિદાન કરનાર મોક્ષ માર્ગનો વિઘાતક થાય છે.

(૫૮૧) કલ્પસ્થિતિ (સાધુના આચરાની મર્યાદા) છ પ્રકારે કહેલી છે. જેમકે - સામાયિકકલ્પસ્થિતિ (શય્યાંતર પિંડ વિગેરે ન લેવારૂપ ચાર અવસ્થિત કલ્પ લક્ષણ મર્યાદા) છેદોપસ્થાપનિક કલ્પસ્થિતિ-શૈક્ષકાલ પૂર્ણ થવા પર પાંચમહાવ્રત ધારણ કરવાની મર્યાદા, નિર્વિશમાન-કલ્પસ્થિતિ-(પારિહારિક તપ સ્વીકાર કરનારની મર્યાદા.) નિર્વિષ્ટકલ્પસ્થિતિ - (પારિહારિક તપ પૂર્ણ કરનારની મર્યાદા.) જિનકલ્પ સ્થિતિ-જિનકલ્પના મર્યાદા સ્થવિર કલ્પસ્થિત-સ્થવિરકલ્પની મર્યાદા.

(૫૮૨) શ્રમણ ભગવાન મહાવીર નિર્જલ છઠ ભક્તકરીને મુંડિત યાવત્ પ્રવ્રજિત થયા હતા. શ્રમણ ભગવાન મહાવીરને જ્યારે કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું હતું તે સમયે નિર્જલ ચૌવિકાર છઠભક્ત હતો. શ્રમણ ભગવાન મહાવીર જ્યારે સિદ્ધ યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા તે સમયે ચૌવિહાર છઠભક્ત હતો.

(૫૮૩) સનત્કુમાર અને માહેન્દ્રકલ્પ-દેવલોકમાં વિમાન છસો યોજન ઉંચા છે. સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં ભવધારણીય શરીરની અવગાહના છ હાથની છે.

(૫૮૪) ભોજનનો પરિણામ છ પ્રકારનો છે.-મનોજ્ઞ-મનને સારું લાગવવાળો. રસિક-માધુર્યાદિરસથી યુક્ત. પ્રીણનીય-તૃપ્તિ કરવાવાળો. વૃહણીય-શરીરની વૃદ્ધિ કરવાવાળો. દીપનીય-જઠરાગ્નિ પ્રદીપ્ત કરવાવાળો. મદનીય-કામોત્તેજક. વિષનું પરિણામ છ પ્રકારે કહેલ છે-દષ્ટ-સર્પ આદિના ડંખથી પીડા પહોંચાડવા વાળો, ભુક્ત-ખાવા પર પીડા પહોંચાડવાવાળો, નિયતિત-શરીર પર પડતાંજ પીડિત કરવાવાળો, માંસાનુસારી-માંસમાં વ્યાપ્ત થવાવાળો, શોણિતાનુસારી-લોહી સુધી વ્યાપ્ત થવાવાળો. અસ્થિમજ્જાનુસારી-હાડકા અને ચરબીમાં વ્યાપ્ત થવાવાળું.

(૫૮૫) ચમરચંચા રાજધાનીમાં ઉત્કૃષ્ટ ઉપપાત વિરહ છ માસનો છે. પ્રત્યેક ઈન્દ્રસ્થાનમાં ઉપપાતવિરહ ઉત્કૃષ્ટ છ માસનો છે. સપ્તમપૃથ્વી તમસ્તમામાં ઉપપાતવિરહ ઉત્કૃષ્ટ છ માસનો છે. સિદ્ધગતિમાં ઉપપાતવિરહ ઉત્કૃષ્ટ છ માસનો છે.

(૫૮૭) આયુષ્યનો બંધ છ પ્રકારનો કહેલ છે. યથા-જાતિનામનિધત્તાયુ-જાતિનામકર્મની સાથે સમયે સમયે ભોગવવાને માટે આયુકર્મના દલિકોની નિષેક રચના. ગતિનામનિધત્તાયુ-ગતિનામકર્મની સાથે પૂર્વોક્ત નિષેકરચના. સ્થિતિનામનિધત્તાય-સ્થિતિની અપેક્ષાએ નિષેકરચના. અવગાહનાનામનિધત્તાયુ - જેમાં આત્મા રહે તે અવગાહના તે ઔદારિક શરીર આદિની હોય છે, તેથી શરીરનામ કર્મની સાથે પૂર્વોક્ત રચના. પ્રદેશનામનિધત્તાયુ-પ્રદેશરૂપ નામ કર્મની સાથે પૂર્વોક્ત રચના. અનુભાવનામનિધત્તાયુ-અનુભવ વિપાક રૂપ નામ કર્મ સાથે પૂર્વોક્ત રચના નૈરયિકોને છ પ્રકારના આયુનો બંધ કહેલો છે. જાતિનામ નિધત્તાયુ યાવત્ અનુભાવનામ નિધત્તાયુ વૈમાનિકો સુદીબધા દંડકોમાં એમ જ જાણવું. નૈરયિક છ માસ આયુ શેષ રહેવા પર પરભવનું આયુ બાંધે છે. અસુરકુમારોથી લઈ

સ્તનિતકુમારો પણ છ માસ આયુ શેષ રહેવા પર પરભવનું આયુષ્ય બાંધેછે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી મુનષ્યો માટે સમજવું. વાણવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનો આયુષ્યબંધ નારકોની સમાન સમજવો.

(૫૮૮) ભાવ છ પ્રકારના છે. જેમકે ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અનેસાન્નિપાતિક.

(૫૮૯) પ્રતિક્રમણ છ પ્રકારના છે. જેમકે-ઉચ્ચારપ્રતિક્રમણ-મલને પરઠવીને સ્થાન પર આવે અને માર્ગમાં લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરે. પ્રશ્રવણપ્રતિક્રમણ-મૂત્રને પરઠવીને પૂર્વવત ઈત્વરિક પ્રતિક્રમણ-થોડા કાલનું પ્રતિક્રમણ યાવત્કથિક પ્રતિક્રમણ-મહાવ્રત ગ્રહણ અથવા ભક્તપરિજ્ઞાપ્રત્યાખ્યાન યત્કિંચિત્ મિથ્યાપ્રતિક્રમણ-જે મિથ્યા આચરણ થયું હોય તેનું પ્રતિક્રમણ. સ્વાપ્નાન્તિક પ્રતિક્રમણ-સ્વપ્ન સંબંધી પ્રતિક્રમણ.

(૫૯૦) કૃતિકા નક્ષત્રના છ તારા છે - આશ્લેષા નક્ષત્રના છે તારા છે.

(૫૯૧) જીવોએ છ સ્થાનોમાં અર્જીત પુદ્‌ગલોને પાપકર્મ રૂપે એકત્રિત કર્યા છે. એકત્રિત કરે છે. અને એકત્રિત કરશે. જેમકે-પૃથ્વીકાયમાં રહીને-યાવત્ - ત્રસકાયમાં રહીને. પૂર્વોક્ત રૂપે અર્જિત પુદ્‌ગલોને પાપ કર્મના રૂપમાં ચય કર્યો છે. ઉપચય કર્યો છે. બંધ કર્યો છે. ઉદીરણા કરી છે. વેદન કર્યું છે. અને નિર્જરા કરી છે. છ પ્રદેશી સ્કંધો અનંત છે. આકાશના છ પ્રદેશમાં અવગાઢ પુદ્‌ગલો અનંત છે.

સ્થાન : ૬ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૭

(૫૯૨) ગણને છોડવાના સાત કારણો છે.- હું બધા ધર્મોને પ્રાપ્ત કરવા ઈચ્છું છે અને તે ધર્મો ને હું અન્ય ગણમાં જઈને જ પ્રાપ્ત કરી શકીશ જેથી હું અન્ય ગણમાં જવા ઈચ્છું છું. મને અમુક ધર્મ પ્રિય છે અને અમુક ધર્મ પ્રિય નથી, તેથી હું ગણ છોડીને અન્ય ગણમાં જવાં ઈચ્છુ છું. અમુક ધર્મો માં મને સંશય છે અને કોઈ ધર્મ માં સંશય નથી, તેથી હું સંશયનિવારણાર્થ અન્ય ગણમાં જવા ઈચ્છું છું. બધા ધર્મોની વિશિષ્ટ ધારણોઓને હું (શિખડાવવા) ઈચ્છું છું. આ ગણમાં એવો કોઈ યોગ્ય પાત્ર નથી જેને શિખડાવું તેથી હું અન્ય ગણમાં જવા ઈચ્છું છું કોઈક ધર્મો (પૂર્વોક્ત ધારણાઓ) ને દેવા ઈચ્છું છું અને કોઈક ધર્મો (પૂર્વોક્ત ધારણાઓ) ને દેવા નથી ઈચ્છતો, તેથી હું અન્ય ગણમાં જવા ઈચ્છું છું. પ્રભો હું એકલ વિહારની પ્રતિમા ધારણ કરીને વિચારવા ઈચ્છું છું.

(૫૯૩) વિભંગજ્ઞાન સાત પ્રકારે કહેલું છે. - એક દિશામાં લોકાભિગમ, પાંચ દિશામાં લોકાભિગમ, જીવ વડે કરાતી પ્રાણાતિપાતાદિ ક્રિયાને દેખવાથી અને કર્મને નહિ દેખવાથી જીવ ક્રિયાવરણ છે, એવી માન્યતા, બાહ્ય આભ્યંતર પુદ્‌ગલથી રચાયેલ શરીરવાળો જીવ છે એવી માન્યતા, બાહ્ય આભ્યંતર પુદ્‌ગલથી રહિત શરીરવાળો જીવ છે એવી માન્યતા જીવ રૂપી છે એવી માન્યતા, વાયુ વડે કંપનાર પુદ્‌ગલના સમૂહને દેખવાથી સમસ્ત વસ્તુઓ જીવરૂપ જ છે, એવા નિશ્ચયવાળું સાતમું વિભંગજ્ઞાન. સાત પ્રકારના વિભંગજ્ઞાનનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

પ્રથમ વિભંગજ્ઞાન-કોઈ તથારૂપ શ્રમણ માહન એક દિશાનું લોકાભિગમ જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેથી પૂર્વ પશ્ચિમ, દક્ષિણ અથવા ઉત્તર દિશામાંથી કોઈ એક દિશામાં અથવા યાવત્ ઉપર સૌધર્મ દેવલોક સુધી દેખે છે. તો જે દિશામાં તેને લોક જોયો છે તે દિશામાં લોક છે અન્ય દિશામાં નથી એવી તેને પ્રતીતી થાય છે અને તે માનવા લાગે છે કે મને જ અનુત્તર જ્ઞાન ઉત્પન્ન થયું છે અને તે બીજાને એમ કહે છે કે જે લોકો પાંચ દિશાઓમાં લોક છે, એમ કહે છે તે મિથ્યા કહે છે આ પ્રથમ વિભંગ જ્ઞાન થયું.

બીજું વિભંગ જ્ઞાન-કોઈ શ્રમણ માહણને પાંચે દિશાનું લોકાભિગમ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેથી તે પૂર્વ પશ્ચિમ દક્ષિણ અને ઉત્તર દિશામાં તથા ઉપર યાવત્ સૌધર્મ દેવલોક સુધી લોકે દેખે છે, તો તે પાંચ દિશાઓમાં જ છે તથા એ પણ અનુભવ થાય છે કે મને જ અતિશય જ્ઞાન ઉત્પન્ન થયું છે અને તે કહેવા લાગે છે કે જે લોકો ''એક જ દિશામાં લોક છે'' એમ કહે છે તે મિથ્યા કહે છે આ બીજું વિભાંગ જ્ઞાન થયું.

ત્રીજું વિભંગ જ્ઞાન-કોઈ શ્રમણ અથવા માહણને ક્રિયાવરણ જીવનામનું વિભંગ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે જીવો ને હિંસા કરતા, જુઠ બોલતા, ચોરી કરતા, મૈથુન કરતા, પરિગ્રહમાં આસક્ત રહેતા, અને રાત્રિ ભોજન કરતા, જુએ છે. પરંતુ આ બધા કૃત્યોથી જીવોને પાપ કર્મોને જે બંધ થાય છે તે નથી જોઈ શકતો તે સમયે તેને એવો અનુભવ થાય છે કે મને જ અતિશય જ્ઞાન દર્શન ઉત્પન્ન થયું છે. અને તે એમ માનવા લાગે છે કે જીવને ક્રિયા રૂપ જ આવરણ છે. સાથે એ પણ માનવા લાગે છે કે જે શ્રમણ બ્રાહ્મણ જીવ ક્રિયારૂપ આવરણવાળો નથી' એક કહે છે તે મિથ્યા કહે છે. આ ત્રીજું વિભંગ જ્ઞાન.

ચોથું વિભંગ જ્ઞાન-કોઈ શ્રમણ માહનને મુદગ્રવિભંગ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે બાહ્ય અને આભ્યંતર પુદ્‌ગલોને ગ્રહણ કરીને તથા તેના વિવિધ

પ્રકારનો સ્પર્શ કરીને વિવિધ પ્રકારના શરીરોનો વિકુર્વણા કરતા દેવતાઓને જુએ છે, તે સમયે તેને એવો અનુભવ થાય છે કે મને જ લોકોતર જ્ઞાન દર્શન ઉત્પન્ન થયું છે. તેથી હું જોઈ શકું છું કે જીવ મુદગ્ર અર્થાત્ બાહ્ય અને આભ્યંતર પુદ્ગલો ને ગ્રહણ કરીને શરીર રચના કરવાવાળો છે. જે લોકો જીવને અમદગ્ર કહે છે તે મિથ્યા કહે છે, એમ તે કહે છેઆ ચોથું વિભંગ જ્ઞાન.

પાંચમું વિભંગ જ્ઞાન-કોઈ શ્રમણ માહણને અમુદગ્ર વિભંગ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે આભ્યન્તર અને બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના જ દેવતાઓને વિકુર્વણા કરતા થકા જુએ છે. તે સમયે તેને એવો અનુભવ થાય છે કે મને જ અતિશય જ્ઞાન ઉત્પન્ન થયું છે, તેથી હું જોઈ શકું છું. 'જીવ સમુદગ્ર છે' અને તે એમ કહેવા લાગે છે કે જે લોકો જીવને મુદગ્ર સમજે છે તે મિથ્યાવાદી છે. આ પાંચમું વિભંગ જ્ઞાન થયું.

છઠ્ઠું વિભંગ જ્ઞાન-કોઈ શ્રમણ માહણને જ્યારે રૂપી જીવ નામનું વિભંગ જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે તે જ્ઞાનથી દેવતાઓને જ બાહ્યાભ્યંતર પુદ્ગલ ગ્રહણ કરીને અથવા ગ્રહણ કર્યા વિના વિકુવર્ણા કરતા જુએ છે. તે સમયે તેને એવો અનુભવ થાય છે કે મને અતિશય જ્ઞાનદર્શન ઉત્પન્ન થયું છે અને તે માનવા લાગે છે કે જીવ તો રૂપી છે, જે લોકો જીવ ને અરૂપી કહે છે તે મિથ્યાવાદી છે. આ છઠ્ઠું વિભંગ જ્ઞાન થયું.

સાતમું વિભંગ જ્ઞાન-કોઈ શ્રમણ માહણને જ્યારે ''સર્વે જીવા'' નામનું વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે વાયુથી હાલતા ચાલતા કાંપતા અને અન્ય પુદ્ગલોની સાથે ટકરાતા પુદ્ગલોને જુએ છે ત્યારે તેને એમ લાગે છે કે મને જ અતિશયવાળું જ્ઞાન ઉત્પન્ન થયું છે. તેથી તે એમ માનવા લાગે છે કે ''લોકમાં જે કંઈ છે તે બધું જીવ જ છે, જે લોકો લોકમાં જીવ અને અજીવ બંને માને છે, તે મિથ્યાવાદી છે. આ સાતમું વિભંગજ્ઞાન થયું. એવા વિભંગ જ્ઞાનીને પૃથ્વીકાયિક આદિચાર જીવોનું સમ્યગજ્ઞાન થતું નથી. તેથી તે તે વિષયમાં મિથ્યાદંડનો પ્રયોગ કરે છે.

(૫૯૪) યોનિસંગ્રહ સાત પ્રકારનો છે. જેમકે-અંડજ-પક્ષી, માછલીઓ, સર્પ ઈત્યાદિ ઈંડાથી ઉત્પન્ન થવાવાળા. પોતજ-હાથી, વાગુલ આદિ ચામડી વડે વીંટાળાઈને ઉત્પન્ન થવાવાળા. જરાયુજ-મનુષ્ય, ગાય, આદિ જરની સાથે ઉત્પન્ન થવાવાળા. રસજ-રસમાં ઉત્પન્ન થવાવાળા. સંમૂચ્છિંમ-માતા-પિતાના સંયોગ વિના ઉત્પન્ન થવાવાળા. ઉદિભજ-પૃથ્વીનું ભેદન કરી ઉત્પન્ન થવાવાળા જીવ. અંડજની ગતિ અને આગતિ સાત પ્રકારની હોય છે. એ પ્રમાણે પોતજ યાવત્ ઉદ્ભિજ બધા જીવોની ગતિ અને આગતિ જાણવી. અંડજ અંડજોમાં આવીને ઉત્પન્ન થાય છે. તેમ પોતજો યાવત્ ઉદ્ભિજોથી આવીને પણ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે અંડજ અંડજપણાને છોડીને અંડજ, પોતજ યાવત્ ઉદ્ભિજ પણાંને પામે છે.

(૫૯૫) આચાર્ય અને ઉપાધ્યાયના ગણના સંગ્રહના સ્થાનો સાત છે.જેમકે આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં રહેવાવાળા સાધુઓને સમ્યક્ પ્રકારથી આજ્ઞા અને ધારણા કરે. આગળ પાંચમાં સ્થાનમાં કહેલ અનુસાર યાવત્-આચાર્ય અને ઉપાધ્યાય ગચ્છને પૂછીને પ્રવૃત્તિ કરે ગચ્છને પૂછ્યા વિના પ્રવૃત્તિ ન કરે ઈત્યાદિ કહેવા શેષ બે સંગ્રહસ્થાન આ પ્રમાણે છે - આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં પ્રાપ્ત ઉપકરણોની સમ્યક્ પ્રકારથી રક્ષા અને સુરક્ષા કરે પરંતુ જેમ તેમ ન રાખે. આચાર્ય અને ઉપાધ્યાય સાત પ્રકારથી ગણનો અસંગ્રહ કરે છે. જેમકે આચાર્ય ઉપાધ્યાય ગણમાં રહેવાવાળા સાધુઓને આજ્ઞા અથવા ધારણ સમ્યક્ પ્રકારથી ન કરે. એ પ્રમાણે યાવત્ પ્રાપ્ત ઉપકરણોની સમ્યક્ પ્રકારતી રક્ષા ન કરે.

(૫૯૬) પિંડૈષણા સાત પ્રકારની કહેલી છે. જેમકે-અસંસૃષ્ટા-દેવા યોગ્ય આહારથી હાથ અથવા પાત્ર લિપ્ત ન હોય તો ભિક્ષા લેવી. સંસૃષ્ટા-દેવા યોગ્ય આહારથી હાથ અથવા પાત્ર લિપ્ત હોય તો ભિક્ષા લેવી. ઉદ્ઘૃતા-ગૃહસ્થ પોતાને માટે રાંધવાના વાસણમાંથી આહાર બહાર કાઢેલ એવો આહાર લેવો. અલ્પેપા-જે આહારથી પાત્રમાં લેપ ન લાગે એવો આહાર લેવો. અવગ્રહિતા-ભોજન-માં પિરસેલો આહાર લેવો. પ્રગૃહિતા-પિરસવા માટે હાથમાં લીધેલો આહાર લેવો. ઉજ્જિતધર્મા-ફેંકવાને યોગ્ય આહાર લેવો એજ પ્રમાણે પાણૈષણા જાણવી.

(૫૯૭) અવગ્રહપ્રતિમા સાત પ્રકારની કહેલી છે જેમકે - સ્થાન સપ્તૈકક, નૈષેધિકી સપ્તૈકક, ઉચ્ચાર પ્રશ્નવણવિધિ સપ્તૈકક, શબ્દ સપ્તૈકક, રૂપસપ્તૈકક, પરક્રિયાસપ્તૈકક અન્યોયન્યક્રિયાસપ્તૈકક. સુયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના સાત મહાઅધ્યયનો છે. જેમકે પુંડરીક, ક્રિયાસ્થાન, આહારપરિજ્ઞા, પ્રત્યાખ્યાનપરિજ્ઞા, અનાચારશ્રુત આર્દ્રકકુમારીય, નાલંદીય. સપ્તસપ્તમિકા નામની ભિક્ષુપ્રતિમાની આરાધના૪૯ અહો-રાત્રવડે સમ્પન્ન થાય છે. તેમાં ૧૯૬ ભિક્ષાની દત્તિઓ ગ્રહણ કરાય છે.

(૫૯૮) અધોલોકમાં સાત પૃથ્વીઓ કહેલી છે. સાત ઘનોદધી છે. સાત ઘનવાત અને સાત તનુવાત છે સાત અવકાશાન્તરોમાં સાત તનુવાત પ્રતિષ્ઠત છે. આ સાતે તનુવાતોમાં સાત ઘનવાત પ્રતિષ્ઠિત છે. તે સાત

ઘનવાતોમાં સાત ઘનોદધિ પ્રતિષ્ઠિત છે. તે સાત ધનોદધિઓમાં પુષ્પભરી છાબડી સમાન સંસ્થાનવાળી સાત પૃથ્વીઓ છે. જેમકે-પ્રથમ યાવત્ સપ્તમા આ પૂર્વોક્તિ સાત પૃથ્વીઓના સાત નામ ધમ્મા, વંસા, શિલા, અંજના, રિષ્ઠા, મઘા, માધવતી. આ સાત પૃથ્વીઓના સાતગોત્ર છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા, તમસ્તમ:- પ્રભા.

(૬૯૯) બાદર વાયુકાય સાત પ્રકારનો છે - પૂર્વનો વાયુ પશ્ચિમનો વાયુ દક્ષિણ વાયુ, ઉત્તરવાયુ ઉર્ધ્વ દિશાવાયુ, અશોદિશાવાયુ, વિદિશાનો વાયુ.

(૬૦૦) સંસ્થાન સાત પ્રકારના કહેલ છે. જેમકે-દીર્ઘ, હ્રસ્વ, વૃત્ત, ત્ર્યસ્ર (ત્રિકોણ), ચતુરસ્ર (ચતુષ્કોણ), પૃથુલ, પરિમંડલ.

(૬૦૧) ભયના સ્થાનો સાત પ્રકારે કહેલ છે. જેમકે-ઈહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, વેદનાભય, મરણભય, અપયશભય.

(૬૦૨) સાત કારણોથી, છદ્મસ્થ જણાય છે. જેમકે-હિંસા કરવાવાળો હોય, જુઠ બોલવાવાળો હોય, પૂજા અને સત્કારથી પ્રસન્ન થતો હોય, 'આ આધાકર્મી આહાર સાવધ' આ પ્રકારની પ્રરૂપણા કર્યા પછી પણ આધાકર્મ આદિ દોષોનું સેવન કરવાવાળો હોય. કથનીની સમાન કરણી ન કરવાવાળો હોય, સાત કારણોથી કેવળી જણાય જાય છે. જેમકે-હિંસા ન કરવાવાળો, જુઠુ ન બોલવાવાળો, અદત્ત ન લેવાવાળો, શબ્દ, ગંધ, રૂપ, રસ અને સ્પર્શને ન ભોગવવાવાળો. પૂજા અને સત્કારથી પ્રસન્ન ન થવાવાળો યાવત્-કથનીની સમાન કરણી કરવાવાળો.

(૬૦૩) મૂળ ગોત્ર સાત કહ્યા છે. જેમકે-કાશ્યપન, ગૌતમ, વત્સ, કુત્સ, કૌશિક, મંડવ્ય, વાશિષ્ઠ. તેમાંથી કાશ્યપ ગોત્ર સાત પ્રકારનાં છે જેમકે-કાશ્યપ, સાંડિલ્ય, ગોલ્પ, બાળ, મૌજકી, પર્વપ્રેક્ષકી, વર્ષકૃષ્ણ. ગૌતમ ગોત્ર સાત પ્રકારનું કહેલ છે. જેમકે ગૌતમ, ગાર્ગ્ય, ભારદ્વાજ, અંગિરસ, શર્કરાભ, ભક્ષકામ,ઉદકાત્મભ. વત્સ ગોત્ર સાત પ્રકારનું કહેલ છે. જેમકે-વત્સ, આગ્નેય, મૈત્રિક, સ્વામિલી, શલક, અસ્થિસૈન, વીતકર્મ. કુત્સ ગોત્ર સાત પ્રકારનું કહેલ છે. જેમકે-કુત્સ, મૌદ્દગલાયન, પિંગલાયન, કૌડિન્ય, મંડલી, હરિત, સૌસ્ય, કૌશિક ગોત્ર સાત પ્રકારનું કહેલ છે. જેમકે-કૌશિક, કાત્યાયન, શાલંકાયણ, ગોલિકાયણ, પાક્ષિકાયણ, આગ્નેય, લોહિત્ય. માંડવ્ય ગોત્ર સાત પ્રકારનું કહેલ છે. જેમકે-માંડવ્ય, અરિષ્ટ, સંમુક્ત, તૈલ, કૌડિન્ય, સંજ્ઞા, પારાશર. વાશિષ્ટ ગોત્ર સાત પ્રકારનું કહેલ છે, જેમકે-વાશિષ્ટ, ઉંજાયના, જારેકૃષ્ણ, વ્યાઘ્રાયત્ય, કૌંડિન્ય, સંજ્ઞા, પરાશર.

(૬૦૪) મૂલનય સાત કહેલ છે. જેમકે-નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસુત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, એવં ભૂતનય. સ્વર સાત હોય છે. જેમકે-ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ.

(૬૦૫-૬૧૪) આ સાત સ્વરોના સાત સ્વરસ્થાન છે. જેમકે-ષડ્જ સ્વર જિહવાના અગ્રભાગથી નીકળે છે. ઋષભ સ્વર-હૃદયથી નીકળતો સ્વર. ગાંધાર સ્વર-ઉગ્ર કંઠથી નીકળતો સ્વર. મધ્યમ સ્વર-જિહવાના મધ્ય ભાગથી નીકળતો સ્વર. પંચમ સ્વર-પાચ સ્થાનોથી નીકળતો સ્વર. ધૈવત સ્વર-દાંત અને ઓષ્ઠથી નીકળતો સ્વર. નિષાદ સ્વર-મસ્તકથી નીકળતો સ્વર. આ સાત સ્વરસ્થાન જાણવા જોઈએ. સાત પ્રકારના જીવોથી સાત સ્વર નીકળે છે. યથા-ષડ્જ સ્વર મયૂરના કંઠથી, ઋષભ સ્વર કુકુટના કંઠથી, ગાંધાર સ્વર હંસના કંઠથી, મધ્યમ સ્વર ઘેંટાના કંઠથી, પંચમ સ્વર કોયલના કંઠથી, ધૈવત સ્વર સારસ અથવા કોંચના કંઠથી, અને નિષાદ સ્વર સાથીના કંઠથી નીકળે છે. સાત પ્રકારના અજીવ પદાર્થોથી નીકળવાળા સાત સ્વર. જેમકે ષડ્જ સ્વર-મૃદંગથી, ઋષભસ્વર-રણશીંગડાથી ગાંધારસ્વર-શંખથી, મધ્યમ સ્વર ઝાલરથી, પંચમ સ્વર ગોધિકા વાદ્યથી, ધૈવત સ્વર ઢોલથી, અને નિષાદસ્વર મહાભેરીથી નીકળે છે.

(૬૧૫-૬૨૨) સાત સ્વરવાળા મનુષ્યોના લક્ષણો આ પ્રમાણે છે. જેમકે-ષડ્જ સ્વરવાળા મનુષ્યને આજીવિકા સુલભ થાય છે. તેનું કાર્ય નિષ્ફળ નથી જતું. તેને ગાયોની, પુત્રોની અને મિત્રોની પ્રાપ્તિ થાય છે. તે સ્ત્રીઓને પ્રિય હોય છે. ઋષભ સ્વરવાળાને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. તે સેનાપતિ બને છે. તેને ધનલાભ થાય છે. તથા વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી અને શયન આદિ પ્રાપ્ત થાય છે. ગાંધાર સ્વરવાળા-ગીત-યુક્તિજ્ઞ, પ્રધાન-આજીવિકાવાળા, કવિ કલાઓનો જ્ઞાતા, પ્રજ્ઞાશીલ અને અનેક શાસ્ત્રોનો જ્ઞાતા થાય છે. મધ્યમ સ્વરવાળો-સુખથી ખાઈ પીએ છે અને દાન આપે છે. પંચમ સ્વરવાળા રાજા શૂરવીર, લોકસંગ્રહ કરવાવાળા અને ગણનાયક હોય છે. ધૈવત સ્વરવાળા શાકુનિક, ઝગડાળુ, વાગુરિક, શૌકરિક અને મચ્છીમાર હોય છે. નિષાદ સ્વરવાળા ચાંડાલ, અનેક પાપકર્મોને કરવાવાળા અથવા ગોઘાતક હોય છે.

(૬૨૩-૬૨૯) આ સાત સ્વરોના ત્રણ ગ્રામ કહેલ છે. જેમકે-ષડ્જ ગ્રામ, મધ્યમ ગ્રામ, ગાંધાર ગ્રામ. ષડ્જ ગ્રામની મધ્યમ સાત મૂર્છનાઓ હોય છે. જેમકે-ભંગી, કૌરવીય, હરિ, રજની, સારકાન્તા, સારસી, શુધ્ધષડ્જ. મધ્યમ ગ્રામની સાત મૂર્છનાઓ હોય છે. જેમકે-ઉત્તમ મન્દા, રજની, ઉત્તરા, ઉત્તરાસમા, અશોકાન્તા, સૌવીરા અભીરુ ગાંધાર ગ્રામની સાત મૂર્છનાઓ છે. જેમકે-નંદી, ક્ષુદ્રિમા, પુરિમા, શુધ્ધ ગંધારા, ઉત્તરધારા, સુષ્ઠુતર આયામ

નિયમથી છઠ્ઠી જાણવી અને સાતમી ઉત્તરાયના અથવા કોડીમાનસા નામે છે.

(૬૩૦-૬૩૮) આ સાત સ્વરો ક્યાંથી ઉત્પન્ન થાય છે ? ગેય-ગીતને કઈ યોનિ હોય છે ? કેટલા સમયના ઉચ્છ્વાસો પ્રમાણ છે ? તથા ગેયના કેટલા આકરો છે ? સાત સ્વરો નાભિથી ઉત્પન્ન થાય છે. અને ગીત રુદિતયોનિવાળું છે. છંદનો પાદ બોલવામાં જેટલો કાલ લાગે તેટલો સમય ગીતના ઉચ્છ્વાસો હોય છે, અને ગીતના ત્રણ આકારો છે મંદ સ્વરથી આરંભ કરે મધ્યમા સ્વરની વૃદ્ધિ કરે, અને અંત ભાગમાં ગીત ધ્વનિને મંદ કરતો થકો હોય છે. આ ત્રણ ગેયના આકાર ગેયના છ દોષો, આઠ ગુણો ત્રણ વૃત્તો અને બે ભણિતિઓને જે સમ્યગ્ પ્રકારથી જાણે તે સુશિક્ષિત વ્યક્તિ રંગમાં ગાઈ શકે છે. ગાનના છ દોષો આ પ્રમાણે છે - ભયભીત થઈને ગાવું. શીઘ્રતાપૂર્વક ગાવું. સંક્ષિપ્ત કરીને ગાવું. તાલબદ્ધ નહિ ગાવું. કાક જેવા સ્વરથી ગાવું. નાકથી ઉચ્ચારણ કરતા થકા ગાવું. ગાનના આઠ ગુણો આ પ્રમાણે છે- પૂર્ણ હોય, રક્ત હોય,-અલંકૃત હોય, વિસ્વર ન હોય, મધુર હોય, સ્વર સહિત હોય, સુકુમાર હોય. ગાનના બીજા આઠ ગુણો હોય છે જેમકે- ઉરવિશુદ્ધ, કંઠ વિશુદ્ધ અને શિરોવિશુદ્ધ ગીત, ગવાય મૃદુઅને ગંભીર સ્વરથી ગવાય, સાત સ્વરોથી સમાન ગીત ગવાય છે. ના આ આઠ ગુણ બીજા છે. નિર્દોષ હોય, સારયુક્ત હોય, હેતુ યુક્ત હોય, અલંકૃત હોય, ઉપસંહાર યુક્તહોય, સેત્પ્રાસ હોય, મિત અને મધુર હોય. સમ, અર્ધસમ અને સર્વત્ર વિષમ હોય. આ ત્રણ વૃત્તના પ્રકાર ઉપલબ્ધ નથી.

(૬૩૯-૬૪૩) ભણિતિઓ બે છે. જેમકે-સંસ્કૃત અને પ્રાકૃત આ બે ભાષાઓને ઋષિઓએ પ્રસસ્ત માનેલી છે. સ્વરમંડલ મધ્યે ગાય છતે ઋષિઓએ - ઉત્તમ કહેલી છે. કેવી સ્ત્રી મધુર ગાય છે ? કેવી સ્ત્રી કર્કશ અને રૂક્ષ ગાય છે ? કેવી સ્ત્રી ચતુર ગાય છે ? કેવી સ્ત્રી મંદ ગાય છે ? કેવી સ્ત્રી શીઘ્ર ગાય છે ? કેવી સ્ત્રી શીઘ્ર વિસ્વર-વિરૂઢ સ્વરને ગાય છે ? શ્યામ સ્ત્રી અથવા સોળ વર્ષના વયવાળી સ્ત્રી મધુર ગાય છે. કાળી સ્ત્રી કર્કશ અને ઋક્ષ ગાય છે. ગોરી સ્ત્રી ચતુર ગાય છે. કાળી સ્ત્રી મંદ ગાય છે. આંધળી સ્ત્રી શીઘ્ર ગાય છે. પિંગલા વર્ણવાળી સ્ત્રી વિસ્વર ગાય છે. વીણાદિ તંત્રીના શબ્દથી મળેત તે તંત્રીસમ, તાલ સાથે મળેલ તાલસમ, છંદના ચરણ સાથે મળેલ તે પાદસમ તંત્રીના રાગ સાથે લયસમ, પ્રથમથી જે સ્વર ગ્રહણ કરેલ હોય છેવટ સુધી તેજ સ્વરવડે ગાવું તે ગ્રહસમ, ગાતાં થકાં શ્વાસોશ્વાસથી ભરાઈ ન જાય તે ઉચ્છ્વાસ-નિશ્વાસ સમ, અંગુલી-વડે તંત્રીનો અવાજ સ્વરની સાથે મળેલ હોય તે સંચારસમ આ સાત સ્વરવડે વિશુદ્ધ ગાન હોય પ્રકારના છે. સ્થાનાસ્થિત-કાયોત્સર્ગ કરવાવાળા, ઉત્કટુકાસનિક-પ્રતિમા, સ્થાયીભિક્ષુ પ્રતિમાનું વહન કરનાર વીરાસનિક-બન્ને પગ ભૂમિ ઉપર રાખી અવલંબન વગર બેસનાર. નૈષધિક-પગ આદિ સ્થિર કરીને બેસનાર દંડાયતિક-દંડની સમાન પગ ફેલાવીને બેસનાર, લગંડશાયી-ભૂમિથી પીઠ ઉંચી રાખી સુનાર.

(૬૪૫) જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં સાત કુલકર હતા, મિત્રદાસ સુદામ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, વિમલદોષ, સુઘોષ મહાઘોષ. જંબૂ-દ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં સાત કુલકર થયા. વિમલવાહન, ચક્ષુષ્માન, યશસ્વાન, અભિચન્દ્ર પ્રસેનજીન, મરુદેવ, નાભિ. આ સાત કુલકરોની સાત ભાર્યાઓ હતી. ચન્દ્રયશા, ચન્દ્રકાંતા, સુરૂપા, પ્રતિરૂપા, ચક્ષુકાંતા, શ્રીકાંતા, મરૂદેવી. જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં સાત કુલકર થશે. - મિત્ર-વાહન, સુભીમ, સુબંધુ. વિમલવાહન કુલકરના કાલમાં સાત પ્રકારના કલ્પવૃક્ષો ઉપ-ભોગમાં આવતા હતા. જેમકે મદ્યાંગ, મૃગાંગ, ચિત્રાંગ, ચિત્રરસ, મણ્યંગ, અનગ્ન, કલ્પવૃક્ષ.

(૬૫૬) દંડ નીતિ સાત પ્રકારની છે. જેમકે-હકાર-પહેલા બીજા કુલકરના સમયમાં અપરાધીને ફક્ત ‘હા’ એટલું જ કહેવામાં આવતું તેથી યુગલીઆઓ અત્યંત લજ્જિત થતા હતા. મકાર-ત્રિજા ચોથા કુલકરના સમયમાં વિશેષ અપરાધમાં ‘મા’ કહેવામાં આવતું. તે ‘મકાર’ દંડનિતિ. ધિક્કાર - પાંચમાં, છઠ્ઠા અને સાતમાં કુલકરના સમયમાં ઉત્કૃષ્ટ અપરાધને વિષે ‘ધિક્’ કહેવામાં આવતું તે ‘ધિક્કાર’ દંડનીતિ. પરિભાષણ-અપરાધી પ્રત્યે કોપના આવેશપૂર્વક કહેવું કે - ‘તું અહિં આવીશ નહિં.’ મંડલબંધ-‘આ સ્થાનથી તું બહાર જઈશ નહિ, એવો દંડ આપવો. ચારક-કેદખાનામાં નાખવું. છવિચ્છેદ-હસ્ત, પાદ વિગેરેનું છેદવું.

(૬૫૭) પ્રત્યેક ચક્રવર્તીના સાત એકેન્દ્રિય રત્ન કહેલ છે. જેમકે-ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાકિણીરત્ન. પ્રયેત્ક ચક્રવર્તીના સાત પંચેન્દ્રિય રત્ન કહેલ છે. જેમકે-સેનાપતિરત્ન, ગાથાપતિરત્ન, વાર્ધકીરત્ન, પુરોહિતરત્ન, સ્ત્રીરત્ન, અશ્વરત્ન, હસ્તીરત્ન.

(૬૫૮) દુષમકાળના સાત લક્ષણ છે. અકાલમાં વર્ષા થવી, વર્ષાકાલમાં વર્ષા ન થવી, અસાધુજનોની પૂજા થવી. સાધું જનોનીપૂજા ન થવી, માતા-પિતા અને ધર્મચાર્યાદિ પ્રત્યે વિનયના અભાવરૂપ મિથ્યાભાવ થવો, માનસિક દુઃખ, વાણીનું દુઃખ.સુષમકાલના સાત લક્ષણો આ પ્રમાણે છે - અકાલમાં વર્ષા થતી નથી. વર્ષાકાલમાં વર્ષા થાય છે. અસાધુની પૂજા થતી

નથી સાધુની પૂજા થાય છે. માતા-પિતા ગુરૂજનોને વિષે સમ્યગ્ ભાગ થાય ચ. માનસિક સુખ, વાણીનું સુખ.

(૬૫૯) સંસારી જીવ સાત પ્રકારના કહેલ છે. જેમકે-નૈરયિક, તિર્યંચ, તિર્યંચણી, મનુષ્ય મનુષ્યણી દેવ, અને દેવી.

(૬૬૦-૬૬૧) આયુનું ભેદન સાત કારણોથી થાય છે. જેમકે-અધ્યવ-સાયથી, નિમિત્ત (દંડ, શસ્ત્રાદિ)થી, આહાર-અધિક આહારથી અથવા આહારના અભાવથી, વેદના-શૂલાદિ પીડારૂપ વેદનાથી, પરાઘાત (કૂવામાં પડવું આદિ અકસ્માતથી), સ્પર્શ-(સર્પ વિગેરેના ડંખ)થી, શ્વાસોશ્વાસના અવરોધથી.

(૬૬૨) બધા જીવ સાત પ્રકારના છે. જેમકે-પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક, અકાયિક, બધા જીવ સાત પ્રકારના છે. જેમકે-કૃષ્ણ લેશ્યાવાળા યાવત્ શુક્લ લેશ્યાવાળા, અલેશ્ય.

(૬૬૩) બ્રહ્મદત્ત સાત ધનુષ્ય ઉંચા હતા, સાતસો વર્ષનું આયુ ભોગવીને સાતમી પૃથ્વીના અપ્રતિષ્ઠાન નારકવાસમાં નૈરયિક પણે ઉત્કન્ન થયા.

(૬૬૪) મલ્લીનાથ અર્હંત સ્વયં સાતમા મુંડિત થયા અને ગૃહસ્થાવાસ ત્યાગી અણગાર-પ્રવ્રાજિત થયા. મલ્લી-નામની વિંદેહ દેશના કુંભરાજાની ષ્ઠકન્યા. પ્રતિબુદ્ધિ નામનો ઈક્ષ્વાકુરાજ સાકેતપુરનો પતિ. ચન્દ્રછાય નામનો અંગદેશનો રાજા, રૂકમી નામનો કુણાલ દેશનો અધિપતિ. શંખ નામનો કાશી દેશનો રાજા. અદીનશત્રુ નામનો કુરૂદેશનો રાજા. જિતશત્રુ પાંચાલ દેશનો રાજા.

(૬૬૫) દર્શનના સાત ભેદ સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન, સમ્યગ્મિથ્યાદર્શન, ચક્ષુદર્શન, અચક્ષુ-દર્શન, અવધિદર્શન, કેવળદર્શન.

(૬૬૬) છદ્મસ્થ વીતરાગ મોહનીયને છોડીને સાત કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, આયુકર્મ, નામ કર્મ, ગોત્રકર્મ અન્તરાય - કર્મ.

(૬૬૭) છદ્મસ્થજીવો સાત સ્થાનોને પૂર્ણરૂપથી જાણતા નથી અને દેખતા નથી તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિતજીવ, પરમાણુ પુદ્ગલ, શબ્દ અને ગંધ. આ પણ સાતે સ્થાનોને સર્વજ્ઞ પૂર્ણ રૂપથી જાણે છે અને દેખે છે.

(૬૬૮) શ્રમણ ભગવાન મહાવીર વજ્રઋષભ નારાચ સંઘયણવાળા સમુચતુરસ્ર સંસ્થાનવાળા અને સાત હાથ ઉંચા હતા.

(૬૬૯) સાત. વિકથાઓ હોય છે. સ્ત્રીકથા, ભક્ત કથા, દેશકથા, રાજકથા, મૃદુકારિણી કથા, દર્શન ભેદિની, (સમ્યક્ત્વને નષ્ટ કરનાર), ચારિત્ર ભેદિની.

(૬૭૦) આચાર્ય અને ઉપાધ્યાયના ગચ્છ સંબંધી સાત અતિશયો કહેલા છે. જેમકે - આચાર્ય ઉપાધ્યાય ઉપાશ્રયમાં ધૂળ ભરેલ પગોને બીજાથી ઝટકાવે અથવા પ્રમાર્જન કરાવે તે આજ્ઞાને અતિક્રમે નહિ. ઈત્યાદિ પાંચમા ઠાણાની સમાન યાવત્ આચાર્ય ઉપાધ્યાય ઉપાશ્રયની બહાર ઈચ્છાનુસાર એક રાત અથવા બે રાત રહે તો પણ મર્યાદાનું અતિક્રમ કરતા નથી છઠ્ઠો અને સાતમો અતિશય આ પ્રમાણે છે. ઉપકરણાતિશય-આચાર્ય અથવા ઉપાધ્યાય શ્રેષ્ઠ અથવા પથ્ય ભોજન લેવ તો મર્યાદાનું અતિક્રમણ નથી થતું.

(૬૭૧) સંયમ સાત પ્રકારે કહેલ છે. જેમકે-પૃથ્વીકાયિક જીવોનો સંયમ-યાવત્ ત્રસકાયિક સંગમ અને અજીવકાય સંયમ. સંયમથી વિરૂદ્ધ અસંયમ સાત પ્રકારનો છે, જેમકે - પૃથ્વીકાયિક અસંયમ યાવત્ ત્રસકાયિક અસંયમ અને અજીવકાયિક અસંયમ. આરંભ સાત પ્રકારના કહેલ છે. જેમકે - પૃથ્વીકાયિક જીવોનો આરંભ-યાવત્ અજીવકાયનો આરંભ. એ પ્રમાણે અનારંભ, સારંભ, અસમારંભ, સમારંભ, અસમારંભના પણ સાત પ્રકારો સમજી લેવા જોઈએ.

(૬૭૨) ભગવાન ? અળસી, કુસુંભ, કોદવ, કાંગ, શલ, શણ, સરસવ અને મુળાના બીજ, આ ધાન્યોને કોઠારમાં ઘાલીને યાવત્ ઢાંકીને રાખે તો તે ધાન્યોની યોનિ કેટલા કાલ સુધી સચેત રહે છે એટલે ઉગવાની શક્તિવાળા રહે છે ? હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાત સંવત્સર સુધી, ત્યારપછી યોનિ મલાન થઈ જાય છે.

(૬૭૩) બાદર અપકાયિક જીવોની ઉત્કુષ્ટ સ્થિતિ સાત હજાર વર્ષની કહેલી છે. ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીમાં નૈરયિકોની સ્થિતિ સાત સાગરોપમની છે. ચોથી પંકપ્રભા પૃથ્વી નૈરયિકોની જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે.

(૬૭૪-૬૭૫) શકેન્દ્રના વરુણ નામક લોકપાલની સાત અગ્રમહિષીઓ છે. એ રીતે ઈશા - નેન્દ્રના સોમ નામક લોકપાલની, ઈશાનેન્દ્રના યમ લોકપાલની જાણવી. ઈશાનેન્દ્ર આભ્યંતર પરિષદના દેવોની સ્થિતિ સાત પલ્યોપમની છે. એ રીતે શકેન્દ્રની અગ્રમહિષી દેવીઓની સ્થિતિ, સૌધર્મ કલ્પમાં પરિગૃહીતા દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

(૬૭૬) સારસ્વત લોકાન્તિક દેવના સાતસો દેવોનો પરિવાર છે. આદિત્ય લોકન્તિક દેવનો સાતસો દેવોનેનો પરિવાર છે. ગર્દતીય લોકાન્તિક

દેવને સાત દેવોનો પરિવાર છે. તુષિત લોકાન્તિક સાત હજાર દેવનો પરિવાર છે.

(૬૭૭-૬૭૮) સનત્કુમાર કલ્પમાં દેવતાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમનિ છે. માહેન્દ્ર કલ્પમાં દેવતાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ કંઈક અધિક સાત સાગરોપમની છે. બ્રહ્મલોક કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે. બ્રહ્મલોક અને લાંતક કલ્પમાં વિમાનોની ઉંચાઈ સાતસો યોજનની છે.

(૬૭૯) ભવનવાસી, વ્યંતરસૌધર્મ અને ઈશાન કલ્પમાં દેવોના ભવધારણીય શરીરોની ઉંચાઈ સાત હાથની છે.

(૬૮૦) નંદીશ્વર દ્વીપની અંદર સાત દ્વીપો આવી જાય છે. જેમકે - જંબૂદ્વીપ, ધાતકીખંડ દ્વીપ, પુષ્કરવરદ્વીપ, વરૂણદ્વીપ, ક્ષીરવરદ્વીપ, ધૃતવરદ્વીપ, ક્ષોદવરદ્વીપ. નંદીશ્વર દ્વીપની અન્દરમાં સાત સમુદ્રો છે. જેમકે-લવણ સમુદ્ર, કાલોદ સમુદ્ર, પુષ્કરોદ સમુદ્ર, કરુણોદ સમુદ્ર, ખીરોદ સમુદ્ર, ધૃતોદ સમુદ્ર, ક્ષીદોદ સમુદ્ર.

(૬૮૧) સાત પ્રકારની શ્રેણીઓ કહેલી છે. જેમકે ઋજુઆયતા (સરલા લાંબી) એકતઃ વક્રા (એકબાજૂથી વક્ર) દ્વિધાવક્રા (બંન્ને બાજુથીવક્ર) એકતઃ ખા(જે શ્રેણીમાં એક બાજુ ત્રસનાડીથી બહારનો આકાશ હોય. દ્વિધાખા (બંનેબાજુ આકાશ હાય), ચક્રવાલા (ચક્ર સમાન), અર્ધચક્રવાળા (અર્ધગોળાકાર).

(૬૮૨) ચમર અસુરેન્દ્ર અસુરરાજની સાત સેનાઓ છે અને સાત સેનાપતિઓ છે. જેમકે-પૈદલસેના, અશ્વસેના, હસ્તિસેના, મહિષસેના, રથસેના, નટસેના, ગંધર્વસેના, પૈદલસેનાનો સેનાપતિ દ્રુમ છે. શેષ પાંચમાં સ્થાનની સમાન યાવત્ રથસેનાનો સેનાપતિ કિન્નર છે. નટસેનાનો સેનાપતિ રિષ્ટ છે. ગંધર્વસેનાનો સેનાપતિ ગતિરતિ છે. બલિ વૈરાચનેન્દ્રની સાત સેનાઓ છે અને સાત સેનાપતિઓ છે. જેમકે - પૈદલસેના યાવત્ ગંધર્વસેના. મહાદ્રુમ-પૈદલસેનાનો સેનાપતિ યાવત્ કિંપુરૂષ-રથસેનાનો સેનાપતિ. મહારિષ્ટ-નટસેનાનો સેનાપતિ. ગીતયશ-ગંધર્વસેનાનો સેનાપતિ છે. ધરણેન્દ્રની સાત સેનાઓ અને સાત સેનાપતિઓ છે. પૈદલસેના યાવત્ ગંધર્વસેના દક્ષ પૈદલસનાનો સેનાપતિ યાવત્ નંદુત્તર રથસેનાનો સેનાપતિ. રતિ-નટસેનાનો સેનાપતિ. માનસગંધર્વસેનાનો સેનાપતિ. આ પ્રકારે ઘોષ અને મહાઘોષ સુધી જાણવું.

શકેન્દ્રની સાત સેનાઓ અને સાત સેનાપતિઓ છે. જેમકે-પૈદલસેના યાવત્ ગંધર્વસેના. હરિણગમેષા-પૈદલસેનાનો સેનાપતિ. માઢર-રથ એમનો સેનાપતિ છે. સેતને-નટસેનાનો અધિપતિ, તંબુર-ગંધર્વસેનાનો અધિપતિ છે. ઈશાનેન્દ્રની સાત સેનાઓ અને સાત સેનાપતિઓ છે. જેમકે પૈદલ સેનાયાવત્ ગંધર્વ સેના. લઘુપરાક્રમ-પૈદલસેનાનો સેનાપતિ યાવત્. મહાસેન-નટસેનાનો સેનાપતિ. રત-ગંધર્વસેનાનો સેનાપતિ. શેષ પંચમાં સ્થાન મુજબ જાણવું આ પ્રમાણે અચ્યુત દેવલોક સુધી સમજી લેવું.

(૬૮૩-૬૮૪) ચમરેન્દ્રના દ્રુમ પૈદલસેનાપતિના સાત કચ્છ (સૈન્ય સમુહ) છે. જેમકે - પ્રથમ કચ્છ યાવત્ સપ્તમ કચ્છ. પ્રથમ કચ્છમાં ૬૪૦૦૦ દેવો છે. બીજા કચ્છમાં પ્રથમ કચ્છથી બેવડો દેવો છે. ત્રીજા કચ્છમાં બીજા કચ્છથી બેવડા દેવો છે. એ પ્રમાણે સાતમાં કચ્છ સુધી બેવડા દેવો છે. આ પ્રમાણે બલીન્દ્ર સેનાપતિના પણ સાત કચ્છ છે.

વિશેષ એટલું કે - મહદ્દ્રુમ સેનાપતિના પ્રથમ કચ્છમાં સાઠ હજાર દેવો છે. શેષ છ કચ્છોમાં પૂર્વવત્ બેવડા બેવડા કહેવા. આ પ્રમાણે ઘરણેન્દ્રા પણ સાત કચ્છ છે. વિશેષ રૂદ્રસેન સેનાપતિના પ્રથમ કચ્છમાં ૨૮૦૦૦ દેવો છે, શેષ છ કચ્છોમાં પૂર્વવત્ બેવડા બેવડા દેવો કહેવા. વિશેષ-પૈદલ સેનાના સેનાપતિઓના પૂર્વવત્ કહેવા. શકેન્દ્રના પૈદલ સેનાના સેનાપતિ હરિણગમેષી દેવને સાત કચ્છ છે. ચમરેન્દ્રની સમાન અચ્યુતેન્દ્ર સુધી કચ્છ અને દેવતાઓનું વર્ણન સમજવું પૈદલ સેનાપતિઓના નામ પૂર્વવત્ કહેવા. દેવતાઓની સંખ્યા આ બે ગાથાઓથી જાણવી. શકેન્દ્રના પૈદલ સેનાપતિ હરિણગમેષી દેવના સાત કચ્છ છે. ઈશાનેન્દ્રના ૮૦,૦૦૦ દેવો છે. સનત્કુમારના ૭૨,૦૦૦ દેવો છે. માહેન્દ્રના ૭૦,૦૦૦ દેવો છે. બ્રહ્મેન્દ્રના ૬૦,૦૦૦ દેવો છે. લાંતકેન્દ્રના ૫૦,૦૦૦ દેવો છે. મહાશુક્રેન્દ્રના ૪૦,૦૦૦ દેવો છે. સહસ્ત્રારેન્દ્રના ૩૦,૦૦૦ દેવો છે. આનતેન્દ્ર અને આરણેન્દ્રના ૨૦,૦૦૦ દેવો છે. પ્રાણતેન્દ્ર અને અચ્યુતેન્દ્રના ૨૦,૦૦૦ દેવો છે. પ્રત્યેક કચ્છમાં પૂર્વ કચ્છથી બેવડ બેવડા દેવો કહેવા.

(૬૮૫) વચનવિકલ્પ સાત પ્રકારના છે. જેમકે - આલાપ - અલ્પ ભાષણ, અનાલાપ - કુત્સિત ભાષણ, ઉલ્લાપ-પ્રશ્નગર્ભિત વચન, અનુલ્લાસ-નિંદિત વચન, સંલાપ પરસ્પર ભાષણ કરવું, પ્રલાપ - નિરર્થક વચન, વિપ્રલાપ - વિરૂદ્ધવચન. વિનય સાત પ્રકારનો કહેલ છે જેમકે - જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્ર વિનય, મનવિનય, વચનવિનય કાયવિનય લોકોપચારવિનય.

પ્રશસ્ત મનવિનય સાત પ્રકારનો કહેલ છે. જેમકે - આલાપક - શુભ ચિંતન રૂપ વિનય. અસાવદ્ય - ચોરી આદિ નિંદિત કર્મ રહિત વિચાર. અક્રિય - કાયિકાદિ ક્રિયા રહિત વિચાર, નિરૂપકલેશ - શોકાદિ પીડા રહિત વિચાર, અનાશ્રવકર - પ્રાણાતિ પાતાદિ રહિત વિચાર, અક્ષતકર પ્રાણીઓ ને પીડિત

ન કરવા રૂપ ચિન્તન, અભૂતાભિશંકર - અભયદાન રૂપ ચિન્તન, અપ્રશસ્ત મનવિનય સાત પ્રકારનો કહેલ છે જેમકે - પાપક - અશુભ ચિંતન રૂપ, સાવદ્ય ચોરી આદિ નિંદિત કર્મ, સક્રિય કાયિકાદિ ક્રિયા યુક્ત સોપકલેશ-શોકાદિ પીડા યુક્ત, આશ્રવકર પ્રાણાતિપાતાદિ આશ્રવ, ક્ષયકર પ્રાણીયોને પીડિત કરવા રૂપ, ભૂતાભિશંકર-ભયકારી ચિન્તન.

પ્રશસ્ત વચનવિનય સાત પ્રકારનો કહેલ છે જેમકે - અપાપક, અસાવદ્ય યાવત્ અભૂતાભિશંકન રૂપ વચન અપ્રશસ્ત વચનવિનય સાત પ્રકારનો કહેલ છે જેમકે - પાપક યાવત્ ભૂતાભિશંકન. પ્રશસ્ત કાયવિનય સાત પ્રકારનો કહેલ છે જેમકે - ઉપયોગ પૂર્વક ગમન સ્થિર રહેવું. સુવું. ડેલી આદિનું ઉલ્લંઘન કરવું. અર્ગલા આદિનું અતિક્રમણ. અને ઈન્દ્રિઓનું પ્રવર્તન અપ્રશસ્ત કાયવિનય સાત પ્રકારનો કહેલ છે જેમકે - ઊપયોગ વિના ગમન કરવું - યાવત્ ઉપયોગ વિના ઈન્દ્રિયોનું પ્રવર્તન કરવું.

લોકોપચાર સાત પ્રકારનો છે - અભ્યાસવર્તિત્વ-ગુરૂ આદિના સમીપ રહેવું પરછંદાનુ વર્તિત્વ - બીજાના અભિપ્રાય પ્રમાણે આચરણ કરવું. કાય હેતુ - હું એમની પાસેથી શ્રુતને પામ્યો છું તેથી તેનું કહેવું મારે માનવું જોઈએ, એમ વિચારી વિનય કરવો. કૃતપ્રતિકૃતિતા - તેની સેવાક્યુનો તે કંઈક ઉપકાર કરશે એમ સમજી વિનય કરવો. આર્તગવેષણા - દુઃખથી પીડાયેલને ઔષધાદિનુ ગવેષવું. દેશકાલજ્ઞતા-દેશ અને કાલને જાણવું સર્વ અર્થને વિષે અપ્રતિલોમતા-બધા અવસરોમાં અનુકૂળ રહેવું.

(૬૮૭) સમુદ્‌ઘાત સાત પ્રકારના છે-વેદનાસમુદ્‌ઘાત કષાયસમુદ્‌ઘાત તૈજસસમુદ્‌ઘાત મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિયસમુદ્‌ઘાત આહારસમુદ્‌ઘાત અને કેવલીસમુદ્‌ઘાત. મનુષ્યોના સાત સમુદ્‌ઘાત કહેલ છે. પૂર્વવત. શ્રમણ ભગવાન મહાવીરના તીર્થમાં સાત પ્રવનચનિહ્નય થયા-બહુરત (દીર્ઘકાલમાં કાર્યની ઉત્પતિ માનવાવાળા), જીવ પ્રદેશિક (અન્તિમ જીવ-પ્રદેશમાં જીવત્વ માનનાર), અવ્યક્તિક - (સાધુ આદિ ને સંદિગ્ધ દષ્ટિથી જોનાર), સામુ - ચ્છેદિક - (સર્વભાવોને ક્ષણિક માનવાવાળા), દ્વૈક્રિય - (એક સમયમાં બે ક્રિયાઓ માનવાવાળા), ત્રૈરાશિક - (જીવ રાશિ અજીવ રાશિ નો જીવરાશિ.) અબદ્ધિક - જીવકર્મથી સ્પૃષ્ટ છે બદ્ધનથી, આ સાત પ્રવચનનિહ્નવો ના સાત ધર્માચાર્ય હતા જેમકે - જમાલી, તિષ્યગુપ્ત, આષાઢ, અશ્વમિત્ર, ગંગ, ષડુલૂક, ગોષ્ઠામાહિલ.

(૬૮૯) આ પ્રવચન નિહ્નવોના સાત ઉત્પત્તિ નગર આ પ્રમાણે હતા - શ્રાવસ્તી, ઋષભપુર, શ્વેતામ્બિકા, મિથિલા, ઉલ્લુકાતીર, અંતરંજીકા દશપુર.

(૬૯૦) સાતાવેદનીય કર્મના સાત અનુભાવ છે જેમકે - મનોજ્ઞશબ્દ મનોજ્ઞરૂપ યાવત્ મનોજ્ઞ સ્પર્શ, માનસિક સુખ, વાચિક સુખ. અસાતાવેદનીય કર્મના સાત અનુભાવ છે. જેમકે - અમનોજ્ઞશબ્દ-યાવત્-માનસિક અને વાચિક દુઃખ.

(૬૯૧) મઘા નક્ષત્રના સાત તારા છે. અભિજિત આદિ સાત નક્ષત્રપૂર્વ દિશામાં દ્વાર-વાળા છે. જેમકે-અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષા પુર્વાભાદ્રપદા, ઉતરાભાદ્ર-પદા, રેવતી, અશ્વિની આદિ સાત નક્ષત્ર દક્ષિણ દિશામાં દ્વાર વાળ છે જેમકે - અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિરા, આર્દ્રા, પુનવર્સુ, પુષ્ય આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દિશામાં દ્વારવાળા છે. જેમકે - આ પુષ્ય, અશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ આદિ સાત નક્ષત્રો ઉત્તર દિશામાં દ્વારવાળા છે. જેમકે - સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.

(૬૯૨-૬૯૫) જંબૂદ્વીપમાં સૌમનસ વક્ષસ્કાર પર્વત પર સાત ફૂટ છે. જેમકે સિદ્ધફૂટ, સૌમનસફૂટ મંગલાવની ફૂટ, દેવફૂટ, વિમલફૂટ, કંચનફૂટ વિશિષ્ટફૂટ. જંબૂદ્વીપમાં ગંધમાદન વક્ષસ્કાર પર્વત પર સાત ફૂટ છે. જેમકે-સિદ્ધફૂટ, ગંધમાદનફૂટ, ગંધીલાવતીફટ, ઉત્તસુરુ કુટ લોહિ-તાક્ષફૂટ, આનંદન ફૂટ

(૬૯૬) જીવોએ સાત સ્થાનોમાં નિર્વર્તિત (સંચિત) પુદ્‌ગલોને પાપ કર્મના રૂપમાં ચયન કર્યું છે. ચયન કરે છે, અને ચયન કરશે. એ પ્રમાણે ઉપચય, બંધ ઉદીરણા, વેદન અને નિર્જરાના ત્રણ ત્રણ દંડક સમજવો. સાત પ્રદેશિક સ્કંધ અનંત છે. સાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલ અનંત છે. યાવત્ ગુણ રૂક્ષ પુદ્‌ગલ અનંત છે.

સ્થાન : ૭ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૮

(૬૯૯) આઠ ગુણોથી સંપન્ન અણગાર એકલવિહારી પ્રતિમા ધારણ કરવાને યોગ્ય હોય છે - તે ગુણો આ છે. શ્રદ્ધાવાન, સત્યવાદી, મેઘાવી, બહુશ્રુત, શક્તિમાન, કલહરહિત, ધૈર્યવાન, વીર્યસંપન્ન.

(૭૦૦) યોનિસંગ્રહ આઠ પ્રકારના કહેલ છે. જેમકે - (સપ્તમ સ્થાન પ્રમાણે) અંડજ, પોતજ-યાવત્ ઉદિભજ અને ઔપપાતિક. અંડજ જીવ આઠ ગતિવાળો છે અને આઠ આગતિવાળો છે. અંડજ જીવ જો અંડજોમાં ઉત્પન્ન થાય તો અંડજોથી યાવત્-ઔપપાતિકોથી આવીને ઉત્પન્ન થાય છે. તે અંડજ અંડજપણાને છોડીને અંડજ રૂપમાં યાવત્-ઔપપાતિક રૂપમાં ઉત્પન્ન થાય છે. આ જ પ્રકારે જરાયુજોની પણ ગતિઆગતિ કહેવી. શેષ રસજ આદિ પાંચેની

ગતિ આગતિ ન કહેવી.

(૭૦૧) જીવોએ આઠ કર્મ પ્રકૃતિઓનું ચયન કર્યું છે, કરે છે અને કરશે. જેમકે - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય. નૈરયિકોએ આઠ કર્મપ્રકૃતિઓનું ચયન કર્યું છે, કરે છે અને કરશે. એ પ્રામાણે વૈમાનિક સુધી કહેવું. એ પ્રમાણે ઉપચય બંધ ઉદીરણા, વેદના અને નિર્જરાવિશે જાણવું.

(૭૦૨) આઢ કારણોથી માયાવી માયા કરીને આલોયણા કરતો નથી. પ્રતિક્રમણ કરતો નથી-યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારતો નથી. તે કારણો આ છે. મેં પાપ કર્મ કર્યું છે, હું વર્તમાનમાંપણ પાપ કરૂં છું. હું ભવિષ્યમાં પણ આ પાપ કરીશ, મારી અપયશ થશે પૂજા પ્રતિષ્ટાની હાનિ થશે કીર્તિની હાનિ થશે. મારા યશની હાનિ થશે. માટે આલોચના કેમ કરૂં ?

આઠ કારણોથી માયાવી માયા કરીને આલોચના કરે છે. યાવત્ પ્રાયશ્ચિત સ્વીકાર કરે છે. જેમકે - માયાવીને આ લોક નિંદનીય થાય છે તેથી ઉપપાત નિંદિત થાય છે. ભવિષ્યનો જન્મ નિંદનીય થાય છે. એક વખત માયા કરીને આલોચના ન કરે તો આરાધક નથી થતો. એક વખત માયા કરીને આલોચના કરે તો આરાધક થાય છે. અનેકવાર માયા કરીને આલોચના ન કરે તો આરાધક થતો નથી. અનેકવાર માયા કરીને આલોચના કરે તો આરાધક થાય છે. મારા આચાર્ય અને ઉપાધ્યાય વિશિષ્ટ જ્ઞાનવાળા છે. તે જાણશે કે ‘‘આ માયાવી છે તેથી હું આલોચના કરૂ યાવત્-પ્રાયશ્ચિત સ્વીકાર કરૂ.

જે પ્રમાણે લોઢુ તાંબું, કલઈ, શીશું, રૂપું અને સોનું ગાળવાની ભઠ્ઠી બળતી રહે છે. તિલ, તુસ, ભુસા, નલ અને પાંદડાઓની અગ્નિ તથા દારૂ બનાવવાની ભઠ્ઠી, માટીનું વાસણ, ગોળ, કેવલું ઈંટ આદિ બનાવવાનું સ્થાન, ગોળ બનાવવાની ભઠ્ઠી અને લુહારની ભઠ્ઠીમાં કેશુડાના ફૂલ અને ઉલ્કાપાત જેવા જાજ્વલ્યમાન હજારો ચીનગારીઓ જેનાથી ઉછળી રહી છે. એવા અંગારાની સમાન માયાવીનું હૃદય પશ્ચાતાપ રૂપ અગ્નિથી નિરંતર બળતું રહે છે. માયાવીને સદા એવી આશંકા બની રહે છે કે આ બધા લોક મારા પર જ શંકા કરે છે.

માયાવી માયા કરીને આલોચના કર્યા વિના જો મરી જાય અને કદાચિત્ દેવોમાં ઉત્પન્ન થાય તો તે મહર્ધિક દેવોમાં યાવત્ સૌધર્માદિ દેવલોકોમાં ઉત્પન્ન થતોનથી તેમજ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવોમાં પણ તે ઉત્પન્ન થતો નથી. તે દેવની બાહ્ય અથવા આભ્યંતર પરિષદ તેની સામે આવે છે પરંતુ પરિષદના દેવ તે માયાવી દેવનો આદર સત્કાર કરતા નથી તથા તેને આસન પણ આપતા નથી તે જો કોઈ દેવને કંઈ કહે તો ચાર-પાંચ દેવ તેની સામે આવીને તેનું અપમાન કરે છે અને કહે છે કે બસ વધારે કંઈ ન કહો જે કઈ કહ્યું તે હવે ઘણું થયું પછી આયુ પૂર્ણ થવા પર તે દેવ ત્યાંથી આવીને આ મનુષ્યલોકમાં નીચ કુલોમાં ઉત્પન્ન થાય છે. જેમકે અન્તકુલ, પ્રાંતકુલ, તુચ્છકુલ, દરિદ્રકુલ, ભિક્ષુકકુલ, કૃપણકુલ, આદિ આ કુલોમાં કુવર્ણ, કુગંધ, કુરસ અને કુસ્પર્શવાળો હોય છે. અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ, હીનસ્વર, દીનસ્વર, અનિષ્ટસ્વર, અકાન્તસ્વર, અપ્રિયસ્વર, અમનોજ્ઞસ્વર, અમણામ, મનને અણગતો અનાદેયવચનવાળા હોય છે. તેની આસપાસના લોકો પણ તેનો આદર કરતા નથી. તે કોઈને ઠપકો દેવા લાગે છે તો તેને ચાર-પાંચ જણ મળી રોકે છે. અને કહેવા લાગે છે બહુ થયું.

અમાયીની સુગતિ. માયાવી માયા કરીને આલોચના પ્રતિક્રમણથી અતિચારોની શુદ્ધિ કરે અને તે સાધુ કાળના અવસરે કાળધર્મ પામીને અન્યતમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. તે પણ મહર્દ્ધિક યાવત્ દીર્ઘ સ્થિતિવાળા દેવ થાય છે. ત્યાં મહર્દ્ધિક યાવત ચિરસ્થિતિ પર્યંત દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે દેવનું વક્ષ:સ્થલ હારથી સુશોભિત રહે છે. તથા બન્ને ભુજાઓ કડા અને ત્રુટિતોથી વિભુષિત હોય છે બાહુઓના ભુષણ ધારણ કરેલા હોય છે વિવિધ મુદ્રીકાદિ હાથમાં સાથે ઘસાતાં કુંડળોને તેણે બન્ને કર્ણોમાં ધારણ કરેલા હોય છે વિવિધ મુદ્રીકાદિ હાથમાં ઝણહળતી રહી હોય છે. તેમજ તેના ગાત્ર પર વિવિધ વસ્ત્રો આભુષણો ધારણ કરેલ હોય છે. વિવિધ માળા યુક્ત મુગટ તેના મસ્તક પર શોભતો હોય છે. તે સદા માંગલિક વસ્ત્રો ધારણ કરે છે, તેના શરીર પર સુગંધયુક્ત માળાઓ શોભતી હોય છે. ચંદન આદિ સુગંધિત દ્રવ્યોનું વિલેપન થતું હોય છે. તેથી તેનું શરીર દેદીપ્યમાન રહે છે. તે લાંબી લાંબી વનમાળાઓને ધારણ કરે છે. એવા તે આલોચિત પ્રતિક્રાંત સાધુનો દેવપર્યાયમાં ઉત્પન્ન થયેલો જીવ દિવ્ય વર્ણવડે, દિવ્યગંધ વડે, દિવ્યસવડે, દિવ્યસ્રસવડે, દિવ્યસંહનવડે, દિવ્યઋદ્ધિવડે, દિવ્યદ્યુતિવડે, દિવ્યપ્રભાવડે, દસેલેશ્યાવડે, દસેદિશાઓને પ્રકાશીત કરતો અને અતિશય રૂપથી પ્રભાસિત કરતો દિવ્ય નાટ્ય ગીતોનો તથા નિપુણ કલાકારો દ્વારા બજાવવામાં આવતાં તંત્રીતાલ ત્રુટિત ધન મૃદંગ આદિવાદ્યોના મધુર ધ્વનિની સાથે દિવ્ય ભોગોપભોગનો ઉપયોગ કરતો વિચરે છે. દેવની જે આભ્યંતર અને બાહ્ય પરિષદ છે. તે તેના આદર સત્કાર કરે છે સ્વામીરૂપે સ્વીકારે છે, મોટા દેવોને બેસવા યોગ્ય આસન પર બેસાડવા નિમંત્રણ આપે છે. જ્યારે તે દેવોની કોઈ પણ સભામાં કોઈપણ વિષયને અનુલક્ષીને નિમંત્રણ આપે છે. જ્યારે તે

દેવોની કોઈ પણ સભામાં કોઈપણ વિષયને અનુલક્ષીને સામાન્ય વિશેષ પ્રયુક્તિઓવડે પોતાના વિષયની પ્રજ્ઞાપના પ્રરૂપણા કરે છે. ત્યારે કોઈની પણ સૂચના થયા વિના ચાર-પાંચ દેવો ઉભા થઈને આરઝુ કરે છે કે આપ વધુ સમય સુધી આપનું ભાષણ ચાલુ રાખો અમને આપની વાત ઘણી રૂચિકર લાગે છે. જ્યારે તે દેવ આયુનો ભવનો અને સ્થિતિનો ક્ષય કરી મનુષ્યભવમાં જન્મે છે ત્યારે પણ સમ્પન્ન યાવત્ ઘણા લોકો મળીને પણ પરાભવ ન કરી શકે એવા ઉત્તમ કુલોમાં પુરૂષપણે ઉત્પન્ન થાય છે. તે મનુષ્ય પુરૂષ પણ સુન્દર રૂપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી સમ્પન્ન ઈષ્ટ કાન્ત. યાવત્ અતિશય મનોહર, હીનતારહિત, સ્વરવાળો, મનોજ્ઞસ્વરવાળો, અને અદિયસ્વરવાળો થાય છે ત્યાં તેની જે બાહ્ય અને આભ્યન્તર પરિષદ હોય છે તે પણ તેનો સત્કાર સન્માન કરે છે. જ્યારે તે બોલવા લાગે છે. ત્યારે લોકો કહે છે ''આર્યપુત્ર બોલો, બોલો ઘણું બોલો''

(૭૦૩) સંવર આઠ પ્રકારના કહેલ છે. જેમકે - શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શેન્દ્રિય સંવર, મનસંવર, વચનસંવર કાયસંવર. અસંવર આઠ પ્રકારના કહેલ છે. જેમકે-શ્રોત્રેન્દ્રિયઅસંવર યાવત્ કાયઅસંવર.

(૭૦૪) સ્પર્શ આઠ પ્રકારના છે - કર્કશ. મૃદુ. લઘુ. શીત. ઉષ્ણ. સ્નિગ્ધ રૂક્ષ.

(૭૦૫) લોકસ્થિતિ આઠ પ્રકારની કહેલી છે જેમકે-આકાશના આધાર પર રહેલો વાયુ ધનોદધિ-શેષ છઠ્ઠા સ્થાનની સમાન યાવત્-સંસારી જીવ કર્મના આધાર પર રહેલ છે. પુદગલાદિ અજીવ જીવોથી સંગ્રહિત (બદ્ધ) છે. જીવ જ્ઞાનાવરણીયાદિ કર્મોથી સંગ્રહિત (બદ્ધ) છે.

(૭૦૬) ગણી (આચાર્ય)ની આઠ સંપદા કહેલી છે. આચારસંપદા, શ્રુતસંપદા, શરીરસંપદા, નસંપદા, વાચનાસંપદા-મતિસંપદા-પ્રયોગસંપદા-સંગ્રહપરિજ્ઞા સંપદા.

(૭૦૭) ચક્રવર્તીની પ્રત્યેક મહાનિધિ આઠ ચક્રની ઉપર પ્રતિષ્ઠિત છે અને આઠ-આઠ યોજન ઉંચા છે.

(૭૦૮) સમિતિઓ આઠ કહેલી છે. જેમકે-ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણા સમિતિ, આદાન-ભંડમાત્રનિક્ષેપનાસમિતિ, ઉચ્ચાર-પ્રસવણશ્લેષ્મમલ સિંઘાણ, પરિષ્ઠાપનિકા સમિતિ, મનસમિતિ, વચનસમિતિ, કાયસમિતિ.

(૭૦૯) આઠ ગુણોથી સંપન્ન અણગાર આલોચના સાંભળવા યોગ્ય હોય છે. જેમકે આચારવાને, અવધારણાવાન, વ્યયહારવાન, આલોચકનો સંકોચ મટાડવામાં સમર્થ, શુદ્ધિ કરવામાં સમર્થ, આલોચના કરનારની શક્તિ પ્રમાણે પ્રાયશ્ચિત દેવાવાળો, દોષ સેવનથી અનિષ્ટ થાય છે. તે સમજાવવામાં સમર્થ. આઠ ગુણોથી સંમ્પન્ન અણગાર પોતાના દોષોની આલોચના કરી શકે છે. જાતિસંપન્ન, કુલસંપન્ન, વિનય સંપન્ન, જ્ઞાન સંપન્ન દર્શન સંપન્ન, ચારિત્ર સંપન્ન, ક્ષાંત, દાંત.

(૭૧૦) પ્રાયશ્ચિત્ત આઠ પ્રકારના કહેલ છે. જેમકે આલોચના યોગ્ય, પ્રતિક્રમણ યોગ્ય, ઉભય, યોગ્ય, ૪ વિવેક (અશુદ્ધ આહાર પાણી પરઠવું) કાયોત્સર્ગ યોગ્ય, તપ યોગ્ય, છેદ યોગ્ય, મૂલ યોગ્ય એટલે ફરીથી મહાવ્રત ગ્રહણ કરવા યોગ્ય.

(૭૧૧) મદ સ્થાન આઠ કહેલ છે. જેમકે જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, તપ મદ, સૂત્રમદ લાભમદ, ઐશ્વર્યમદ.

(૭૧૨) અક્રિયાવાદી આઠ છે - એકવાદી,- અનેકવાદી, મિતવાદી-નિર્મિત્તવાદ સાતવાદી,-સમુચ્છેદવાદી,- નિત્યવાદી અને મોક્ષ અથવા પરલોક નથી એમ માનવાવાળ.

(૭૧૩) મહાનિમિત્ત આઠં પ્રકારના કહેલ છે. ભૌમ-ભૂમિ વિષયક શુભાશુભનું જ્ઞાન કરાવનાર શાસ્ત્ર, ઉત્પાત-રૂદિરવૃષ્ટિ આદિ ઉત્પાતોનું ફલ બતાવવાવાળું શાસ્ત્ર, સ્વપ્ન-શુભાશુભ સ્વપ્નોનું ફલ બતાવનાર શાસ્ત્ર, અંતરિક્ષ-ગાંધર્વ નગરાદિનું શુભા - શુભ ફલ બતાવનાર શાસ્ત્ર. અંગ-ચક્ષુ-મસ્તક આદિ અંગોના ફરકવાથી થનાર શુભા-શુભની સૂચના દેવાવાળું શાસ્ત્ર, સ્વર-ષડ્જ આદિ સ્વરો નું શુભાશુભ ફલ બતાવવા - વાળું શાસ્ત્ર, લક્ષણ-સ્ત્રી-પુરૂષના શુભાશુભ બતાવવા શાસ્ત્ર, વ્યંજન-તિલ મસ આદિ શુભાશુભ ફલ બતાવવાવાળું શાસ્ત્ર.

(૭૧૪-૭૨૦) વચનવિભક્તિ આઠ પ્રકારની કહેલી છે. જેમકે-નિર્દેશમાં પ્રથમા, ઉપદેશમાંદ્વિતીયા, કરણમાંતૃતીયા,- સમ્પ્રદાનમામંચતુર્થી,-અપાદાનમાંપંચમી,-સ્વામિત્વના સંબંધમાં ષષ્ઠી-સન્નિધાન અર્થમાં સપ્તમી-આમંત્રણમાં અષ્ટમી.

(૭૨૧) આઠ સ્થાનોને છમસ્થ પૂર્ણરૂપથી દેખતા નથી અને જાણતા નથી. જેમકે ધર્માસ્તિકાય-યાવત્ ગંધ, વાયુ. આઠ સ્થાનોને સર્વજ્ઞ પૂર્ણરૂપથી દેખે છેં અને જાણે છે. જેમકે. ધર્માસ્તિકાય-આદિ પૂર્વોક્ત છે અને ગંધ તથા વાયુ.

(૭૨૨) આયુર્વેદ આઠ પ્રકારનો કહેલ છે. જેમકે-કુમારભૃત્ય-બાલચિકિત્સા શાસ્ત્ર, કાયચિકિત્સા-શાસ્ત્ર, શાલાક્ય-ગળાથી ઉપરના અંગોની

ચિકિત્સાનું શાસ્ત્ર, શલ્યહત્યા-શરીરમાં કંટકની ચિકિત્સાનું શાસ્ત્ર, જંગોલી-સર્પ આદિના વિષની ચિકિત્સાનું શાસ્ત્ર, ભૂતવિદ્યા-ક્ષારતંત્ર-વીર્યપાતની ચિકિત્સાનું શાસ્ત્ર રસાયન-શરીર આયુષ્ય અને બુદ્ધિની વૃદ્ધિના ઉપાયોગ બવતાવનાર શાસ્ત્ર.

(૭૨૩) શકેન્દ્રની આઠ અગ્રમહિષીઓ છે. જેમકે પદ્મા, શિવા, સતી, અંજૂ, અમલા, આસરા, નવમિકા; રોહિણી. ઈશાનેન્દ્રની આઠ અગ્રમહિષીઓ છે, જેમકે-કૃષ્ણા, કૃષ્ણરાજા, રામા, રામરક્ષિતા, વસુગુપ્તા, વસુમિત્રા, વસુંધરા. શકેન્દ્રના સોમ લોકપાલના અને ઈશાનેદ્રના વૈશ્રમણ લોકમાલની આઠ અગ્રમહિષીઓ છે.

મહાગ્રહ આઠ છે. - ચન્દ્ર, સૂર્ય શુક્ર, બુધ બૃહસ્પતિ, મંગલ, શનૈશ્વર, કેતુ.

(૭૨૪) તૃણ વનસ્પતિકાય આઠ પ્રકારના છે. જેમકે-મૂલ, કંદ, સ્કંધ, ત્વચા, છાલ, પ્રવાલ, પત્ર પુષ્પ.

(૭૨૫) ચઉરિન્દ્રિય જીવોની હિંસા નહિ કરવાવાળાને આઠ પ્રકારનો સંયમ થાય છે. નેત્ર સુખ નષ્ટ થતું. નેત્ર દુઃખ ઉત્પન્ન નથી થતુ. યાવત્ સ્પર્શ સુખ નષ્ટ નથી થતુ. સ્પર્શ દુઃખ ઉત્પન્ન નથી થતું. ચૌરેન્દ્રિય જીવોને હિંસા કરવાવાળાને આઠ પ્રકારનો અસંયમ થાય છે. નેત્ર સુખનો નાશ થાય છે. નેત્ર દુઃખ ઉત્પન્ન થાય છે. યાવત્ સ્પર્શસૂખ નષ્ટ થાય છે. સ્પર્શદુઃખ ઉત્પન્ન થાય છે.

(૭૨૬) સૂક્ષ્મ આઠ પ્રકારના છે. જેમકે-પ્રાણસૂક્ષ્મ (કુંથવા આદિ), પનકસૂક્ષ્મ (લીલણ, ફૂલણ,) બીજસૂક્ષ્મ (વડબીજ,) હરિતસૂક્ષ્મ (લીલી વનસ્પતિ,) પુષ્પસૂક્ષ્મ (ફૂલાદિ,) અંડસૂક્ષ્મ (કૃમિઓના ઈંડા,) લયનસૂક્ષ્મ (કીડી નગરા,) સ્નેહસૂક્ષ્મ (ધુંઅર). આદિ

(૭૨૭) ભરત ચક્રવર્તી પછી આઠ યુગપ્રધાન પુરૂષ વ્યવધાન રહિત સિદ્ધ થયા યાવત્ સર્વ દુઃખોથી રહિત થયા. જેમકે આદિત્યયશ, મહાયશ, અતિબલ, મહાબલ તેજોવીર્ય કાર્તવીર્ય, દંડવીર્ય, જલવીર્ય.

(૭૨૮) ભગવાન પાર્શ્વનાથના આઠ ગણ અને આઠ ગણધર હતા. જેમકે-શુભ, આર્યઘોષ, વશિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીર્ય, ભદ્રયશ.

(૭૨૯) દર્શન આઠ પ્રકારના કહેલ છે. જેમકે સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન, સમ્યગ્મિથ્યાદર્શન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન, સ્વપ્નદર્શન.

(૭૩૦) ઔપમિક કાલ આઠ પ્રકારના કહેલ છે. જેમકે-પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી અવસર્પિણી, પુદ્ગલ પરાવર્તન, અતીતકાલ, ભવિષ્યકાલ, સર્વકાલ.

(૭૩૧) ભગવાન અરિષ્ટનેમિ પછી ૮ યુગપ્રધાન પુરૂષો મોક્ષમાં ગયા અને તેમની દીક્ષાના બે વર્ષ પછી તે મોક્ષમાં ગયા.

(૭૩૨) ભગવાન મહાવીરથી મુક્ત થઈને આઠ રાજા (ગૃહવાસ ત્યાગીને) પ્રવજિત થયા તે આ છે વીરાંગદ, ક્ષીરયશ, સંજય, એણેયક, શ્વેત, શિવ, ઉદાયન, શંખ.

(૭૩૩) આહાર આઠ પ્રકારનો છે. જેમકે મનોજ્ઞઅશન, મનોજ્ઞપાન, મનોજ્ઞખાદ્ય, મનોજ્ઞસ્વાદ્ય, અમનોજ્ઞ અશન અમોજ્ઞપાન, અમનોજ્ઞખાદ્ય, અમનોજ્ઞ સ્વાદ્ય.

(૭૩૪-૭૩૫) સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પી નીચે, બ્રહ્મલોક કલ્પમાં, રિષ્ટવિમા-નના પ્રસ્તટમાં અખાડાની સમાન સમચતુરસ્ત્ર સંસ્થાનવાળી આઠ કૃષ્ણ રાજીઓ છે. જેમકે કૃષ્ણરાજીઓ પૂર્વમાં, બે કૃષ્ણરાજીઓ દક્ષિણમાં બે કૃષ્ણ રાજીઓ પશ્ચિમમાં, બે કૃષ્ણરાજીઓ ઉત્તરમાં. પૂર્વ દિશાથી આભ્યંતર કૃષ્ણરાજી દક્ષિણ દિશાની બાહ્ય કૃસણરાજીથી સ્પૃષ્ટ છે. દક્ષિણ દિશાની આભ્યંતર કૃષ્ણરાજી પશ્ચિમ દિશાની બાહ્ય કૃષ્ણરાજીથી સ્પૃષ્ટ છે. પશ્ચિમ દિશાની આભ્યંતર કૃષ્ણુરાજી ઉત્તર દિશાની બાહ્ય કૃષ્ણરાજીથી સ્પૃષ્ટ છે. ઉત્તર દિશાની આભ્યંતર કષ્ણરાજી પૂર્વ દિશાની બાહ્ય કૃષ્ણરાજીથી સ્પૃષ્ટ છે. પૂર્વ અને પશ્ચિમ દિશાની બે બાહ્ય કૃષ્ણરાજીઓ ષટકો છે. ઉત્તર અને દક્ષિણ દિશાની બે બાહ્ય કૃષ્ણરાજીઓ ત્રિકોણ છે. દરેક આભ્યંતર કૃષ્ણરાજીઓ ચોરસ છે. આઠ કૃષ્ણરાજીઓના આઠ નામ છે. - કૃષ્ણરાજી, મેઘરાજી, મઘારાજી, માઘવતી, વાતપરિઘા, વાતપરિ - ક્ષોભ, દેવપરિઘા, દેવપરિક્ષોભ. આ આઠ કૃષ્ણરાજીઓના મધ્યભાગમાં આઠ લોકાં-તિકવિમાન છે. જેમકે-અર્ચિ, અર્ચિમાલી, વૈરાચન, પ્રભંકર, ચન્દ્રામ, સૂર્યામ, સુપ્રતિ-ષ્ઠામ, અજનેયાભ. આ આઠ લોકાન્તિવિમાનોમાં આઠ લોકોન્તિક દેવ રહે છે. જેમકે-સારસ્વત, આદિત્ય, હિન વરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય.

(૭૩૬) ધર્માસ્તિકાયના મધ્યપ્રદેશ આઠ છે. અધર્માસ્તિકાયના મધ્યપ્રદેશ આઠ છે. આકાશાસ્તિકાયના મધ્યપ્રદેશ આઠ છે. જીવાસ્તિકાયના મધ્યપ્રદેશ આઠ છે.

(૭૩૭) મહાપદ્મ અર્હત રાજાઓને મુંડિત કરીને તથા ગૃહવાસનો ત્યાગ કરાવીને અણગારપ્રવ્રજ્યા આપશે. તે આ છે. પદ્મ, પદ્મગુલ્મ, નલિન,

નલિનગુલ્મ પદ્મધ્વજ, ધનુધ્વજ, કનકરથ, ભરત.

(૭૩૮) કૃષ્ણ વાસુદેવની આઠ અગ્રમહિષીઓ અર્હન્ત અરિષ્ટનેમિ સમીપે મુંડિત થઈને તથા ગૃહવાસથી નીકળી અણગાર પ્રવ્રજ્યા સ્વીકાર કરી સિદ્ધ થઈ છે યાવત્ સર્વ દુ:ખોથી મુક્ત થઈ છે. તેમના નામ-પદ્માવતી, ગૌરી, ગંધારી, લક્ષણા, સુસીમા, જાંબવતી, સત્યભામા, રૂક્મિણી.

(૭૩૯) વીર્યપ્રવાદ પૂર્વની આઠ વસ્તુઓ અને ચૂલિકા વસ્તુઓ છે.

(૭૪૦) ગતિ આઠ પ્રકારની છે. જેમકે નરકગતિ, યાવત્, સિર્ધગતિ, ગુરૂગતિ, પ્રણોદન, પ્રાગ્ ભારગતિ.

(૭૪૧) ગંગા સિંધુ રક્તા અને રક્તવતી દેવીઓના દ્વીપ આઠ-આઠ યોજનના લાંબા પહોળા છે.

(૭૪૨) ઉલ્કામુખ, મેખમુખ, વિદ્યુન્મુખ અને વિદ્યુદ્દત, અંતરદ્વીપો આઠસોઆઠસો યોજન લાંબા પહોળા છે.

(૭૪૩) કાલોદસમુદ્રની વલયાકાર પહોળાઈ ૮ લાખ યોજનની છે.

(૭૪૪) આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપની વલયાકાર પહોળાઈ પણ આઠ લાખ યોજનની છે. બાહ્ય પુષ્કરાર્ધ દ્વીપની વલયાકાર પહોળાઈ પણ આઠ લાખ યોજનની છે.

(૭૪૫) પ્રત્યેક ચક્રવર્તીનું કાકિણી રત્ન આઠ સુવર્ણ પ્રમાણ હોય છે. કાકિણી રત્નના ૬ તલ, ૧૨ અસ્ત્રિ (કોટી) આઠ કર્ણિકાઓ હોય છે. કાકિણી રત્નનું સંસ્થાન એરણની સમાન હોય છે.

(૭૪૬) મગધ દેશનો યોજન આઠ હજાર ધનુષનો નિશ્ચિત છે.

(૭૪૭) જંબૂદ્વીપમાં સુદર્શનવૃક્ષ આઠયોજન ઊંચો છે. મધ્ય ભાગમાં આઠ યોજન પહોળો છે અને તેનું સર્વ પરિમાણર કંઈક અધિક આઠ યોજનનું છે. કૂટ શાલ્મલી વૃક્ષનો પરિમાણ પણ એટલું જ છે.

(૭૪૮) તમિસ્રા ગુફાની ઊંચાઈ આઠ યોજનની છે. ખંડપ્રપાત ગુફાની ઊંચાઈ પણ એટલી જ આઠ યોજનની છે.

(૭૪૯) જંબૂદ્વીપવર્તી મેરૂ પર્વતના પૂર્વમાં સીતામહાનદીના બન્ને કિનારાર પર આઠ વક્ષસ્કાર પર્વતો છે. તેમના નામ આ પ્રમાણે છે. ચિત્રકૂટ, પદ્મકૂટ, નલિનીકૂટ, એક શૈલકુટ, ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજનકૂટ, માતંજનકૂટ, જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના પશ્ચિમમાં શીતોદા મહાનદીના કિનારા પર આઠ વક્ષસ્કાર પર્વત છે. જેમકે અંકાવતી, પદ્માવતી, આશીવિષ, સુખાવહ, ચન્દ્રપર્વત, સૂર્યપર્વત, નાગ પર્વત, દેવપર્વત. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના પૂર્વમાં શીતા મહાનદીના ઉત્તરી કિનારા પર આઠ ચક્રવર્તી વિજય છે. જેમકે કચ્છ, સુકચ્છ, મહાકચ્છ, કચ્છાવતી, આવર્ત, મંગળાવર્ત, પુષ્કળા અને પુષ્કલાવતી વિજય. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના પૂર્વમાં શીતા મહાનદીના દક્ષિણમાં આઠ ચક્રવર્તી વીજય છે. જેમકે વત્સ, સુવત્સ યાવત્ મંગલાવતી. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતની પશ્ચિમ શીતોદા મહાનદીના દક્ષિણમાં આઠ ચક્રવર્તીવિજય છે પદ્મ યાવત્ સલિલાવતી જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતની પશ્ચિમમાં શીતોદાના ઉત્તરમાં આઠ ચક્રવર્તી વિજય છે. જેમકે વપ્રા, સુવપ્રા, યાવત્ ગંધિલાવતી જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતની પશ્ચિમમાં શીતા મહાનદીના ઉત્તરમાં આઠ રાજધાનીઓ છે. જેમકે-ક્ષેમ, યાવત્ પુંડરિકિણી. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના પૂર્વમાં શીતા મહાનદીના દક્ષિણમાં આઠ રાજધાનીઓ છે. જેમકે સુસીમા, યાવત્ રત્નસંચયા. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના પશ્ચિમમાં શીતોદા મહાનદીના દક્ષિણ - માં આઠ રાજધાનીઓ છે. જેમકે અશ્વપુરા યાવત્ વીતશોક જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના પશ્ચિમમાં શીતોદા મહાનદીના ઉત્તરમાં આઠ રાજધાનીઓ છે. વિજયા-યાવત્ અયોધ્યા.

(૭૫૦) જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતની પૂર્વમાં શીતા મહાનદીના ઉત્તરમાં ઉત્કૃષ્ટ આઠ અર્હંત, આઠ ચક્રવર્તી, આઠ બલદેવ અને આઠ વાસુદેવ ઉત્પન્ન થયા હતા. ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના પૂર્વમાં શીતા મહાનદીના દક્ષિણમાં આઠ અરિહંત આદિ થયા છે, થાય છે અને થશે. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના પશ્ચિમમાં શીતોદા મહાનદીના દક્ષિણમાં આઠ અરિહંત આદિ થયા છે, થાય છે અને થશે. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતના ઉત્તરમાં આઠ અરિહંત આદિ જાણવા.

(૭૫૧) જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતની પૂર્વમાં શીતા મહાનદીના ઉત્તરમાં આઠ દીર્ઘ વૈતાઢ્ય, આઠ તમિસ્ત્ર ગુફા, આઠ ખંડપ્રપાત ગુફા, આઠ કૃતમાલક દેવ, આઠ નૃત્યમાલક દેવ, આઠ ગંગાકુંડ, આઠ સિન્ધુકુંડ, આઠ ગંગા, આઠ સિંધુ આઠ વૃષભકૂટ, પર્વત અને આઠ વૃષભકૂટ દેવો છે. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતની પૂર્વમાં શીતા મહાનદીના દક્ષીણમાં આઠ દીર્ઘ વૈતાઢ્યપર્વતો છે યાવત્ આઠ ઋષભકૂટ દેવો છે. વિશેષ રક્તા અને રક્તવતી સંબંધી પર્વતો અને તેમના કૂટો પણ એટલા જ છે. જંબૂદ્વીપવર્તી મેરૂપર્વતથી પશ્ચિમમાં શીતોદા મહાનદીના દક્ષિણમાં આઠ દીર્ઘ વૈતાઢ્ય પર્વત છે. યાવત્-આઠ ઋષભકૂટ દેવો છે.

(૭૫૨) મેરૂપર્વતની ચૂલિકા મધ્ય ભાગમાં આઠ યોજનની પહોળી છે.

(૭૫૩) ઘાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં ઘાતકી વૃક્ષ આઠ યોજન ઊંચો છે. મધ્ય ભાગમાં આઠ યોજન ચૌડો છે અને તેનો સર્વ પરિણામ કંઈક

અધિક આઠ યોજનનો છે. ઘાતકી વૃક્ષથી મેરૂ ચૂલિકા સુધીનું સર્વ કથન જંબૂદ્રીપના વર્ણન સમાન સમજવું. ઘાતકીખંડ દ્રીપના પશ્ચિમાર્ધમાં પણ મહાઘાતકી વૃક્ષથી મેરૂ ચૂલિકા સુધીનું કથન જંબૂદ્રીપના વર્ણનની સમાન છે. પુષ્કરવર દ્રીપાર્ધના પૂર્વાર્ધમાં પદ્મવૃક્ષથી લઈ મેરૂચુલિકા સુધીનું કથન જંબૂદ્રીપની સમાન જાણવું. આ આઠ ફૂટો પર મહર્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિવાળી આઠકુમારીઓ રહે છે સમાહારા, સુપ્રતિજ્ઞા, સુપ્રબદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા, વસુંધરા. પુષ્કરવરદ્રીપાર્ધના પશ્ચિમાર્ધમાં મહાપદ્મ વૃક્ષથી મેરૂચૂલિકા સુધીનું કથન જંબૂદ્રીપની સમાન છે.

(૭૫૪-૭૫૨) જંબૂદ્રીપના મેરૂપર્વત પર ભદ્રશાલવનમાં આઠ દિશા હસ્તિ ફૂટ છે. - પદ્મોત્તર, નીલવંત, સુહસ્તી, અંજનાગિરિ કુમુદ, પલાશ, અવતંસક રોચના-ગિરિ.

(૭૫૬) જંબૂદ્રીપની જગતી આઠ યોજન ઊંચી છે અનેન બહુમધ્યભાગમાં આઠ યોજન પહોળી છે.

(૭૫૭-૭૬૮) જંબૂદ્રીપવર્તી મેરૂપર્વતથી દક્ષિણમાં મહાહિમવંત વર્ષધર પર્વત પર આઠ ફૂટો છે. જેમકે-સિદ્ધ, મહાહિમવંત, હિમવંત, રોહિત, હરીફૂટ, અરિકાન્ત, હરિવાસ, વૈડૂર્ય. જંબૂદ્રીપવર્તી મેરૂપર્વતથી ઉત્તરમાં રુકમી વર્ષધર પર્વત પર આઠ ફૂટો છે. જેમકે સિદ્ધ, રૂકમી, રમ્યક્, નરકાંત, બુદ્ધિ, રૂકમફૂટ, હિરણ્યવન, મણિક જંબૂદ્રીપવર્તી મેરૂપર્વતથી પૂર્વમાં રૂચકવર પર્વત ઉપર આઠ ફૂટો છે જેમકે-રિષ્ટ, તપનીય, કંચન રજત, દિશાસ્વતિક, પ્રલંબ, અંજન અંજનપૂલક. આ આઠ ફૂટો પર મહાર્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિવાળી આઠ દિશા કુમારીઓ રહે તે આ છે. નંદુત્તરા, નંદા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજીતા, જંબુદ્રીપવર્તી મેરૂપર્વતની દક્ષિણમાં રૂચકવર પર્વત પર આઠ ફૂટો છે. જેમકે-કનક, કંચન, પદ્મ, નલિન, રાશિ, દિવાકાર, વૈશ્રમણ, વૈડૂર્ય. આ આઠકુટોપર પૂર્વાવાત્ આઠ દિશા - કુમારીઓ રહે છે - સમાહાર, સુપ્રતિજ્ઞા, સુપ્રબદ્ધા, યશોધરા, લચ્છિર્વાતી, શેષ વતી, ચિત્રગુપ્તા, વસુંધરા.

(૭૬૯-૭૮૦) જંબુદ્રીપવર્તી મેરૂપર્વતના પશ્ચિમમાં રૂચકવર પર્વત પર આઠ ફૂટો છે. જેમકે - સ્વસ્તિક, અમોઘ, હિમવન, મંદર, રૂચક, ચક્રોતક, ચંદ્ર, સુદર્શન આ આઠ ફૂટો ઉપર મહર્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિવાળા આઠ દિશા કુમારીઓ રહે છે. ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકાસીતા, ભદ્રા. જંબૂદ્રીપવર્તી મેરૂપર્વતની ઉત્તરમાં રૂચકર પર્વત પર આઠ ફૂટો છે. જેમકે - રત્ન. રત્નોચ્ચય, સર્વરત્ન, રત્નસંચય, વિજય, વૈજયંત, જયંત, અપરાજીત. આ આઠ ફૂટો ઉપર મહર્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિવાળી આઠ દિશાકુમારીઓ રહે છે - અલંબુસા, મિતકેસી, પોંઢરી, ગીત-વારૂણી, આશા, સર્વગા, શ્રી, હ્રી. આઠ દિશા કુમારીઓ અધોલોકમાં રહે છે. જેમકે ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિસેના, વલાહકા, આઠદિશા કુમારીઓ ઉર્ધ્વલોકમાં રહે છે. જેમકે - મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, પુષ્પમાલા, અનિંદિતા.

(૭૮૧) તિર્યંચ અને મનુષ્યોની ઉત્પત્તિવાળા આઠ કલ્પ છે. સૌધર્મ-યાવત્ સહસ્રાર. ત્યાં આઠ ઈન્દ્ર છે. શકેન્દ્ર યાવત્ સહસ્રારેન્દ્ર. તેમના આઠ યાન છે. પાલક, પુષ્પક, સૌમનસ, શ્રીવત્સ, નંદાવર્ત, કામક્રમ, પ્રતિમન, વિમલ.

(૭૮૨) અષ્ટ-અષ્ટમિકા ભિક્ષુપડિમાનું સૂત્રાનુસાર આરાધન-યાવત્-સૂત્રાનુ-સાર પાલન ૬૪ અહોરાત્રિમાં થાય છે અને તેમાં ૨૮૮ વાર ભિક્ષા લેવાય છે.

(૭૮૩) સંસારી જીવો આઠ પ્રકારના છે. જેમકે-પ્રથમસમયોત્પન્ન નૈરયિક, અપ્રથમ સમયોત્પન્ન નૈરયિક યાવત્ અપ્રથમ સમયોત્પન્ન દેવ.

(૭૮૪) સર્વ જીવ આઠ પ્રકારના છે. જેમકે નૈરયિક, તિર્યંચયોનિક, તિર્યંચાણિ, મનુષ્ય, મનુષ્યાણી, દેવ. દેવીઓ, સિદ્ધ. અથવા સર્વ જીવ આઠ પ્રકારના છે. જેમ આભિનિ-બોધિક જ્ઞાની યાવત્ કેવલજ્ઞાની, મતિ અજ્ઞાની શ્રુત અજ્ઞાની વિભંગ જ્ઞાની.

સંયમ આઠ પ્રકારના છે, જેમકે-પ્રથમ સમયનો સૂક્ષ્મસંપરાય-સરાગસંયમ અપ્રથમસમયનો સૂક્ષ્મસપરાયસંયમ. પ્રથમસમયનો બાદર સરાગસંયમ. પ્રથમ સમયનો ઉપશાંતકષાય વીતરાગ સંયમ. અપ્રથમસમયનો ઉપશાંતકષાય વીતરાગ સંયમ. પ્રથમ સમયનો ક્ષીણકષાય વીતરાગસંયમ અપ્રથમસમયનો ક્ષીણકષાય વીતરાગ સંયમ.

(૭૮૫) પૃથ્વીઓ આઠ છે - રત્નપ્રભાથી યાવત્ અધઃસપ્તમી સાત પૃથ્વીઓ અને આઠમી ઈષત્પ્રાગભારા પૃથ્વી. ઈષત્પ્રાગભારા પૃથ્વીના બહુ મધ્ય દેશ ભાગમાં આઠ યોજન પ્રમાણનું ક્ષેત્ર કહ્યું છે. તે આઠ યોજનનું સ્થૂલ છે. આ પૃથ્વીના આઠ નામ છે. - ઈશત, ઈષતપ્રાગ્ભારા, તનુ, તનુ, તનુ, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય.

(૭૮૬) આઠ આવશ્યક કાર્યોને માટે સમ્યક્પ્રકારે ઉદ્યમ, પ્રયત્ન અને પરાક્રમ કરવો જોઈએ પરંતુ આ વિષયોમાં પ્રમાદ ન કરવો જોઈએ, જેમકે અશ્રુત ધર્મને સમ્યક્ પ્રકારથી સાંભળવાનો માટે શ્રુત ધર્મને ગ્રહણ કરવા અને

ધારણ કરવાને માટે, સંયમ કરીને પાપ કર્મ ન કરવાને માટે, તપશ્ચર્યાથી જુના પાપ કર્મોની નિર્જરા કરવાને માટે તથા આત્મશુદ્ધિને માટે, નિરાશ્રિત-પરિજનને આશ્રય દેવા, અને શૈક્ષને આચાર અને ગોચરી વિષયક મર્યાદા શિખડાવવાને માટે તત્પર રહેવું જોઈએ.

(૭૯૮) તેઈન્દ્રિય જીવોની આઠ લાખ કુલ કોડીઓ છે.

(૭૯૯) જીવોએ આઠ સ્થાનોમાં નિર્વર્તિત સંચિત પુદ્ગલ પાપકર્મના રૂપમાં ચયન કર્યું છે, ચયન કરે છે અને ચયન કરશે. જેમકે - પ્રથમ સમય નૈરયિક નિર્વર્તિતયાવત્-અપ્રથમ સમય દેવ નિર્વર્તિત એ પ્રમાણે ઉપચયન, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરાના ત્રણ ત્રણ દંડકો કહેવા. આઠ પ્રાદેશિક સ્કંધ અનન્ત છે. અષ્ટ પ્રદેશાવગાઢ પુદ્ગલ અનંત છે. યાવત્ આઠ ગુણ રૂક્ષ પુદ્ગલ અનંત છે.

સ્થાન : ૮ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૯

(૮૦૦) નવકારણોથી સાંભોગિક શ્રમણ નિર્ગ્રંથાને વિસંભોગી કરવામાં આવે તો ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ થતું નથી તે આ પ્રમાણે - આચાર્યના પ્રયત્નીકને, ઉપાધ્યાયના પ્રત્યનીકને સ્થનિવરોના પ્રયત્નીકને, કુલના પ્રયત્નીકને ગણના પ્રત્યનીકને સંઘના પ્રત્યનીકને જ્ઞાનના પ્રત્યનીકને દર્શનના પ્રત્યનીકને ચારિત્રના પ્રત્યનીકને.

(૮૦૧) બ્રહ્મચર્યની ગુપ્તિ નવ પ્રકારની છે. જેમકે-એકાંત શયન અને આસનનું સેવન કરવું જોઈએ પરંતુ સ્ત્રી, પશુ, અને નપુંસકના સંસર્ગવાળા શયનાશયનનું સેવન ન કરવું જોઈએ, સ્ત્રીકથા ન કરવી જોઈએ. સ્ત્રીના સ્થાનને સેવનાર ન હોય, સ્ત્રીની મનોહર ઈન્દ્રિઓનુ દર્શન અને ધ્યાન ન કરવું જોઈએ. પ્રણીતરસનું આસ્વાદન ન કરવું. આહારાદિની અતિમાત્રા ન લેવી જોઈએ. પૂર્વે આહારાદિની અતિમાત્રા ન લેવી જોઈ. પૂર્વે અનુભવેલ રતિ-ક્રીડાનું સ્મરણ ન કરવું જોઈએ. સ્ત્રીના રાગજનક શબ્દ અને રૂપની તથા સ્ત્રીની પ્રશંસાને અનુસરે નહિ સાંભળે નહિ,શારીરિક સુખાદિમાં આસક્ત થનાર ન હોય. બ્રહ્મચર્યની અગુપ્તિ નવ પ્રકારની છે. જેમકે-એકાંત શયન અને આશનનું સેવન ન કરે પરંતુ સ્ત્રી, પશુ તથા નપુસંકવડે સેવિત શયના-સનનો ઉપયોગ કરે. સ્ત્રી કથા કહે. સ્ત્રીના સ્થાનનું સેવન કરે. સ્ત્રીઓની ઈન્દ્રિયોનું દર્શન યાવત્ ધ્યાન કરે. વિકારવર્ધક આહાર કરે. આહારાદિ અધિક માત્રામાં સેવન કરે. પૂર્વાનુભૂત રતિક્રીડાનું સ્મરણ કરે. સ્ત્રીઓના શબ્દ તથા રૂપની પ્રશંસા કરે. શારીરિક સુખાદિમાં આસક્ત રહે.

(૮૦૩) અભિનંદન અરહંત પછી સુમતિનાથ અરહંત નવ લાખ ક્રોડ સાગર પછી ઉત્પન્ન થયા હતા.

(૮૦૪) શાશ્વત પદાર્થ નવ છે. જેમકે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ.

(૮૦૫) સંસારી જીવો નવ પ્રકારનો છે. જેમકે-પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાય, બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય. પૃથ્વીકાયિક જીવોની નવ ગતિ અને નવ આગતિ, જેમકે પૃથ્વીકાયિક પૃથ્વી-કાયિકોમાં ઉત્પન્ન થાય તો પૃથ્વીકાયિકોથી યાવત્ પંચોન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય છે. પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાય પર્યાયને છોડીને પૃથ્વીકાયિક રૂપમાં યાવત્ પંચેન્દ્રિય રૂપમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે અપકાયિક જીવ યાવત્ પંચેન્દ્રિય જીવ પૂર્વોક્ત નવસ્થાનોમાં અને નવસ્થાનોમાંથી ઉત્પન્ન થાય છે. સર્વ જીવ નવ પ્રકારના છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, નૈરયિક, તિર્યંચપંચેન્દ્રિય, મનુષ્ય, દેવ, સિદ્ધ. બીજી રીતે પણ સર્વ જીવ નવ પ્રકારના છે, પ્રથમ સમયોત્પન્ન નૈરયિક યાવત્ અપ્રથમ સમયોપન્ન દેવ, સિદ્ધ. સર્વ જીવોની અવગાહના નવ પ્રકારની છે, જેમકે પૃથ્વીકાયિક જીવોની અવગાહના, યાવત્ પંચેન્દ્રિય જીવોની અવગાહના. સંસારીજીવ નવ પ્રકારના હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે, જેમકે પૃથ્વીકાયિક રૂપમાં યાવત્ પંચેન્દ્રિય રૂપમાં.

(૮૦૬) નવ કારણોથી રોગોત્પત્તિ થાય છે. અતિહારથી, અહિતકારી આહારથી, અતિ નિદ્રાથી અતિજાગવાથી, મળનો વેગ રોકવાતી, મૂત્રના વેગને રોકવાથી, અતિ ચાલવાથી, પ્રતિકૂલ ભોજનથી, ઈન્દ્રિ-યાર્થ વિકોપનતાથી.

(૮૦૭) દર્શનાવરણીય કર્મ નવ પ્રકારનું છે જેમકે-નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શના નાવરણ.

(૮૦૮) અભિજિત્ નક્ષત્ર કંઈક અધિક ૯ મુહૂર્ત સુધી ચંદ્રની સાથે યોગ કરે છે. અભિજિત્ આદિના નવ નક્ષત્રો ચંદ્રની સાથે ઉત્તરથી યોગ કરે છે. તે આ છે - અભિજિત્ શ્રવણ ઘનિષ્ઠા યાવત્ ભરણી.

(૮૦૯) આ રત્નપ્રભા પૃથ્વીના સમ ભૂતલભાગથી નવસો યોજનની ઉંચાઈ પર ઉપરનું તારામંડલ ગતિ કરે છે.

(૮૧૦) જંબુદ્રીપમાં નવ યોજનના મચ્છો પ્રયેશ કરતા હતા, કરે છે અને કરશે.

(૮૧૧-૮૧૨) જંબૂદ્રીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં નવ બલદેવો અને વાસુદેવોના પિતા પ્રજાપતિ, બ્રહ્મ, રૂદ્ર, સોમ, શિવ, મહાસિંહ,

અગ્નિસિંહ દશરથ અને વસુદેવ હતા.

(૮૧૩-૮૧૪) અહીંથી આગળ સમવાયાંગ સૂત્ર અનુસાર કથન સમજી લેવું જોઈએ યાવત્ એક નવમા બલદેવ બ્રહ્મલોક કલ્પથી ચ્યવીને એક ભવ કરીને મોક્ષમાં જશે અહીં સુધી કહેવું. જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્પર્પિણીમાં નવ બલદેવો અને નવ વાસુદેવની માતાઓ થશે. શેષ-સમવાયાંગ પ્રમાણે કહેવું. યાવત્-મહાભીમસેન સુગ્રીવ સુધી કીર્તિમાન વાસુદેવોના શત્રુ પ્રતિવાસુદેવ જે બધા ચક્રથી યુદ્ધ કરવાવાળા છે અને સ્વચક્રથી જ મરવાવાળા છે, તેનું વર્ણન સમવાયાંગ અનુસાર કહેવું.

(૮૧૫-૮૧૬) પ્રત્યેક ચક્રવર્તીની નવ મહાનિધિઓ હોય છે અને પ્રત્યેક મહાનિધિ નવ-નવ યોજનની જાડી હોય છે. તે મહાનિધિના નામ આ પ્રમાણે છે. નૈસર્પ પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણ વક, શંખ

(૮૧૭-૮૨૨) નૈસર્પ મહાનિધિના પ્રભાવથી ગ્રામ, આકર, નગર, પટ્ટણ, દ્રોણમુખ, મંડબ, સ્કંધવાર, અને ઘરોનું નિર્માણ થાય છે. પાંડુક મહાનિધિના પ્રભાવથી ગણવા યોગ્ય વસ્તુઓ જેમકે-મોહર આદિ સિક્કા, માપવા યોગ્ય વસ્તુઓ વસ્ત્ર આદિ તોળવા યોગ્ય વસ્તુઓ, ગોળ આદિ તથા ધાન્ય આદિની ઉત્પત્તિ થાય છે. પિંગલ મહાનિધિના પ્રભાવથી પુરૂષો, સ્ત્રીઓ હાથીઓ અને ઘોડાના આભૂષણો - ની ઉત્પત્તિથી થાય છે. સર્વ રત્ન મહાનિધિના પ્રભાવથી ચૌદ રત્નોની ઉત્પત્તિ થાય છે. મહાપદ્મ મહાનિધિના પ્રભાવથી સર્વ પ્રકારના રંગેલા અથવા શ્વેત વસ્ત્રોની ઉત્પતિ થાય છે. કાલ મહાનિધિ-ભૂતકાલના ત્રણ વર્ષ ભવિષ્યત્ કાલના ત્રણ વર્ષ તથા વર્તમાન કાલનું જ્ઞાન તથા ઘટ, લોહ, ચિત્ર, વસ્ત્ર અને નાપિતના વીસ-વીસભેદ હોવાથી સૌ પ્રકારના શિલ્પનું જ્ઞાન અને કૃષિનું જ્ઞાન ઉત્પન્ન થાય છે આ ત્રણેય પ્રજાને માટે હિતકારી હોય છે.

(૮૨૩-૮૨૯) મહાકાલ મહાનિધિ-તેના પ્રભાવથી લોઢુ ચાંદી, સોનું, મણી, મોતી સ્ફટિકશિલા અને પ્રવાલ આદિ ની ખાણોથી ઉત્પત્તિ થાય છે. માણવક મહાનિધિ-તેના પ્રભાવથી યોદ્ધા અસ્ત્રશસ્ત્ર, બખ્તર, યુદ્ધનીતિ અને દંડનીતિ ની ઉત્પત્તિ થાય છે. શંખ મહાનિધિ-તેના પ્રભાવથી નાટ્યવિધિ નાટક વિધિ અને ચાર પ્રકારના કાવ્યની તથા મૃદંગાદિ સમસ્ત વાદ્યોની ઉત્પત્તિ થાય છે. તે નવ મહાનિધિઓ આઠ-આઠ ચક્ર પર પ્રતિષ્ઠિત છે. આઠ આઠ યોજન ઉંચા છે, નવ-નવ યોજન જાડા છે અને બાર યોજન લાંબા છે. તેમનો આકાર પેટીની સમાન છે. તે દરેક ગંગાનદીની સમીપ સ્થિત છે. સુવર્ણના બનેલ છે. અને વૈડુર્યમણિના દ્વારવાળા છે અનેક રત્નોથી પરિપૂર્ણ છે તે દરેક વિધાનો પર ચન્દ્ર-સૂર્ય અને ચક્રનું ચિન્હ છે. સમાન સ્તંભ અને દ્વારવાળી છે. તે નિધિઓના નામવાળા તથા પલ્યોપમની સ્થિતિવાળા ત્રાયસ્રિંશ દેવતા તે નિધિઓના અધિષ્ઠાતા છે. પરંતુ તે નિધિઓથી ઉત્પન્ન દેવાનો અધિકાર તેમને નથી. તે બધી મહાનિધિઓ ચક્રવર્તીને આધીન હોય છે.

(૮૩૦) વિકૃતિઓ નવ પ્રકારની છે. જેમકે દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, માંસ.

(૮૩૧) ઔદારિક શરીરના નવ છીદ્રોથી મળ નીકળે છે. જેમકે બે કાન, બેનેત્ર, બે નાક, મુખ, મૂત્ર સ્થાન, ગુદા.

(૮૩૨) પુણ્ય નવ પ્રકારના હોય છે. જેમકે-અન્નપુણ્ય, પાણપુણ્ય, વસ્ત્ર પુણ્ય લયન પુણ્ય, શયન પુણ્ય, વસ્ત્ર પુણ્ય, મનપુણ્ય વચન પણ્ય, કાયા પુણ્ય, નમસ્કાર પુણ્ય.

(૮૩૩) પાપ ના સ્થાન નવ પ્રકારના હોય છે. જેમકે-પ્રાણતિપાત. મૃષાવાદ યાવત્ પરિગ્રહ, ક્રોધ, માન માયા, લોભ.

(૮૩૪-૮૩૫) પાપશ્રુત નવ પ્રકારના છે. જેમકે-ઉત્પાત, નિમિત, મંત્ર, આખ્યાયક, ચિકિત્સા, કલા, આકરણ, અજ્ઞાન, મિથ્યા પ્રવચન.

(૮૩૪-૮૩૫) પાપશ્રુત નવ પ્રકારના છે. જેમકે-ઉત્પાત, નિમિત, મંત્ર, આખ્યાયક, ચિકિત્સા, કલા, આકરણ, અજ્ઞાન, મિથ્યા પ્રવચન.

(૮૩૬) અનુવાદ નામક નવમાં પૂર્વમાં નૈપુણિક વસ્તુઓના નવ અધ્યયનો છે. તે આ પ્રમાણે છે. સંખ્યાન, નિમિત્ત, કાવિક, પુરાણ, પરિહસ્તિક, પરપંડિત, વાદી, ભુતિકર્મ, ચિકિત્સક.

(૮૩૭) ભગવાન મહાવીરના નવ ગણ હતા. જેમકે ગોદાસગણ, ઉત્તર બલિસ્સહ ગણ, ઉદ્યહ ગણ, ચારણગણ, ઉર્ધ્વવાનિકગણ, વિશ્વવાદીગણ કામર્દ્ધિક ગણ, માનવ ગણ, કોટિક ગણ,

(૮૩૮) શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને માટે નવકોટિ વડે પરિશુદ્ધ ભિક્ષા કહેલી છે સ્વયં જીવોની હિંસા કરતા નથી, હિંસા કરાવતા નથી, હિંસા કરવા વાળાનુ અનુમોદન કરતા નથી, સ્વયં અન્નાદિની પકાવે નહિ, બીજા પાસેથી નહિ, પકાવવા વાળાનું અનુમોદન કરતા નથી. સ્વયં ખરીદતા નથી. બીજાથી ખરીદાવતા નથી. ખરીદવાવાળાને અનુમોદન આપતા નથી.

(૮૩૯) ઈશાનેન્દ્રના વરૂણ લોકપાલની નવ અગ્રમહિષીઓ છે.

(૮૪૦) ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓની સ્થિતિ નવ પલ્યોપમની છે. ઈશાન કલ્પમાં દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ નવ પલ્યોપમની છે.

(૮૪૧-૮૪૨) નવ (લૌકાન્તિક) દેવનિકાય (સમૂહ) છે. જેમકે સારસ્વત, આદિત્ય, વન્હિ, વરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, અગિચ્યા, રિષ્ટ.

(૮૪૩) અવ્યાબાધ દેવોને નવસો નવ દેવોનો પરિવાર છે. એ પ્રમાણે અગિચ્યા અને રિઠા દેવોનો પરિવાર છે.

(૮૪૪-૮૪૫) નવ ગ્રૈવેયકવિમાનોના પ્રસ્તર છે. જેમકે-અધસ્તન અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, અધસ્તન મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, અધસ્તન ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, મધ્યમ અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, મધ્યમ મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, મધ્યમ ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, ઉપરિતન અધ્યસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, ઉપરિતન મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, ઉપરિતન ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તર, નવ ગ્રૈવેયકવિમાનોના પ્રસ્તરોના નવ નામ છે. ભદ્ર, સુભદ્ર, સુજાત, સૌમનસ, પ્રિયદર્શન, સુદર્શન, અમોઘ સુપ્રબુદ્ધ યશોધર.

(૮૪૬) આયુષ્યનો પરિણામ-સ્વભાવ નવ પ્રકારે કહેલ છે. ગતિ પરિણામ, ગતિ બંધન પરિણામ-સ્થિતિ પરિણામ,-સ્થિતિબંધન પરિણામ,-ઉર્ધ્વગૌરવ પરિણામ,- અધો ગૌરવ પરિણામ,-તિર્યગ્ ગૌરવ પરિણામ-,દીર્ઘ ગૌરવ પરિણામ, અને હ્રસ્વ ગૌરવ પરિણામ.

(૮૪૭) નવનવમિકા ભિક્ષુપ્રતિમાનું સૂત્રાનુસાર આરાધન યાવત્ પાલન એક્યાસી રાત-દિવસમાં થાય છે, તે પ્રતિમામાં ૪૦૫ વાર ભિક્ષા લેવાય છે.

(૮૪૮) પ્રાયશ્ચિત નવ પ્રકારના છે. જેમકે-આલોચનાર્હ-ગુરૂની સમક્ષ આલોચના કરવાથી જે પાપ છુટે યાવત મૂલાર્હ અનવસ્થાપ્યાર્હ-અત્યંત સંકિલષ્ટ પરિણામ વાળાને આ પ્રકારના તપનું પ્રાયશ્ચિત દેવાય છે જેનાથી તે ઉઠી બેસી ન શકે. તપ પૂર્ણ થવા પર ઉપસ્થાપના કરાવાય છે.

(૮૪૯-૮૫૦) જંબૂદ્વીપના મેરૂથી દક્ષિણ દિશાના ભરતક્ષેત્રમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કુટ છે. સિદ્ધ, ભરત, ખંડ પ્રતાપકૂટ, મણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગુહા, ભરત, વૈશ્રમણ.

(૮૫૧-૮૫૨) જંબૂદ્વીપના મેરૂપર્વતથી દક્ષિણ દિશામાં નિષધ નામક વર્ષધર પર્વત ઉપર નવ કૂટ છે - સિદ્ધ, નિષધ, હરિવર્ષ, વિદેહ, હરિ, ધ્રૃતિ, શીતોદા, અપર વિદેહઅને રૂચક.

(૮૫૩-૮૫૪) જંબૂદ્વીપના મેરૂ પર્વત ઉપર નંદન વનમાં નવ કૂટ છે. જેમકે નંદન, મેરૂ, નિષધ, હૈમવન્ત, રજત, રૂચક, સાગરચિત, વજ્ર અને બલકૂટ.

(૮૫૫-૮૫૬) જંબૂદ્વીપના માલ્વંત વક્ષકાર પર્વત પર નવ કૂટ છે. જેમકે-સિદ્ધ, માલ્યવંત, ઉત્તરકુટ, કચ્છ, સાગર, રજત, સીતા, પૂર્ણ, હરિસ્સહકૂટ.

(૮૫૭-૮૫૮) જંબૂદ્વીપના કચ્છ વિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે. - સિદ્ધ, કચ્છ, ખંડપ્રપાત, મણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિસ્રગુહા, સુકચ્છ, વૈશ્રમણ

(૮૫૯-૮૬૦) જંબૂદ્વીપના સુકચ્છ વિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે-સિદ્ધ, સુકચ્છ, ખંડ પ્રતાપ, મણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિસ્રગુહા, સુકચ્છ, વૈશ્રમણ.

(૮૬૧-૮૬૨) એ પ્રમાણે પુષ્કલાવતી વિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે. એ પ્રમાણે વચ્છ વિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે યાવત્ મંગલાવતી વિજયમાં દીર્ઘ વૈનાઢ્ય પર્વત ઉપર કૂટ છે. જંબૂદ્વીપના વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત ઉપર નવ કૂટ છે. જેમકે-સિદ્ધ વિદ્યુત્પ્રભ, દેવકુરૂ, પદ્મપ્રભ, કનકપ્રભ શ્રાવસ્તી, શીતોદા સજલ અને હરીકૂટ.

(૮૬૩-૮૬૪) જંબૂદ્વીપના પક્ષ્મનામક વિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે. જેમકે-સિદ્ધકૂટ, પક્ષ્મકૂટ ખંડપ્રપાત, માણિભદ્ર, વેતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગૃહા,પક્ષ્મકૂટ, વૈશ્રમણકૂટ. એ પ્રકારે યાવત્ સલિલાવતી વિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે. એ પ્રકારે વપ્રવિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે. એ પ્રમાણે યાવત્-ગંધિલાવતી વિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે. જેમકે સિદ્ધકૂટ, ગંધિલાવતી, ખંડ પ્રતાપ,માણિકભદ્ર વૈતાઢ્ય પૂર્ણ ભદ્ર, તિમિશ્રગુહા, ગંધિલાવતી, અને વૈશ્રમણ.

(૮૬૫-૮૬૬) એ પ્રકારે દરેક દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર બીજા અને નવમા કૂટ સમાન નામવાળા છે. શેષ કૂટોના નામ પૂર્વવત્ છે. જંબૂદ્વીપમાં મેરૂપર્વતની ઉત્તર દિશામાં નીલવાન વર્ષધર પર્વત પર નવ કૂટ છે. જેમકે-સિદ્ધ કૂટ, નીલવાન કૂટ, વિદેહ, શીતા, કીર્તિ, નારિકાન્તા, અપરવિદેહ, રમ્યક્કૂટ, ઉપદર્શન કૂટ.

(૮૬૭-૮૬૮) જંબૂદ્વીપમાં મેરૂપર્વત ઉપર ઉત્તર દિશામાં ઐરવત ક્ષેત્રમાં દીર્ઘ વૈતાઢ્ય ઉપર નવ કૂટ છે જેમકે સિદ્ધ, રત્ન, ખંડપ્રતાપ, મણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગુહા, ઐરવત, વૈશ્રમણ.

(૮૬૯) પુરૂષાદાનીય ભગવાન પાર્શ્વનાથ વજ્ર ઋષભ-નારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાન વાળા હતા તથા નવ હાથ ઊંચા હતા.

(૮૭૦) ભગવાન મહાવીરના તીર્થમાં નવ જીવોએ તીર્થંકર નામ ગોત્ર

કર્મનું ઉપાર્જન કર્યુ તે આ છે શ્રેણિક સુપાર્શ્વ, ઉદાયન, પોટ્ટિલ અણગાર, દઢાયુ શંખ શતક, સુલસા શ્રાવિકા અને રેવતી.

(૮૭૧) હે આર્યો ? કૃષ્ણવાસુદેવ, રામબલદેવ, ઉદકપેઢાલ, પુત્ર, પોટિલમુનિ, શતક ગાથાપતિ, દારૂકનિર્ગ્રંથ, સત્યકી નિર્ગ્રન્થી પુત્ર, સુલસાશ્રાવિકાથી પ્રતિબોધિત અબંડ પરિવ્રાજક, ભગવંત પાર્શ્વનાથની પ્રશિષ્યા સુપાર્શ્વા આર્યાં આ નવ વ્યક્તિઓ આગામી ઉત્સર્પિણીમાં ચાર મહાવ્રતરૂપ ધર્મની પ્રરૂપણા કરીને સિદ્ધ થશે યાવત્ બધા દુ:ખોનો અંત કરશે.

(૮૭૨-૮૭૪) ભગવાન મહાવીર કહે છે કે-હે આર્યો ? આ શ્રેણિક રાજા મરીને આ રત્નપ્રભા પૃથ્વીના સીમંતક નારકવાસમાં ચોરાસી હજાર વર્ષની નારકીય સ્થિતિવાળા નૈરયિકના રૂપમાં ઉત્પન્ન થશે અને અતિ તીવ્ર યાવત્-અસહ્યવેદના ભોગવશે. અને શ્રેણિક રાજાનો જીવ તે નરકથી નીકળી આગામી ઉત્સર્પિણીમાં આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની સમીપમાં પુંડ્નામકજન પદના શતદ્વાર નગરમાં સંમતિ કુલકરની ભદ્રા ભાર્યાની કુક્ષિમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. ત્યાર પછી તે ભદ્રા ભાર્યાને નવ માસ અને સાડા સાત અહોરાત્ર વિતવા પર સુકુમાર હાથ પગવાળો પ્રતિપૂર્ણ પંચેન્દ્રિય શરીરવાળો અને ઉત્તમ લક્ષણો-તિલસમ આદિથી યુક્ત યાવત્ રૂપવાન પુત્ર ઉત્પન્ન થશે. તે રાત્રિમાં શતદ્વાર નગરની અંદર અને બહાર ભારાગ્ર તથા કુંભાગ્ર પ્રમાણ પદ્મો અને રત્નોની વર્ષા વરસશે પછી તેના માતા-પિતા અગિયાર દિવસ વ્યતીત થવા પર યાવત-પિતા અગિયાર દિવસ વ્યતીત થવા પર યાવત-બારમે દિવસે તેનું ગુણ સંપન્ન નામ આપશે. કેમકે તેનો જન્મ થવા પર શતદ્વાર નગરની અંદર અને બહાર સર્વત્ર ભારાગ્ર પ્રમાણ કુંભાગ્ર પ્રમાણ પદ્મ-કમલની વૃષ્ટિ એ રત્નની વૃષ્ટિ થઈ હતી. તેથી તે પુત્રનું નામ મહાપદ્મ આપશે. પછી મહાપદ્મના માતા-પિતા મહાપદ્મને કંઈક અધિક આઠ વર્ષનો થયેલો જાણીને રાજ્યાભિષેકનો મહોત્સવ કરશે. પછી તે રાજા મહારાજાની જેમ યાવત્-રાજ્ય કરશે, તેના રાજ્યકાલમાં મહર્ધિક-યાવત્ મહાન ઐશ્વર્યવાળા પૂર્ણભદ્ર અને મહાભદ્ર નામના બે દેવો તેની સેનાનું સંચાલન કરશે; તે સમયે શતદ્વાર નગરના ઘણા રાજા યાવત્-સાર્થવાહ આદિ પરસ્પર વાતો કરશે હે દેવાનુપ્રિયો અમારા મહાપદ્મ રાજાની સેનાનું સંચાલન મહર્ધિક યાવત્ મહાન ઐશ્વર્યવાળા બે દેવો કરે છે. તેથી તેનું બીજું નામ ''દેવસેન''થાઓ તે સમયથી મહાપદ્મનું બીજું નામ 'દેવસેન' પણ થશે. કેટલાક સમય પછી તે દેવસેન રાજાને શંખતલ જેવો નિર્મળ; સફેદ; ચાર દાંતવાળો હસ્તિરત્નપ્રાપ્ત થશે. તે દેવસેન રાજાને હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈને શતદ્વાર નગરના મધ્યભાગમાંથી વારંવાર આવાગમન કરશે; તે સમયે શતદ્વાર નગરના ઘણા રાજા ઈશ્વર યાવત્-સાર્થવાહ આદિ પરસ્પર વાત કરશે. જેમકે-હે દેવાનુપ્રિયો અમારા દેવસેન રાજાને જેવો નિર્મળ શ્વેત, ચાર દાંત વાળો હસ્તિરત્ન પ્રાપ્ત થયો છે, તે માટે અમારા દેવસેન રાજાનું ત્રીજું નામ 'વિમલવાહન''થાઓ.

પછી તે વિમલવાહન રાજા ત્રીસ વર્ષ ગૃહસ્થાવાસમાં રહેશે. અને માતા-પિતાના સ્વર્ગવાસી થવા પર ગુરૂજનોની આજ્ઞા લઈને શરદ ઋતુમાં સ્વયંબોધને પ્રાપ્ત થશે. તથા અનુત્તર મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરશે. તે સમયે લોકાન્તિક દેવ ઈષ્ટ-યાવત્-કલ્યાણકારી વાણીથી તેનું અભિનંદન અને સ્તુતિ કરશે. નગરની બહાર સુભૂમિ ભાગ ઉદ્યાનમાં એક દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરીને તે વસ્ત્ર ગ્રહણ કરીને તે પ્રવ્રજ્યા અંગીકાર કરશે.

શરીરનું મમત્વ ન રાખવાવાળા તે ભગવાનને કંઈક અધિક બાર વર્ષ સુધી દેવ મનુષ્ય અને તિર્યંચ સંબંધી જે ઉપસર્ગ ઉત્પન્ન થશે તેને તે સમભાવથી સહન કરશે. યાવત્-અકંપિત રહેશે. તે સમયે વિમલવાહન ભગવાન્ ઈર્યાસમિતિ, ભાષાસમિતિ આદિનું પાલન કરશે યાવત્-બ્રહ્મચર્યનું પાલન કરશે. તે નિર્મમ, નિષ્પરિગ્રહ, કાંસ્યપાત્રની સમાન અલિપ્ત થશે. યાવત્-ભાવના અધ્યયનમાં કહેલ ભગવાન્ મહાવીરના વર્ણની સમાન અલિપ્ત થશે, યાવત્-ભાવના અધ્યયનમાં કહેલ ભગવાન્ મહાવીરના વર્ણન સમાન વધુ સમજવું. તે વિમલવાહન ભગવાન, કાંસાના પાત્રની સમાન સ્નેહરહિત શંખ સમાન નિર્મળ. જીવની જેમ અપ્રહિત ગતિવાળા. ગગનની સમાન આલંબન રહિત. વાયુ સમાન અપ્રતિબદ્ધ વિહારી. શરદ્ ઋતુના સમાન નિર્મળ-સ્વચ્છ હૃદયવાળા પદ્મપત્ર સમાન અલિપ્ત. કૂર્મ સમાન ગુપ્તેન્દ્રિય. ગેંડાના સીંગની સમાન એકાકી. ભારંડ પક્ષી સમાન અપ્રમત્ત. હાથી સમાન ધૈર્યવાન્ વૃષભ સમાન બળવાન્. સિંહ સમાન દુર્ધર્ષ મેરૂ સમાન નિશ્ચલ. સમુદ્ર સમાન ગંભીર. ચંદ્ર સમાન શીતલ. સૂર્ય સમાન ઉજ્જવળ. શુદ્ધ સુવર્ણ સમાન સુંદર. પૃથ્વી સમાન સહિષ્ણુ. આહુતિથી પ્રજ્વલિત, અગ્નિ સમાન જ્ઞાનાદિ ગુણોથી તેજસ્વી થશે.

(૮૭૫) તે વિમલવાહન ભગવાનને કોઈ પણ વસ્તુમાં પ્રતિબંધ નહિ થાય. તે પ્રતિબંધ ચાર પ્રકારના કહેલ છે તે આ પ્રમાણે - અંડજ - આ અંસ વિગેરે મારા છે. પોતજ-આ હાથી આદિ મારા છે. અવગ્રહિક-મકાન, પાટ ફલક, આદિ મારા છે. પ્રગ્રહિક-પાત્ર આદિ મારા છે. તે વિમલવાહન ભગવાન્ જે જે દિશામાં વિચરવું ઈચ્છશે તે તે દિશામાં સ્વેચ્છાપૂર્વક શુદ્ધ ભાવથી ગર્વરહિત તથા સર્વથા મમત્વરહિત થઈને સંયમથી આત્માને ભાવિત

કરતા થકા વિચરશે. તે વિમલવાહન ભગવાનને જ્ઞાન, દર્શન, ચારિત્ર, વસતિ અને વિહારની ઉત્કૃષ્ટ આરાધના કરવાથી સરલતા મૃદુતા લઘુતા ક્ષમા નિર્લોભતા, મન વચન કાયાની ગુપ્તિ, સત્ય, સંયમ, તપ શૌચ અને નિર્વાણ માર્ગની વિવેકપૂર્વક આરાધના કરવાથી શુક્લ ધ્યાન ધ્યાતા થકા અનંત સર્વોત્કૃષ્ટ બાધા રહિત યાવત્ કેવળ-જ્ઞાનદર્શન ઉત્પન્ન થશે ત્યારે તે ભગવાન અર્હંત જિન થઈ જશે. કેવલજ્ઞાન-દર્શનથી તે દેવો, મનુષ્યો અને અસુરોથી પરિપૂર્ણ લોકના સમસ્ત પર્યાયોને જોશે. સંપૂર્ણ લોકના દરેક જીવોની આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન ઉપપાત, તર્ક, માનસિકભાવ, ભુક્ત, કૃત, સેવિત પ્રગટ કર્મો અને ગુપ્ત કર્મોને જાણશે.

તે પૂજ્ય ભગવાન સંપૂર્ણલોકમાં તે સમયના મન, વચન અને કાયિક યોગમાં વર્તમાન સર્વ જીવોના સર્વ ભાવોને જોતા થકા વિચરશે. તે સમય તે ભગવાન કેવળજ્ઞાન, કેવળ દર્શનથી સમસ્તલોકને જાણીને શ્રમણ નિર્ગ્રંથોની પચ્ચીસ ભાવનાસહિત પાંચ મહાવ્રતોનું તથા છ જીવનિકાય ધર્મનો ઉપદેશ આવશે. હે આર્યો ! જે પ્રકારે મારા વડે શ્રમણ નિર્ગ્રંથોનો એક આરંભ સ્થાન કહેલ છે તે પ્રમાણે મહાપદ્મ અર્હંત પણ શ્રમણ નિર્ગ્રંથોનું એક આરંભ સ્થાન કહેશે. હે આર્યો ! જે પ્રમાણે મેં શ્રમણ નિર્ગ્રંથોના બે બંધન કહેલ છે. એ પ્રમાણે મહાપદ્મ અર્હંત પણ શ્રમણ નિર્ગ્રંથોના ત્રણ દંડ કહેલ છે તે પ્રમાણે મહાપદ્મ અર્હંત પણ શ્રમણ નિર્ગ્રંથોના ત્રણ દંડ કહેશે, જેમકે - મનદંડ, વચનદંડ અને કાયદંડ. એ પ્રમાણે ચાર કષાય, પાંચ કામગુણ, છ જીવનિકાય, સાત ભયસ્થાન, આઠ મદસ્થાન, નવ બ્રહ્મચર્યગુપ્તિ દશશ્રમણ ધર્મ યાવત્ તેત્રીશ આશાતના પર્યન્ત કહેવું. હે આર્યો ! આ પ્રમાણે મારા વડે શ્રમણ નિર્ગ્રંથોનો નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદંત-ધાવન, છત્રરહિત રહેવું, પગમાં જુતા ન પહેરવા, ભૂમિશય્યા, ફલકઅસ્નાન, કાષ્ઠશય્યા, કેશલુંચન, બ્રહ્મચર્યપાલન, ગૃહસ્થના ઘેરથી આહાર આદિ લાવવા, શય્યા, કાષ્ઠશય્યે, કેશલુંચન, બ્રહ્મચર્યપાલન, ગૃહસ્થના ઘેરથી આહાર આદિ લાવવા, માન-અપમાનમાં સમાન રહેલું, આદિની પ્રરૂપણા કરેલ છે એ પ્રમાણે મહાપદ્મ પણ પ્રરૂપણા કરશે. હે આર્યો ! મારા વડે શ્રમણ નિર્ગ્રંથોને આધાકર્મ, ઔદેશિક, મિશ્રજાત, અધ્યવપૂરક ગૃહસ્થ પોતા માટે જે ભોજન બનાવી રહ્યા છે તેમાં સાધુના નિમેત્તે થોડો અધ્યવપૂરક ગૃહસ્થ પોતા માટે જે ભોજન બનાવી રહ્યા છે તેમાં સાધુના નિમેત્તે થોડો વધારે નાખીને બનાવેલો હોય તે પૂતિક, ક્રીત, અપ્રામિત્યક, આચ્છેદ્ય અનિસૃષ્ટ, અભ્યાહૃત, કાન્તાર ભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાનભક્ત, વદ્દલિક ભક્ત, પ્રાઘૂર્ણક ભક્ત, મૂલભોજન, કંદ-ભોજન, ફલભોજન, બીજભોજન તથા હરિત ભોજન લેવાનો નિષેધ કરેલ છે. તે પ્રમાણે મહાપદ્મ અર્હંત પણ શ્રમણ નિર્ગ્રંથો આધાકર્મ યાવત્-હરિતભોજન લેવાનો નિષેધ કરશે. હે આર્યો ! જે પ્રમાણે મારા વડે શ્રમણ નિર્ગ્રંથોનું પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રત રૂપ અને અચેલક ધર્મ કહેલ છે, એ પ્રમાણે મહાપદ્મ અર્હંત પણ શ્રમણ નિર્ગ્રંથોનુ પ્રતિક્રમણ સહિત યાવત્ અચેલક ધર્મ કહેશે.

હે આર્યો ! જે પ્રમાણે હું પાચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો શ્રાવક ધર્મ કહું છું તે પ્રમાણે મહાપદ્મ અર્હંત પણ શ્રાવકધર્મ કહેશે. હે આર્યો ! જે પ્રમાણે મેં શ્રમણ નિર્ગ્રંથોને શય્યાતર પિંડ અને રાજપિંડ લેવાનો નિષેધ કર્યો છે એ પ્રમાણે મહાપદ્મ અર્હંત પણ શ્રમણ નિર્ગ્રંથોને શય્યાતર પિંડ અને રાજપિંડ લેવાનો નિષેધ કરશે. હે આર્યો ! જે પ્રકારે મારા નવગણ અને અગીયાર ગણધરો છે એ પ્રકારે મહાપદ્મ અર્હંતનો પણ નવ ગણ અને અગીયાર ગણધરો થશો. હે આર્યો ! જે પ્રમાણે હું ત્રીસ વર્ષ ગૃહસ્થ પર્યાયમાં રહીને મુંડિત યાવત પ્રવ્રજિત થયો છું અને બાર વર્ષ અને તેર પક્ષ ન્યૂન ત્રીસ વર્ષનો કેવળ પર્યાય, બેતાલીસ વર્ષનો શ્રમણ પર્યાય- એમ બોત્તેર વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ થઈશ. યાવત્ બધા દુ:ખોનો અંત કરીશ, એ પ્રમાણે મહાપદ્મ અર્હંત પણ બધા દુ:ખોનો અંત કરશે.

(૮૭૬) જે શીલ સામાચાર સામાચારી અર્હંત તીર્થંકર મહાવીરનો હતો તે જ શીલ સમાચાર મહાપદ્મ અર્હંતનો પણ થશે.

(૮૭૭-૮૭૮) નવ નક્ષત્ર ચંદ્રની પાછળ ગતિ કરે છે, જેમકે- અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, રેવતી, અશ્વિની, મૃગશિરા, પુષ્ય, હસ્ત, ચિત્રા.

(૮૭૯) આણત પ્રાણત આરણ અચ્યુત કલ્પમાં વિમાન નવસો યોજન ઉંચા છે.

(૮૮૦) વિમલવાહન કુલકર નવ ધનુષ્ય ઉંચા હતા.

(૮૮૧) કૌશલિક ભગવાન્ ઋષભદેવે આ અવસર્પિણી કાલના નવ ક્રોડાક્રોડ સાગરોપમ કાળ વીત્યા પછી તીર્થ પ્રવર્તાવ્યું.

(૮૮૨) ધનદંત લષ્ટદંત ગૂઢદંત અને શુદ્ધદંત આ અન્તર્દ્વીપવાસી મનુષ્યોના દ્વીપ નવસો નવસો યોજનના લાંબા અને પહોળા કહેલ છે.

(૮૮૩) શુક્ર મહાગ્રહની નવ વીર્થીઓ (ગતિક્ષેત્રો) છે - હયવીથી, ગજ-વીથી, નાગવીથી, વૃષભવીથી, ગોવીથી, ઉરગવીથી, અજવીથી. મિત્રવીથી, વૈશ્વાનર-વીથી.

(૮૮૪) નોકષાય વેદનીય કર્મ નવ પ્રકારનુ છે, જેમકે-સ્ત્રીવેદ,

પુરુષવેદ, નપુસંક વેદ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગુંછા.

(૮૮૫) ચઉરિન્દ્રિય જીવોની નવ લાખ કુલકોડી છે. ભુજપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય જીવોની નવ લાખ કુલકોડી છે.

(૮૮૬) નવ સ્થાનોમાં સંચિત પુદ્ગલોને જીવોએ પાપકર્મના રૂપમાં ચયન કર્યું હતું, ચયન કરે છે અને કરશે. પૃથ્વી કાયિક જીવો વડે સંચિત યાવત્ પંચેન્દ્રિય જીવો વડે સંચિત. આ પ્રમાણે ચય. ઉપચય-યાવત્-નિર્જરા સંબંધી સૂત્રો કહેવા જોઈએ.

(૮૮૭) નવ પ્રદેશવાળા સ્કંધ અનંત કહેલ છે. આકાશના નવ પ્રદેશોમાં અવગાઢ પુદ્ગલો અનંત કહેલ છે - યાવત્ નવગુણ રૂક્ષ પુદ્ગલ અનંત કહેલ છે.

સ્થાન : ૯ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

સ્થાન : ૧૦

(૮૮૮) લોકસ્થિતિ દશ પ્રકારની છે, જેમકે-જીવ મરી મરીને વારંવાર લોકમાં જ ઉત્પન્ન થાય છે. આ એક લોકસ્થિતિ છે. જીવો સદા નિરંતર પાપ કર્મ કરે છે, ઓ પણ એક લોકસ્થિતિ છે. જીવ સદા મોહનીયરૂપ પાપ કર્મનો બંધ કરે છે, આ પણ એક લોકસ્થિતિ છે. એવી જ રીતે-કોઈ કાળે અમે થયું નથી, થતું નથી અને થશે પણ નહિ કે જીવો અજીવ થઈ જાય કે અજીવો જીવ થઈ જાય. આ પણ એક લોકસ્થિતિ છે. કોઈ કાળે એમ થયું નથી, થતુ નથી અને થશે નહિ કે ત્રસ પ્રાણીઓનો સર્વથા ઉચ્છેદ-અભાવ થઈ જાય અથવા સ્થાવર જીવોનો સર્વથા ઉચ્છેદ થઈ જાય. ત્રસ પ્રાણીઓ સૈદેવ રહેશે, સ્થાવર પ્રાણીઓ પણ સૈદેવ રહેશે. એ પણ એક લોક સ્થિતિ છે. એમ થયું નથી, થતું નથી. અને થશે નહિ કે લોક, અલોક થઈ જાય અથવા અલોક, લોક થઈ જાય. એમ પણ થયું નથી, થતુ નથી અને થશે નહિ કે લોક અલોકમાં પ્રવિષ્ટ થઈ જાય અથવા અલોક, લોકમાં પ્રવિષ્ટ થઈ જાય. જ્યાં સુધી લોક છે ત્યાં સુધી જીવ છે અને જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી લોક છે જ્યાં સુધી જીવો અને પુદ્ગલોની ગતિ પર્યાય છે. ત્યાં સુધી લોક છે જ્યાં સુધી લોક છે ત્યાં સુધી જીવો અને પુદ્ગલોની ગતિ પર્યાય છે. લોકાન્તમાં સર્વત્ર અબદ્ધ અસ્પૃષ્ટ અને રૂક્ષ પુદ્ગલો છે તેથી જીવ અને પુદ્ગલ લોકાન્તની બહાર ગમન કરી શકતા નથી. આ પણ એક લોકસ્થિતિ છે.

(૮૮૯-૮૯૦) શબ્દ દસ પ્રકારના છે. નિહારી-ઘટની સમાન ઘોષવાળો શબ્દ. પિડિમ-ઢોલની સમાન ઘોષરહિત શબ્દ રૂક્ષ-શબ્દ, ભિન્ન-કુષ્ટા-દિરોગથી પીડિત રોગીની સમાન શબ્દ, જર્જરિત-વીણાની સમાન શબ્દ. દીર્ઘ-દીર્ઘ અક્ષરના ઉચ્ચારણવાળો શબ્દ હ્રસ્વ-હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણવાળો શબ્દ પૃથક્ત્વ-અનેક પ્રકારના વાદ્યોનો એક સમવેત સ્વર. કાકણી-કોયલની સમાન સૂક્ષ્મ કષ્ઠથી નીકળતો શબ્દ. કિંકિણીનાની નાની ઘંટિઓથી નીકળતો શબ્દ.

(૮૯૧) ઈન્દ્રિઓના દશ વિષય અતીત કાલ સંબંધી છે, જેમકે-અતીતમાં એક વ્યક્તિએ એક દેશ (કાન) થી શબ્દ સાંભળેલ છે. અતીતમાં એક વ્યક્તિએ સર્વ દેશ (બન્ને કાનો) થી શબ્દ સાંભળેલ છે. અતીતમાં એક વ્યક્તિએ એક દેશ (આંખ) થી રૂપને જોયેલ છે. અતીતમાં એક વ્યક્તિએ સર્વથી (બન્ને આંખોથી) રૂપને જોયેલ છે. એ પ્રમાણે ગંધોને સુંઘેલ છે. રસોને આસ્વાદેલ છે. યાવત્-સ્પર્શોને દેશવડે તથા સર્વવડે સ્પર્શેલ-છે. ઈન્દ્રિઓના દશ વિષય વર્તમાન કાલ સંબંધી છે. યથા-વર્તમાનમાં એક વ્યક્તિ એક દેશ (એક કાન)થી શબ્દ સાંભળે છે. વર્તમાનમાં એક વ્યક્તિ સર્વ દેશ (બન્ને કાનો)થી શબ્દ સાંભળે છે. એ પ્રમાણે રૂપને જુએ છે, ગંધોને સુંઘે છે, રસોને આસ્વાદે છે. યાવત્-સ્પર્શોને દેશવડે તથા સર્વવડે સ્પર્શે છે. ઈન્દ્રિઓના દશ વિષય ભવિષ્ય કાલના છે. ભવિષ્યમાં એક વ્યક્તિ સર્વ દેશ (બન્ને કાનો) થી શબ્દ સાંભળશે. એ પ્રમાણે રૂપ, રસ, ગંધ અને સ્પર્શના ઉપર પ્રમાણે બે-બે ભેદ સમજવા.

(૮૯૨) શરીર અથવા સ્કંધથી પૃથક ન થયેલ પુદ્ગલો દશ પ્રકારથી ચલિત થાય છે. આહાર કરતા થકા પુદ્ગલો ચલિત થાય છે. રસ, રૂપમાં પરિણત થતા પુદ્ગલો ચલિત થાય છે. ઉચ્છ્વાસ અથવા નિશ્વાસ લેતા સમયે વાયુના પુદ્ગલો ચલિત થાય છે. વેદના ભોગવતા સમયે પુદ્ગલો ચલિત થાય છે. નિર્જરિત પુદ્ગલો ચલિત થાય છે. વૈક્રિય શરીરરૂપમાં પરિણત થતા પુદ્ગલો ચલિત થાય છે. મૈથુન સેવન કરતા સમયે શુક્રના પુદ્ગલો ચલિત થાય છે. યક્ષાવિષ્ટ પુરૂષના શરીરના પુદ્ગલો ચલિત થાય છે. શરીરના વાયુથી પ્રેરિત પુદ્ગલો ચલિત થાય છે.

(૮૯૩) દશ કારણો વડે ક્રોધની ઉત્પતિ થાય છે, જેમકે મારા મનોજ્ઞ શબ્દ સ્પર્શ, રસ,રૂપ અને ગંધ રૂપ ઈન્દ્રિય વિષયોને આ પુરૂષે અપહરેલ હતા એમ ચિંતન કરવાથી-મને અમનોજ્ઞ, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ ગંધ આ પુરૂષે આપ્યા હતા એમ ચિંતન કરવાથી, મારા મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ વિષયોને આ પુરૂષ અપહરણ કરશે એમ ચિંતન કરવાથી. મને અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ આ પુરૂષ આપશે એમ ચિંતન કરવાથી.

મારા મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગંધનું આ પુરૂષે અપહરણ કર્યું હતું, કરે છે અને કરશે. એમ ચિંતન કરવાથી. અમનોજ્ઞ શબ્દ યાવત્ ગંધ આપ્યું હતું, આપે છે અથવા આપશે એમ ચિંતન કરવાથી. આ પુરૂષે મારા મનોજ્ઞ શબ્દ-યાવત્-ગંધનું અપહરણ કર્યું, કરે છે અથવા કરશે તથા આ પુરૂષે અમનોજ્ઞ-શબ્દ-યાવત્-ગંધ આપ્યું; આપે છે અને આપશે, એમ ચિંતન કરવાથી.

(૮૯૪) સંયમ દશ પ્રકારનો કહેલ છે, જેમકે-પૃથ્વીકાયિક જીવોનો સંયમ વનસ્પતિકાયિક જીવોનો સંમય, બેઈન્દ્રિય જીવોનો સંયમ, તેઈન્દ્રિય જીવોનો સંયમ. ચઉરિન્દ્રિય જીવોનો સંયમ, પંચેન્દ્રિય જીવોનો સંયમ, અજીવકાયસંયમ. અસંયમ દશ પ્રકારનો છે, જેમકે-પૃથ્વીકાયિક જીવોનો અસંયમ - યાવત્ - વનસ્પતિકાયિક જીવોનો અસંયમ, બેઈન્દ્રિય જીવોનો અસંયમ-યાવત્, પંચેન્દ્રિય જીવોનો અસંયમ, અજીવકાય અસંયમ. સંવર દશ પ્રકારનો છે, જેમકે-શ્રોત્રેન્દ્રિય સંવર-યાવત્-સ્પર્શેન્દ્રિય સંવર, મનસંવર, વચનસંવર, કાયસંવર, ઉપકરણ સંવર, સૂચીકુશાગ્રસંવર (નાનામાં નાની વસ્તુને પણ સંવર કરીને રાખવું.) અસંવર દશ પ્રકારના છે, જેમકે-શ્રોત્રેન્દ્રિય-અસંવર-યાવત્, સૂચીકુહાગ્ર અસંવર.

(૮૯૫) દસ કારણોથી મનુષ્યને અભિમાન ઉત્પન્ન થાય છે, જેમકે જાતિમદથી કુલમદથી-યાવત્, ઐશ્વર્યના મદથી, નાગકુમાર દેવ અથવા સુવર્ણકુમાર દેવો મારી પાસે શીઘ્ર આવે છે એ પ્રકારના મદથી, પાકૃત પુરૂષોને થાય તે કરતાં વધારે શ્રેષ્ઠ અવધિજ્ઞાન અને અવધિદર્શન મને ઉત્પન્ન થયેલ છે, એ પ્રકારના મદથી.

(૮૯૬) સમાધિ દસ પ્રકારની છે, જેમકે - પ્રાણાતિપાતથી વિરત થવું, મૃષાવાદથી વિરત થવું, અદત્તાદાનથી વિરત થવું, મૈથુનથી વિરત થવું. પરિગ્રહથી વિરત થવું ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન-ભંડમાત્ર-નિક્ષેપણાસમિતિ, ઉચ્ચાર-પ્રશ્રવણ-શ્લેષ્મ-સિંધાણ-પરિસ્થાપનિકા સમિતિ. અસમાધિ દસ પ્રકારની છે, જેમકે-પ્રાણાતિપાત-યાવત્-પરિગ્રહ, ઈર્યા અસમિતિ-યાવત્ ઉચ્ચાર - પ્રશ્રવણશ્લેષ્મ-સિંધાણપરિસ્થાપનિકા-અસમિતિ.

(૮૯૬-૮૯૮) પ્રવ્રજ્યા દસ પ્રકારની છે, જેમકે છંદા-પોતાની ઈચ્છાથી દીક્ષા લેવાય છે તે, રોષા-રોષાથી લેવાતી દીક્ષા, પરિજીર્ણા. દરિદ્રતાના કારણે લેવાથી દીક્ષા સ્વપ્ના-સ્વપ્નદર્શનથી દીક્ષા લે, પ્રતિશ્રુતા-પ્રતિજ્ઞા લેવાથી દીક્ષા લે, સ્મારણા-પૂર્વ-ભવના સ્મરણથી દીક્ષા લે, રોગિણિકા-રોગ થવાથી દીક્ષા લે, અનાદૃતા-અનાદરથી દીક્ષા લે, દેવસંજ્ઞપ્તિ દેવતાના ઉપદેશથી દીક્ષા લે. વત્સાનુ-બંધિની-પુત્રસ્નેહતી દીક્ષા લે.

(૮૯૯) શ્રમણ ધર્મ દસ પ્રકારના છે, જેમકે-ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા, લઘુતા, સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્ય. વૈયાવૃત્ય દસ પ્રકારના છે, જેમકે-આચાર્યની, ઉપાધ્યાયની, સ્થવિર સાધુઓની, તપસ્વીની, ગ્લાન ની, શૈક્ષ, કુલની, ગણની, ચતુર્વિધ સંઘની અને સાધર્મિકની વૈયાવૃત્ય.

(૯૦૦) જીવપરિણામ દસ પ્રકારના છે, જેમકે-ગતિપરિણામ, ઈન્દ્રિયપરિણામ, કષાયપરિણામ, લેશ્યાપરિણામ, યોગપરિણામ, ઉપયોગપરિણામ, જ્ઞાનપરિણામ, દર્શનપરિણામ, ચારિત્રપરિણામ, અને વેદપરિણામ, અજીવપરિણામ દસ પ્રકારના છે. યથાબંધન પરિણામ, ગતિપરિણામ, સંસ્થાનપરિણામ, ભેદપરિણામ, વર્ણપરિણામ, રસપરિણામ, ગંધપરિણામ, સ્પર્શપરિણામ, અગુરૂલઘુપરિણામ, અને શબ્દપરિણામ.

(૯૦૧) આકાશસંબંધી અસ્વાધ્યાય દસ પ્રકારના છે. જેમકે-ઉલ્કાપાત-આકાશથી પ્રકાશપુંજનું પડવું. તે પડતાં એ પ્રહર સુધી અસ્વાધ્યાય દિશાદાહ-મહાનગરના દાહસમાન આકાશમાં પ્રકાશ દેખાય, તેમાં એક પ્રહર સુધી અસ્વાધ્યાય, ગર્જનાઆકાશમાં અકાલે ગર્જના થાય તો બે પ્રહર સુધી અસ્વાધ્યાય. વિદ્યુત-અકાલે વીજળી થાય તો એક પ્રહર સુદી અસ્વાધ્યાય. નિર્ઘાત-આકાશમાં વ્યંતરાદિ દેવો વડે કરાયેલ મહાધ્વનિ અથવા ભૂમિકંપાદિ થાય તો તેમાં આઠ પ્રહર સુધી અસ્વાધ્યાય. જૂગયસંધ્યા એ ચંદ્રપ્રભાનું મળવું. યક્ષાદીપ્ત-આકાશમાં યક્ષના પ્રભાવથી જાજ્વલ્યમાન અગ્નિ દેખાય, તેમાં સ્વાધ્યાય ન કરવો. ધૂમિકા-ધુમાડાના જેવી વર્ણવાળા સૂક્ષ્મ વૃષ્ટિ, મિહિકા-શરદ કાલમાં થવા વાળી સૂક્ષ્મ વર્ષા, રજઘાત્-સ્વભાવથી ચારે દિશામાં સૂક્ષ્મ રજની વૃષ્ટિ જ્યાંસુધી થાય છે ત્યાંસુધી અસ્વાધ્યાય હોય છે. ઔદારિક મનુષ્ય અને તિર્યંચના શરીર સંબંધી અસ્વાધ્યા દસ પ્રકારે છે. જેમકે-અસ્થિ હાડકાં, માંસ, લોહી, અશુચિ સામંત-મૂત્ર અને વિષ્ટા સમીપમાં હોય તો અસ્વાધ્યાય, સ્માશાનની સમીપ, ચંદ્ર ગ્રહણ હોય તો સૂર્ય ગ્રહણ હોય તો પતન-રાજા, મંત્રી, સેનાપતિ, ગ્રામાધિપતિ પ્રમુખનું મરણ થાય તો અહોરાત્ર સુધી અસ્વાધ્યાય, રાજવિગ્રહ-રાજા વિગેરેનો સમીપમાં સંગ્રામ થતો હોય તો, ઉપાશ્રય અંદર ઔદારિક શરીર પડેલું હોય તો એકસો હાથની અંદર અસ્વાધ્યાય છે.

(૯૦૨) પંચેન્દ્રિય જીવોની હિંસા ન કરવાવાળાને દસ પ્રકારનો સંયમ થાય છે. જેમકે-શ્રોત્રેન્દ્રિયનું સુખ નષ્ટ નથી થતું. શ્રોત્રેન્દ્રિયનું દુ:ખ પ્રાપ્ત નથી

થતું યાવત્ સ્પર્શેન્દ્રિયનું સુખ નષ્ટ નથી થતું, સ્પર્શેન્દ્રિયનું દુઃખ પ્રાપ્ત નથી થતું. એ પ્રમાણે અસંયમ પણ દસ પ્રકારનો કહેવો જોઈએ.

(૯૦૩) સૂક્ષ્મ દસ પ્રકારના છે. જેમકે-પ્રાણસૂક્ષ્મ-કુંથાઆ વિગેરે, પનક સૂક્ષ્મફૂલણ આદિ, બીજસૂક્ષ્મ-ડાંગર આદિનો અગ્રભાગ, હરિતસૂક્ષ્મ-સૂક્ષ્મ હરી ઘાસ, પુષ્પસૂક્ષ્મ-વડ આદિના પુષ્પ, અંડસૂક્ષ્મ-કીડી આદિના ઈંડા લયનસૂક્ષ્મ-સ્નેહ સૂક્ષ્મધુંઅર આદિ, ગણિત સૂક્ષ્મ-સૂક્ષ્મબુદ્ધિ વડે ગહન. ગણિત કરવું ભંગ સૂક્ષ્મ-સૂક્ષ્મ બુદ્ધિથી ગહન ભાંગા બનાવવા.

(૯૦૪) જંબૂદ્વીપસંબંધી મેરૂપર્વતથી દક્ષિણ દિશામાં ગંગા, સિંધુ મહાનદીઓમાં દસ મહાનદીઓ મળે છે. તે આ પ્રમાણે ગંગા નદીમાં મળવા વાળી પાંચ નદીઓ યમુના, સરયૂ, આવી, કોશી, મહી. સિંધુ નદીમાં મળવા વાળી પાંચ નદીઓ શતદ્રુ. વિવત્સા, વિભાસા, એરાવતી, ચંદ્રભાગા. જંબૂદ્વીપના મેરૂથી ઉત્તર દિશામાં રક્તા અને રક્તવતી મહાનદીમાં દશ મહાનદીઓ મળે છે. જેમકે-કૃષ્ણા, મહાકૃષ્ણા, નીલા, મહાનીલા, તીરા, મહાતીરા, ઈન્દ્રા ઈન્દ્રષણા, વારિષેણા અને મહાભોગા.

(૯૦૫-૯૦૬) જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં દશ રાજધાનીઓ છે. ચંપા, મથુરા, વારાણસી, શ્રાવસ્તી, સાકેત, હસ્તિનાપુર, કાંપિલ્યપુર, મિથિલા, કોશામ્બી, રાજગૃહ.

(૯૦૭) આ દશ રાજધાનીઓમાં દશ રાજા મુંડિત યાવત્ પ્રવ્રજિત થયાં ભરત, સગર, મઘવ, સનત્કુમાર, શાંતિનાથી, કુંથુનાથ, અરનાથ, મહાપદ્મ, હરિષેણ, જયનાથ.

(૯૦૮) જંબૂદ્વીપનો મેરૂપર્વત મધ્યભાગમા આ રત્નપ્રભા પૃથ્વીની ઉપર અને નીચેના બે ક્ષુલ્લક પ્રતરો છે. લઘુ પ્રતરોમાં આઠ રૂચકાકાર પ્રદેશો છે. (ગાયના આંચળને રૂચક કહે છે. તેથી તેવા આકારે ચાર રૂચકાકાર પ્રદેશો ઉપરના પ્રતરમાં છે અને ચાર નીચેના પ્રતરમાં છે.) એમ આઠ પ્રદેશો થાય છે. જેમકે-પૂર્વ, પૂર્વ-દક્ષિણ, દક્ષિણ, દક્ષિણ-પશ્ચિમ, પશ્ચિમ, પશ્ચિમઉત્તર, ઉત્તર, ઉત્તરપૂર્વ, ઉર્ધ્વ, અંધોદિશા. આ દશ દિશાઓના દસ નામ આ પ્રમાણે છે-ઐન્દ્રી, આગ્નેયી, યમા, નૈઋત્યી, વારુણી, વાયવ્યા, સોમા, ઈશાના, વિમલા, તમાં.

(૯૧૧) લવણ સમુદ્રના મધ્યમાં દસ હજાર યોજનનું ગોતીર્થવિરહિત ક્ષેત્ર છે. લવણ સમુદ્રના જલની શિખા દસ હજાર યોજનની છે. દરેક (ચાર પાતાલ કલશ દશ-દશ સહસ્ર એટલે એક એક લાખ યોજનના ઉંડા છે. તે કલશો મૂલમાં દશ હજાર યોજનના પહોળા છે. મધ્ય ભાગમાં એક પ્રદેશવાળી શ્રેણીમાં દસ-દસ હજાર (એક લાખ)યોજન પહોળા કહેલા છે. કળશોનું મુખ દશ હજાર યોજન પહોળું છે. તે મહાપાતાલ કળશોની ઠીકરી વજ્રમય છે અને દસ સો યોજનની અને સર્વત્ર સમાન પહોળી છે. દરેક લઘુપાતાલ કલશ એક હજાર યોજન ઉંડા છે. મૂલમાં એકસો યોજન પહોળા છે. મધ્ય ભાગમાં એક પ્રદેશવાળી શ્રેણીમાં એક હજાર યોજન પહોળા છે. કળશોનું મુખ સો યોજન પહોળુ છે. તે લઘુ પાતાલ કલશોની ઠીકરી વજ્રમય છે દશ યોજનની છે અને સર્વત્ર સમાન પહોળી છે.

(૯૧૨) ધાતકીખંડ દ્વીપના મેરૂ, ભૂમિમાં એક હજાર યોજનના ઉંડા છે. ભૂમિ પર કંઈક ન્યૂન દશ હજાર યોજન પહોળા છે. ઉપર એક હજાર યોજન પહોળા છે. પુષ્કરવર અર્ધદ્વીપનો મેરૂ પર્વતોનું પ્રમાણ પણ આ પ્રકારનું જ છે.

(૯૧૩) દરેક વૃત્તવૈતાઢ્ય પર્વત એક હજાર યોજન ઊંચા છે. ભૂમિમાં એક હજાર) ગાઉ ગહેરા છે. સર્વત્ર સમાન પલ્યંક સંસ્થાનથી સંસ્થિત છે અને એક હજાર યોજન પહોળા છે.

(૯૧૪) જંબૂદ્વીપમાં દશ ક્ષેત્ર આ પ્રમાણે છે-ભરત, ઐરાવત, હૈમવત, હૈરણ્યવંત, હરિવર્ષ, રમ્યક વર્ષ, પૂર્વવિદેહ, અપરવિદેહ, દેવકુરૂ, ઉત્તરકુરૂ.

(૯૧૫) માનુષોત્તર પર્વત મૂલમાં એક હજાર બાવીશ યોજન પહોળો છે.

(૯૧૬) દરેક અંજનક પર્વત ભૂમિમાં દશ સો (એક હજાર) યોજન પહોળા છે. ભૂમિ ઉપર મૂલમાં દશ હજાર યોજન પહોળા છે. ઉપર દસ સો (એક હજાર) યોજન પહોળા છે. દરેક દધિમુખ પર્વત પર દશ સો (એક હજાર) યોજન ભૂમિમાં ઊંડા છે. સર્વત્ર સમાન પલ્યંક સંસ્થાનથી સંસ્થિત છે અને દશ હજાર યોજન પહોળા છે. દરેક રતિકર પર્વત દશ સો (એક હજાર) યોજન ઉંચા છે. દસ સો (એક હજાર) ગાઉ ભૂમિમાં ગહેરા છે. સર્વત્ર સમાન ઝાલરના સંસ્થાનથી સ્થિત છે અને દસ હજાર યોજન પહોળા છે.

(૯૧૭) રુચકવર પર્વતો દેશ સો યોજન ભૂમિમાં ગહેરા છે. મૂલમાં (ભૂમિપર દશ હજાર યોજન પહોળા છે. ઉપર દસ સો યોજન પહોળા છે. આજ પ્રકારે કુંડલવર પર્વતનું પરિમાણ પણ જાણવું જોઈએ.

(૯૧૮) દ્રવ્યાનુયોગ દસ પ્રકારનો છે જેમકે-દ્રવ્યાનુયોગ-જીવાદિ દ્રવ્યોનું ચિતન જેમકે-ગુણ પર્યાયવાળું હોય તે દ્રવ્ય. માતૃકાનુયોગ-ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણ પદોનું ચિંતન જેમકે - 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્'

એકાર્થિકાનુયોગ-એક અર્થવાળા શબ્દોનું ચિંતન જેમકે-જીવ, પ્રાણ, ભૂત અને સત્ત્વ આ એકાર્થવાચી શબ્દોનું ચિંતન. કરણાનુયોગ-સાધકતમ કારણોનું ચિંતન. જેમકે-કાલ, સ્વભાવ, નિયતિ અને સાધકતમ કારણોથી કર્તા કાર્ય કરે છે. અર્પિતાનર્પિત-અર્પિત વિશેષણસહિત જેમ આ સંસારી જીવ છે. અનર્પિત-અર્પિત વિશેષણરહિત આ જીવ દ્રવ્ય છે. ભાવિતાભાવિત અન્ય દ્રવ્યના સંસર્ગથી પ્રભાવિત હોય તે ભાવિત કહેવાય છે. અને યન્ય દ્રવ્યના સંસર્ગથી પ્રભાવિત ન હોય તે અભાવિત કહેવાય છે - આ પ્રકારે દ્રવ્યોનું ચિંતન કરાય છે. બાહ્યાબાહ્ય-બાહ્ય દ્રવ્ય અને અબાહ્યોનું ચિંતન. શાશ્વતાશાશ્વત-શાશ્વત અને અશાશ્વત દ્રવ્યોનું ચિંતન. તથાજ્ઞાન-સમ્યગ્દષ્ટિ જીવોનું જે યથાર્થ જ્ઞાન છે તે તથાજ્ઞાન છે. અતથાજ્ઞાન-મિથ્યાદષ્ટિ જીવોને જે એકાંત જ્ઞાન છે તે અતથા જ્ઞાન છે.

(૯૧૯) અસુરેન્દ્ર ચમરના તિગિચ્છકૂટ ઉત્પાત પર્વત મૂલમાં એક હજાર બાવીસ-યોજન પહોળા છે. અસુરેન્દ્ર ચમરનો સોમ લોકપાલના સોમપ્રભ ઉત્પાત પર્વત એક હજાર યોજનનો ઊંચો છે. એક હજાર ગાઉનો ભૂમિમાં ઊંડો છે. મૂલમાં (ભૂમિપર) એક હજાર યોજન પહોળા છે. અસુરેન્દ્ર ચમરના યમલોકપાલનો યમપ્રભ ઉત્પાત્ પર્વતનું પ્રમાણ પૂર્વવત છે. વરૂણના ઉત્પાદ પર્વતનું પ્રમાણ પણ એટલું જ છે. વૈશ્રમણના ઉત્પાત પર્વતનું પ્રમાણ પણ એટલું જ છે. વૈરાચનેન્દ્ર વૈરોચનરાજ બલિનો ચકેન્દ્ર ઉત્પાતપર્વત મુલમાં એક હજાર બાવીશ ૧૦૨૨ યોજન પહોળો છે. જે પ્રકારે ચમરેન્દ્રના લોકપાલોના ઉત્પાત પર્વતોનું પ્રમાણ કહેલ છે. તેજ પ્રમાણે બલિના લોકપાલોના ઉત્પાત પર્વતોનું પ્રમાણ કહેવું. નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ઘરણનો ઘરણપ્રભ ઉત્પાત પર્વત એક હજાર યોજન ઉંચો છે એક હજાર ગાઉ ભૂમિમાં ઊંડો છે. મૂલમાં એક હજાર યોજન પહોળો છે એ પ્રમાણે ઘરણના કાલવાલ આદિ લોકપાલોનાં ઉત્પાદ પર્વતોનું પ્રમાણ પણ જણાવું. આ પ્રમાણે જ ભૂતાનંદ અને તેના લોકપાલોના ઉત્પાત પર્વતોનું પ્રમાણ છે સુચના-લોકપાલ સહિત સ્તનિત કુમાર સુધી ઉત્પાત પર્વતોનું એજ પ્રમાણે પ્રમાણ કહેવું જોઈએ. અસુરેન્દ્રો અને લોકપાલોના નામોની સમાન ઉત્પાત પર્વતોના નામ કહેવા. દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રનો શક્રપ્રભનામક ઉત્પાદ પર્વતોના નામ કહેવા. દેવેન્દ્ર દેવરાજ શકેન્દ્રનો શક્રપ્રભ નામક ઉત્પાત પર્વતદસ હજાર યોજન પહોળા છે. શકેન્દ્રના લોકપાલોના ઉત્પાત પર્વતોનું પ્રમાણ પણ એટલું જ છે. અચ્યુત પર્યન્ત દરેક ઈન્દ્ર અને તેમના લોકપાલોના ઉત્પાત પર્વતોનું પ્રમાણ એટલું કહેવું જોઈએ.

(૯૨૦) બાદર વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજન - ની છે. જલચર તિર્યંચની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનની છે. સ્થલચર ઉરપરિસર્પ તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ અવગાહના પણ એટલી જ છે.

(૯૨૧) સંભવનાથ અર્હંત મોક્ષે પધાર્યા પછી દશ લાખ સાગરોપમ વ્યતીત થવા પર અભિનંદન અર્હંત ઉત્પન્ન થયા હતા.

(૯૨૨) અનન્તક દશ પ્રકારના છે. જેમકે નામઅનંતક-જે સચિત્ત અથવા અચિત્ત વસ્તુનું અનંતક નામ હોય તે. સ્થાપનાઅનંતક-અક્ષ આદિ કોઈ પદાર્થમાં અનંતની સ્થાપના. દ્રવ્યઅનંતક-જીવ દ્રવ્ય અથવા પુદ્‌ગલ દ્રવ્યનું અનંતપણું. ગણના અનંતક-એક બે ત્રણ એ પ્રમાણે સંખ્યાત અસંખ્યાત અને અનંતસુધી ગણતરી કરવી. પ્રદેશઅનંતક-આકાશ પ્રદેશોનું અનંતપણું. એકતોઅનંતક-અતીતકાલ અથવા અનાગતકાલ અનન્ત છે. દ્વિધાઅનંતક-સર્વકાલ (આદિ અને અન્ત બન્નેની અપેક્ષાથી અનન્ત છે.) દેશવિસ્તારાનંતક-એક આકાશપ્રતર (આકાશનો એક પ્રતર એક પ્રદેશ જાડો હોવાથી અનન્તવાળો છે. સર્વવિસ્તારનંતક-સર્વ આકાશાસ્તિકાય. શાશ્વતાનંતક-જેની આદિ ન હોય, અન્ત ન હોય તે અક્ષય જીવાદિ દ્રવ્ય.

(૯૨૩) ઉત્પાદનામક પૂર્વના દસ વસ્તુઓ છે. અસ્તિનાસ્તિપ્રવાદ નામક પૂર્વના દશ ચૂલવસ્તુઓ છે. પ્રતિસેવના (સંયમવિરાધના) દશ પ્રકારની છે, જેમકે-દર્પપ્રતિસેવના-અહંકારપૂર્વક સંયમની વિરાધના કરવી. પ્રમાદપ્રતિસેવના-હાસ્ય વિકથા આદિ પ્રમાદથી સંયમ વિરાધના કરવી. અનભોગ-પ્રતિસેવના-અસાવધાનીતી થનાર સંયમવિરાધના, આતુરપ્રતિસેવના વ્યાધિથી પીડિત થઈને દોષ સેવન કરે તે. આપત્તિપ્રતિસેવના-વિપદ્‌ગ્રસ્ત થવાથી થનારવિરાધના શક્તિપ્રતિસેવના-શુદ્ધ આહારાદિમાં અશુદ્ધની શંકા થવા પર પણ ગ્રહણ કરવાથી થનાર સંયમ વિરાધના. સહસાકાર પ્રતિસેવના-અકસ્માત એટલે પ્રતિલેખનાદિ કર્યા વિના પ્રવૃત્તિ કરવાથી થનાર સંયમ વિરાધના. ભયપ્રતિસેવના-સિંહ તથાશ્વાપદ તથા સર્પાદિ ઉરગ જીવોના ભયથી વૃક્ષાદિ પર ચઢવાથી થનાર વિરાધના. પ્રદ્વેષપ્રતિસેવના-ક્રોધાદિ કષાયની પ્રજ્વલતાથી થનાર વિરાધના. વિમર્શપ્રતિસેવના-શિષ્યાદિની પરીક્ષા માટે કરાતી વિરાધના.

(૯૨૬-૯૨૭) આલોચનનાના દશ દોષ છે, જેમકે-આકંપઈત્તા-આલોચના લેવાની પહેલા ગુરુમહારાજની સેવા, આ સંકલ્પથી કરે કે આ મારી સેવાથી પ્રસન્ન થઈને મારા પર અનુકંપા કરીને કંઈક ઓછુ પ્રાયશ્ચિત આપશે, અનુમાન કરીને આલોચના કરે-આ આચાર્ય સ્વલ્પ, દંડ દેવાવાળા છે અથવા

કઠોર દંડ દેવાવાળા છે, આમ અનુમાનથી જોઈને મૃદુ - દંડ મળવાની આશથી આલોચના કરે, મારો દોષ આચાર્યાદિએ જોઈ લીધો છે, એમ જાણીને આલોચના કરે-આચાર્યાદિએ મારો આ દોષ જોઈ લીધો છે, હવે છૂપાવી શકાય તેમ નથી. તેથી હું સ્વયં તેની સમીપ જઈને મારા દોષની આલોચના કરી લઉ તેથી તે મારા પર પ્રસન્ન થશે-એમ વિચારી આલોચના કરે; સ્થૂલ દોષની આલોચના કરે-પોતાના મોટા દોષની આલોચના એવા આશયથી કરે કે આ કેટલો સત્યવાદી છે ! એવી પ્રશંસા કરાવવાને માટે મોટા દોષની આલોચના કરે, સૂક્ષ્મ દોષની આલોચના કરે - આ નાના-નાના દોષોની આલોચના કરે છે તે મોટા મોટા દોષોની આલોચના કરવામાં તો સંદેહ શું છે ? એવી પ્રતીતિ કરાવવાને માટે સૂક્ષ્મ દોષોની આલોચના કરવામાં તો સંદેહ શું છે ? એવી પ્રતીતિ કરાવવાને માટે સૂક્ષ્મ દોષોની આલોચના કરે, પ્રચ્છન્ન રૂપથી આલોચના કરે-આચાર્યાદિ સાંભળી ન શકે એવા સ્વરથી આલોચના કરે, તેથી આલોચના નથી કરી એમ કોઈ કહી ન શકે, ઉચ્ચ જોઈએ, પરંતુ ઉચ્ચ સ્વરથી બોલીને અગીતાર્થને પણ સંભળાવે, અનેકની સમીપ આલોચના કરે-દોષની આલોચના એકની પાસે જ કરવી જોઈએ પરંતૂ જે દોષોની આલોચના પહેલા થઈ ગયેલ છે તે દોષોની આલોચના બીજાની પાસે કરે, અગીતાર્થ પાસે આલોચના કરે-આલોચના ગીતાર્થની પાસેજ કરવી જોઈએ પરંતુ એ પ્રમાણે ન કરતાં અગીતાર્થની પાસે આલોચના કરે. દોષસેવનારની પાસે આલોચના કરે-મેં જ દોષનું સેવન કર્યું છે. તેથીહું તેની જ પાસે આલોચના કરું. એમ કરવાથી તે ઓછું પ્રાયશ્ચિત આપશે.

(૯૨૮) દશ સ્થાનો થી સંપન્ન અણગાર પોતાના દોષોની આલોચના કરે છે. જાતિસંપન્ન, કુલસંપન્ન, વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શનસંપન્ન, ચારિત્રસંપન્ન, ક્ષમાવાન, ઈન્દ્રિઓને દમનાર, માયારહિત, અપશ્ચાત્તાપી દશ સ્થાનો થી સંપન્ન અણગાર આલોચના સંભળવા યોગ્ય હોય છે, જેમકે-આચારવાન્ અવધારણવાન્, વ્યવહારવાન્ અલ્પવ્રીડક-લજ્જા દૂર કરનાર, શુદ્ધિ કરવામાં સમર્થ, આલોચકની શક્તિ અનુસાર પ્રાયશ્ચિત્ત આપનાર, આલોચકના દોષો બીજાને નહીં કહેનાર, દોષ સેવનથી અનિષ્ટ થાય છે એમ સમજનાર, પ્રિયધર્મી, દઢધર્મી.

પ્રાયશ્ચિત દશ પ્રકારે કહેલ છે, જેમકે-આલોચનાને યોગ્ય, પ્રતિક્રમણને યોગ્ય, આલોચન-પ્રતિક્રમણ ઉભયને યોગ્ય, વિવેક-યોગ્ય, કાયોત્સર્ગ યોગ્ય, તપને યોગ્ય, પાંચ દિવસ વિગેરે પર્યાયના છેદને યોગ્ય, ફરીથી વ્રતની ઉપસ્થાપના ને યોગ્ય, અનવસ્થાપ્યને યોગ્ય-કેટલોક વખત વ્રતમાં નહિ સ્થાપીને તપનું આચરણ કીધા બાદ વ્રતને વિષે સ્થાપવા યોગ્ય, પારંચિકાર્હ.

(૯૨૯) મિથ્યાત્વ દશ પ્રકારના છે, જેમકે-અધર્મમાં બુદ્ધિ, ધર્મમાં અધર્મની બુદ્ધિ, ઉન્માર્ગમાં માર્ગની બુદ્ધિ, માર્ગમાં ઉન્માર્ગની બુદ્ધિ. અજીવમાં જીવની બુદ્ધિ, જીવમાં અજીવની બુદ્ધિ, અસાધુમાં સાધુની બુદ્ધિ, સાધુમાં અસાધુની બુદ્ધિ, અમૂર્તમાં મૂર્તની બુદ્ધિ.

(૯૩૦) ચંદ્રપ્રભ અર્હન્ત દશ લાખ પૂર્વનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ યાવત્ મુક્ત થયા. ધર્મનાથ અર્હન્ત દશ લાખ વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ યાવત્ મુક્ત થયા. નેમિનાથ અર્હન્ત દશ હજાર વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ યાવત્ મુક્ત થયા. પુરુષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષનું પૂર્ણાયુ ભોગવીને છઠ્ઠી તમા પૃથ્વીમાં નૈરયિક રુપમાં ઉત્પન્ન થયા. નેમિનાથ અર્હંત દશ ધનુષ ઉંચા હતા અને દશ સો વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ યાવત્ મુક્ત થયા. કૃષ્ણ વાસુદેવ દશ ધનુષના ઉંચા હતા અને દશ સૌ વર્ષનું પૂર્ણાયુ ભોગવી ત્રીજી વાલુકા પ્રભા પૃથ્વીમાં નૈરયિક રૂપમાં ઉત્પન્ન થયા.

(૯૩૧-૯૩૨) ભવનવાસી દેવ દા પ્રકારના છે. જેમકે-અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર. આ દશ પ્રકારના ભવનવાસી દેવોનો દશ ચૈત્યવૃક્ષો છે. જેમકે-અશ્વત્થ, સપ્તપર્ણ, શાલ્મલી, ઉંબર, શિરીષ, દધિપર્ણ, વંજુલ, પલાશ, કરેણ વૃક્ષ.

(૯૩૩-૯૩૪) સુખ દશ પ્રકારના છે. જેમકે આરોગ્ય, દીર્ઘાયુ, ધનાઢ્ય થવું, ઈચ્છિત શબ્દ અને રૂપ પ્રાપ્ત થવું, ઈચ્છિત ગંધ, રસ અને સ્પર્શને પ્રાપ્ત થવું, સંતોષ, જ્યારે જે વસ્તુની આવશ્યકતા હોય ત્યારે તે વસ્તુને પ્રાપ્ત થઈ જાય, શુભ ભોગ પ્રાપ્ત થવા, નિષ્ક્રમણ-દીક્ષા, અનાબાધ-મોક્ષ.

(૯૩૫) ઉપઘાત દશ પ્રકારના છે. જેમકે-ઉદ્‌ગમ ઉપઘાત-આધાકર્માદિ સોળ ગૃહસ્થ સંબંધી લાગતા દોષ વડે ચારિત્રનું વિરાધવું. એષણા ઉપઘાત-શંકિતાદિ દશ ઉભયથી (સાધુ ગૃહસ્થ બન્ને વડે) થતા દોષો વડે ચારિત્રનું વિરાધવું. વસ્ત્ર પાત્રાદિની શોભા કરવાવડે પરિકર્મઉપઘાત. અકલ્પનીય ઉપકરણ સેવનવડે પરિહરણા ઉપઘાત. પ્રમાદથી જ્ઞાનનો ઉપઘાત. શંકાદિ વડે સમકિતનો ઉપઘાત. સમિતિ પ્રમુખના ભંગવડે ચારિત્રનો ઉપખાત. અપ્રીતિવડે વિનય વેગેરેનો ઉપઘાત. શરીરાદિમાં મૂર્છાવડે અપરિગ્રહવ્રતનો ઉપઘાત તે સંરક્ષણોપઘાત. વિશુદ્ધિ (ચારિત્રની નિર્મળતા) દસ પ્રકારની કહેલી છે. જેમકે ઉદ્‌ગમવિશુદ્ધિ, ઉત્પાદનવિશુદ્ધિ, યાવત્ સંરક્ષણવિશુદ્ધિ.

(૯૩૬) સંક્લેશ દશ પ્રકારના છે. જેમકે ઉપધિસંક્લેશ,

ઉપાશ્રયસંક્લેશ, કષાયસંક્લેશ, ભક્તપાનસંક્લેશ, મનસંક્લેશ, વચનસંક્લેશ, કાયસંક્લેશ, જ્ઞાનસંક્લેશ, દર્શનસંક્લેશ, ચરિત્ર સંકલેશ, અસંક્લેશ દશપ્રકારના છે. જેમકે-ઉપદિસંક્લેશ યાવત્ચારિત્ર અસંક્લેશ.

(૯૩૭) બલ દશ પ્રકારના છે, જેમકે શ્રોત્રેન્દ્રિયબલ યાવત્ સ્પર્શેન્દ્રિયબલ જ્ઞાનબલ, દર્શનબલ, ચારિત્રબલ, તપોબલ, વીર્યબલ.

(૯૩૮-૯૩૯) સત્ય દશ પ્રકારના છે. જનપદસત્ય-દેશની અપેક્ષાએ સત્ય. સમ્મતસત્ય-બધાને સમ્મત સત્ય. સ્થાપનાસત્ય-જેમ બાળકવડે લાકડામાં ઘોડાની સ્થાપના. નામસત્ય-જેમ દરિદ્રીનું 'ધનરાજ' નામ. રૂપસત્ય-કોઈ કપટીનો સાધુવેષ. પ્રતીત્યસત્ય-જેમ અનામિકા અંગુલીનું દીર્ઘપણું કનિષ્ઠાની અપેક્ષાએ છે અને લઘુપણું મધ્યમાની અપેક્ષાએ છે. વ્યવહારસત્ય-પર્વતમાં તૃણ બળે છે, તો પણ પર્વત બળે છે એમ કહેવું. ભાવસત્ય-બગલામાં પ્રધાન શ્વેતવર્ણ છે તેથી બગલાને સફેદ કહેવો યોગસત્ય-દંડહાથમાં હોવાથી દંડી કહેવું, ઔપમ્ય સત્ય-'આ કન્યા ચંદ્રમુખી છે' એમ કહેવું.

(૯૪૦-૯૪૧) મૃષાવાદ દશ પ્રકારના ક્રોધજન્ય, માનજન્ય, માયાજન્ય, લોભજન્ય, પ્રેમજન્ય, દ્વેષજન્ય, હાસ્યજન્ય, ભયજન્ય, આખ્યાયિકાજન્ય, ઉપઘાતજન્ય.

(૯૪૨) સત્યમૃષા (મિશ્રવચન) દશ પ્રકારના છે, જેમકે-ઉત્પન્નમિશ્ર-સાચી સંખ્યાની ખબર ન હોવા પર 'આ નગરમાં દશ બાળકો ઉત્પન્ન થયા છે' એમ કહેવું. વિગતમિશ્ર-જન્મની સમાન મરણના સંબંધમાં પૂર્વોક્ત કહેવું. ઉત્પન્ન-વિગત મિશ્રસાચી સંખ્યા પ્રાપ્ત ન હોવા પર પણ 'આ ગામમાં દશ બાળક જન્મે છે અને દશ વૃદ્ધ મરે છે' આ પ્રમાણે કહેવું. જીવમિશ્રક-જીવિત અને મૃત જીવોના સમૂહને જોઈને 'જીવ સમૂહ છે એમ કહેવું.' અજીવમિશ્રક-જીવિત અને મૃત જીવોના સમૂહને જોઈને 'આ અજીવ સમૂહ છે એમ કહેવું. જીવાજીવમિશ્રક-જીવિત અને મૃત જીવોના સમૂહને જોઈને આટલા જીવિત છે અને આટલા મરેલા છે, એમ મિશ્રવચન કહેવું. અનંત મિશ્રક-પત્રાદિ સહિત કંદ મૂલને 'અનંતકાય' કહેવું. પ્રત્યેકમિશ્રક-મોંગરી સહિત મૂળાને પ્રત્યેક વનસ્પતિ કહેલી. અદ્ધામિશ્રક-સૂર્યોદય ન હોવા પણ 'સૂર્યોદય થઈ ગયો' એક કહેવું. અદ્ધાદ્ધામિ શ્રક-એક પ્રહર દિવસ થયો હોય તો પણ 'બપોર થયો એમ કહેવું.'

(૯૪૩) દૃષ્ટિવાદના દશ નામ છે, જેમકે દૃષ્ટિવાદ, હેતુવાદ, ભૂતવાદ, તત્વવાદ, સમ્યગ્વાદ, ધર્મવાદ, ભાષાવિષય, પૂર્વગત, અનુયોગગત, સર્વપ્રાણ-ભૂત જીવ-સત્ત્વસુખવાદ.

(૯૪૪-૯૪૫) શસ્ત્ર દશ પ્રકારના છે. જેમકે અગ્નિ, વિષ, લવણ, સ્નેહ, ક્ષાર, આમ્લ, આ છ દ્રવ્ય શસ્ત્ર છે. દુષ્પ્રયુક્ત મન, દુષ્પ્રયુક્ત વચન, દુષ્પ્રયુક્ત કાય, અવિરત ભાવ. આ ચાર ભાવ શસ્ત્ર છે.

(૯૪૬-૯૪૭) (વાદ સંબંધી) દોષો દશ છે. જેમકે-તજ્જાતદોષ-પ્રતિવાદીનિ જાતિ-કુલને દુષિત કરવું. મતિભંગદોષ-વિસ્મરણ, પ્રશાસ્તૃદોષ-સભાપતિ અથવા સભ્યો નિષ્પક્ષ ન રહે. પરિહરણ દોષ-પ્રતિવાદીએ આપેલ દોષનું નિરાકરણ ન કરી શક્યું. લક્ષણદોષ-(લક્ષણ સદોષ હોય) જેમ જીવનું લક્ષણ ઉપયોગ છે તેનું વિપરીત કથન કરવું તે. કારણદોષ-સાધ્યની સાથે સાધનનો વ્યભિચાર. હેતુદોષ-સદોષ હેતુ દેવો. સંક્રમણદોષ-પ્રસ્તુતમાં અપ્રસ્તુતનો કથન. નિગ્રહદોષ-પ્રતિજ્ઞાહાનિ આદિ. વસ્તુદોષ-પક્ષસંબંધી કથન.

(૯૪૮-૯૪૯) વિશેષ દોષ દશ પ્રકારના છે, જેમકે વસ્તુ-પક્ષના પ્રત્યક્ષ નિરાકૃત આદિ દોષ,તજ્જાતદોષ-પ્રતિવાદીના જાતિ કુલ આદિના દોષો કહેવા, દોષમતિભંગાદિ પૂર્વોક્ત આઠ દોષોની અધિકતા, એકાર્થદોષ-સમાનાર્થક શબ્દ કહેવા, કારણદોષ-કારણને વિશેષ મહત્ત્વ દેવું, પ્રત્યુત્પન્નદોષ-વર્તમાનમાં ઉત્પન્ન દોષ અથવા સ્વીકૃત મતમાં આવનાર દોષ, નિત્યદોષ-વસ્તુને એકાંત નિત્ય માનવાથી ઉત્પન્ન થવાવાળો દોષ અથવા અભવ્ય જીવોનો મિથ્યાત્વદોષ. અધિક કે અલ્પોદષવાદકાલમાં આવશ્યકતાથી અધિક કે અલ્પ બોલવું, સ્વકૃતોષ-પોતાથી કરાયેલ દોષ.

(૯૫૦) શુદ્ધ અનુયોગ દશ પ્રકારે છે. ચકારાનુયોગ-વાક્યમાં આવવવાળા 'ચ' નો વિચાર. મકારનુયોગ-વાક્યમાં આવવાવાળા 'મ'નો વિચાર. અપિકારાનુયોગ 'અપિ' શબ્દનો વિચાર. સેકારાનુયોગ-આનંતર્યાદિ અર્થમાં પ્રસ્તુત થનાર 'સે' શબ્દનો વિચાર. ભવિષ્ય અર્થમાં છે. સાયંકારાનુયોગ - 'સત્ય' અર્થમાં પ્રયુક્ત સાચંનો વિચાર. એકત્વાનુયોગ-એકવચનના સંબંધમાં વિચાર. પૃથકત્વાનુયોગ-િ વચન, બહુવચનનો વિચાર. સંયૂથાનુયોગ-સમાસસંબંધી વિચાર. સંક્રામિતાનુયોગ-વિભક્તિ વિપર્યાસ સંબંધી વિચાર. ભિન્નાનુયોગ-સામાન્ય વાત કહેવાની પછી ક્રમ અને કાલની અપેક્ષાથી તેના ભેદ કરવાના સંબંધમાં વિચાર કરવો.

(૯૫૧-૯૫૨) દાન દશ પ્રકારનું છે. જેમકે અનુકપાદાન-દીન, અનાથ, પ્રત્યે કૃપા કરીને આપવું તે. સંગ્રહદાન-આપત્તિમાં સહાયતા પ્રાપ્ત કરવા માટે કોઈને આપવું. ભયદાન-ભયથી રાજપુરુષો આદિને કંઈક આપવું. કારુણ્યદાન-શોક અર્થાત્ પુત્રાદિ વિયોગના નિમિત્તે કંઈક આપવું. લજ્જાદાન-ઈચ્છા ન હોવા છતાં પણ પંચ આદિ વ્યક્તિઓના કહેવાથી દેવું. ગૌરવદાન-

પોતાના યશને માટે ગર્વપૂર્વક આપવું. અધર્મદાન-અધર્મી પુરુષને દેવું. ધર્મદાન-ધર્મકાર્યમાં આપવું અથવા સુપાત્રને આપવું. કરિષ્યતિ-ભવિષ્યમાં પ્રત્યુપકારની આશાથી દેવું. કૃતદાન-કોઈના પૂર્વકૃત ઉપકારના બદલે કંઈક આપવું.

(૯૫૩) ગતિ દશ પ્રકારની છે. જેમકે નરકગતિ, નરકની વિગ્રહગતિ, તિર્યંચગતિ, તિર્યંચની વિગ્રહગતિ, મનુષ્યગતિ, મનુષ્યવિગ્રહગતિ, દેવગતિ, દેવવિગ્રહગતિ, સિદ્ધગતિ, સિદ્ધ વિગ્રહગતિ.

(૯૫૪) મુંડ દશ પ્રકારના છે. જેમકે શ્રોત્રેન્દ્રિયમુંડ યાવત્ સ્પર્શેન્દ્રિયમુંડ, ક્રોધમુંડ યાવત્ લોભમુંડ, સિરમુંડ.

(૯૫૫-૯૫૬) સંખ્યાન-ગણિત દશ પ્રકારનો કહેલ છે - પરિકર્મ ગણિત-જોડ, બાદબાકી, ગુણાકાર, ભાંગાકાર, આદિ, વ્યવહાર ગણિત-શ્રેણી વ્યવહાર આદિ. રજ્જુગણિત-રજ્જુ (રાજ) વડે જે ક્ષેત્રનું પ્રમાણ કરાય તે, રાશિગણિત - ધાન્ય વગેરેના પુંજને તોલા અથવા માપીને તેનું પ્રમાણ જાણલું, કાલસવર્ણગણિત-કલા-અંશોનું સમીકરણ. ગુણાકાર ગણિત-સંખ્યાઓનો ગુણાકાર કરવો, વર્ગગણિત-સમાન સંખ્યાનો સમાન સંખ્યાથી ગુણાકાર કરવો, ધનગણિત-સમાન સંખ્યાનો સમાન સંખ્યાથી બે વાર ગુણાકાર કરવો. જેમકે-બેનો ધન આઠ, વર્ગ-વર્ગગણિત-વર્ગનો વર્ગથી ગુણાકાર કરવો જેમકે-બેનો વર્ગ ચાર અને ચારનો વર્ગ સોળ, આ વર્ગ-વર્ગ છે. કલ્પગણિત-કાષ્ઠનું કરવતથી છેદન કરી તેનું પરિણામ જાણવું.

(૯૫૭-૯૫૮) પ્રત્યાખ્યાન દશ પ્રકારના છે. જેમકે અનાગતપ્રત્યાખ્યાન ભવિષ્યમાં તપ કરવાથી આચાર્યાદિની સેવામાં બાધા આવવાની સંભાવના-થવા પર પહેલાં જ તપ કરી લેવું, અતિક્રાન્તપ્રત્યાખ્યાન - આચાર્યાદિની સેવામાં કોઈ પ્રકારની બાધા ન આવે. આ સંકલ્પથી જે તપ અતીતમાં નથી કર્યું તે તપનું વર્તમાનમાં કરવું, કોટીસહિતપ્રત્યાખ્યાન-એક તપના અંતમાં બીજા તપને શરૂ કરવો, નિયંત્રિત પ્રત્યાખ્યાન-પહેલાથી આ નિશ્ચિત કરી લેવું કે કોઈ પણ પરિસ્થિતિ હોય, પરંતુ મને અમુક દિવસે અમુક તપ કરવો જ છે, સાગારપ્રત્યાખ્યાન-જે તપ આગાર સહિત કરાય તે, અનાગારપ્રત્યાખ્યાન - જે તપમાં કોઈ આગાર ન રખાય, નિરવશેષપ્રત્યાખ્યાન-સર્વ પ્રકારના અશનાદિનો ત્યાગ કરવો, સાંકેતિકપ્રત્યાખ્યાન - અંગુષ્ઠ, મુષ્ટી આદિના સંકેતથી પ્રત્યાખ્યાન કરવા, અદ્ધાપ્રત્યાખ્યાન-કાલવિભાગથી પ્રત્યાખ્યાન કરવા.

(૯૫૯-૯૬૦) સમાચારી દસ પ્રકારની છે. જેમકે-ઈચ્છાકાર-સ્વેચ્છાપૂર્વક જે ક્રિયા કરાય અને તેના માટે ગુરુની આજ્ઞા લેવાય તે ઈચ્છાકાર, મિચ્છાકાર-મારા દુષ્કૃત્ય મિથ્યા થાય એ પ્રકારે કહેવું, તથાકાર-જે આપે કહ્યું તે 'તેમ જ છે'-'યથાર્થ છે' એમ ગુરૂ પ્રત્યે કહેવું, આવશ્યિકા-આવશ્યક કાર્ય માટે ઉપાશ્રયથી બહાર જતાં 'આવયસ્સિયા' એમ કહીને બહાર જવું. નૈષેધિકી-બહારથી આવ્યા પછી 'નિસીહિયા' કહેવું. આ પૃચ્છના-પોતાના દરેક કાર્યો માટે ગુરુને પૂછવું. પ્રતિપૃચ્છા-પહેલા જે કાર્યને માટે ગુરુની આજ્ઞા પ્રાપ્ત ન થઈ હોઈ અને તે પ્રકારની ક્રિયા કરવાની આવશ્યકતા હોય તો પુનઃ ગુરુ આજ્ઞા પ્રાપ્ત કરવી. છંદના-લાવેલી ભિક્ષામાંથી કોઈને કંઈ આવશ્યક હોય તો 'લ્યો' એમ કહેવું, નિમંત્રણ-હું આપના માટે આહારાદિ લાવું એ પ્રકારે ગુરુને પૂછવું. ઉપસંપદા-જ્ઞાનાદિની પ્રાપ્તિ માટે ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરી ગચ્છ છોડીને અન્ય સાધુના આશ્રયમાં રહેવું.

(૯૬૧) ભગવાન મહાવીરના સ્વપ્નો - શ્રમણ ભગવાન મહાવીર સ્વામી છદ્મસ્થ કાલની અંતિમ રાત્રિમાં આ દશ મહાસ્વપ્નો જોઈને જાગૃત થયા હતા.

જેમકે-પ્રથમ સ્વપ્નમાં એક મહાભયંગર જાજવલ્યમાન તાડ જેટલા લાંબા પિશાચને પરાજિત કરેલ જોયો. બીજા સ્વપ્નમાં એક સફેદ પાંખવાળા મહાન પુરુષ-કોકીલને જોયો. ત્રીજા સ્વપ્નમાં એક મહાન ચિત્રવિચિત્ર પાંખવાળા પુરૂષ કોકીલને જોયો. ચોથા સ્વપ્નમાં મહાન સર્વ રત્નમય ફૂલની માળાઓના એક યુગલને જોયું. પાંચમા સ્વપ્નમાં શ્વેત ગાયોના એક સમૂહને જોયા. છઠ્ઠા સ્વપ્નમાં કમલ ફૂલોથી વ્યાપ્ત એક મહાન પદ્મ-સરોવરને જોયા. સાતમાં સ્વપ્નમાં હજારો તરંગોથી વ્યાપ્ત મહાસાગરને પોતાની ભુજાઓથી તરેલો જોયો. આઠમાં સ્વપ્નમાં એક મહાન તેજસ્વી સૂર્યને જોયા. નવમાં સ્વપ્નમાં વૈડુર્યમણિવર્ણવાળા એક મહાન માનુષોતર પર્વતને પોતાના આતંરડાથી પરિવેલિત જોયો દસમાં સ્વપ્નમાં મહાન મેરૂ પર્વતની ચૂલિકાપર સ્વયંને સિંહાસન પર બિરાજમાન જોઈને જાગૃત થયા.

સ્વપ્નોનું ફળ. પ્રથમ સ્વપ્નમાં તાલ પિશાચને પરાજીત કરેલ જોયાનું ફળ એ છે કે ભગવાન મહાવીરે મોહનીય કર્મને સમૂળ નષ્ટ કરી દીધું. બીજા સ્વપ્નમાં સફેદ પાંખોવાળા પુંસ્કોકીલને જોયાનું ફળ એ છે કે ભગવાન મહાવીર શુક્લ ધ્યાનમાં રમણ કરી રહ્યા હતા. ત્રીજા સ્વપ્નમાં ચિત્રવિચિત્ર રંગની પાંખોવાળા પુંસ્કોકીલને જોયાનું ફલ એ છે કે ભગવાન મહાવીર સ્વસમય અને પરસમયના પ્રતિપાદનથી ચિત્રવિચિત્ર દ્વાદશાંગરૂપ ગણિપિટકનું સામાન્ય કથન કરશે. વિશેષ કથન કરશે, પ્રરૂપણ કરશે, યુક્તિપૂર્વક

ક્રિયાઓના સ્વરૂપનું દર્શન-નિદર્શન કરાવશે. જેમ કે આચારાંગ યાવત્ દષ્ટિવાદ. ચોથા સ્વપ્નમાં સર્વ રત્નમય માળાયુગલને જોવાનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર બે પ્રકારના ધર્મ કહેશે. જેમકે-આગારગર્મ અને અણગારધર્મ. પાંચમાં સ્વપ્નમાં સફેદ ગાયોના વર્ગને જોયાનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર ચાર પ્રકારના સંઘની સ્થાપના કરશે. જેમકે-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.

છઠ્ઠા સ્વપ્નમાં પદ્મસરોવરને જોવાનું ફળ આ છે કે શ્રમણ ભગવાન મહાવીર ચાર પ્રકારના દેવોનું પ્રતિપાદન કરશે. જેમકે-ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. સાતમા સ્વપ્નમાં સહસ્રો તરંગોથી વ્યાપ્ત સારગને ભુજાઓથી તરવાનું ફળ આ છે કે શ્રમણ ભગવાન મહાવીર અનાદિ અનંત દીર્ઘ માર્ગવાળી ગતિરૂપ વિકટ ભવાટવીને પાર કરશે. આઠમાં સ્વપ્નમાં તેજસ્વી સૂર્યને જોવાનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર અનંતજ્ઞાન અનંતદર્શન પ્રાપ્ત કરશે. નવમાં સ્વપ્નમાં આંતરડાથી પરિવેષ્ટિત માનુષોત્તર પર્વતને જોવાનું ફળ એ છે કે આ લોકના દેવ મનુષ્ય અને અસુરોમાં શ્રમણ ભગવાન મહાવીરની કીર્તિ અને પ્રશંસા આ રીતે ફેલાશે કે શ્રમણ ભગવાન મહાવીર સર્વજ્ઞ સર્વદર્શી સર્વસંશાયોચ્છેદક અને જગત્વત્સલ છે. દસમા સ્વપ્નમાં ચુલિકા પર સ્વયં ને સિંહાસન પર બેઠેલા જોયાનું ફળ એ કે શ્રમણ ભગવાન મહાવીરદેવ મનુષ્યો અને અસુરોની પરિષદ્માં કેવલી પ્રરૂપિત ધર્મનું સામાન્ય ફળથી કથન કરશે યાવત્ સમસ્ત નયોને યુક્તિપૂર્વક સમજાવશે.

(૯૬૨-૯૬૩) સરાગ સમ્યગ્દર્શન દશ પ્રકારનું છે-નિસર્ગરૂચિ-જે બીજાનો ઉપદેશ સાંભળ્યાવિના સ્વમતિથી સર્વજ્ઞે કહેલા સિદ્ધાંતો પર શ્રદ્ધા કરે, ઉપદેશરૂચિ-જે બીજાના ઉપદેશથી સર્વજ્ઞ પ્રતિપાતિ સિદ્ધાંતો પર શ્રદ્ધા કરે, આજ્ઞારૂચિ-આજ્ઞાથી સુત્ર-રુચિ થાયે, સૂત્રરૂચિ-જે સૂત્ર-શાસ્ત્ર વાંચીને શ્રદ્ધા કરે, બીજરૂચિ- જે એક પદના જ્ઞાનથી અનેક પદોને સમજી શ્રદ્ધા કરે, અભિગમરૂચિ-જે શાસ્ત્રને અર્થ સહિત સમજી શ્રદ્ધા કરે, વિસ્તારરૂચિ-જે દ્રવ્ય અને તેના પર્યાયોને પ્રમાણ તથા નય વડે વિસ્તારપૂર્વક સમજી શ્રદ્ધા કરે, ક્રિયારૂચિ-જે આચરણમાં રૂચિ રાખે. સંક્ષેપરૂચિ-જે સ્વમત અને પરમતમાં કુશળ ન હોય; પરંતુ જેની રૂચિ સંક્ષિપ્ત ત્રિપદીમાં હોય. ધર્મરૂચિ-જે વસ્તુ સ્વભાવની અથવા શ્રુત ચારિત્રરૂપ જિનોક્ત ધર્મની શ્રદ્ધા કરે.

(૯૬૪) સંજ્ઞા દશ પ્રકારની હોય છે. જેમકે-આહારસંજ્ઞા યાવત્ પરિગ્રહસંજ્ઞા. ક્રોધસંજ્ઞા યાવત્ લોભસંજ્ઞા, લોકસંઙા, ઓઘસંજ્ઞા.

(૯૬૫) નૈરયિકોમાં દશ પ્રકારની સંજ્ઞાઓ હોય છે. એ પ્રમાણે વૈમાનિક સુધી બધા દંડકોમાં દશ સંજ્ઞાઓ છે. નૈરયિક દશ પ્રકારની વેદનાનો અનુભવ કરે છે. જેમકે શીતવેદના, ઉષ્ણવેદન, ક્ષુધાવેદના, પિપાસાવેદના, કંડુવેદના, પરાધીનતા, ભય, શોક, જરા, વ્યાધિ.

(૯૬૬) દશ પદાર્થોને છદ્મસ્થ પૂર્ણ રૂપથી જાણતો નથી અને જોતો નથી. જેમકે ધર્માસ્તિકાય યાવત્ વાયુ, આ પુરુષ જિન થશે કે નહીં, આ પુરુષ બધા દુઃખનો અંત કરશે કે નહીં. પૂર્વોક્ત પદાર્થો ને સર્વજ્ઞ સર્વદર્શી પૂર્ણ રૂપથી જાણે છે અને દેખે છે.

(૯૬૭) દશા દશ છે, જેમકે-કર્મવિપાકદશા, ઉપાસકદશા, અંતકૃત્દશા, અનુત્ત રોપપાતિકદશા, આચારદશા, પ્રશ્નવ્યાકરણદશા, બંધદશા, દ્વિગૃદ્ધિદશા, દીર્ઘદશા, સંક્ષેપિકદશા.

(૯૬૮) કર્મ વિપાકદશાના દશ અધ્યયનો છે. જેમકે-મૃગાપુત્ર, ગોત્રાસ, અંડ, શકટ, બ્રાહ્મણ, નંદિષેણ, સૌરિક, ઉદંબર, સહસોદાહ-આમરક, લિચ્છવીકુમાર.

(૯૬૯-૯૭૨) અન્તકૃત્દશાના દશ અધ્યયનો છે, જેમકે-નમિ, માતંગ, સોમિલ, રામગુપ્ત, સુદર્શન, જમાલી ભગાલી, કિંકર્મ, પલ્યંક, અંબડપુત્ર.

(૯૭૩-૯૭૪) અનુત્તરોપપાતિકદશાના દશ અધ્યયનો છે જેમકે-ઋષિદાસ, ધન્ના, સુનક્ષત્ર, કાર્તિક, સંસ્થાન, શાલિભદ્ર, આનંદ, તેતલી, દર્શાર્ણભદ્ર અતિમુક્ત.

(૯૭૫) આચારદશા ના દશ અધ્યયનનો છે. જેમકે-વીસ અસમાધિસ્થાન, એકવીસ શબલદોષ, તેત્રીસ અશાતના, આઠ ગણિસંપદા, દશ ચિત્તસમાધિસ્થાન, અગિયાર શ્રાવકપ્રતિમા, બાર ભિક્ષુપ્રતિમા, પર્યુષણકલ્પ, ત્રીસ મોહનીય સ્થાન, આજાતિ સ્થાન,(સંમૂર્છન ગર્ભ અને ઉપપાતથી જન્મ સ્થાન)

પ્રશ્નવ્યાકરણદશાના દશ અધ્યયનો છે. જેમકે ઉપમાં, સંખ્યા, ઋષિભાષિત, આચાર્યભાષિત, મહાવીરભાષિત, ક્ષૌમિકપ્રશ્ન, કોમલપ્રશ્ન, આદર્શપ્રશ્ન, અંગુષ્ઠપ્રશ્ન, બાહુપ્રશ્ન.

બંધદશાના દશ અધ્યયનો છે. જેમકે-બંધ, મોક્ષ, દેવર્ધિ, દશારમંડ્લિક, આચાર્યવિપ્રતિપતિ, ઉપાધ્યાયવિપ્રતિપતિ, ભાવના, વિમુક્તિ, શાશ્વત.

કર્મ દ્વિગુદ્ધિ-દશા-ના દશ અધ્યયનનો છે. જેમકે-વાત્, વિવાત, ઉપપાત, સુક્ષેત્ર કૃષ્ણ, બેતાલીસ સ્વપ્ન, ત્રીસ મહાસ્વપ્ન, બહોત્તેર સ્વપ્ન, હાર, રામ, ગુપ્ત.

દીર્ઘદશાના દશ અધ્યયનો છે, જેમકે-ચંદ્ર, સૂર્ય, શુક્ર, શ્રીદેવી, પ્રભાવતી, દ્વીપ સમુદ્રોપપત્તિ, બહુપુત્રિકા, મંદર, સ્થવિર સંભૂતવિજય, સ્થવિર પદ્મ, ઉચ્છ્વાસ નિશ્વાસ.

સંક્ષેપિકદશાના દશ અધ્યયનો ક્ષુલ્લિકા-વિમાન પ્રવિભક્તિ, મહતીવિમાન પ્રવિભક્તિ, અંગચૂલિકા, વર્ગ-ચૂલિકા, વિવાહ-ચૂલિકા, અરુણોપપાત, વરુણોપપાત, ગરુડોપપાત વેલંધરોપપાત, વૈશ્રમણોપપાત.

(૯૭૬) દસસાગરોપમ ક્રોડાક્રોડી પ્રમાણ ઉત્સર્પિણી કાલ હોય છે. દસ સાગરરોપમ ક્રોડાક્રોડી પ્રમાણ અવસર્પિણી કાલ હોય છે.

(૯૭૭) નૈરયિક દસ પ્રકારના છે. અનંતરોપપન્ક, પરંપરોપન્નક, અનંતરાવગાઢ, પરંપરાહારક, અનંતરપર્યાપ્ત, પરંપરાપર્યાપ્ત, ચરમ, અચરમ, આ પ્રમાણે વૈમાનિક સુધી બધા દસ પ્રકારના છે. ચોથી પ્રંકપ્રભા પૃથ્વીમાં દસ લાખ નારકવાસ છે. રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકોની જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષની છે. ચોથી પંકપ્રભા પૃથ્વીમાં નૈરયિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની છે. પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં નૈરયિકોની જઘન્ય સ્થિતિ દસ સાગરોપમની છે. અસુરકુમારોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી દશ હજાર વર્ષની સ્થિતિ કહેવી. બાદર વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ હજાર વર્ષની છે. બ્રહ્મલોક કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ સાગરોપમની છે.

(૯૭૮) દસ કારણોથી જીવ આગામી ભવમાં ભદ્રકારક કર્મ કરે છે, જેમકે અનિદાનતા-ધર્માચારણા ફલની અભિલાષા ન કરવી, દૃષ્ટિ સંપન્નતા-સમ્યગ્દૃષ્ટિ થવું, યોગવાહિતા-તપનું અનુષ્ઠાન કરવું. ક્ષમા-ક્ષમા ધારણ કરવાથી, જિતેન્દ્રિયતાઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરવો, અમાયિતા-કપટરહિતતા. અપાર્શ્વસ્થતા- શિથિલાચારી ન થવું. સુશ્રામણ્ય-સુસાધુતા, પ્રવચનવાત્સલ્ય-દ્વાદશાંગ અથવા સંઘનું હિત કરવું. પ્રવચનોદ્‌ભાવના-પ્રવચનની પ્રભાવના કરવી.

(૯૭૯) આશંસા પ્રયોગ (નિયાણું) દશ પ્રકારે કહેલુ છે. જેમકે - આલોકઆશંસા પ્રયોગ - જેમ હું મારા તપના પ્રભાવથી ચક્રવર્તી આદિ થાઉં. પરલોક-આશંસા પ્રયોગ - જેમ હું મારા તપના પ્રભાવથી ઈન્દ્ર અથવા મહર્ધિક દેવ બનું. ઉભય લોક-આશંસા પ્રયોગ-જેમ હું મારા તપના પ્રભાવથી આ ભવમાં ચક્રવર્તી બનું અને પરભવમાં ઈન્દ્ર બનું. જીવિત-આશંસા પ્રયોગ - હું લાંબાકાળ સુધી જીવું. મરણ-આશંસા પ્રયોગ-મારું મૃત્યુ જલ્દી થાય. કામ-આશંસા પ્રયોગ-મનોજ્ઞ શબ્દ આદિ મને પ્રાપ્ત થાઓ. ભોગ-આશંસા પ્રયોગ-મનોજ્ઞ ગંધ આદિ મને પ્રાપ્ત થાઓ. લાભઆશંસો પ્રયોગ-કીર્તિ આદિ પ્રાપ્ત થાઓ. પૂજા આશંસા પ્રયોગ-પુષ્પાદિથી મારી પૂજા થાઓ. સત્કાર-આશાંસા પ્રયોગ-શ્રેષ્ઠ વસ્ત્રાદિથી મારો સત્કાર થાઓ.

(૯૮૦) ધર્મ દશ પ્રકારના છે. યથા ગ્રામધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, પાસંડધર્મ, કુલધર્મ, ગણધર્મ, સંઘધર્મ, શ્રુતધર્મ, ચારિત્રધર્મ, અસ્તિકાયધર્મ.

(૯૮૧) સ્થવિર દશ પ્રકારના છે, જેમકે ગ્રામસ્થવિર, નગરસ્થવિર, રાષ્ટસ્થવિર, પ્રશાસ્તૃસ્થવિર, સંઘસ્થવિર, જાતિસ્થવિર, શ્રુતસ્થવિર, પર્યાયસ્થવિર.

(૯૮૨) પુત્ર દશ પ્રકારના છે. જેમકે-આત્મજ-પિતાથી ઉત્પન્ન. ક્ષેત્રજ-માતાથી ઉત્પન્ન પરંતુ પિતાના વીર્યથી ઉત્પન્ન ન થઈને અન્ય પુરુષના વીર્યથી ઉત્પન્ન, દત્તકગોદમાં લીધેલ પુત્ર, વિનયિત શિષ્ય-જેને ભણાવેલ હોય તે, ઓરસ-જેના પર પુત્ર જેવો ભાવ હોય, મૌખર-કોઈને પ્રસન્ન રાખવાનો માટે પોતાના તેનો પુત્ર કહેનાર. શૌંડીરશૌર્યથી શૂરને વશ કરી પુત્રપણે સ્વીકારાય છે. સંવર્ધિત-પાલન પોષણ કરી કોઈ અનાથ બાળકને મોટો કરાય તે. ઔપયાચિતક-દેવતાની આરાધનાથી ઉત્પન્ન પુત્ર. ધર્માન્તેવાસી-ધર્મારાધના માટે સમીપ રહેવા વાળો.

(૯૮૩) કેવળીમાં દશ ઉત્કૃષ્ટ ગુણો હોય છે. જેમકે-ઉત્કૃષ્ટ જ્ઞાન, ઉત્કૃષ્ટ દર્શન, ઉત્કૃષ્ટ ચારિત્ર, ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટ વીર્ય, ઉત્કૃષ્ટ ક્ષમા, ઉત્કૃષ્ટ કોમળતા ઉત્કૃષ્ટ લઘુતા.

(૯૮૪) સમય (મનુષ્ય) ક્ષેત્રમાં દશ કુરૂક્ષેત્રો કહેલા છે. જેમકે-પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ. આ દશ કુરૂ ક્ષેત્રમાં દશ મહાવૃક્ષો છે. જેમકે-જંબૂ, સુદર્શન, ધાતકી વૃક્ષ મહાધાતકી વૃક્ષ, પદ્મ વૃક્ષ, મહાપદ્મ વૃક્ષ, કૂટશાલ્મલી વૃક્ષ. આ દશ કુરૂ ક્ષેત્રોમાં દશ મહર્ધિક દેવો રહે છે. જેમકે જંબૂદ્વીપનો દેવ અનાહત, સુદર્શન, પ્રિયદર્શન, પુંડરીક, મહાપુંડરીક, પાંચ ગરૂડ (વેણુદેવ) છે.

(૯૮૫) પૂર્ણ દુષમ કાળ દશ લક્ષણોથી જણાય છે જેમકે-અકાલ માં વર્ષા થાય, કાલ વર્ષા ન થાય, અસાધુની પૂજા થાય, સાધુની પૂજા ન થાય, માતા-પિતાનો વિનય ન કરાય, અમનોજ્ઞ શબ્દ યાવત્ સ્પર્શ ઉત્પન્ન થાય.

(૯૮૬-૯૮૭) પૂર્ણ સુષમકાળ દશ કારણોથી જણાય છે, જેમકે-અકાલમાં વર્ષા ન થાય શેષ પહેલા કહેલથી વિપરીત યાવત્ મનોજ્ઞ સ્પર્શ. સુષમ સુષમ કાલમાં દશ કલ્પવૃક્ષ યુગલિયાઓને ઉપભોગને માટે પ્રાપ્ત થાય છે. મત્તાંગક-સ્વાદિષ્ટ પેય ની પૂર્તિ કરનાર. ભૃતાંગ-અનેક પ્રકારના ભાજનોની પૂર્તિ કરનાર. તૂર્યાંગ-વાજિંત્રોને આપનાર. દીપાંગ-સૂર્યના અભાવમાં દીપકની જેમ પ્રકાશ આપનાર. જ્યોતિરંગ-સૂર્ય અને ચંદ્રની સમાન પ્રકાશ દેવાવાળા.

ચિત્રાંગ-વિચિત્ર પુષ્પમાલાઓ દેવાવાળા. ચિત્રરસાંગ-વિવિધ પ્રકારના ભોજન દેવાવાળા. મણ્યંગ-મણિ રત્ન આદિ દેવાવાળા. ગૃહાકાર-ઘરની સમાન સ્થાન દેવાવાળા. અનગ્ન-વસ્ત્રાદિની પૂર્તિ કરવાવાળા.

(૯૮૮-૯૮૯) જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં દશ કુલકર થયા જેમકે શતંજલ, શતાયુ, અનંતસેન, અમિતસેન, તર્કસેન, ભીમસેન, મહાભીમસેન, દઢરથ, દશરથ, શતરથ.

(૯૯૦) જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આગમી ઉત્સર્પિણીમાં દશ કુલકર થશે. જેમકે સીમંકર, સીમંધર, ક્ષેમંધર, વિમલવાહન, સંમતિ, પ્રતિશ્રુત, દઢધનુ, દશધનુ, શતધનુ.

(૯૯૧) જંબૂદ્વીપના મેરૂપર્વતથી પૂર્વમાં શીતા મહાનદીના બન્ને કિનારા પર દશ વક્ષસ્કાર પર્વતો છે. જેમકે માલ્યવન્ત, ચિત્રકૂટ, વિચિત્રકૂટ, બ્રહ્મકૂટ, યાવત્ સોમનસ. જંબૂદ્વીપના મેરૂપર્વતથી પશ્ચિમમાં શીતોદા મહાનદીના બન્ને કિનારા પર દશ વક્ષસ્કાર પર્વતો છે. જેમકે-વિદ્યુત્પ્રભ યાવત્ ગંધમાદન. આ પ્રમાણે ધાતકી ખંડ દ્વીપમાં પૂર્વાર્ધમાં પણ દશ વક્ષસ્કાર પર્વતો છે. યાવત્-પુષ્કરવર દ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં પણ દશ વક્ષસ્કાર પર્વતો છે.

(૯૯૨) દશ કલ્પ (દેવલોક) ઈન્દ્રવડે અદિષ્ઠિત છે. સૌધર્મ યાવત્, સહસ્રાર, પ્રાણત, અચ્યુત. આ દશ દેવલોકને વિશે દશ ઈન્દ્રો છે. જેમકે-શકેન્દ્ર, ઈશાનેન્દ્ર, યાવત્ અચ્ચ્યુતેન્દ્ર. આ દશ ઈન્દ્રોના દશ પારિયાનિક વિમાન છે. જેમકે-પાલક, પુષ્પક યાવત્ વિમલવર, સર્વતોભદ્ર.

(૯૯૩) દશમિકા ભિક્ષુ પ્રતિમાની એક સો દિવસથી અને ૫૫૦ ભિક્ષાદત્તિથી સૂત્રાનુસાર યાવત્ આરાધના થાય છે.

(૯૯૪) સંસારી જીવ દશ પ્રકારના છે. જેમકે-પ્રથમસમયઉત્પન્ન એકેન્દ્રિય અપ્રથમ સમયોત્પન્ન એકેન્દ્રિય. યાવત્ અપ્રથમ સમયોત્પન્ન પંચેન્દ્રિય. સર્વ જીવ દશ પ્રકારના છે. જેમકે-પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાય, બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય અને અનિન્દ્રિય (સિદ્ધ). સર્વ જીવ દશ પ્રકારના છે. જેમકે-પ્રથમ સમયોત્પન્ન નૈરયિક, અપ્રથમ સમયોત્પન્ન નૈરયિક, યાવત્ અપ્રથમ સમયોત્પન્ન દેવ, પ્રથમ સમયોત્પન્ન સિદ્ધ, અપ્રથમ સમયોત્પન્ન સિદ્ધ.

(૯૯૫-૯૯૬) સો વર્ષની આયુષ્યવાળા પુરૂષની દસ દશા કહેલી છે. જેમકે બાલદશા-જેમાં સુખદુ:ખનું વિશેષ જાણપણું ન હોય. ક્રીડા દશા-જેમા ક્રીડા કરવાનું વિશેષ મન હોય. મંદ દશા-જેમાં ભોગમાં જ રતિ હોય પરંતુ વિશેષ બલ બુદ્ધિપૂર્વક કાર્ય કરી શકે નહીં. બલ દશા-જે અવસ્થામાં બળવાન હોય-બળપૂર્વક કાર્ય કરી શકે. પ્રજ્ઞા દશા-જેમાં ઈચ્છિત અર્થ કરવાની બુદ્ધિ હોય. હાયની દશા-જેમાં પુરૂષ કામથી વિરક્ત થાય અને ઈન્દ્રિઓના બળની હાનિ થાય. પ્રપંચા દશા-જેમાં ચીકણા શ્લેષ્માદિ નીકળે અને ખાંસી પ્રમુખ ઉપદ્રવ હોય. પ્રાગ્ભારાદશા-જેમાં વૃદ્ધાવસ્થાના ભારથી ગાત્ર સંકુચિત થઈ જાય. મુંમુખી દશા-જેમાં જરાવડે અતિશય પીડાવાથી જીવવાની પણ ઈચ્છા ન હોય. શાયની દશા-જે દશામાં સૂતો રહે છે અને દુ:ખીત હોય છે.

(૯૯૭) તૃણ વનસ્પતિકાય દસ પ્રકારના છે. જેમકે-મૂલ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફલ, બીજ.

(૯૯૮) ગ્રૈવેયક દેવોના વિમાન દસ યોજન ઊંચા છે.

(૧૦૦૦) દશ કારણોથી તેજોલેશ્યા સહિત વર્તતા અનાર્યને સાધુ ભસ્મિભૂત કરે. કેમકે-તેજોલેશ્યા લબ્ધિયુક્ત શ્રમણ-બ્રાહ્મણની જો કોઈ અશાતના કરે તો તે અશાતના કરવાવાળા પર કુપિત થઈને તેજોલેશ્યા છોડે છે. તેથી પીડિત થઈને ભસ્મ થઈ જાય છે. આ પ્રમાણે શ્રમણ-બ્રાહ્મણની અશાતના થતી જોઈને કોઈ દેવતા કુપિત થાય છે. અને તેજોલેશ્યા છોડીને અશાતના કરવાવાળાને ભસ્મ કરે છે. આ પ્રમાણે શ્રમણ-બ્રાહ્મણની અશાતના કરવાવાળાને દેવતા અને શ્રમણ-બ્રાહ્મણ એક સાથે તેજોરલેશ્યા છોડીને ભસ્મ કરે છે. આ પ્રમાણે જ્યારે તેજોલેશ્યા છોડે છે તો આશાતના કરવાવાળાના શરીરમાં ફોડા પડી જાય છે તે ફોડાના ફૂટી જવા પર તે ભસ્મ થઈ જાય છે. આ પ્રમાણે દેવતા અને શ્રમણ-બ્રાહ્મણ એક સાથે તેજોલેશ્યા છોડે છે તો આશા તના કરવાવાળા એ પ્રમાણે (પૂર્વવત) ભસ્મ થઈ જાય છે. એ પ્રમાણે શ્રમણ-બ્રાહ્મણ જ્યારે તેજોલેશ્યા છોડે છે તો આશાલતા કરવાવાળાને શરીર પર ફોડા પડી ફૂટી જાય છે. પછી નાના નાના ફોડા ઉત્પન્ન થઈને તે પણ ફૂટી જાય છે ત્યારે તે ભસ્મ થઈ જાય છે. આ પ્રમાણે દેવતા જ્યારે તેજોલેશ્યા છોડે છે તો આશાતના કરવાવાળા પૂર્વવત્ ભસ્મ થાય છે. આ પ્રપાણે દેવતા અને શ્રમણ બ્રાહ્મણ બન્ને જ્યારે એકી સાથે તેજોલેશ્યા છોડે છે ત્યારે આશાતના કરવા વાળો (પૂર્વવત) ભસ્મ થઈ જાય છે. કોઈ તેજોલેશ્યાવાળો માણસ શ્રમણની આશાતના કરવા માટે તેના પર તેજો લેશ્યા છોડે છે તે તેજોલેશ્યા તેનું કંઈ પણ પણ અનર્થ કરી શકતી નથી. તે તેજોલેશ્યા આમથી તેમ ઉંચી-નીચી થાય છે અને તે શ્રમણની પ્રદક્ષિણા કરીને આકાશમાં ઉછળે છે અને તેજોલેશ્યા છોડવાવાળાની તરફ ફરી તેને જ ભસ્મ કરે છે. જે પ્રમાણે ગોશાલકની તેજોલેશ્યાથી ગોશાલક જ મર્યો.

(૧૦૦૧-૧૦૦૩) દશ અચ્છેરાઓ (આશ્ચર્યભૂત બનાવો) આ હૂંડાવસર્પિણી કાલમાં થયા જેમકે-ઉપસર્ગ-ભગવાન મહાવીરને કેવળ

અવસ્થામાં પણ ગોશાલકે ઉપસર્ગ કર્યો. ગર્ભહરણ-હરિણગમેષી દેવે ભગવાન મહાવીરના ગર્ભને દેવાનંદાની કુક્ષિથી લઈને ત્રિશલા માતાની કુક્ષિમાં સ્થાપિત કર્યો. સ્ત્રીતીર્થંકર-ભગવાન મલ્લીનાથ સ્ત્રીલિંગ માં તીર્થંકર થયા. અભાવિત પરિષદા-કેવલ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી ભગવાન મહાવીરની દેશના નિષ્ફલ ગઈ. કોઈએ ધર્મનો સ્વીકાર કર્યો નહીં. કૃષ્ણનું અપરકંકા ગમન-કૃષ્ણ વાસુદેવ દ્રૌપદીને લાવવા માટે ઘાતકી ખંડદ્વીપની અપરકંકા નગરીએ જવું.

ચંદ્ર-સૂર્યનું આગમન-કોશામ્બી નગરીમાં ભગવાન મહાવીરની વંદનાનો માટે શાશ્વત વિમન સહિત ચન્દ્ર-સૂર્ય આવ્યા. હરિવંશ કુલોત્પત્તિ-હરિવર્ષ ક્ષેત્રના યુગભિમાનું નિરૂપક્રમ આયુ ઘટ્યું અને તેની નરકમાં ઉત્પત્તિ થઈ. ચમરો-ત્પાત-ચમરેન્દ્ર સૌધર્મ દેવલોકમાં ગયો. એક સો આઠ સિદ્ધ-ઉત્કૃષ્ટ અવગાહના-વાળા એક સમયમાં એક સો આઠ સિદ્ધ થયા. અસંયમ પૂજા-આરંભ અને પરિગ્રહના ધારણ કરવાવાળા બ્રાહ્મણોની સાધુઓની સમાન પૂજા થઈ.

(૧૦૦૪) આ રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ દસ સો (એક હજાર) યોજન વજ્રકાંડ દસ સો (એક હજાર) યોજન પહોળો છે. આ રત્નપ્રભા પૃથ્વીનો વજ્રકાંડ દસ સો (એક હજાર) યોજન પહોળો છે. એ પ્રમાણે વૈડૂર્યકાંડ, લોહિતાક્ષકાંડ, મસારગલ્લ કાંડ, હંસગર્ભ કાંડ, પુલક કાંડ, સૌગંધિત કાંડ, જ્યોતિરસ કાંડ, અંજન કાંડ, અંજન પુલક કાંડ, રજત કાંડ, જાતરૂપ કાંડ, અંક કાંડ, સ્ફટિક કાંડ, રિષ્ટ કાંડ, આ બધા રત્ન કાંડની સમાન દસ સો (એક હજાર) યોજન પહોળા છે.

(૧૦૦૫) બધા દ્વીપ-સમુદ્રો દસ સો (એક હજાર) યોજન ઊંડા છે. બધા મહાદ્રહ દસ યોજન ઊંડા છે. દરેક સલિલ કુંડ દસ યોજન ઊંડા છે. શીતા અને શીતોદા નદીના મૂળ-મુખ દસ-દસ યોજન ઊંડા છે.

(૧૦૦૬) કૃતિકા નક્ષત્ર ચંદ્રના સર્વ બાહ્યમંડલથી દસમાં મંડલમાં ભ્રમણ કરે છે. અનુરાધા નક્ષત્ર ચંદ્રના સર્વ આભ્યંતર મંડલથી દસમાં મંડલમાં ભ્રમણ કરે છે.

(૧૦૦૭-૧૦૦૮) કૃતિકા નક્ષત્ર ચંદ્રના સર્વ બાહ્યમંડલથી દસમાં મંડલમાં ભ્રમણ કરે છે. અનુરાધા નક્ષત્ર ચંદ્રના સર્વ આભ્યંતર મંડલથી દસમાં મંડલમાં ભ્રમણ કરે છે.

(૧૦૧૦) દસ સ્થાનોમાં બદ્ધ પુદ્ગલ, જીવોએ પાપ કર્મ રૂપમાં ગ્રહણ કર્યા છે, ગ્રહણ કરે છે અને ગ્રહણ કરશે, જેમકે પ્રથમ સમયોત્પન્ન એકેન્દ્રિય વડે નિર્વર્તિત યાવત્-અપ્રથમ સમયોત્પન્ન પંચેન્દ્રિય વડે નિર્વર્તિત પુદ્ગલ જીવોએ પાપકર્મ રૂપમાં ગ્રહણ કર્યા છે, ગ્રહણ કરે છે અને ગ્રહણ કરશે.

એ પ્રમાણે ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરાના ત્રણ ત્રણ વિકલ્પ કહેવા જોઈએ દસ પ્રદેશી સ્કંધો અનંત છે.

દસ પ્રદેશાવગાઢ પુદ્ગલો અનંત છે. દસ સમયની સ્થિતિવાળા પુદ્ગલ અનંત છે. દસ ગુણ કાળા પુદ્ગલો અનંત છે. આ પ્રમાણે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યાવત્ દસ ગુણ રૂક્ષ અનંત છે.

સ્થાન-૧૦-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

૩ ઠાણં-ગુર્જર છાયાપૂર્ણ

ત્રીજુ અંગસૂત્ર ગુર્જરછાયાપૂર્ણ